# શ્રીગોકુલેશ પાઠશાળા

# પુષ્ટિમાર્ગ અને નવગ્રહ.....?

**मन्त्रोपासन-वैदिक-तांत्रिक-दिक्षा-अर्चनादिविधिभिर्यः ।**
**अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥**

**(श्रीविट्ठलनाथजी-श्रीगुसाइंजी विरचीत भक्तिहंस)**

થોડા દિવસ પહેલાં એક લેખ વાંચતાં ભારે આંચકો લાગ્યો. લેખનું શીર્ષક હતું – "પુષ્ટિમાર્ગ અને નવગ્રહ." વૈષ્ણવતાના મારા પરંપરાગત પુષ્ટિભક્તિમાર્ગીય સંસ્કારોમાં આવા કોઇપણ જાતના ગ્રહોના સંબંધની વાત મેં બાલપણથી કદીય સાંભળી નહોતી. વૈષ્ણવ સંપ્રદાયોમાં શ્રેષ્ઠતમ્ એવા પુષ્ટિભક્તિમાર્ગમાં જ્યારે યન્ત્ર-તન્ત્ર-મન્ત્ર-ટોના-ટોટકા-ગ્રહો વગેરેના નિવારણ કે તેઓની શાંતિ કરવાની વાત સંભળાય છે, ત્યારે મન ખુબ જ બેચેન બની જાય છે. આપણા માર્ગમાં સર્વવિદિત છે કે શ્રીમહાપ્રભુજીએ જીવમાત્રના આત્મકલ્યાણ માટે ભગવત્સેવા અને ભગવત્કથા સિવાય બીજા કોઇપણ સાધનાની ફ્લોન્મુખતા બતાવી નથી. શ્રીભગવાન પણ પોતે આજ્ઞા કરે છે કે भक्तयाहमेकया ग्राह्यः, भक्त्या लभ्यस्त्वनन्यया વિગેરે. શ્રીમહાપ્રભુ આપશ્રીના ષોડશગ્રન્થાન્તરગત ભક્તિવર્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરે છે – सेवायां वा कथायां वा — સેવક-વૈષ્ણવો પોતાના સ્વામી શ્રીપ્રભુને કેટકેટલા લાડ કરીને રીઝવે છે. જેમ શ્રીયશોદા મૈયા શ્રીપ્રભુને અતિવાત્સલ્યભાવથી રીઝવે છે, જેમ શ્રીવ્રજસ્વામીનીઓ પોતાના સર્વસ્વરૂપ શ્રીપ્રભુપર પોતાનું સર્વસ્વ વારે છે, જેમ શ્રીપ્રભુના સખાઓ પ્રભુનાં વિવિધ પ્રકારના કૌતુકમાં, નિશ્છલભાવે, આપશ્રીની સાથે ક્રીડા કરી રહ્યા છે તેમજ એક ભક્ત પણ પોતાના સ્વામીને પોતાના સ્વભાવાધિકારાનુસાર અનેક ભાવોથી એમને રીઝવે છે. એક ભક્ત માટે તો ભક્તોદ્ધારક સ્વરૂપ તે જ ભગવાન સર્વસ્વ છે જે એના જ ઉદ્ધાર માટે પ્રગટ થઇ એ ભક્તના પોતાના ઘરમાં એના માથે બિરાજી રહ્યા છે, તે સ્વરૂપ જ તેની દુનિયા છે. તેના ઉપર પ્રસન્ન થઇ જો ભગવાન તેને મોક્ષરૂપી ફળ પણ આપે તો તે પણ તેના માટે તુચ્છ છે.

શ્રીભગવાન આજ્ઞા કરે છે :-

**सालोक्यसार्ष्टिसामीप्यसायुज्येकत्वमप्युत ।**

**दीयमानं गृहमन्ति विनामत्सेवनं जना : ।।**

જો આવા ઉત્કૃષ્ટમ ભાવવાળા સંપ્રદાયના આપણે સેવક હોઇએ અને ગ્રહોના અવદશાની વાત તથા ગ્રહોને શાંત કરવા માટે વિવિધ પ્રકારના પ્રમાણહીન તથાકથિત જાપ-પાઠ વિગેરે કરતા હોઇએ તો આવા બધા મન:કલ્પિત પ્રકારોથી ચેતવું જરૂરી બની જાય છે.

શ્રીમહાપ્રભુજીએ આ માર્ગ પ્રગટ કર્યો છે અને આપશ્રીના ઉભયાત્મજ, જ્યેષ્ઠ શ્રીગોપીનાથપ્રભુચરાણ અને શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ-શ્રીગુંસાઇજીએ સંપ્રદાયનો વિસ્તાર કર્યો છે. શ્રીગુંસાઈજીના સાત સ્વરુપો (પુત્ર) પ્રગટ્યા, પ્રથમ શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીઘનશ્યામજી. આ દસ સ્વરૂપો આપણા સંપ્રદાય માટે **वस्तुत: कृष्ण एव** રૂપ છે. શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ દશવિધલીલાયુત શ્રીકૃષ્ણની દશવિધલીલાઓની જે વાત છે તે સ્વરૂપમાં આ દસેય સ્વરૂપોનો અન્તર્ભાવ થઇ જાય છે. કોણ જાણે કેમ આજે આપણે શ્રીગોપીનાથ પ્રભુચરણને તદ્દન ભુલી ગયા છીએ. જે શ્રીગોપીનાથપ્રભુચરણે સંપ્રદાય માટે સાધનદીપિકા નામક સેવા સંયોજન અને વૈષ્ણવોચિત જીવનપ્રણાલી શીખવનાર ગ્રન્થ પ્રગટાવ્યો અને શ્રીગુંસાઇજી જેમના માટે મંગલાચરણમાં

**यदनुग्रहतो जन्तु: सर्वदु:खातिगो भवेत् ।**
**तमहं सर्वदा वन्दे श्रीमदवल्लभनन्दनम् ।।**

એવી આજ્ઞા કરી રહ્યા છે, તેવા શ્રીવલ્લભનન્દન શ્રીગોપીનાથપ્રભુચરણોને આપણે બધાએ સર્વથા વિસ્મૃત કરી દીધા છે ! આ દસ સ્વરૂપોની નવ ગ્રહ સાથે સરખામણી કરવી અથવા ગ્રહોના નિવારણાર્થ પ્રત્યેક ગ્રહ સાથે તે સ્વરૂપને આપણા લૌકિક પ્રતિબન્ધ દૂર કરવા માટે કીમિયા રૂપ સમજવામાં આવતા હોય તો આપણા માર્ગની કેવી વિચિત્ર દશા કહેવાય ! અરે ! વાત અહીંથી અટકતી નથી, પુષ્ટિમાર્ગના નામે તથાકથિત પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ પણ આવા કાર્યોમાં પોતાનો સહયોગ આપતાં સહેજે અચકાતા નથી !! સાથેય પ્રોત્સાહન પણ આપે છે !

આ દિશામાં આજકાલ કાંઇક નવાજ પ્રયોગો જોવામાં આવી રહ્યા છે ! જે વ્યક્તિ ઉપર ફલાણા ગ્રહોની દશા બેઠી હોય તો તે લોકો આ નવ સ્વરૂપોમાંના કોઇપણ એક સ્વરૂપના નામ સાથે

જોડુલા મંત્રનો જાપ કરે છે અને વળી તેની સામગ્રી પણ આરોગાવવામાં આવે છે . દા.ત. સૂર્યની દશા ચાલતી હોય તો શ્રીઆચાર્યજી શરણં મમ્ અથવા શ્રીવલ્લભ શરણં મમ્ મંત્રના ૭૦૧૦ જાપ કરવાથી સારું થાય ! તે નિમિત્તે અમુક નંગ પહેરવો અને ામુક સામગ્રી ધરવી ! શ્રીગુંસાઇજી શરણં મમ્ તેના ૧૦૦૦૦ જાપથી ચંદ્રની દશા સુધરે ! શ્રીગોકુલનાથજી શરનં મમ્ તેના ૧૧૦૦૦ જાપથી મંગળની દશા ટળે છે ! વગેરે વગેરે, આવું કાં કરતાં તે ગ્રહ વિશેષની અવદશા શાંત થઇ જાય છે એવી માન્યતા પ્રચલિત કરાઇ ગઇ છે !

આ દિવ્યમાર્ગનું અનુસરણ કરનાર જે વ્યક્તિઓ પોતાના અજ્ઞાનના કારણે આવા ભ્રાંત, પ્રમાણહીન લેખો વિના સોચે-સમજે પ્રગટ કરી શ્રદ્ધાળુ અને ભાવિક વૈષ્ણવ બન્ધુઓને ગેરમાર્ગે દોરવી રહ્યા છે, તે લોકોએ માર્ગીય જાહેર સામાયિકોમાં, માસિક પત્ર-પત્રિકાઓમાં આવું અગડંબગડં છપાવતાં પહેલા વિચાર તો કરવો જોઇએ કે આપણે કોના નામનો સહારો લઇને શું કરવા બેઠા છીએ ? શું એ લોકોએ કદીય એવો વિચાર કર્યો ખરો કે ફુટપાથ પર બેસનાર જે ફેરીયાઓ હલ્કા સ્તરના ટોના-ટોટકાથી લોકોને ભ્રામક રસ્તો બતાવી રહ્યા છે, કાલે ઉઠીને એવા લોકો પાસે શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઇજી અને સપ્તાચાર્યના ચિત્રો કે એમના દિવ્ય પાઠ-સ્તોત્ર પણ મળતા થઇ જશે ને લૌકિક પ્રયોજન અર્થે વેચાશે ! શ્રીપ્રભુચરણ જે શ્રીસર્વોત્તમ સ્તોત્રનું ફળ કૃષ્ણાધરામૃતના આસ્વાદની સિદ્ધિ બતાવે છે, તે શ્રીસર્વોત્તમનો ઉપયોગ લોકો પોતાના અતિ લૌકિક કાર્યો માટે કરતા થઇ જશે !! પુષ્ટિમાર્ગીય સેવક-વૈષ્ણવોએ માર્ગની ગરિમાને સમજી શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલ આજ્ઞાઓનેજ અનુસરીને આગલ વધવું જોઇએ, નહિં કે આવી વ્યાપારીક વણિક બુદ્ધિથી કે જે આપણને માર્ગભ્રષ્ટ કરી દે !!!

શું આપણને આવું કરવાની જરુરીયાત લાગે છે ખરી ? શું પુષ્ટિમાર્ગને નવગ્રહની શાંતિ માટે પ્રગટ કરવામાં આવ્યો છે ?

પુષ્ટિમાર્ગ એક સારા ખાતર સમાન છે, જેણે સારા ખેતરમાં નાંખવાથી પાક સારો થાય તેમજ પુષ્ટિમાર્ગને ઉત્તમ એવા દૈવીજીવોને શરણે લેવાથી ઉત્તમ પાક સમાન વિરલ ભક્ત બને છે, જે કેવળ પ્રેમલક્ષણા ભક્તિને અનુસરે છે નહિં કે ગ્રહોના નડતરને. શ્રીપ્રભુચરણના પંચમ સ્વરૂપ શ્રીરઘુનાથપ્રભુચરણ સ્વકૃત શ્રીગુંસાજીની સ્તુતિ શ્રીવિઠ્ઠલેશસ્તવનમ્ માં આજ્ઞા કરે છે –

**न मंत्रे न तंत्रे न च ज्ञान सिद्धौ**
**न वैकुंठबुद्धिस्तु वैकुंठलोके ।**
**गतिर्विट्ठलेशे रतिर्विट्ठलेशे**
**मतिर्विट्ठलेशे सदा वै ममास्तु ॥**

મન્ત્ર-તન્ત્ર-યંત્ર-ટોના-ટોટકા કરવાથી કે અતિ જ્ઞાનવાન્ મહાપંડિત બની જવાથી કે વૈકુંઠબુદ્ધિ રાખવાથી કાં સિદ્ધ થવાનું નથી, જે થશે તે શ્રીમહાપ્રભુજી, ઉભય શ્રીપ્રભુચરણ અને સપ્તાચાર્યોની દિવ્યવાણીથી અને એ વાણીનું રહસ્ય સમજાવનાર શ્રીહરિરાયચરણ, ભાષ્યવ્યાખ્યાતા રશ્મિકાર શ્રીગોપેશ્વરજી, દશ દિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમચરણ, લેખકાર કાકા શ્રીવલ્લભજી જેવા પુષ્ટિમાર્ગના સ્તમ્ભરૂપ આચાર્ય મહાનુભવો અને વર્તમાન્ સમયમાં કિશનગઢસ્થ શ્રીશ્યામમનોહરજી, ગોકુલસ્થ ચતુર્થપીઠાધીશ્વર શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) વિગેરે જેવા દિવ્ય પુરુષોની કૃપાર્દષ્ટિથી સિદ્ધ થશે.........

ભાવત્ક
દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

# પાઠશાળા

વર્ષ ૧ અંક ૨, ચૈત્ર વદ ૧૧, ૨૦૬૩ અવસર શ્રીવલ્લભાચાર્યનો ૫૩૦મો પ્રાગટ્યોત્સવ

---

શ્રીવલ્લભકુલભુષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,
વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.
"શ્રીસુરેશ પ્રભુ" એક જે શ્રીગોકુલ ઘરના ધણી,
રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.

પાઠશાળા અંક ૩ પ્રગટ કરી રહ્યા છીએ. ગયા અંક માં આપણે શ્રીમહાપ્રભુજી વિષે થોડી માહીતી પ્રાપ્ત કરી. સાથેય શ્રીમહાપ્રભુ વિરચિત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પણ જોઇ ગયા. હવે, આ અંક માં આપણે પુષ્ટિમાર્ગીય દિક્ષા વિષે જાણીશું.

શ્રીગુરુચરણ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) અને આપશ્રી ના આત્મજ શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રી હમેશાં માર્ગદર્શન કરતાંજ રહે છે. આપ યુગલ સ્વરૂપની છત્રછાયામાં આ અંક પ્રગટ કરી રહ્યા છીએ. જે લેખ આ અંક માં લીધેલ છે, તે પ્રાચીન પુસ્તકમાં થી પ્રાપ્ત થયો છે, તે પણ આપણે લઇશું, જે ગુરુ-શિષ્ય ના સંવાદ રૂપે છે.

## શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણ જ છે .

***ગુરુદેવ*** : - ભગવાન એક છતાં અનેક રૂપ લે છે, તે તો તમે સમજી શક્યા હશો. વળી ભગવાન પોતે જરૂર પડ્યે કોઇ વ્યક્તિ તરીકે સ્થાન, સમય અને જરૂરિઆત પ્રમાણે તેવા સ્વરૂપે પ્રકટ થાય છે.

***શિષ્ય*** : - ગુરુદેવ, હું તો આમાં કાંઈજ ન સમજ્યો. દાખલાથી સમજાવો તો કંઇક સમજાય.

***ગુરુદેવ*** : - ઠીક સાંભળો, આચાર્યશ્રીમહાપ્રભુજી પણ સ્થાન, સમય અને જરૂરિઆત પ્રમાણે નો પ્રભુનોજ અવતાર છે. બધા લોકો એમ ધારતા હતા કે, સંસાર છોડી સાધુ બની જઇએ, તોજ મુક્તિ મળે. સ્ત્રી એ તો નરક ની ખાણ છે, માટે તે તો નકામીજ પ્રભુએ ઘડી છે. તેનું મોઢું જોવું એ પણ પાપ મનાવા લાગ્યું. આ વખતે પ્રભુએ વિચાર્યુ કે, આ તો ભારે અનર્થ છે. સંસાર છોડી સાધુ બની જઇ તાગડધિન્ના કરવામાં કાંઇજ મનુષ્ય જન્મનો ઉદ્ધાર નથી. પણ ભક્તિભાવે જગતમાં રહી પ્રભુ સેવા કરવામાંજ કલ્યાણ છે. એજ ગીતાશાસ્ત્રનો ઉપદેશ છે, માટે હવે એ ભક્તિ માર્ગનુંજ સ્થાપન કર્યા વગર દૈવી જીવોનો ઉદ્ધાર થવાનો નથી. વળી સ્ત્રીઓ એ તો પવિત્રતા અને પ્રેમની મૂર્તિઓ છે. ધર્મનિષ્ઠા, કોમળતા, તથા દીનતા તે તેમના સહજ ગુણ છે, માટે તેમનો તો પ્રભુ વહેલો અંગીકાર કરે. કોમળ વસ્તુ તો પ્રભુને બહુ વહાલી છે, માટે શ્રીમહાપ્રભુજી સ્વરૂપે આ મ્લેચ્છોથી ઘેરાયલા દેશમાં કલિકાલમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતે પ્રકટ થયા. ઉત્તમ ભક્તોએ શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે શ્રીમહાપ્રભુજીનાં ઘણીવાર દર્શન કર્યા, આવી વાતો આપણે બસો બવાન અને ચોરાસી વૈષ્ણવોની વાર્તામાં ઘણી સાંભળીએ છીએ. મહાનુભાવી ભક્તરાજ સૂરદાસજીને શ્રીમહાપ્રભુજીના પૂર્ણપુરુષોત્તમપણાનો અનુભવ હોવાથી *દ્વિવિધ આંધરો...* શબ્દ બોલી કહે છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) એ બેને જુદા જાણવામાં હું આંધળો છું. મતલબ કે શ્રીગોકુલેશ અને શ્રીમહાપ્રભુજી એકજ વસ્તુ છે. આ અનુભવને લીધેજ શ્રીગુંસાઇજી એ શ્રીસર્વોત્તમ સ્તોત્ર બનાવ્યું છે. શ્રીમહાપ્રભુજી ભક્તને તેની ભાવના પ્રમાણે દર્શન દે છે. કેટલીક વાર દુશ્મનને ઝળહળતા આગ્ન જેવા દેખાતા, જેથી દુશ્મનો ડરીને નાશી જતા. રાજનગરનો સુબો તેઓશ્રીનું અગ્નિસ્વરૂપ જોઇને ગભરાયો હતો. વળી જ્ઞાની જણાતા. પોતે

મહારુપવાન અને તેજસ્વી હતા, પોતે ચાલે, ત્યારે તેજ નાં કિરણો આગળ પડતાં હતાં. ચક્ષુઓ કમળ જેવાં રૂપાળાં હતાં, આપશ્રીની દ્રષ્ટિ એટલી બધી પ્રેમભરી હતી કે, શ્રીગોકુલેશ ની પેઠે જેના પર પડે તે મોહ પામી શરણે આવી જાય. ઘણા ભક્તોને પોતાનું પૂર્ણ પુરુષોત્તમપણું આપશ્રીએ બતાવ્યું. આ કારણથીજ એવા વિકરાલ સમયમાં પણ ત્રણ-ત્રણ વખત આખો દેશ પોતે શ્રીચરણે ચાલી પાવન કરી નાખ્યો. સઘળા દેશો અને સઘળા રાજા આપશ્રીને સર્વ રીતે અનુકુળ હતા, આ ઇશ્વરત્વનો પ્રભાવ હતો. વળી એ ઇશ્વરત્વ પોતાના વંશમાં પણ સ્વસામર્થ્યથી મૂકી દીધું.

શ્રીગુંસાઇજી પણ આજ સ્વરૂપ છે. અને ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ પણ આજ સ્વરૂપ છે. શ્રીગુંસાઇજી પોતે પણ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન દેતા હતા. અષ્ટસખા કીર્તનકાર છિત્તસ્વામીને પોતેજ શ્રીનાથજી સ્વરૂપે દર્શન થવાથી પોતે કીર્તન માં હમેશા *છિતસ્વામી ગિરિધરણ શ્રીવિઠ્ઠલ* આ તૂક લખવા લાગ્યા. શ્રીવિઠ્ઠલ એજ શ્રીગિરિધરણ એવો છિતસ્વામીને અનુભવ છે. માટેજ આમ લખે છે. વળી બીજા કીર્તન માં *અંઇ તંઇ તંઇ અંઇ કછુ ન સંદેહ* એવું પણ લખે છે, તેનો અર્થ એવો કે શ્રીમહાપ્રભુજી ,શ્રીગુંસાઇજી , શ્રીગોકુલેશજી અને શ્રીઠાકોરજી આ ચારે એકજ સ્વરૂપ છે. આ ભક્તો પોતાના અનુભવેજ કહે છે. ભગવાન પોતાના અવતારી પુરુષો પોતાના ભક્તોને પોતાના સ્વરૂપનો અનુભવ આપે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઇજી એ પણ શરણાગત પ્રેમી ભક્તોને પોતાનું પૂર્ણ પુરુષોત્તમપણુ ઘણીવાર અનુભવાવ્યું. આજે પણ પોતામાં મુગ્ધ ભક્તોને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઇજી એવાં દર્શન આપે એ નિર્વિવાદ છે. પોતાના શ્રીગુરુદેવમાં આજે પણ આવો અનુભવ મેળવી શકે છે. કૃપાસાધ્ય માર્ગમાં કૃપાની ખાસ જરૂર છે. નર્યા સાધન વડે સ્નેહ સિવાય પ્રભુ કૃપા કરતા નથી, આ વાત તો પાછળ આવી ગઇ છે.

***શિષ્ય*** : - ગુરુદેવ, આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઇજી પૂર્ણ પુરુષોત્તમ છે, પણ આપે પહેલાં કહ્યું હતું કે, પ્રભુ એક છે, અને આ તો બે સ્વરૂપ છે, વળી બે પ્રભુનાં સ્વરૂપ સાથે પણ શી રીતે હોઇ શકે ?

***ગુરુદેવ*** : - તમારો પ્રશ્ન બહુજ વિચારવા જેવો છે, પણ તમે સહજ વિચાર કરો, તો સમજી શકાય તેવો છે. એકજ પ્રભુ અનેક રૂપ લઇ શકે છે, રાસ રમતી વખતે પ્રભુએ અનેક રૂપ ધર્યાં હતાં, નારદજીએ પણ આ બાબતનો અનુભવ લીધો હતો. પ્રભુ જ્યારે જરૂર પડે ત્યારે બહુ બની જાય છે. વેદમાં પણ કહ્યું છે કે, *હું એક છું, પણ બહુ થાઉં છું,* તેમ પ્રભુ એક છે, પણ અહીં બે સ્વરૂપે બન્યા છે; વળી શ્રીવિઠ્ઠલેશ ના સાત લાલજી છે. અત્યારે પણ ભુતળ પર બિરાજતા શ્રીવલ્લભકુળ-ગોસ્વામી બાલકો બક્તોના ભાવથી શ્રીપુરુષોત્તમરૂપેજ છે, અને તેથીજ સર્વે દૈવીજીવો એ બાલક નું શરણ સ્વીકારે છે. વળી ભક્તો ને ઘેર બિરાજતાં તથા શ્રીગોસ્વામીબાળકોના શિરપર બિરાજતાં સ્વરૂપ શ્રીઠાકોરજીનાંજ જુદાં જુદાં સ્વરૂપ છે. પોતે એકના અનંત બનીને ભક્તોના કોડ પુરવા ભક્તોને ત્યાં બિરાજે છે, તેમ શ્રીમહાપ્રભુજી અને શ્રીવિઠ્ઠલેશ અને શ્રીગોકુલેશ પણ ભક્તેચ્છાપૂરક પ્રભુનાં ત્રણ સ્વરૂપ છે. આ વાત આગળ જતાં અનુભવે તમને સમજાશે.

ગુરુદેવ : - શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઇજી સંબંધી કેટલીક વાત તમે જાણી. હવે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની સ્થાપના શા માટે કરી તે આપણે જાણવું જોઇએ. એનાં કારણો આપણે તપાસીએ.

શિષ્ય : - ગુરુદેવ , આ વાત અમને આજે બરાબર સમજાવો, અમારે આ વાત બરાબર સમજવી છે.

ગુરુદેવ :- પૂર્ણ પુરુષોત્તમથી વિખુટા પડેલા દૈવીજીવો આ ભૂતળપર ઘણા યોગોથી વિખુટા પડી અથડાતા હતા, આ જીવોનો પ્રભુ સાથે સંબંધ કરાવવા શ્રીભગવાનજ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રકટ થઇ શકે છે. આ સંબંધ બ્રહ્મસંબંધ દ્વારા થઇ શકે છે, આ વાત આપણે પાછળ કરીશું.

જ્યારે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા, ત્યારે સર્વ ધર્મમાર્ગો નાશ પામ્યા હતા. અને પાખંડી ધર્મો પ્રબળ હતા, લોકો તદ્દન પાખંડી અને કપટી બનેલા હતાં. આખા દેશમાં આસુર ભાવ પ્રસરેલો હતો. સંતપુરુષો પીડાઇને વ્યગ્ર બન્યા હતાં. ગંગાજી વગેરે મોટાં તીર્થો દુષ્ટો વડેજ રોકાઇ ગયા હતાં, વળી તીર્થો નું માહાત્મ્ય અને શક્તિ પણ અંતર્ધાન થઇ ગઇ હતી. લોકો અહંકારી અને મૂઢ બન્યા હતા, તેમનું વર્તન સર્વત્ર પાપમયજ હતું લાભ અને સ્વાર્થ માટેજ પૂજાનો

યત્ન કરતા હતા. વિવિધ પ્રકારના વાદોથી લોકો નાસ્તિક બન્યા હતા. માત્ર તર્કવાદ વધી પડ્યો હતો. ધર્મના પ્રયત્નો પણ ઉપલક અને પાખંડી હતા. ઘણું ખરૂં લોકો વિવેક, ધૈર્ય અને ભક્તિ વગરનાજ સર્વત્ર થઇ ગયા હતા, અને માત્ર પાપમાંજ આસક્ત હતા. જીવ આવી દશામાં શુદ્ધિ શી રીતે થાય? સર્વે દેવો પ્રકૃત છે, ભગવાનજ અગણિત આનંદ વાળા છે, માટે પ્રભુની પ્રાપ્તિ વગર જીવોનાં દુ:ખ મટવાનાં નથી, આ વિચાર શ્રીમહાપ્રભુજીએ કર્યો. વળી જીવો આવો સર્વ રીતે પિડીત દશાનો છે, તે પોતાના સાધન વડે કદી પવિત્ર થઇને પ્રભુને મેળવી શકે નહિ, કારણકે પામર જીવનું શું ગજું કે તે પોતાનાં બળ અથવા સાધનથી પ્રભુ મેળવી શકે ? ભગવાન પોતે પૂર્ણાનંદ છે, વળી શ્રીલક્ષ્મીજી જેવી હજારો દાસીઓ તેમની સેવામાં હાજર રહે છે.

કૌસ્તુભમણિ જેવું જેને ભૂષણ છે, તે પ્રભુને જીવ સેવાથી કે આભૂષણથી શું પ્રસન્ન કરી શકવાનો હતો? શ્રીમહાપ્રભુજી જીવોની આ દશા જોઇને હવે તેમના ઉદ્ધારનો માર્ગ શી રીતે શોધવો ને શું કરવું તે વિચારમાં પોતે લીન થઇ ગયા; ત્યારે શ્રીભગવાને પ્રકટ થઇ બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, બ્રહ્મસંબંધથી જીવ સેવાનો અધિકારી થઈ શકે છે, એ સેવા વડે એનામાં દીનતા આવે છે, અને એ દીનતાથી પુષ્ટિ એટલે પ્રભુનો અનુગ્રહ થાય છે. આ આપણો માર્ગ - પુષ્ટિ એટલે અનુગ્રહનો છે, તે વાત પાછળ કરી ગયા છે. શ્રીમહાપ્રભુજીએ તે પ્રભુની આજ્ઞાથી ભુતળ પર સ્થાપન કર્યો છે, આ વાત ખૂબ યાદ રાખવી.

## —:सिद्धांत-रहस्यम् :--

*श्रावळस्यामले पक्ष एकादश्यां महानिशि ॥*
*साक्षाद् भगवता प्रोक्तां तदक्षरश उच्याते ॥ १ ॥*

અર્થ : - શ્રાવણ માસ ની સુદી એકાદશી ને દિવસે મધ્યરાત્રે સાક્ષાત ભગવાને પ્રકટ થઈને જે કહ્યું, તે અક્ષરે-અક્ષર કયેવાય છે . ૧

*ब्रह्मसंबंधकरळात्सर्वेषां देहजीवयो: ॥*
*सर्वदोषनिवृत्तिर्हि दोषा: पंचविध्या: स्मृताळ ॥ २ ॥*

અર્થ :- બ્રહ્મસંબંધ કરવાથી સર્વેના દેહ અને જીવના સર્વ દોષોની ખાસ નિવૃત્તિ થાય છે. પાંચ પ્રકારના દોષો કહ્યા છે. ૨

*सहजा देशकालोत्था लोकवेदनिरूपिता: ॥*
*संयोगजा: स्पर्शजाश्व न मंतव्या: कथंचन ॥ ३ ॥*

અર્થ : - સહજ દોષો, લોક અને વેદમાં નિરૂપણ કરેલા અને એવા સ્થાનમાં રહેવાથી થતા દોષો, કાલને અનુસાર થતા દોષો, સંયોગથી થઇ ગયેલા દોષો અને સ્પર્શ થી થયેલા દોષો. આ દોષો (*બ્રહ્મસંબંધ લીધા પછી ભક્ત પાસે રહેતા નથી*) માનવા નહિં. ૩

*अन्यथा सर्वदोषाणां न निवृत्ति: कथंचन ॥*
*असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥*

અર્થ :- બ્રહ્મસંબંધ કર્યા સિવાય બીજી કોઇ રીતે સર્વ દોષોની નિવૃત્તિ કદી પણ થતી નથી, માટે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. ૪

*निवेदिभि: समर्प्यैव सर्वं कुर्यादिति स्थिति: ॥*
*न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ॥ ५ ॥*

અર્થ : - જે ભક્તોએ પોતાના સર્વસ્વનું પ્રભુને નિવેદન કર્યુ છે, તેમણે સર્વ પદાર્થ ભગવાન ને અર્પણ કરિનેજ તે વડે પોતાનો નિર્વાહ કરવો જોઈએ; આવી આ ભક્તિ માર્ગની મર્યાદા છે. દેવના પણ દેવ શ્રીકૃષ્ણને અર્ધભોગવેલી વસ્તુ નું

સમર્પણ કરવું નહિં. મતલબ કે કોઇ પણ બીજા કામમાં વાપરેલી વસ્તુ અથવા તેનો બાકી રહેલો ભાગ પણ શ્રીકૃષ્ણને સમર્પવો નહિં. ૫

*तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥*
*दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥*
*न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥*
*सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ॥ ७ ॥*
*तथा कार्ये समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥*

અર્થ : - અસમર્પિત વસ્તુ ન વપરાય માટે પ્રથમજ સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી. આપેલું પાછું ન લેવાય એવું શાસ્ત્રમાં કહેલું છે, તે તો અન્યમાર્ગીઓના મતમાં વાપરી શકાય. ૬
જેમ દુનીયામાં સેવક (પોતાના ઉપરીને બતાવીને સર્વ વસ્તુનો ઉપયોગ કરે છે, તેમ) નો વ્યવહાર પ્રસિદ્ધ છે. ૭
તેમ પ્રભુને અર્પણ કરીને સર્વ કાર્યો કરવા જોઇએ, આથી સર્વ કાર્યો પણ બ્રહ્મરૂપ બની જાય છે.

*गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥*
*गंगात्वेन निरूप्या स्यात् तद्वदत्रापि चैव हि ॥ ९ ॥*

અર્થ : - જેમ ગંગાજીની સાથે સંબંધ થવાતી ખાળા વગેરેના ગંદા પાણી ના સર્વ દોષો ગુણ અને દોષ બતાવતાં ગંગાપણાથીજ બતાવાય છે, (ખાળના જળને ગંગાજીનો સંબંધ થયા પછી ગંગાજળજ ગણવામાં આવે છે) તેમ પ્રભુને અર્પીને સર્વ કાર્યો કરવાથી તે સર્વ કાર્યો પણ ભગવદ્રૂપ બની જાય છે. ૯

આવી રીતે ભક્તનાં કાર્યોનો અને સર્વ વસ્તુઓનો પ્રભુની સાથે સંબંધ થવાથી તે પ્રભુરૂપ બને છે, અને એ પ્રભુરૂપ વસ્તુનો ઉપયોગ પણ તેવાજ ભાવથી થાય છે, એટલે તે અલૌકિક ફળ આપે છે. ઇશ્વરને અર્પણ કર્યા સિવાય કંઇ પણ ચીજનો ઉપયોગ કરવો નહિં. આ વસ્તુ ક્ષણેક્ષણે યાદ રાખવી જોઇએ..

### ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ વ્યક્ત ૩૨ લક્ષણ માં નો છઠ્ઠો લક્ષણ

## સેવા યથાશક્તિ દંભ વગર કરવી.

**અબ છઠ્ઠમો લક્ષણ કહેત હૈ: - જો શ્રીઠાકોરજીકી રસેઇકો બંધન રાખનો, યથાશક્તિ સેવા કરની, અધિક દંભ ન કરનો. કાહુકો દ્રવ્ય દગાસો લેકે ન કરે, કાહુકી રીસ કરીકે ન કરની , ગ્રહવિત્તાનુસાર કરનોં જીતની વાતેં કહી તિતની કરની .....(૬)**

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

# પાઠશાળા

વર્ષ ૧ અંક ૩, વૈશાખ સુદ ૧૧, ૨૦૬૩ મોહ્નિની એકાદશી વ્રત

---

**શ્રીવલ્લભકુલભુષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,**
**વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.**
**“શ્રીસુરેશ પ્રભુ” એક જે શ્રીગોકુલ ઘરના ધણી,**
**રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.**

**પાઠશાળા અંક ૩ પ્રગટ કરી રહ્યા છીએ. ગયા અંક માં આપણે શ્રીમહાપ્રભુજી વિષે થોડી માહીતી પ્રાપ્ત કરી. સાથેય શ્રીમહાપ્રભુ વિરચિત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પણ જોઇ ગયા. હવે, આ અંક માં આપણે પુષ્ટિમાર્ગીય દિક્ષા વિષે જાણીશું.**

**શ્રીગુરુચરણ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) અને આપશ્રી ના આત્મજ શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રી હમેશાં માર્ગદર્શન રૂપે આજ્ઞા કરતાંજ રહે છે. આપ યુગલ સ્વરૂપની છત્રછાયામાં આ અંક પ્રગટ કરી રહ્યા છીએ.**

**આજનો લેખ આ અંક માં લીધેલ છે, તે પ્રાચીન પુસ્તકમાં થી પ્રાપ્ત થયો છે, તે પણ આપણે લઇશું, જે ગુરુ-શિષ્ય ના સંવાદ રૂપે છે. સાથેજ શ્રીગુરુચરણ ના વચનામૃતના આધારે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પરનો એક લેખ..........**

## પુષ્ટિમાર્ગીય દિક્ષા ગ્રહણ ૧

**ગુરુદેવ** ::- ગયા વખતે આપણે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ભણયા હતાં. તેમાં આપણે એક વાત આવે છે કે શ્રીગોકુલેશે આજ્ઞા કરી છે કે જીવને શરણે લેવા. અને તેમને બ્રહ્મસંબંધ કરાવવો.

**શિષ્ય** ::- હા ગુરુદેવ, પણ આપ અમને કૃપા કરીને પ્રકાર સમજાવશો, અને કૃપા કરીને એ જણાવશો કે આ બ્રહ્મસંબંધ છે શું?

**ગુરુદેવ** ::- આપણા પુષ્ટિમાર્ગમાં બે પ્રકારે જીવને શરણે લેવામાં આવે છે :- ૧. કંઠી દિક્ષા અથવા નામ મંત્ર અથવા અષ્ટાક્ષર મંત્ર દિક્ષા અને ૨. બ્રહ્મસંબંધ દિક્ષા અથવા નિવેદન દિક્ષા. આ બન્ને દિક્ષાઓ શ્રીગોકુલેશ ની પ્રાપ્તીમાં અવશ્યમ્ભાવી છે.

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

પહેલા આપણે અષ્ટાક્ષર મંત્ર દિક્ષા વિશે ટુંકમાં સમજીશૂં. આ દિક્ષા તે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવા ની દિક્ષા છે. દરેક વ્યક્તિનો સ્વભાવથી ભિન્ન હોય છે. દાખલા તરીકે એક વર્ગમાં બે મિત્રો ભણતા હોવાથી તેમના વિષયો પણ એક સરખાંજ હોય છે. તે બે મિત્રો એટલે રમેશ અને વિકાસ. પરિક્ષાનો સમય હતો. રમેશ દિવસનાં પાંચ કલાક અભ્યાસ કરે અને વિકાસ કેવલ ત્રણ કલાક અભ્યાસ કરે. છતાં વિકાસ ના ૮૨૬ અને રમેશને ૭૬૬ અંક પ્રાપ્ત થયા. થોડોક વિચાર કરીએ, કે આવુ કેમ? તેનો જવાબ છે, સ્વભાવ-

અધિકાર અને કાર્યક્ષમતા. બસ એવીજ રીતે દિક્ષા લેતા પહેલા પોતાનો સ્વભાવ, પ્રકૃતિ અને અધિકાર સમજી લેવું જોઇએ. એવું જરૂરી નથી કે દરેક વ્યક્તિ બ્રહ્મસંબંધ દિક્ષા લેવી જોઇએ. જીવમાત્રના આજ સ્વભાવ-અધિકાર ભેદરૂપ વૈવિધ્યને ધ્યાનમાં રાખી શ્રીમહાપ્રભુજીએ બે દિક્ષાઓને પ્રકટ કરી. પ્રથમ દિક્ષાનું વિવેચન કરતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **નામ-સેવા દિક્ષામાં નામ-પાઠનું પ્રાધન્યતા છે**. આપણા શ્રીગોકુલનાથજી-ચતુર્થપીઠમાં પરંપરાગત મુખ્ય પાંચ આરાધ્ય સ્વરૂપ છે :

૧ :: **મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ**
૨ :: **શ્રીગોપીનાથપ્રભુચરણ / શ્રીગુસાંઇપ્રભુચરણ**
૩ :: **ચતુર્થકુમાર ગાદીપતિ શ્રીગોકુલેશપ્રભુચરણ**
૪ :: **શ્રીયમુનાજી**
૫ :: **ભગવાન શ્રીકૃષ્ણ**

આ પાંચે આરાધ્ય સ્વરૂપોની સ્તોત્ર-પાઠ ના સ્વરૂપમાં સ્તુતિ-પાર્થના કરવું એજ નામ-સેવા કયેવાય છે. આ નામસેવા દિક્ષાનું સ્વરૂપ એવું છે કે એક ૧૦ વર્ષ ના બાલક થી માંડીને ૮૦ વર્ષના વયોવૃદ્ધ પણ નિભાવી શકે છે. જો સાંભળ એક પ્રસંગ.

એક સમય શ્રીમહાપ્રભુજી પોતાના શિષ્યો સાથે માર્ગમાં પધારતા હતા; આપે પોતાના શિષ્યોને આજ્ઞા કરી કે તમારે પલવાર પણ અષ્ટાક્ષર મંત્રના રટન કર્યા વિના ન રહેવું. આ આજ્ઞા નું રહસ્ય કૃષ્ણદાસ મેઘન નામના શિષ્ય ન સમજ્યા. પણ ગુરુદેવ ની આજ્ઞા શિષ્યતી કેમ ઉલંઘન થાય? તેથી કૃષ્ણદાસે ગુરુદેવની આજ્ઞા માથે ચઢાવી ને સતત માર્ગમાં રટન કરતાં રહ્યા. એટલામાં શ્રીમહાપ્રભુજીએ ફરી આજ્ઞા કરીકે કૃષ્ણદાસ, જાઓ વનમાંથી ભોજન પત્ર લઇ આવો. એટલે કૃષ્ણદાસે મંત્ર રટતા રટતા વનમાં ભોજનપત્ર લેવા બહુજ દુર નિકળી ગયા. ત્યાં આગળ એક સરોવર દીઠું ને સરોવર ના કિનારે વાઘને દીઠો. પહેલા તો કૃષ્ણદાસ મનમાં ડર્યા. પણ અષ્ટાક્ષરનું રટન ચાલુંજ રાખ્યુ. ત્યા ઉભેલો વાઘ ઘણા વખત થી તરસ્યો હતો. તથી ભગવન્નામ સાંભળી, તેને સરોવરમાંથી જળ પીધૂં. આ જોઇને કૃષ્ણદાસે પુનઃ મંત્ર રટન

કર્યુ, ને તે વાઘે ફરી જલ પીધૂ. આવું લગભગ ૪ થી ૫ વાર થયું. પછી કૃષ્ણદાસ પત્રો વીણીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ પુછ્યુ – કેમ, કૃષ્નદાસ આજે વનમાં શું જોયૂ?, ત્યારે કૃષ્નદાસે સર્વ વૃતાંત શ્રીમહાપ્રભુજી આગળ કહી સંભલાવી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને તેનો મર્મ સમજાવતા આજ્ઞા કરે છે , – તે વાઘના રૂપમાં પણ ભક્ત દશા વાળો તે જી છે, તમારા મુખથી ભગવન્નામ સાંભળી જળ પીવાની લાંબી આશા પૂર્ણ થઇ. તે વાઘને એવું હતું કે જો હું જળ પીશ તો ભગવન્નામ માં અંતરાય પડશે. પણ તમારા દ્વારા તે નિયમ ભંગ ન થયો. માટે હમેશા અષ્ટાક્ષરનું રટણ કરવું જોઇએ. જેથી પોતાનૂં અને શ્રવણ કરનાર બન્નેનું કલ્યાણ થાય છે.

અષ્ટાક્ષર મંત્રથી સર્વ કાર્ય સિદ્ધ થઇ જાય છે. પણ તે હમેશા મનમાં રટણ કરવું જોઇએ, તે સર્વ ફલ પ્રદાતા છે. માટે સુખમાં ને દુખમાં, શકયમાં ને અશકયમાં પ્રભુનાજ શરણની બુદ્ધિ રાખી સદા નામ-મંત્ર પ્રતિક્ષણ જપવું જોઇએ. તેજ દિક્ષાની સાર્થકતા છે.

(ક્રમશઃ)

## –ઃसिद्धांत-रहस्यम् ઃ--

(પ્રસ્તુત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ઉપર મહાનુભવ આચાર્યોની ટીકા પર શ્રીગુરુચરણ ના વચનામૃત ને આધારે સંકલીત લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદ રૂપે પ્રકટ કરેલ છે.)

**શિષ્ય** :- ગુરુદેવ ! આપશ્રીએ ગયા વખતે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ અમને મુલ ભણાવ્યો. પણ એ ગ્રંથમાં રહેલી ગુઢવાતો હજી સમજ નથી પડી. આપશ્રી કૃપા કરી ને આ ગ્રંથમાં રહેલી ગુઢ વાતો અમને કહો, એવી વિનંતી છે.

**ગુરુદેવ** :- વત્સ, તારી વાત સાચી છે. ગ્રંથમાં રહેલી ગુઢ વાતો સમજવી સહેલી નથી. પણ તારી જીજ્ઞાસા છે તો સાંભળ. શ્રીમહાપ્રભુજીએ રચિત સિદ્ધાંત રહસ્ય ગ્રંથને સરલ રીતે સમજવા માટે આપણા માર્ગના આચાર્યો અને વિદ્વાનોએ ટીકા કરી છે, જેમાં આપણા ચતુર્થદ્વારના મુલ-પુરુષ શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુએ પણ ટીકા કરી છે.

શ્રીમહાપ્રભુજીએ જે પણ શબ્દો આ ગ્રંથમાં પ્રકટ કર્યા છે, તે દરેક શબ્દો નો ગુઢાર્થ છે, તે ગુઢાર્થનો આશય પણ સમજવું જોઇએ.

**શિષ્ય** :- ગુરુદેવ! આપ કૃપા કરીને અમને આખા ગ્રંથમાં રહેલ દરેક શબ્દ લેવા પાછળનો આશય સમજાવોને. કારણકે અધુરો ઘડો વધુ ખખડે, એટલે મારે ખખડવું નથી.

**ગુરુદેવ**:- તારી વાત સાચી છે વત્સ. જ્યારે પણ કોઇ ગ્રંથ ભણતાં હોઇએ, તો તે ગ્રંથનો પૂરેપૂરો અભ્યાસ થવો જોઇએ. ભલે એક શ્લોક આપણે ભણીએ, પણ એવો ભણીએ, કે કદી પણ તે વિસરી ન જાય. આજે આપણે પ્રથમ શ્લોક ભણીશું.

**श्रावळस्यामले पक्ष  एकादश्यां महानिशि ।।**
**साक्षाद् भगवता प्रोक्तां तदक्षरश उच्याते ।। १ ।।**

શ્રીમહાપ્રભુજીએ પ્રથમ શ્લોકમાં પ્રથમ તો માસ, પક્ષ, તીથી, સમયનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ શ્રીમહાપ્રભુજીએ **“श्रावणस्य”** ની વાત કરી છે. **श्रवण** નામક નક્ષત્ર વૈષ્ણવ છે, અને આ નક્ષત્રનો સંબંધ શ્રાવણમાસ માં છે. આ શ્રાવણ માં “આ લોકમાં જે કોઇ પણ વૈષ્ણવ છે,” આ શ્લોકાનુસાર સાધકજનોને પાવન કરનાર છે. સાધક એ કે જે બ્રહ્મસંબંધરૂપી સાધન કરે, અને એ દ્વારા સાધકમાં રહેલા આધિભૌતિક એટલે શરીરના, આધ્યાત્મિક એટલે ઇન્દ્રિયના અને આધિદૈવિક એટલે મનના અથવા આત્માના, આ ત્રણે પ્રકારના જે દોષો છે, તેને મટાડવાનુ સામર્થ્ય છે.

**શિષ્ય :-** ગુરુદેવ! આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કેવળ શ્રાવણ માસ માંજ કેમ પ્રકટ કર્યો હશે? અથવા શ્રીપ્રભુએ જ્યારે શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, તો એ કેવળ શ્રાવણ માસમાં કેમ? શા માટે કાર્તિક, માગસર, વગેરે નહિ?

**ગુરુદેવ**:- તારો પ્રશ્ન યોગ્ય છે, ચાલ હુ તને શ્રીદાદાજીના વચનો પર થી સમજાવું. શ્રીદાદાજી આથા કરે છે કે, “શ્રાવણસ્ય શબ્દનો અર્થ શ્રાવણ માસ થાય છે, જે શ્રવણ નક્ષત્ર, જેના દેવતા વિષ્ણુ છે, અને વિષ્ણુ સંબંધી હોવાથી આ માસ પણ વૈષ્ણવ છે. જેમ શ્રાવણ માસના દેવતા વિષ્ણુ છે, એવીજ રીતે દેવતાંઓંના પણ દેવ વિષ્ણુ છે. એટલે આ માસ ભગવદ્‌સંબંધનુ જ્ઞાપન કરાવનાર છે, તેથી શ્રાવણ માસ માસ આ ગ્રંથ પ્રકટ કર્યો. જો શ્રીમહાપ્રભુજીને શ્રીપ્રભુએ પ્રકટ થઇને શ્રાવણ માસ સિવાય અન્ય માસ માં આ આજ્ઞા કરી હોત તો, જે વૈષ્ણવ સંબંધ છે, ત્યા ત્રુટી રહી જાત. તેથી પ્રભુની ઇચ્છાથી શ્રીમહાપ્રભુજીને જીવને શરણે લેવાની ચિંતા પણ શ્રાવણ માસ માંજ થઇ અને પ્રભુ પણ એજ સમયે પધાર્યા.”

(ક્રમશઃ)

---

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઈએ ?**

આપણે મનુષ્ય છીએ ?

**॥ શ્રીગોકુલેશો જયતિ ॥**

આપણે પવિત્ર ભૂમિ ભારતવર્ષમાં જન્મ્યા છીએ ?

આપણને આત્મવિકાસ યોગ્ય દેહ મળ્યો છે ?

આધુનિક કાલમાં ભારતદેશમાં ભલે અધર્મ-અન્યાય-અનીતિ-અનાચારનું સામ્રાજ્ય હોય પરંતુ આ સમસ્ત અયોગ્યતાઓ અને અધઃપતન આ દેશની ‘મનુષ્ય-વ્યષ્ટિ’ તથા ‘સમાજ-સમષ્ટિ’ માં ઘટિત થઈ રહ્યા છે, તેનાથી કંઈ ભૂમિની શ્રેષ્ઠતા, સદ્‌ગુણની ઉત્પાદકતા અને સાક્ષાત્ ભગવાન-ભગવદાવતાર-ઋષિ-મહર્ષિ-મહાપુરુષ સંત સજ્જનોને ધારણ કરવાની વિલક્ષન શક્તિ તથા સામર્થ્ય તિરોહિત થઈ ગયા નથી.

આ શ્રેષ્ઠતમ્ ભૂમિના જનજીવન, પશુજીવન અને સ્થાવરપણામાં જડ-ચેતનની સંપૂર્ણતામાં  સર્વત્ર વ્યાપ્ત વેદશાસ્ત્રના સમગ્ર આધારથીજ આ ભૂમિનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યુ છે.

આ વેદશાસ્ત્રનો આધાર આજે પણ સમસ્ત ભારતીય પ્રજાના દૈનિકજીવન તથા જીવન પદ્ધતિમાં ડગલે અને પગલે જણાઈ આવે છે-દેખાઈ આવે છે. (ભલે આજે આપણે તેના શત્રુ બની ગયા છીએ તો પણ....)

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?**

પુસ્તક માંથી સાભાર

## ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ દ્વારા વ્યક્ત  બત્રિસ લક્ષણ

## ચોવીસમો લક્ષણ - જપમંત્ર ગુપ્ત રાખવો..

અબ ચોવીસમો લક્ષણ કહેત હૈ :- જો વૈષ્ણવ અપનો જપ કાહુસો કહે નહિં. જો કહે તો અંતરાય દેય - કે વિષે હોય. જપ કીયે કો ફલ વાકો હોય, તો યાકો જપ કરનો વૃથા હોત હે - યા કરીકે કહ્યો. જો વૈષ્ણવ હોઇ સો અપનો ગુરુમંત્ર કાહુ સોં કહે નાહીં (૨૪) .

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

# પાઠશાળા

વર્ષ ૧ અંક ૪, વૈશાખ વદ ૧૧, ૨૦૬૩ અપરા એકાદશી વ્રત

---

**શ્રીવલ્લભકુલભુષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,**
**વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.**
**"શ્રીસુરેશ પ્રભુ" એક જે શ્રીગોકુલ ઘરના ધણી,**
**રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.**

સ્વધર્મના સિદ્ધાંતો જાણ્યા વિના તેમાં રુચિ ન થાય તે ખૂબ સ્વાભાવિક વાત છે. માટે દરેક ધર્મના પ્રચારકો પોતાનાં ધર્મપુસ્તકોનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની યોજનાઓ ઘડતાં હોય છે. આપણા સંપ્રદાયમાં સાંપ્રદાયિક ગ્રંથોનું પ્રકાશન તો અનેક સંસ્થાઓ દ્વારા, પૂજ્ય ગોસ્વામિ બાળકો દ્વારા અને વિદ્વાનો દ્વારા થતું રહ્યુ છે. પરંતુ આ કાર્ય સતત ચાલવું જોઇએ.

આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વાર દ્વારા પણ સમય સમય પર આવા ગ્રંથો નુ પ્રકાશન આપણા **પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી)** કરતાંજ રહ્યા છે. પણ તે ગ્રંથો નું અભ્યાસની જવાબદારી આપણી (સેવક-વૈષ્ણવોની ) રહે છે. શ્રીગુરુદેવ ના વચનામૃતનુ રસપાન પણ થતું રહેવુ જોઇએ. એજ હેતુ ને અનુલક્ષીને પાઠશાળા શ્રીગુરુદેવ ના વચનામૃત ના આધારે લેખ પ્રકટ કરી ને તે જ્ઞાનપીપાસુઓ ની તરસ છિપાવવાનો પ્રયાસ છે. આજના અંકમાં આપણે પ્રચીન પુસ્તક માંથી પ્રાપ્ત થયેલ લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદરૂપે દર્શવેલ છે, સાથેજ શ્રીગુરુચરણ ના વચનામૃતના આધારે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પર એક લેખ. સાથેજ દંડાકાર લલાટે સ્યાત્ એક લેખ તિલક વિષય પર.............

## પુષ્ટિમાર્ગીય દિક્ષા ગ્રહણ ૨

**શિષ્ય ::-** ગુરુદેવ, આપની કાલની વાત અમને સમજમાં આવી, હવે જો આપ કૃપા કરીને બ્રહ્મસંબંધ મંત્ર વિશે જણાવશો, એવી દાસની વિનંતિ સ્વિકારજો.

**ગુરુદેવ ::-** નામસેવાનો પ્રકાર શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદિષ્ટ આત્મ-કલ્યાણના ત્રણ માર્ગોમાંથી બીજા માર્ગનો બોધ કરાવે છે. આ ત્રણ માર્ગો નિમ્નલિખિત છે.

૧ . ભગવદ્ સેવારૂપી મુખ્ય કલ્પ
૨ . ભગવદ્ કથારૂપી વિકલ્પ
૩ . તીર્થ-પર્યટન રૂપી અનુકલ્પ

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

આજની દેશકાલની પરીસ્થિતિને દ્રષ્ટિમાં રાખિને એજ શ્રેય સાધક છેકે માર્ગીય આત્મોત્કર્ષ શરણદિક્ષા લઇનેજ નિભાવવું. હવે દિક્ષાર્થીઓએ પૂર્ણરૂપથી સમજી લેવું જોઇએ કે શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદીષ્ટ પ્રકાર અનુસાર ભગવાન શ્રીગોકુલેશની સેવા કરી શકાસે કે નહિં? ધર્માચરણ પુર્ણ નૈતિકતા, આસ્થા, શ્રદ્ધા અને પ્રેમથી કરવો જોઇએ.

હવે આ મંત્રના રહસ્ય નો ભાવ તુ શ્રવણ કર. જીવ હજારો વર્ષથી શ્રીગોકુલેશથી વિખુટો પડ્યો છે, તેના માનો સહજ આનંદ પણ સંતાઇ ગયો છે; પ્રભુ થી જુદો પડ્યો; પ્રભુપણુ પણ ન રહ્યુ. પ્રભુના સંબંધને ભુલી ગયો; સ્ત્રિ, પુત્ર, ધન, દેહ વગેરેને પોતાનો માની તેમાં અહન્તાથી બન્ધાયો, પોતે પ્રભુનો સહજ દાસ છે, છતાં સેવક ધર્મ ભુલી ગયો, અનેક જન્મ મરણ દુઃખ સહ્યા, સેવા કરવાની યોગ્યતા પણ ખોઇ બેઠો, જીવની આવી દશા થઇ ગઇ, સ્વભાવથીજ દુષ્ટ જીવ નિર્દોષ પ્રભુ પાસે જવાને અસમર્થ થઇ ગયો.

આ પ્રમાણે સર્વ જીવો પ્રભુથી વિખુટા પડ્યા છે, પરંતુ તારા જેવા ભાગ્યશાળી જીવને હ્યદય માં પ્રભુના વિયોગ સંબંધી પ્રભુકૃપાથી સુક્ષ્મ તાપ ક્લેશ જાગે છે, અને તેને પરિણામે જ આ બ્રહ્મસંબંધ નો અમુલ્ય લાભ તેને મળે છે. એવી શ્રીવલ્લભ આજ્ઞા કરે છે. એક વખત શ્રીમહાપ્રભુજીને ચિંતા થઇ કે —– **આ કલિયુગના જીવો દોષથી ભરેલા છે, ને પ્રભુતો નિર્દોષ છે, તો આ જીવોને ભગવાન શ્રીગોકુલેશને સાથે કેવી રીતે સ્વિકાર કરાવું?** —– આ ચિન્તા દૂર કરવાને સાક્ષાત શ્રીગોકુલચંદ્રમાજી શ્રાવણ માસની શુક્લ એકાદશી ના રોજ મધ્ય રાત્રિએ પ્રકટ થઇ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધનો મહામંત્ર આપ્યો. તેના વિષયમાં આપણે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ જોઇ ગયા. જે શ્રીમહાપ્રભુજીએ અક્ષરશઃ આલેખ્યુ છે.

**શિષ્ય ::-** હા ગુરુદેવ! આપે એ ગ્રંથ અમને ભણાવ્યો હતો. આપ કૃપા કરીને અમને આગળ શિક્ષા પ્રદાન કરશો.

**ગુરુદેવ ::-** હા, આપણે જાણીએ છીએ કે જીવ શ્રીગોકુલેશનો સહજ દાસ છે. તેથી એજ શ્રીગોકુલેશ ની સેવા કરવી તે એનો ધર્મ છે. બ્રહ્મસંબંધથી સર્વ જાતના દોષો દૂર થવાથી તારો સેવામાં અધીકાર થશે. શ્રીવલ્લભસ્વરૂપ શ્રીગુરુદેવ તમારા હાથમાં તુલસીપત્ર આપી જીવને મહામંત્ર દ્વારા સમસ્ત દેહ, મન, ધન, સ્ત્રી, ઘર, પુત્ર વગેરે સર્વ પ્રભુને અર્પણ કરાવે છે. આને આત્મનિવેદન પણ કહેવાય છે. આ આત્મનિવેદન કર્યા ત્યારથીજ પોતાનું માનીએ છીએ તે સર્વ પ્રભુનું થશે. આપણા આ લોક અને પરલોક પર કેવળ પ્રભુનીજ સત્તા રહેશે. અને પોતાના સર્વ અર્પણ કરેલ પદાર્થોને દોષ-રહિત (નિર્દોષ) કરશે. અને તે નિર્દોષ પદાર્થ ને વ્યાવહારમાં લેવાથી કલિના દોષો બાધા નહિં કરે.

**શિષ્ય ::-** ગુરુદેવ ! આત્મનિવેદનમાં પ્રભુના સંબંધથી સર્વદોષ દૂર થઇ ગયા, પણ રોજ નવા નવા પદાર્થોના ઉપયોગથી દોષો ઊભા થાય તેનું શું કરવું?

**ગુરુદૅવ ::-** એ માટે આપણા માર્ગનો એક નિયમ શ્રીમહાપ્રભુજી આપણાને બતાવે છે કે કોઇ પણ વસ્તુ પ્રભુને અર્પણ કર્યા વગર પોતાના ઉપયોગ માં લેવું નહિં. એટલે દરેક વસ્તુ પ્રભુને અર્પણ કરવાથી પ્રભુ તેના દોષો દૂર કરે છે. ને જીવ ને પ્રસાદી રૂપે તે પ્રાપ્ત થાય છે. જો ગંગાજીમાં અસંખ્ય ગટરનું મલીન પાણી ભળી જાય છે, છતાં શ્રીગંગાજી તેને શુદ્ધ બનાવી ને ગંગાજળ બનાવી દે છે; તેમ પ્રભુ પોતાના સંબંધથી તેને નિર્દોષ બનાવી દે છે.

**શિષ્ય ::-** ગુરુદેવ! તો પછી આજકાલ જે આપણે હવેલીઓ, કે શ્રીનાથદ્વારા દર્શને જઇને ત્યાં અમુક ભેટરાષી મુકીને જે પ્રસાદ મળે છે, તે તો લેવાયજ ને?

**ગુરુદૅવ::-** ના, સહેજ કણીકો પણ નહીં. પ્રસાદ એ તો કૃપા છે, કે જે વેચાતી ન મળે, એ તો કૃપાકરીનેજ મળે છે.અને જે પ્રભુના નામે વેચાય તે દેવદ્રવ્ય કહેવાય..........

(ક્રમશઃ)

---

## –:*सिद्धांत-रहस्यम्* :--

(પ્રસ્તુત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ઉપર મહાનુભવ આચાર્યોની ટીકા પર શ્રીગુરુચરણ ના વચનામૃત ને આધારે સંકલીત લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદ રૂપે પ્રકટ કરેલ છે.)
(......ગતાંક શ્રી આગળ)

**શિષ્ય :-** ગુરુદેવ! આપશ્રીએ તો **શ્રાવણસ્ય** વિશે જે આજ્ઞા કરી એ હૃદયપૂર્વક સમજમાં આવી. પણ હવે એક શંકા થાય છે, આપ કૃપા કરીને સમાધાન કરશો....એવી આ દાસની વિનંતી છે.

**ગુરુદૅવ :-** હા, બોલ, શું શંકા છે?

**શિષ્ય :-** ગુરુદેવ! દરેક મહિનામાં બે પક્ષ હોય છે. એક કૃષ્ણ પક્ષ અને બીજો શુકલ પક્ષ. આ બન્ને પક્ષ ૧૫ દિવાસના હોય, તો બન્ને મળીને ૩૦ દિવસ, એટલે એક માસ પૂર્ણ થાય. હવે શંકા એ છે કે શ્રીમહાપ્રભુજી એ શ્રાવણ માસ અને અમલ પક્ષ (**श्रावळस्यामले पक्ष**). તો આ અમલ પક્ષ કયાંથી આવ્યોઃ આપ કૃપા કરી મારી શંકાનું નિવારણ કરશોજી, એવી વિનંતિ છે....

**ગુરુદેવ:-** તારી શંકા યોગ્ય છે. અહીં શ્રીમહાપ્રભુજીએ **'અમલ'** શબ્દ દ્વારા પક્ષ કહ્યો છે. જોકે તે શુકલ પક્ષ છે. શ્રીમહાપ્રભુજીએ શુકલપક્ષ નહિં કહેતા અમલપક્ષ કહ્યો છે. કારણકે, આ દ્વારા તમામ ભગવદ્‌સંબંધિત બધાંને સર્વ પ્રકારથી નિર્દુષ્ટ જ્ઞાપન કરે છે. એટલે કે શુકલપક્ષ છે, તે અમસ છે, એટલે

મલ વિનાનો છે, એટલે અમલ પક્ષ કહ્યો. દહાડે દહાડે વધારે અજવાળું કરે છે. તેથી શ્રાવણમાસ અને શુક્લપક્ષ તે આધિભૌતિક દોષોને મટાડનાર છે.

જો ફરીવાર સમજ. શ્રાવણમાસનું વિષે તો ખ્યાલ આવી ગયો. શ્રાવણમાસ અને અમલ પક્ષ (શુક્લ પક્ષ) શ્રવણ (નક્ષત્ર) ના દેવતા વિષ્ણું હોવાને કારણે આપશ્રી (શ્રીમહાપ્રભુજી) દ્વારા ઉપલક્ષિત માસ પણ વૈષ્ણવ છે. તેથી લૌકિકકાર્યોમાં આ માસ ની ગણના શૂન્યરૂપ હોવાથી પણ વૈષ્ણવમંત્રોના ઉપદેશો માટે આ પ્રશસ્ત છે. એ પણ સમજવું જોઇએકે શ્રાવણ ના મહિનામાં કોઇપણ લૌકિક-માંગલિક ઇત્યાદી કાર્ય નથી કરાતાં. દેવતાં પણ આ સમયે શયનાવસ્થામાં રહે છે. જેમકે આપણે કહીએ છીએ કે **દેવ પોઢી ગયા**......આ કારણથી પણ કોઇ માંગલિક કાર્યો થતાં નથી. સાથેજ એમ પણ સુભાષિત છે **કે શ્રાવણમાં સુખ-સંપત્તિ**....જે પ્રકારે શ્રાવણમાસ ના દેવતાં વિષ્ણુ છે, એવીજ રીતે દેવતાઓના પણ દેવ વિષ્ણું જ છે. તદોપરાન્ત પુષ્ટિમાર્ગીયોના દેવતા તો પ્રભુ-સાક્ષાત ભગવાન છે. અતઃ એ જીવ (પુષ્ટિમાર્ગીય) ભગવાન ને આધીન છે, નહિં કે અન્યમાર્ગીઓની જેમ કાલ-કર્મને આધીન. અને ભગવાન પણ એવીજ આજ્ઞા કરે છે કે, "હે ઉદ્ધવ! મને યોગ, સાંખ્ય, ધર્મપાલન, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઇષ્ટપૂર્ત, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, યમ-નિયમ, ઇત્યાદિ કોઇપણ બાંધી નથી શકતા" (શ્રીમદ્ભાગવત ૧૧/૧૨/૧-૨).એટલે આવા સાધનો આપણે કરવાની કોઇપણ જરૂરીયાત નથી. જીવ કેવળ નિષ્કામ ભક્તિ વડેજ ભગવાનને ભજે તો પ્રભુ તેના દોષો દુર કરે છે.

**શિષ્ય :-** એટલે ગુરુદેવ! એમ સમજાય કે જ્યારે ભગવાન જીવના સમસ્ત દોષોનો નાશ કરે, ત્યારેજ અંગીકાર કરશે???

**ગુરુદેવ**:- તારો પ્રશ્ન યોગ્ય છે, એટલા માટેજ શ્રીમહાપ્રભુજીએ અમલ શબ્દનો પ્રયોગ કર્યો છે. જેમ **અમલ પક્ષ** (શુક્લ પક્ષ) સ્વરૂપતઃ નિર્મલ છે, અને જેમ જેમ ચંદ્રમાનો પ્રકાશ થતો જતો હોય છે, તેમ તેમ રસાનંદના પોષણ દ્વારા આલ્હાદક થાય છે. જો આમ આપણે પુષ્ટિમાર્ગીય પક્ષનો વસ્તુવિચાર કરીએ તો પણ ખ્યાલ આવશે કે તે સ્વરૂપતઃ શુદ્ધજ છે. જે જીવની કૃતિ (કર્મ)થી પણ અસાધ્ય છે, જે બ્રહ્માદિને પણ અગમ્ય છે, જે કેવળ પ્રભુ દ્વારા અંગીકારના બળ વળે તેવાજ આનંદના પોષક છે, એ બતાવવા માટે શ્રીમહાપ્રભુજીએ **અમલપક્ષ** કહ્યો.

(ક્રમશઃ)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## દંડાકાર લલાટે સ્યાત્

**શ્રીહરી શ્રીનાથ તણા "શ્રીવલ્લભ" સુખરૂપ,**

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

**શ્રીચરણરેણું થકી પાવન કરી શ્રીગોકુલ ધામ..૧**

**રાય રાણા શ્રીસુરેશ્વર, "શ્રીગોકુલેશ"સ્વરૂપ,**
**અવતર્યા રાય શ્રીવિઠ્ઠલ, શ્રીદ્વાર પ્રેમ સ્વરૂપ.. ૨**

આપણા **શ્રીવાલ્લભચતુર્થગૃહ - શ્રીગોકુલેશ ગૃહ** ના સર્વ વૈષ્ણવો દંડાકાર તિલાક કરે છે, તે તિલક શ્રીરસરૂપ શ્રીગોકુલેશપ્રભુના પોતાના શ્રીમસ્તક પર શ્રીલલાટે સુખરૂપે બીરાજતું, ને આપશ્રીના સર્વ સેવકો એજ તિલક ને પોતાનું સૌભાગ્ય માની પોતાના લલાટે પણ **શ્રીદંડાકાર** તિલક જ કરતાં અને કરે છે. આપણા આજના શ્રીચતુર્થદ્વાર અને શ્રીગોકુલેશપ્રભુમાં અનન્યાસક્તિ ધરાવતા સર્વે વૈષ્ણવ જનો આજે પણ એજ પરંપરાને નિભાવી રહ્યા છે. પણ ક્યાંક થોડા વર્ષો પહેલા ગુજરાત નાં ક્યાંક એક છેવાડાના પંથકમાંથી એક એવો પ્રચાર કરવામાં આવ્યો કે દંડાકાર તિલક એક સડો છે, તે મુળ પરંપરાથી મેળ ખાતી નથી. આવા પ્રચારથી શ્રીચતુર્થદ્વારના સેવક-વૈષ્ણવો અને તે સમયે શ્રીચતુર્થગૃહ તિલકાયતશ્રી ગોસ્વામી શ્રીવલ્લભલાલજી (શ્રીમદ્ ગોકુલ) ની લાગણી દુભાઇ. તે સમયે ગોસ્વામી શ્રીવલ્લભલાલજી મહારાજ (શ્રીચતુર્થ-પંચમ ગૃહ આધિપતિ) કપડવંજ મુકામે બિરાજતા હતાં, અને આપશ્રી પાસે ત્યાં એક મહેદમાર્ગી ભક્તે દંડાકાર તિલક નિર્ણય વિષે એક પ્રાચિન લેક ને પ્રસિદ્ધ કરવાની વિનંતી કરી, અને આપશ્રીએ આજ્ઞા કરી, કે સુખે કરો. આ ગ્રંથ **તિલક નિર્ણય** નામે પ્રકાશિત થયો. એના થોડા વર્ષો બાદ વીરપૂર નિવાસી પણ્ડિત બાલમુકુન્દ શર્માએ ખુબજ વિસ્તારથી મિમાંષક ભાષામાં **શ્રીદંડાકાર દ્વિવાકર** નામે ગ્રંથ પ્રકાશિત કર્યો. તે બન્ને ગ્રંથો આપને જોઇશું, ક્રમશઃ.

શ્રીમદ્ગોકુલેશના ગૃહમાં પ્રથમથીજ બાકીના છ ગૃહમાં જેવું તિલક થાય છે, તેથી જૂચા પ્રકારનું તિલક કરવામાં આવે છે, તેમાં કાંઇપણ સંદેહ નથી જ. આ તિલક પ્રાચીનજ છે અને શ્રીમદાચાર્યચરણની આજ્ઞા પણ આવું જ તિલક કરવાની છે, શાસ્ત્ર પ્રતિપાદિત છે એમાં કાંઇ સંદેહ રહેતો નથી.

આ તિલકના આધારમાં આ ગ્રંથમાં શતપથીય શ્રુતિનું પ્રમાણ આપેલું છે. આજ શ્રુતિનો ઉલ્લેખ ગોસ્વામિ શ્રીપુરુષોત્તમલાલજી મહારાજે પોતાના **ઉર્ધ્વપુંડ્રધારણવાદ**માં કરેલ છે. આ શ્રુતિમાં દ્વિરેખ તિલક ની

---

સ્તુતિ કરેલી છે. દ્વિરેખ એટલે બે રેખાવાળું, જેમા બે રેખાઓ છે તેવું. આ વ્યાખ્યા શ્રીમદ્ગોકુલનાથજીના ગૃહમાં પ્રચલિત તિલકને સંપૂર્ણ રીતે લાગુ પડે છે, પરંતુ અન્ય છ ગૃહોમાં પ્રચલિત તિલકને લાગુ પડતી નથી. શ્રીમદ્ગોકુલેશના ગૃહમાં ll આકારનું તિલક થાય છે, તે દ્વિરેખ જ છે, અન્ય છ ગૃહોમાં U આકારનું તિલક થાય છે, તેને દ્વિરેખ અથવા બે રેખાવાળું કહી શકાય તેવું નથી. રેખા એટલે લીંટી. તે સીધી હોય કે વળેલી હોય; તેથી આ છ ગૃહમાં પ્રચલિત તિલકમાં એકજ રેખા હોવાથી તેને દ્વિરેખ કહી ન શકાય તે સ્પષ્ટજ છે. શ્રીપુરુષોત્તમજી આ વિષયમાં કાંઇ કહેતા નથી.

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીમદાચાર્યછરણ નિબંધમાં લલાટે દંડાકાર તિલક કરવાનો બોધ કરે છે; તેથી શ્રીગોકુલેશના અનુયાયીઓ તેમજ અન્ય છ ગૃહના અનુયાયીઓ પોતપોતાના તિલકને દંડાકાર કહે છે. આ લેખ માં શ્રીગોકુલેશજીના ગૃહનું તિલક દંડાકાર છે, તે શાસ્ત્રોક્ત છે, તે સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. દંડ જેવો આકાર છે જેનો, તે દંડાકાર. ભ્રમરોના મૂલથી લલાટ સુધી એક જાડી રેખા કરી, તેમાં મૂલથી આરંભી અગ્રભાગ સુધીનો વચલો ભાગ કાઢી નાખવાથી દ્વિરેખ તિલક થાય તેજ દંડાકાર. એક જાડા દંડના આકારનો વચલો ભાગ કાઢી નાખી બન્ને બાજુએ માત્ર રેખા રહેવા દઇ બે ભાગ કરવાથી દ્વિરેખ દંડાકાર તિલક થાય છે.

ભ્રમરોની મધ્યથી કેશસુધી બે સમાન રેખારૂપી તિલક કરી તેજ દંડાકાર દ્વિરેખ તિલક છે અને તેવુંજ તિલક શ્રીગોકુલેશપ્રભુ શ્રીમદ્‌વિઠ્ઠલેશ પ્રભુચરણ (શ્રીગુસાંઇજી) ના સમયમાં જ કરતા એમ માનવા સબલ કારણ સમજાય છે.

......ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?

આ વેદશાસ્ત્રોના સાર રૂપ વૈષ્ણવપણું આપણને મળ્યું છે.

આ "વૈષ્ણવતા" માત્ર ઘણા બધા ધર્મ-મતમતાંતર પન્થોમાંનો એક ધર્મ છે, એવી માન્યતા કોઈ ભાગ્યહીન વ્યક્તિની જડરૂપી અજ્ઞાનતાને પરિણામેજ ઉદ્‌ભવે. પરંતુ જો આ પ્રાચીન ઈતિહાસ અને જીવનમૂલ્યોનો પરિચય જેને હશે, તે તો આવું સ્વપ્નમાં પણ નહિં વિચારે !!

વૈષ્ણવતા મળવી તે માનવ જીવનનો સર્વોચ્ચ વિકાસ અને ઉત્કર્ષ છે.

જે આપણને 'પુચ્છ-વિષાણ હીન' પણાથી (પશુપણાથી) બચાવે છે તે સંસ્કાર અને સંસ્કૃતિ જે છે.

સંસ્કાર અને સંસ્કૃતિના પાંચ આધાર છે :

विद्या तत्वबोधश्य स्वबोधो धर्मसंश्रयम् ।
महतां मार्गबोधोऽपि पंचप्राणा हि संस्कृतिः ॥

૧. વિદ્યા ૨. તત્વચિંતન ૩. આત્મપરિચય ૪. સ્વધર્મનું આચરણ અને ૫. મહાપુરુષોનું અનુકરણ.

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?**

પુસ્તક માંથી સાભાર

---

## શ્રીમદ્‌વિઠ્ઠલેશપ્રભુચરણ ના પંચમ કુમાર શ્રીરઘુનાથજી કૃત

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

## અથ શ્રીવિઠ્ઠલેશ સ્તવઃ

**ન મંત્રે ન તંત્રે ન ચ જ્ઞાનસિદ્ધૌ**
**ન વૈકુંઠબુદ્ધેસ્તુ વૈકુંઠલોકે ।**
**ગતિર્વિઠ્ઠલેશે રતિર્વિઠ્ઠલેશે**
**મતિર્વિઠ્ઠલેશે સદા વૈ મમાસ્તુ ॥ ૧ ॥**

કોઇ મંત્ર, તંત્ર, જ્ઞાનસિદ્ધ કરવાના સાધનો કે પછી વૈકુંઠ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી વૈકુંઠલોકમાં મારી બુદ્ધિ થાઓ નહિ, પરન્તુ શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણમાં જ મારી ગતિ, રતિ (પ્રેમ) અને મતિ સદા રહો. (એટલું જ હુ માંગુ છું.)

**પદાંભોરુહામ્ભોવિભિન્નાર્તિતાપે**
**કૃપાદ્રક સ્વકૈતાદશોદારશીલે ।**
**ગતિર્વિઠ્ઠલેશે રતિર્વિઠ્ઠલેશે**
**મતિર્વિઠ્ઠલેશે સદા વૈ મમાસ્તુ ॥ ૨ ॥**

(શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુના) ચરણકમલોમાંથી વિખૂટા પડવાની આર્તિ (દુઃખ) થી પીડાતા એવા સ્વકીયજન ઉપર કૃપાદ્રષ્ટિ કરવાનો જેમનો ઉદાર સ્વભાવ છે, એવા શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણમાં જ મારી ગતિ, રતિ (પ્રેમ) અને મતિ સદા રહો.

**...ક્રમશઃ**

## ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ દ્વારા વ્યક્ત બત્રિસ લક્ષણ

### ત્રીજુ લક્ષણ – વૈષ્ણવની રીતિ

અબ ત્રીજો લક્ષણ કહેત હૈ જો વૈષ્ણવકો સદા (૧) પ્રસન્ન રહનો, (૨) સબકો ભગવદ્ઇચ્છા જાનની, (૩) ભગવદીનસો પ્રીતિ રાખની, (૪) સુખમેં હરખ ન કરનો ઓર દુઃખમેં વ્યાકુલ ન હોનો, (૫)વૈષ્ણવસો ભગવદ્ વાર્તા કરનોં, (૬) અહર્નિશ મનમેં શ્રીજીકો ધ્યાન રાખનોં, (૭) સુમાર્ગમેં કછુ ખરચનોં, (૮) જો કોઉ ઉત્સવ હોઇ, તા દિના વૈષ્ણવકો યથાશક્તિ હાથ ધુવાવનો, તિનકો મહાપ્રસાદ લિવાવનો, (૯) ઔર વૈષ્ણવ કે સંગ મિલિકે જાગરણ કરનો. વૈષ્ણવ કે સંગ નિશંક હોયકે પદ ગાવને, (૧૦) દેહકો અનિત્ય જાનની, (૧૧) અપને મનસોં કાહુકો બુરો ન મનાવનોં, (૧૨) કાહુકોં અનાદર ન કરનો, (૧૩) સબ પ્રાણીમાત્રસોં મીઠો બોલનો, (૧૪) ભગવદ્ ગુણગાન કરનો – એસી રીતસોં રહેનોં........................

ઇતિશ્રી ત્રિતિય લક્ષણ સંપૂર્ણમ્...

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

# શ્રીગોકુલેશ પાઠશાળા

વર્ષ ૧ અંક ૫, જેઠ (અધિક) વદ ૧૧, ૨૦૬૩ એકાદશી વ્રત

**શ્રીવલ્લભકુલભુષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,**
**વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.**
**શ્રીસુરેશ પ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,**
**રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.**

હવે પાઠશાળા, શ્રીગોકુલેશ પાઠશાળા ના નામથી પ્રકટ થશે. સ્વધર્મના સિદ્ધાંતો જાણ્યા વિના તેમાં રુચિ ન થાય તે ખૂબ સ્વાભાવિક વાત છે. માટે દરેક ધર્મના પ્રચારકો પોતાનાં ધર્મપુસ્તકોનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની યોજનાઓ ઘડતાં હોય છે. આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વાર દ્વારા પણ સમય સમય પર આવા ગ્રંથો નુ પ્રકાશન આપણા પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) અને આપશ્રીના ભગવદ્‌આત્મજ ઉદિયમાન ચતુર્થપીઠાધિશ પૂજ્યચરણ ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રી કરતાંજ રહ્યા છે. શ્રીગુરુચરણ ના વચનામૃત તો ખરેખરમાં અમૃત છે. આપશ્રીના ઘણાં વચનામૃતના ગ્રંથો છપાયા છે. પણ તે ગ્રંથો નું અભ્યાસની જવાબદારી આપણી (સેવક-વૈષ્ણવોની ) રહે છે. શ્રીગુરુદેવ ના વચનામૃતનુ રસપાન પણ થતું રહેવુ જોઇએ. એજ હેતુ ને અનુલક્ષીને પાઠશાળા શ્રીગુરુદેવ ના વચનામૃત ના આધારે લેખ પ્રકટ કરી ને તે જ્ઞાનપીપાસુઓ ની તરસ છિપાવવાનો પ્રયાસ છે. આજના અંકમાં આપણે ગુરુ કેવાનો લેખ ઉપદેશ મિમાંસા ગ્રંથના આધારે લીધેલ છે, જે ગુરુ-શિષ્ય સંવાદરૂપે દર્શવેલ છે, સાથેજ શ્રીગુરુચરણ ના વચનામૃતના આધારે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પર એક લેખ. સાથેજ દંડાકારં લલાટે સ્યાત્ એક લેખ શ્રીતિલક વિષય પર..............

## ગુરુ કેવા

**શિષ્ય ::-** કૃપાનાથ! આપશ્રીએ સુયોગ્ય વચનો દ્વારા પુષ્ટિમાર્ગીય દિક્ષા વિશે આજ્ઞા કરી. પણ એક શંકા થાય છે કે આ દિક્ષા મંત્રનો ઉપદેશ ગ્રહણ કોની પાસેથી કરવો?

**ગુરુદેવ ::-** તારો પ્રશ્ન સુંદર છે. જે જીવ શરણે આવે (નામ દ્વારા કે નિવેદન દ્વારા) તેમાં વળી ગુરુની શી આવશ્યકતા? શ્રીગોપીજનોએ ભગવાન્‌ને આત્મસમર્પણ કર્યુ, તેમાં ગુરુ ક્યાં વચ્ચે હતા? એવી શંકા ન કરવી. કારણકે અવતારકાલમાં સાક્ષાતજ સમર્પણ કરવાનું હોય છે, જેમકે શ્રીગોપીજનોએ કર્યુ, પરન્તુ અનવતારકાલ એટલે કે વર્તમાન સમયમાં તો

ગુરુ દ્વારાજ જીવ સમર્પણ કરી શકે. જેમ કોઇ રાજાનો નોકરે રાજાનો કોઇ અપરાધ કર્યો હોય તો તે અપરાધી પોતે જઇ પોતાનો અપરાધ માફ કરાવી ન શકે પણ દિવાન કે કોઇ તેવી વ્યક્તિ દ્વારાજ તે પોતાનો અપરાધ માફ મરાવી શકે, તેજ પ્રમાને અત્ર પણ क्रीडार्थमारमन इदं त्रिजगत् कृतं ते स्वाम्यन्तु तत्र कुधियोपर ईश कुर्यु: ઇત્યાદિ  વાક્યથી ભગવાનેજ સ્વક્રીપન માટે આ જગત્ રચેલું છે, માટે તેના ઉપર સ્વામિત્વ ભગવાનનુંજ છે. છતાં જીવાત્મા નિજ અજ્ઞાનથી તે ભગવત્સ્વામિક પદાર્થો ઉપર પોતાનું સ્વામિત્વ કલ્પે છે, તેજ જીવાત્માનો અપરાધ છે. તેથી જે સ્વયં અજ્ઞાનરહિત હોય એટલે કે જીવની માઢક ખોટી અહન્તા-મમતામાં ફસાય રહીત ભગવાનનો અપરાધી બન્યો ન હોય તેજ વ્યક્તિ જીવાત્માને પ્રભુપાસે લઇ જઇ તેના અપરાધની ક્ષમા અપાવી ફરીને ભગવત્સેવા કરવાનો અધિકારી બનાવી શકે.ત્યારે તેવું સામર્થ્ય કેવલ ગુરુનુંજ શાસ્ત્રમાં વર્ણવેલું છે. જેમ કે ***गु*** शब्दस्त्वन्धकार: स्यात् **रु** शब्दस्तत्रिरोधक:। अन्ध्कारनिरोधित्वात् गुरुरित्यमिधीयते ॥ ગુરુ શબ્દમાંનો ગુ શબ્દ અન્ધકારનો વાચક છે, અને રુ શબ્દ તેની નિવૃત્તિ કરનારનો વાચક છે, એટલે કે ગુરુ શબ્દ અન્ધકારના નિવર્તક હોવાથી ગુરુ કયેવાય છે. આ વચનાનુસાર ગુરુનું અવિદ્યાનિવર્તકત્વ સ્પષ્ટ હોવાથી ગુરુવિના જીવાત્માનું અજ્ઞાન કદાપિ દૂર થઇ શકેજ નહિ. અતએવ શાસ્ત્રમાં ભગવાન્ કરવાં પણ ગુરુનો દરજ્જો ઉચ્ચ બતાવવામાં આવ્યો છે, કારણકે પ્રભુ એ તો દાન છે અને ગુરુશ્રી દાતા છે. ત્યારે દાન મોટું કે દાતા? દાતાજ. માટે ભગવાને પણ આજ્ઞા કરેલી છે કે – विनोद्धव गुरोर्भक्त्या मम भक्तिऽर्विडम्बनम्। હે ઉદ્ધવ! ગુરુભક્તિવિનાની મારી ભક્તિ ફોગટ છે. માટે આત્મનિવેદન કરતી વખતે તુરુને શરન જવું પરમાવશ્યક  છે. તે ગુરુ પણ ગમે તે ન ચાલી શકે, પણ વૈષ્ણવજ જોઇએ...કારણકે શિષ્યતો દુ:ખનિવૃત્તિપૂર્વક પરમાનન્દપ્રાપ્તિની ઇચ્છાથી ગુરુનો આશ્રય કરે છે, પણ ગુરુમાંજ ભક્તિ ન હોય તો શિષ્યમાં આવે કયાંથી? અને જો ભક્તિ ન આવે તો પરમાનન્દપ્રાપ્તિની વાત પણ કયાં રહી. માટેજ નારદપંચરાત્રમાં કહ્યુ છે કે —

महाकुलप्रसूतोपि सर्वयज्ञेषु दीक्षित:।
सहस्त्रशाखाद्यायी च न गुरु: स्यादवैष्णव:॥
अवैष्णवोपदिष्टेन न मन्त्रेण परा गति:।

મોટા કુલમાં જન્મ પામ્યા હોય, બધા યજ્ઞો વિષે દીક્ષિત હોય, વેદની હજાર શાખાનો જાણકાર હોય છતાં અવૈષ્ણવ કદિ ગુરુ થઇ શકે નહિં, કારણ કે અવૈષ્ણવ ગુરુ એ ઉપદેશ કરેલા મંત્ર વડે જીવાત્માને પરાગતિ-પરમાનન્દપ્રાપ્તિ થઇ શકતી નથી. માટે આ ઘોર કલિકાલમાં દૈવજીવોના ઉદ્ધારમાટેજ જેઓશ્રીએ આ ભૂતલ ઉપર પ્રાકટ્ય લીધું છે તેવા શ્રીમહાપ્રભુજી તથા તદ્વંશજ શ્રીવલ્લભકુલ વંશજ ગોસ્વામી બાલકોની સદા સન્મુખ રહી કૃષ્ણસેવાપરાયણ બની મહાદુર્લભ એવા મનુષ્યજન્મનું સાફલ્ય કરવુ.

**શિષ્ય ::-** રાજ! આપશ્રીની આજ્ઞા શિરોધાર્ય. પણ ફરી એક શંકા થાય છે. મંત્રોપદેશ કેવળ ગુરુપાસે થીજ ગ્રહણ કરવું અને ગુરુ પણ વૈષ્ણવ હોવા જોઇએ. એ તો બરાબર, પણ મંત્રોપદેશ બ્રાહ્મણ વૈષ્ણવ પાસેથીજ ગ્રહણ કરવો કે ક્ષત્રિયાદિ બીજા વર્ણવાળો વૈષ્ણવ ભણ્યો ગણ્યો સારો આચરણવાળો પુરૂષ હોય તેની પાસેથી પણ ગ્રહણ થઇ શકે?

**ગુરુદૅવ ::-** મંત્રોપદેશ તો બ્રાહ્મણ-વૈષ્ણવ પાસેથીજ ગ્રહણ થઇ શકે. બીજા વર્ણ પાસેથી ગ્રહણ થઇ શકે નહિ. કારણકે वर्णानां ब्राह्मणो गुरु:, ब्राह्मणो जन्मना गुरु:, मुख्योऽभूद् ब्राह्मणो गुरु: ઇત્યાદિ વાક્યોથી બ્રાહ્મણજ ગુરુ થઇ શકે છે. ઉપદેશ કરનાર ગુરુ બ્રાહ્મણ-વૈષ્ણવ અતિરિક્ત બીજો વર્ણ થઇ શકેજ નહિ. તેમજ વેદ, સ્મૃતિ અને પુરાણેતિહાસમાં પણ સર્વ ઠેકાણે બ્રાહ્મણનેજ ગુરુ કરવાનો વિધિ છે અને બ્રાહ્મણજ ગુરુ થવાનાં અનેકાનેક ઉદાહરણો મળે છે તેથી બ્રાહ્મણ અતિરિક્ત કોઇ ક્ષત્રિયાદિ વર્ણ પાસેથી સર્વથા મંત્રોપદેશ ગ્રહણ કરવોજ નહિં.

**શિષ્ય ::-** આપશ્રી જે ઉપર આજ્ઞા કરી કે મંત્રોપદેષ્ટા ગુરુ તો બ્રાહ્મણજ હોય. ક્ષત્રિયાદિ અન્ય થઇ શકે નહિં એવો વેદશાસત્રોના સિદ્ધાંત છે તે વાત ખરી પણ તે બાબતમાં એવી શંકા રહે છે કે સારા સદાચરણી વૈષ્ણવ વિદ્વાન બ્રાહ્મણના મુખથી મંત્રોપદેશ ન લેતાં પરંપરાગત આચાર્યોના મુખથીજ મંત્રોપદેશ લેવાનો જે રિવાજ ચાલે છે તેનું તાત્પર્ય શું હશે? કારણકે આજકાલ ઘણાં કહેવાતા વ્યવસાયિક કથાકારો પણ પુષ્ટિમાર્ગીય દિક્ષા આપે છે તો શું આ યોગ્ય છે?

(ક્રમશઃ)

---

## –:*सिद्धांत-रहस्यम्* :--

**(પ્રસ્તુત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ઉપર મહાનુભવ આચાર્યોની ટીકા પર શ્રીગુરુચરણ ના વચનામૃત ને આધારે સંકલીત લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદ રૂપે પ્રકટ કરેલ છે.)**

**...***ગતાંક શ્રી આગળ*

**શિષ્ય :-** કૃપાનાથ! શ્રાવણમાસ નો અમલ પક્ષ એ ખ્યાલ આવી ગયો. પણ એકાદશીનું રહસ્ય શું છે તે આપ કૃપા કરી અમને સમજાવો.

**ગુરુદેવ :-** હા, હવે આપણે શ્રીમહાપ્રભુજીએ એકાદશ્યાં શબ્દનો પ્રયોગ કર્યો છે, કારણ એકાદશી તીથી તો જીવના એકાદશ ઇન્દ્રિયોની દોષનિવૃત્તિ કરે છે.

**શિષ્ય** :- આપશ્રીએ આજ્ઞા કરી કે એકાદશી તીથીમાં જીવની એકાદશ ઇન્દ્રિયોજી દોષિ નવૃત્તિ કરે છે, પણ એક શંકા થાય છે કે દોષ કે અપરાધને ભોગવ્યા વગર નષ્ટ કેવી રીતે થાય? આપ કૃપા કરી સમાધાન કરશો, એવી વિનંતિ.

**ગુરુદેવ**:- તારી શંકા યોગ્ય છે. તો અહીં સમજ, શ્રીમહાપ્રભુજીએ એટલા માટે **એકાદશ્યાં** શબ્દો દ્વારા આજ સમજાવવા માંગે છે. એકાદશી તો શ્રીહરિ નો દિવસ કહેવાય છે અને આપણી એકાદશ ઇન્દ્રિયોની જોડે સંબંધ ધરાવે છે. એકાદશીને તો શ્રીહરિવાસર પણ કહેવાય છે. તદનુસારતે શ્રીપ્રભુનો દિવસ છે. શ્રીહરિતો ભક્તો ના દુ:ખહર્તા છે. જો શ્રીહરિ મર્યાદામાર્ગી ભક્તોના દુ:ખ-ક્લેશ નથી સહી શકતા, તો પુષ્ટિમાર્ગમાં તો અપેક્ષાકૃત સહન નથીજ કરતાં. એટલે એમ કે ભક્તોને દોષના ભોગનો ક્લેશ-દુ:ખ નથી કરાવતા, આ ભાવ અહીં સુચિત થાય છે. અને ભગવદ્‌ભજન કરવાથી સ્વતઃ તે નષ્ટ થાય છે. એટલે તે દુ:ખને સહન કરવાની સંભાવનાજ ક્યાં રહે?

જો હજુ આગળ સાંભળ. શ્રીપ્રભુ આજ્ઞા કરે છે **ઉદ્ધવજી! મારી પરમપાવનકારી લીલા-કથાના શ્રવણ-કીર્તનથી જેમ જેમ ચિત્તમાં રહેલો મૈલ ધોવાતો જાય છે, તેમ તેમ એ ને (જીવને) સુક્ષ્મવસ્તુ ના દર્શન થાય છે. જેવી રીતે આંખમાં અંજન મલવાથી નેત્રોંના દોષ મટીને સુક્ષ્મ વસ્તુઓનેં જોવાની શક્તિ મળે છે. (શ્રીમદ્‌ભાગવત ૧૧/૧૪/૨૬)**

**શિષ્ય :-** કૃપાનાથ! આપશ્રીની કૃપા અપાર છે. પણ કૃપાનાથ હજુ એક શંકા થાય છે, જો આપશ્રીની આજ્ઞા હોય તો નિવેદન કરું.

**ગુરુદેવ**:- હા, બોલ શું શંકા છે?

**શિષ્ય :-** આ તો કલિકાલ (કલિયુગ) છે અને તે તો દોષનો ભંડાર છે, તો પછી સર્વપ્રકાર ના દોષ દૂર થઇને ફલપ્રાપ્તિ શી રીતે થશે? અને જો બીજી રીતે શંકા પ્રકટ કરું તો એમ કે આ કાલ તો આસુરી છે, તો પછી કેવળ ભગવાન જોડે સંબંધ થવાથી દોષોની નિવૃત્તિ કેમ રીતે થાય?

**ગુરુદેવ :-** તારી શંકા યોગ્ય છે. શ્રીમહાપ્રભુજી એટલાં માટેજ મહાનિશી શબ્દ પ્રયોગ કરી ને સમાધાન કરે છે. જો સાંભળ,

જેવી રીતે શ્રીમદ્‌ગોકુલના અંતરંત ભક્તો (શ્રીવ્રજસ્વામિનીઓ) ના સર્વ પુરુષાર્થની સિદ્ધી માટે શ્રીપ્રભુ મહારાત્રીએ પ્રકટ થયા, એજ પ્રકારે શ્રીઆચાર્યચરણોંની માટે શ્રીપ્રભુ પ્રકટ થઈ ને તદીયો (ભગવદીયો-દૈવીજીવો) માટે સમસ્ત પુરુષાર્થની સાધકતા શ્રીવ્રજસ્વામિનીઓ સમાન છે. અતઃ અહિં પણ શ્રીપ્રભુ અર્ધરાત્રી (મહાનિશી, મહારાત્રી) એ પ્રકટ થયા. એટલા માટેજ શ્રીમહાપ્રભુજીએ **મહાનિશિ** શબ્દનો પ્રયોગ કર્યો છે, અને આ એની વ્યાખ્યા થઇ.

હવે તારી શંકાનું સમાધાન જોઇએ. મહારાત્રી આસુરીવેળા હોવાથી મહાન દોષરૂપ છે. પરંતુ પુષ્ટિમાર્ગીયો માટે એજ સમય અને એવી રાત્રીના દોષોને દૂર કરવા શ્રીપ્રભુ પ્રકટ થયા. એવીજ રીતે આ કલિકાલ પણ સમસ્ત પાપોં-દોષો ને દૂર કરવામાં સાધક બની જશે, એટલે **મહાનિશિ** એ જ પ્રકટ થયા. બીજો એક ગુઢ આશય એ પણ છે કે આપણા સંપ્રદાયમા શ્રીપ્રભુની શ્રૃંગાર રસલીલાનુ ભજન કરવા કહ્યુ છે. એ લીલા અર્ધરાત્રિની છે. તેથી શ્રીપ્રભુ પણ ગુઢ વચનો અર્ધરાત્રીએ પ્રકટ કરે તે સ્વાભાવિક છે, કારણકે ભક્તો ના હિતાનુસાર - ભક્તોના સુખકારણ - ભક્તોના તાપભાવને સમાધાન કરવા અર્ધરાત્રીનો સમય છે. એટલે એમ સમજવુ કે જેમ અર્ધરાત્રીએ શ્રીપ્રભુ શ્રીવ્રજસ્વામિનીઓને સુખરૂપ દાન પ્રદાન કરવા અને તેમની ભક્તિરક્ષા કરવા પધાર્યા, અતઃ આધિદૈવિક દોષોને હરવાવાળી છે.

આવા કાલમાં ભગવાન ભક્તની રક્ષા કરવા અને અસૂરો એવા દોષોનો સંહાર કરવા પ્રકટ્યા છે. તેનો સંહાર કરવા **મઘરાત્રી** એ પ્રકટ થઇ બ્રહ્મસંબંધરૂપી સાધનાનો ઉપદેશ કર્યો છે. તે બ્રહ્મસંબંધ થવાથી ત્રિવિધ દોષોને મટાડનારૂ છે.

**શિષ્ય :-** એટલે કૃપાનાથ, આપણે એમ સમજવું કે જેમ શ્રીવ્રજસ્વામિનીઓને શ્રીપ્રભુ માટે તાપ કલેશ થયો, અને તે દૂર કરવા અર્ધરાત્રીએ ભગવાન ત્યાં પધાર્યા અને સર્વેને સુખદાન કર્યુ. અને એવીજ રીતે શ્રીમહાપ્રભુજીને પણ દૈવીજીવોના ઉદ્ધારનો પ્રશ્ન સતાવતો હતો, તેથી તેના નિવારણાર્થે પણ શ્રીપ્રભુ અર્ધરાત્રીએ પધાર્યા?

**ગુરુદેવઃ-** હા તુ બરાબર સમજ્યો. શ્રીમહાપ્રભુજીને તાપ-ભાવ હતો દૈવીજીવોના ઉદ્ધારનો, અને એટલેજ શ્રીપ્રભુ ત્યાં અર્ધરાત્રીએ પધાર્યા. જેમ શ્રીવ્રજસ્વામિનીઓના તાપ-ભાવને શમન કર્યુ તેમ શ્રીપ્રભુએ શ્રીમહાપ્રભુજીના ચિંતાનું શમન કર્યુ.

**ક્રમશઃ**

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

**દંડાકારં લલાટે સ્યાત્**

..ગતાંક થી આગળ

અમીત :- પણ કાકા, આપણે આટલી બધી તિલક માટે માથાકુટ કર્યા કરતાં, તિલક કરવુંજ નહિ. એટલે કોઇપણ ચિંતા નહિ. અને જુઓ તિલક કરીએ છીએ તો લોકો અમને કોલેજમાં ચિડવે છે. જો આવું હોય તો શો ફાયદો? અને કાકા પેલી વાર્તા યાદ છે ને કે બે વૈષ્ણવો આ તિલક ને મિટાવીને પોતાના કામકાજ માટે જતાં હતા. કેમ? કારણકે તેઓ નોતા ઇચ્છતા કે કોઇ એમને ઓળખે કે તે વૈષ્ણવ છે. મનથી ભક્ત હોઇએ એટલે થયું. એટલે તિલક ન કરીએ એટલે ચાલે.

મુકુન્દદાસઃ- અમીતભાઇ, વાત હાસ્યાસ્પદ પણ છે અને ગંભિર પણ છે. પહેલા હાસ્યાસ્પદ એટલા માટે કેમકે જેમ આપણે રોજ ભોજન લઇએ છીએ, રોજ શ્વાસ લઇએ છીએ, રોજ પોતાનુ લૌકિક-પ્રયોજનો કરીએ છીએ, અને જો આ રોજિંદા કાર્યો માં ટીખળ-મશ્કરી કરે તો શું આપણે ભોજન લેવાનું બંધ કરી દઇશું? શ્વાસ લેવાનું છોડી દઇશું?? આનો જવાબ તો આપણે બેજીજક આપી દઇએ, કે અમને વળી કોની બીખ. જાત મહેનત નું છે, તો પછી કોઇની શેહ શરમ શાની. બરાબર ને. તો પછી શા માટે કોઇકના કહેવામાં તિલક કરવાનું બંધ કરીએ અને એક દાખલો આપુ. તમારું નામ અમીત છે, પણ જો તમારા મિત્ર તમને અમીતની જગ્યાએ અમી, મિત, વગેરે નામે ચિડવે તો શું નામ બદલી નાખવાનું? આપણી ઓળખ બદલાઇ જશે?

અમીત :- ના રે, કોઇના કહેવાથી હું શું કરવા નામ બદલું?

મુકુન્દદાસઃ- બસ, તો પછી કોઇકની ટીખળ વચનથી આપણે કેમ ઢીલા પડી જઇએ, ને તિલક કરવાનું બંધ કરીએ? અને એની વિષે સમજણ લેવાની કેમ છોડી દઇએ. તિલક તો સૌભાગ્ય છે, તે આપણાને અહર્નિશ શ્રીપ્રભુનું શરણનું સ્મરણ કરાવે છે.

અને હા, જે તારો પ્રશ્ન હતો કે બે વૈષ્ણવો તિલક મિટાવીને ઉદર પોષણાર્થે જતો. એ વાત સાચી. પણ જરા વિચારો, એવું કેમ? આ બન્ને વૈષ્ણવોતો મજુરી કરતાં અને તે પણ જાણતા કે જેમને ત્યાં મજુરી કરી રહ્યા છે તે વૈષ્ણવ છે. જો તે જાણશે આ બન્ને પણ વૈષ્ણવ છે તો તે અમને બન્ને ને મજુરી કરવા નહિ દે અને છતાં દ્રવ્ય આપશે, કા તો મજુરીના નાણાં બમણાં આપશે. તેથી તેઓ પોતાની ઓળખ છોપાવતા. એટલા માટે તે પોતાનું તિલક મિટાવતા ને ગુપ્ત રાખતા. પણ જો આ ચિન્હો ને ગુપ્તજ રાખવાના હોત તો પછી શ્રી દાદાજી અને પાખંડી ચિદ્રુપ વચ્ચે શ્રીમાલા-તિલક નો વિવાદ ન થાત અને શ્રીદાદાજી ને કાશ્મિર પધારવું ન પડોત. કારણ કે શ્રીમાલા-તિલક ગુપ્ત છે તો પછી

જાહેરમાં કરી ને ન નિકળાય. પણ એમ નથી. જેમ એક સૌભાગ્યવતી સ્ત્રી પોતાના સેથામાં સિન્દૂર પોતાના પતિના નામે પૂરે છે, તેમજ આપણા સૌના અલૌકિક પતિ તો શ્રીપ્રભુ છે. તો પછી આપણે પણ એમના સૌભાગ્ય રૂપે તિલક કરીએ છીએ.

મુકુન્દદાસ :- આ જમાનો નાસ્તિકતાનો છે; ધર્મના વિચારો પણ તર્કની દૃષ્ટિએ થાય છે, પણ જે અલૌકિક ભાવો છે, તે માત્ર તર્ક કરવાથી સમજાય તેવા નથી, માટે તે સંબંધમાં તર્ક ન કરવા. ધર્મ અથવા શ્રીપ્રભુભક્તિ એ પ્રેમ અને શ્રદ્ધાનો વિષય છે. જેમ આપણે દવા અને ખોરાક ખાઇએ છીએ, તે ખબર ન પડે તેમ રોગ કાઢે છે, અને શરીરનું પોષણ કરે છે, તેમ તિલક-માલા ચિન્હો ખબર ન પડે તેમ અસર કરે છે. કેટલાક કહે છે કે, જીવને ને શરીરને કંઇજ સંબંધ નથી, વાત તત્ત્વદૃષ્ટિએ સત્ય છે, પણ જો શરીરને ઇજા થાય, તો તરત જીવને દુઃખ થાય છે. શરીરને સ્વાદે આત્મા આનંદી થાય છે, માટે જેમ શરીર અને ઇંદ્રિયોનાં સુખદુઃખનો ભોક્તા આત્મા કે જીવ છે, તેમ શરીરનાં ધર્મકાર્યોનો ભોક્તા પણ જીવ છે. તેમ તિલક એક શારીરિક ચિન્હ છતાં આત્માનું પોષક છે. માણસ અવતરે છે, ત્યારે તદ્દન નગ્નજ અવતરે છે, પણ પછી તેને શરીર-રક્ષણ માટે વસ્ત્રો પહેરાવવામાં આવે છે, તેમ તિલક વગર માણસ અવતરે છે, પણ પછી તેના આત્મરક્ષણ માટે કે ધર્મરક્ષણ માટે તિલકની ખાસ જરૂર છે. લૌકિક રાજાનો એક પોલીસ સરખો નોકર પણ રાજા તરફથી મળેલો પટ્ટો વગેરે પહેરે છે, તેથી તે મોટી સત્તાવાળો બને છે, મોટા કરોડાધિપતિ સેઠને પણ તે રસ્તા વચ્ચે ઉભો રાખી શકે છે, તેમ અલૌકિક રાજા શ્રીભગવાન ના આવા અલોકિક સેવખપણાં ના ચિન્હો ધારણ કરનાર સેવકના કપાળમાં તિલક અને ગળામાં માળા જોઇને અન્ય દેવો પણ તેનાથી દૂર રહે છે, કારણકે શ્રીપ્રભુ દેવાધિદેવનો તે દાસ બન્યો છે; ઉલટા દેવો પણ તેનું સેવકપણું સમય આવ્યે કરે છે. માટે ભક્તે પોતાનાં સેવકપણાનાં ચિન્હ તિલક- માલા લગાર પણ તજવાં ન જોઇએ. કેટલાકને તિલક કરતાં શરમ આવે છે, તો જેઓ માત્ર તિલક કરતાંજ જગતથી ડરીને શરમાય છે, તેઓ ભક્તિમાર્ગમાં આવતાં અલૌકિક અને લૌકિક સંકટો તો શી રીતેજ વેઠી શકવાના? હરિનો મારગ તો શૂરાનો... છે, કારનું કે નામર્દોનું અને શરમાય તેવાઓનું કામ નથી.

ભક્તિમાર્ગમાં યજ્ઞમાં જેમ વેદી એ યજ્ઞનું ખાસ સાધન છે, તેમ ભક્તિમાર્ગમાં તિલક એ ભક્તિયજ્ઞની વેદી છે, જેમ વેદી વગર યજ્ઞ થઇ શકે નહિ, અથવા કરે તો તે નિષ્ફળ જાય છે, તેમ તિલક માલાજી વગર ભક્તિ થઇ શકેજ નહિં, અથવા તે નિષ્ફળ જાય છે. ભક્ત પ્રથમજ શ્રીપ્રભુનાં ચરણકમળને પોતાના કપાળમાં ધારણ કરે છે. શ્રીપ્રભુના ચરણનો ખાસ આશ્રય કરે છે, એ તેની મહાન ફતેહનું ચિન્હ છે. તિલક ભક્તના અલૌકિક સામર્થ્યનું નિશાન છે, જેણે અનંત બ્રહ્માન્ડોના માલીક ભગવાનનું સૌભાગ્ય ધારણ કર્યુ છે, તેના સામર્થ્ય નો પાર નથી, એમ જાણી આસુરી વ્યક્તિઓ તેનાથી ડરે

છે. તિલકને જોતાં જોનાર વૈષ્ણવ વગર ઓળખે પણ જૈ જૈ શ્રીગોકુલેશ કહે છે, જૈ જૈ શ્રીગોકુલેશ એ આશીર્વાદાત્મક છે, ને શ્રીપ્રભુને યાદ કરાવવાના સાધનરૂપ છે. શ્રીપ્રભુ ભક્તવત્સલ છે.

અમીત :- કાકા, તમે તો તિલક ના ઘણા લાભો ગણાવ્યા. અમને તો કોઇની હવે શરમ કે પર નથી, પણ બીજા જો આવો તર્ક કરશે તો હુ તેમને હવે જવાબ આપી શકીશ કે તિલક શું છે, ને તમે શું કરો છો. પણ હા વિવેક રાખીશ, જગડો નહિ કરું.

મુકુન્દદાસ :- તે શ્રીપ્રભુના છે, તે તો શ્રીપ્રભુનાજ રહેવાના. તેઓતો ગમે ત્યાંથી શ્રીપ્રભુરૂપ અલૌકિક ખોરાક શોધી કાઢશે. જે આસુરી છે, તેમને શિખામણે કશું ન થાય.

......ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઈએ?

**વૈષ્ણવ** કોઈ જ્ઞાતિ નથી તેમજ જાતિપણાથી વર્ગભેદ પાડવા કે વર્ગીકરણ કરવાનો મુદ્દો કે માધ્યમ નથી. ભારતીય સમાજના આદિકાળથી સિદ્ધ વર્ણ-વ્યવસ્થાના ચાર મૂળભુત વિભાજન- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર છે. જેમ બ્રાહ્મણ શ્રત્રિય વગેરે ચારે વર્ણને શાસ્ત્રમાં જ્ઞાતિ તરીકે નહીં પણ દેવતા પણાથી સ્વીકારવામાં આવ્યા છે. જ્યારે શાસ્ત્રીય સંસ્કાર વટે **બ્રાહ્મણ દેવતા, ક્ષત્રિય દેવતા**, વગેરે તે તે દેહમાં અભિવ્યક્ત થાય છે અને સ્થિતિ કરે છે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર કહેવાની સાર્થકતા થાય છે. (જુઓ શ્રીસુબોધિની ૨-૧-૩૭ અને તેના ઉપર શ્રીપુરુષોત્તમચરણ કૃત પ્રકાશ વ્યાખ્યાન).

**વૈષ્ણવતા** કે વૈષ્ણવપણું જીવાત્માનો સ્વાભાવિક ધર્મ છે. ભગવાન પોતાના જે અંશને ભક્ત બનાવવા માંગે છે અને પોતાની સ્વતંત્ર ઈચ્છા વડે પોતાના અંશ રૂપ જે જીવનું વરણ કરે છે, ત્યારે તે ભગવાને કરેલું વરણ તે જીવાત્માનો સ્વાભાવિક ધર્મ બની જાય છે. જેમ શાસ્ત્રમાં દર્શાવેલા સંસ્કારો વડે તે તે સંસ્કારોનું આચરણ કરવાથી જે તે યોગ્ય દેહમાં જે તે દેવતાની અભિવ્યક્તિ થાય છે. જેમ કે બ્રાહ્મણ માતાપિતાને ઘરે જન્મેલા બાળકને સુયોગ્ય વયે ઉપનયન સંસ્કાર કરવાથી તેના દેહમાં બ્રાહ્મણ દેવતાની અભિવ્યક્તિ થાય છે. પરંતુ આમાં એક મહત્વની ભિન્નતા છે. વૈષ્ણવતાની અભિવ્યક્તિ ભગવદ્અંશ જીવાત્મામાં ભગવાને કરેલા વરણની ક્ષણેજ થઈ જાય છે. જ્યારે બ્રાહ્મણ વગેરેના ઉદાહરણમાં જે તે જીવો જ્યાં જેવા વર્ણના મા બાપને ત્યાં જન્મ લે છે, ત્યારબાદ શાસ્ત્રમાં જણાવેલી સુયોગ્ય વયે શાસ્ત્રીય સંસ્કારોથી બ્રાહ્મણ વગેરે દેવતાની અભિવ્યક્તિ થાય છે. આ વિશેષ અલગતાને કારણે વૈષ્ણવતાને **ગર્ભદાસત્વ** પણાથી

ઓળખાવવામાં આવે છે. (જુઓ ષોડશ ગ્રંથઃ સિદ્ધાંત મુક્તાવલિ - શ્લોક ૧ પર, સર્વદા સેવ્ય શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણની વ્યાખ્યા) તેથી વરણ પ્રાપ્ત કરેલા જીવનો સહજ સ્વાભાવિક ધર્મ વૈષ્ણવતા અથવા શ્રીપ્રભુનું દાસપણું, તે આપણા જીવની ઓળખાણ છે. નહિં કે , જ્ઞાતિપણાથી સ્થુળદેહને આપવામાં આવતી સામાજીક ઓળખાણ.

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?**

પુસ્તક માંથી સાભાર

---

## ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ દ્વારા વ્યક્ત બત્રિસ લક્ષણ

### ત્રીસ લક્ષણ - ઉત્તમ નવી વસ્તુ સમર્પવી

અબ તીસમો લક્ષણ કહેત હૈ: જો વૈષ્ણવકો એસે ચાહિયે જો શ્રીઠાકોરજીકો ઉત્તમ તે ઉત્તમ સામગ્રી સમર્પની કમલકે વાકો આછી ભાંતિસો સંભારિકે સમર્પની. ફૂલ શ્રીઠાકોરજીકો સમર્પને. તુલસીપત્ર નિત્ય સપર્પને. જો શ્રીઠાકોરજી કે ચરણાર્વિંદ વિષે બહુ પ્રીતિ રાખની. જો નયી ઉત્તમ વસ્તુ મિલે સો શ્રીઠાકોરજીકો પહેલે સમર્પની ઔર સદૈવ એસી સમર્પની .. ૩૦

ઇતિશ્રી ત્રિસમો લક્ષણ સંપૂર્ણમ્...

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

વર્ષ ૧ અંક ૬, અષાઢ વદ ૧૧, ૨૦૬૩ એકાદશી વ્રત

# શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવલ્લભકુલભુષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,
વક્તા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.
શ્રીસુરેશ પ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,
રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.

હવે પાઠશાળા, શ્રીગોકુલેશ પાઠશાળા ના નામથી પ્રકટ થાય. સ્વધર્મના સિદ્ધાંતો જાણ્યા વિના તેમાં રુચિ ન થાય તે ખૂબ સ્વાભાવિક વાત છે. માટે દરેક ધર્મના પ્રચારકો પોતાનાં ધર્મપુસ્તકોનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની યોજનાઓ ઘડતાં હોય છે. આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વાર દ્વારા પણ સમય સમય પર આવા ગ્રંથો નુ પ્રકાશન આપણા **પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી)** અને આપશ્રીના ભગવદ્આત્મજ **ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રી** કરતાંજ રહ્યા છે. શ્રીગુરુચરણ ના વચનામૃત તો ખરેખરમાં અમૃત છે. આપશ્રીના ઘણાં વચનામૃતના ગ્રંથો છપાયા છે. પણ તે ગ્રંથો નું અભ્યાસની જવાબદારી આપણી (સેવક-વૈષ્ણવોની ) રહે છે. શ્રીગુરુદેવ ના વચનામૃતનુ રસપાન પણ થતું રહેવુ જોઇએ. એજ હેતુ ને અનુલક્ષીને પાઠશાળા શ્રીગુરુદેવ ના વચનામૃત ના આધારે લેખ પ્રકટ કરી ને તે જ્ઞાનપીપાસુઓ ની તરસ છિપાવવાનો પ્રયાસ છે. આજના અંકમાં આપણે ગુરુ કેવાનો લેખ ઉપદેશ મિમાંસા ગ્રંથના આધારે લીધેલ છે, જે ગુરુ-શિષ્ય સંવાદરૂપે દર્શાવેલ છે, સાથેજ શ્રીગુરુચરણ ના વચનામૃતના આધારે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પર એક લેખ. સાથેજ દંડાકારં લલાટે સ્યાત્ એક લેખ શ્રીતિલક વિષય પર.............

હવે આપણા આ શ્રીગોકુલેશ પાઠશાળા હવે અંગ્રેજી ભાષામાં પણ પ્રકટ કરવાનો મનોરથ સિદ્ધ થાય એમ લાગી રહ્યો છે. જેની સાર્થકતા આપણે શ્રીગોકુલેશ પાઠશાળા ના પ્રથમ અંક ને અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરી ને સૌ વાંચકો ને મોકલેલ છે. ટૂંક સમયમાં દ્વિતિય અંક પણ પ્રકટ થવાની આરી એ છે. ઘણાં વિદેશમાં વસતા સ્વમાર્ગીય સંતતિ ને માર્ગીય પોષણ મળી રહેશે અને સાનુકુળ રહેશે....

## ગુરુ કેવા-૨

...ગતાંગ થી આગળ

**ગુરુદેવ ::-** તેમજ સામવેદીય છાંદોગ્ય ઉપનિષદ્ના છઠ્ઠા પ્રપાઠકના ચૌદમાં ખંડમાં કહેલ છે કે

*आचार्यवान् पुरुषो वेद*

અર્થ :- આચાર્ય ગુરૂ આશ્રયવાળો પુરૂષ બ્રહ્મસ્વરૂપને જાણે છે.
વિવેચન:- જેમ કોઇ માણસને આંખે પાટા બાંધીને જંગલમાં છૈંડી દીધો હોય તે માણસને પોતાના સ્થાન તરફ જવાનો રસ્તો બતાવનાર જ્યારે કોઇ બીજો પુરૂષ મળે ત્યારેજ તે પુરૂષ પોતાના સ્થાનને પ્રાપ્ત થઇ શકે છે, તેવી રીતે અહીં પણ મનુષ્ય બ્રહ્મનું સ્વરૂપ બતાવનાર ગુરૂ મળે તોજ તે પુરૂષ બ્રહ્મ ને જાણી શકે છે.

તેમજ શ્રીભાગવત સ્કંધ ૧૧-૩-૨૧/૨૨માં પ્રબુદ્ધ યોગેશ્વરે નિમિરાજાને માયા તરવાના ઉપાયો કહ્યા છે ત્યાં કહ્યુ છે કે .. .. ઉત્તમ કલ્યાણને જાણવાની ઇચ્છા રાખનાર શિષ્યે વેદાત્મક બ્રહ્મ અને પરબ્રહ્મ - શ્રીગોકુલેશના સ્વરૂપનો - યથાર્થ રીતે જાણનાર શાંતિયુક્ત એવા ગુરૂને શરણે જવું અને તેને શરણે જઇને ગુરૂનેજ પોતાના દૈવત સર્વસ્વ સમજીને કપટ વગર તેની સેવા કરીને તેમની પાસે ભગવદ્ધર્મો શીખવા, જે ધર્મોએ કરીને સર્વના આત્મરૂપ અને પોતાના સ્વરૂપનું દાન કરનાર એવા શ્રીહરિ પ્રસન્ન થાય છે.

શિષ્ય:- એટલે આપણા પુષ્ટિમાર્ગમાં ગુરૂ એટલે શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાલકો ?

ગુરુદેવ:- હા, પણ એક નિયમ પણ છે. પુષ્ટિમાર્ગમાં ગુરૂ હોવા માટે શ્રીવલ્લભવંશજ હોવું જરૂરી છે, પણ દરેક વલ્લભકુલ વંશજ ગુરૂ હોય તે જરૂરી નથી.

શિષ્ય:- આપે પરંપરાગત સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણ સદ્‌ગુરૂ પાસેથી ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આજ્ઞા કરી તે બરાબર છે.

(ક્રમશ:)

---

## –:सिद्धांत-रहस्यम् :--

**(પ્રસ્તુત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ઉપર મહાનુભવ આચાર્યોની ટીકા પર શ્રીગુરુચરણ ના વચનામૃત ને આધારે સંકલીત લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદ રૂપે પ્રકટ કરેલ છે.)**

**...**ગતાંક શ્રી આગળ

**શિષ્ય** :- કૃપાનાથ! શ્રાવણમાસ નો અમલ પક્ષ અને તે પણ એકાદશીની મહાનિશિ (મહારાત્રિ) ની વાત આપશ્રીએ કૃપાકરી ને સમજાવી. પણ જ્યારે આ વાત ઘટીત થઇ, શું એ શ્રીપ્રભુ આ વચનો કેવી રીતે આજ્ઞા કરી હશે?

**ગુરુદેવ** :- તારી શંકા યોગ્ય છે. પણ શ્રીમહાપ્રભુજી એ અત્રે **સાક્ષાત્** પદ નો પ્રયોગ કરી ને આપણા જેવાની મંદબુદ્ધિને સમાધાન કરે છે કે શ્રીપ્રભુએ ન તો સ્વપ્ન દ્વારા, ન તો કોઇ

દેવવૈંણી રૂપે, કે ન તો આકાશવાણી કે ના કોઇના દ્વારા આજ્ઞા કરાવી. પણ શ્રીપ્રભુ પોતાનું નીજસ્વરૂપ ધારણ કરી ને સાક્ષાત સાકાર સ્વરૂપે પ્રકટ થયા છે. એટલે કે શ્રીપ્રભુ તે મહારાત્રી એ સાક્ષાત પ્રકટ થયા, એ અર્થ છે.

આપણા શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુ અહીં ટીકા કરતા આજ્ઞા કરે છે કે જે પ્રકારે શ્રીમદ્ગોકુલમાં શ્રીપ્રભુને સાક્ષાત વ્યુહરહિત પૂર્ણપુરુષોત્તમ ના પ્રાકટ્ય દ્વારા જે ભક્તોને અભિલષિત હતું, એવુ કર્યુ. ઊીક તેવીજ રીતે શ્રીપ્રભુ પણ સાક્ષાત્ પ્રાકટ્ય દ્વારા શ્રીમહાપ્રભુ ને ઉપદિષ્ટ કર્યુ. પરમકાષ્ઠાપન્ન ભગવાનએ સ્વયં આવિર્ભુત થઇને આજ્ઞા કરે છે, ન તો કોઇ અંશકલા દ્વારા કે ન તો વિભૂતિરૂપ અથવા ન તો કોઇ આવેશ રૂપે, પણ સાક્ષાત્ રૂપે – તેથી **સાક્ષાત્**.

હવે ફરી થી સમજ. હવે પહેલો પક્ષ તે શુક્લ પક્ષ છે, તે અમલ છે, એટલે મલવિનાનો છે. તે દહાડે દહાડે વધારે અજવાળુ કરે છે. તેથી શ્રાવણ માસ અને શુક્લ પક્ષ, તે બાહરના જે આધિભૌતિક દોષો છે તેને મટાડનાર છે. એકાદશી છે તે વળી ઉપવાસેં કરી ને પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેદ્રિય, અગીયારમું મન, તેના દોષને મટાડ નારી છે, એટલુ જ નહિં પણ વળી ગુણ પણ પેદા કરે છે તેથી રાત્રી તે ભક્તની રક્ષાને અર્થે પ્રકટ થયા  જે ભગવાન તેમના પ્રકટ થવાનો કાલ છે. તેથી આધિદૈવિક દોષોને મટાડનાર છે. કેમ કે ભગવાન, ભક્તની રક્ષા કરવા આવી વખતમાં પ્રકટીને બ્રહ્મસંબંધરૂ પી સાધનાનો ઉપદેશ કર્યો છે. તે બ્રહ્મસંબંધ કરનારમાં રહેલા ત્રિવિધ દોષોને મટાડનારૂ છે. એમ બતાવ્યું અહિં જે કહેવાય છે, તે સર્વ ભગવાનના વાક્યનો વિચાર કરીને શ્રીઆચાર્યજીએ આ સિદ્ધાંત રહસ્ય ગ્રંથના શ્લોકમાં તેના અર્થના સંગ્રહ રૂપી કહ્યૅ છે. એમ પ્રાચીન આચાર્યો આજ્ઞા કરે છે. પણ શ્રીપુરુષોત્તમજી તો કહે છે જે મને તો એક બીજું પણ જણાય છે તે કહીએ છીએ કે શ્રીભાગવતના એકાદશ સ્કંધમાં સમર્પણ ચાર ઠેકાણે વર્ણન કર્યુ છે. તેમાં પહેલા યોગેશ્વર જે કવિ, તેમનું વચન શ્લોક (ભાગવત ૧૧-૨-૩૪)

येवै भागवता प्रोक्ता, उपायाह्यात्मलब्धये ाा
अंजः पुंसामविदुषां विद्धि भागवतान् हितान् ाा

અર્થ : જે ભગવાને વગર મહેનતેં અજ્ઞાનીને પણ પોતાને પામવાને ઉપાયો કહ્યા છે. તે ભાગવત ધર્મ કહેવાય એમ એ ભાગવત ધર્મનું લક્ષણ કહીને  આગળ કહે છે. જે હે જનકરાનાએ ધર્મમાં મનુષ્ય બધી રીતે રહે ત્યારે કોઇ વખત પ્રમાદ એટલે ગાંફલી નહિં થાય અને આંખો મિચીને દોટે તો પણ તે પડે નહિં અને લપટે પણ નહિં. એવો એ માર્ગ છે. એણે કરી ને ભગવદ્ ધર્મનું માહાત્મ્ય કહીને શ્લોક (ભાગવત ૧૧-૨-૩૬)

कायेन वाचा मनसेंद्रियैर्वा, बुद्धात्मना वानुसृत स्वभावात् ।
करोति यद्यन् सकलं परस्मै, नारायणायेति समर्प्पयेत्तत् ॥

અર્થઃ- શરીરે કરીને, વચન કરીને અને મન કરીને, ઇન્દ્રિયોએ કરીને, બુદ્ધિએ કરીને, અને વળી પોતાના સ્વભાવ પ્રમાણે પોતે જે જે કરે છે તે (નારાયણાય) એમ કહીને સમર્પે. એ શ્લોકે કરીને બધી ક્રિયાઓ છે, તે ભગવાનને અર્થ સમર્પણ કરવી કહી છે. તે પછી બીજા પણ ભક્તિપૂર્વક ભગવદ્ ભજનાદિક ધર્મો કહીને કહે છે. (ભાગવત ૧૧-૨-૪૨

भक्तिः परेशानुभवोविरक्ति, रन्यत्रचैषत्रिक एक कालं ।
प्रपद्यमानस्य यथाश्रतःस्युस्तुष्टिः पुष्टिःक्षुदपायोऽनु धासां ॥

પરાભક્તિ એક, અને ઇશાનુભવ બીજું, અને વૈરાગ્ય ત્રીજું એ ત્રણે જે શરણાગતિ કરે છે, તેને એકજ વખતમાં થાય છે. હવે એક સાધન કરતાં ત્રણ ફલ કેમ થાય? એવી શંકા ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ માણસ ને જમતી વખતે એક એક કોળીયામાં સંતોષ અને પુષ્ટિ એટલે ધાતુક્ષીણપણાની નિવૃત્તિ અને ભૂખ મટવું, એ ત્રને જણશો એક જ વખતમાં થતી જાય છે. એ રીતેં જમી ચૂકે ત્યારે એ ત્રણે ફલ પૂરાં થઇ ચૂકે છે. (ભાગવત ૧૧-૨-૪૩)

इत्युच्युतांध्रिंभजतोऽनुवृत्या, भक्तिर्विरक्ति र्भगवत्प्रबोधः।
भवंती वै भागवतस्य राजंस्ततः परां शांति मुपैति साक्षात् ॥

એ રીતે અચ્યુત ભગવાન તેમના ચરણાર્વિંદ ને બધાં કર્મોમાં જેમ મંગલાચરણ કરે, તેમ ઘડી ઘડી ભજતો હોય, તેને એક તો ભક્તિ અને ભક્તિ વિના બીજી વાતમાં વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન, જે ભાગવત હોય, તેને થાય તેથી તે પરમશાંતિને પામે, એ ચોથુ ફલ છે. એ બે શ્લોકે કરીને ભક્તિ આદી લઇ ને ચાર ફલ કહ્યા. એ એક સમર્પણ નું સ્થલ થયું.

તે પછી પ્રબુધ યોગેશ્વરે ભાગવત્ ધર્મ પહેલા કહેલા છે. તેને શીખવા, ત્યાંથી આરંભ કરીને સર્વથકી મનનો સંગ છોડવો અને સાધુ ને વિષે સંગ કરવો એ વચનાદિક કરીને એ ધર્મો કહેતા એવા પ્રબુધ યોગેશ્વરે આ શ્લોક કહ્યો (૧૧-૩-૨૮)

इष्टं दत्तं तोपजप्तं, वृत्तं यचात्मनः प्रियं ।
धरान् रक्तान् गृहान् प्राणान्, यत्परस्मै निवेदनं ॥

ઇષ્ટ એટલે યજ્ઞાદિક કરેલા હોય, દત્ત એટલે આપેલું હોય, તપ, જપ, અને વ્રત એટલે કરેલું હોય અથવા પેંતાથી થયેલું હોય અને જે પોતાને વહાલું હોય તે સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ, એમનું પુરૂષોત્તમને અર્થે સમર્પણ કરવું. એ વગેરે સર્વ કહીને ભક્તિ કરીને માયા તરવારૂપી એ ધર્મ, શીખવાનું ફલ કહ્યુ. અને અને ૧૧માં અધ્યાયમાં ઉદ્ધવજીએ પુછ્યુ; (૧૧-૧૧-૨૬)

भक्तिस्त्वच्युपयुन्जयेत, कीदृशीस द्विरादृत ॥

સત્પુરુષો જેને આદર કરે છે, તે ભક્તિ કેવી, આપને વિષે યોગ્ય છે? એ પ્રશ્ન ઊદ્ધવજીએ કર્યો, ત્યા શ્રીપ્રભુ એ કહ્યુ કે (ભાગવત ૧૧-૧૧-૩૪)

मल्लिंग मद्भक्त जन, दर्शन स्पर्शनार्चनं ॥

મારા સ્વરૂપનું દર્શન, ભકત ના દર્શન, સ્પર્શન અને પૂજા વગેરે ધર્મો જેમાં કહ્યા છે, એવા આઠ શ્લોકે કરીને સર્વલાભ એટલે જે મળે, તે મને અંગીકાર કરાવી અને દાસપણાએ કરીને સર્વલાભ એટલે જે મળે, તે મને અંગીકાર કરાવી અને દાસપણાએ કરીને આત્મનિવેદન કરવું. એ રીતે આત્મનિવેદન ને ભક્તિમાં ગણ્યું છે. ફલ તો ત્યા કહ્યુ નથી. તેથી પ્રશ્ન વચનમાં કહેલો ભગવાનમાં ઉપયોગ તેજ ફલ છે. અને ૧૯માં અધાયમાં પુછ્યુ (ભાગવત ૧૧-૧૯-૮)

ज्ञानं विशुद्धं विपुलं यथैतद्विजान वैराग्ययुक्तं पुराणं ।
आख्याहि विश्वेश्वर व़िश्वमूर्ते, त्वद्भक्ति योगंच महद्विमृघ्यम् ॥
(ભાગવત ૧૧-૧૯-૧૯)
भक्तियोग: परैवोक्त: प्रीयमाणाय तेऽन ध ॥
पुनश्चकथरिष्या मद्भक्ते: कारणं परम् ॥

મહાપુરુષોને શોધવાલાયક એવો આપનો ભક્તિયોગ છે, તે હે વિશ્વેશ્વર! હે વિશ્વમૂર્તી! આપ મને કહો એમ ઉદ્ધવજી એ પ્રશ્ન કર્યો ત્યારે આપ આથા કરે છે : હે નિષ્પાપ ઉદ્ધવજી ! ભક્તિયોગ તો તમને પહેલાં જ કહ્યો છે. પણ મારી ભક્તિનું પરમકારણ ફરી પણ તમને કહીશ. એવી પ્રતિજ્ઞા કરીને ૧૯ માં અધ્યાય મા આજ્ઞા કરે છે (ભાગવત ૧૧-૧૦-૨૦)

श्रद्धामृत कथायां मे, शश्वन्मदनु कीर्तनं ।
परिनिष्ठा च पूजया, स्तुतिभि: स्तवनं मम् ॥

મારી અમૃતકથામાં શ્રદ્ધા એટલે શ્રવણ, કીર્તન, પૂજાને વિષે પરિનિષ્ઠા એટલે ચિત્ત અને શરીરની સ્થિરતા અને સ્તોત્રોએ કરીને સ્તુતિ કરવી અને પરિચર્યા એટલે દાસ

ના ધર્માં આદર અને બધા અંગોએ કરી ને અભિવંદન, એ રીતે કારણ બતાવ્યુ તે એ શ્લોક વગેરે બીજા ચાર શ્લોકોએ કરીને ભક્તિના પરમ કારણને કહેતા એવા જે ભગવાન તેમણે આજ્ઞા કરી : (ભાગવત ૧૧-૧૯-૨૪)

प्रवं धर्मैर्मनुष्याणा मुद्धवात्मनिवेदिनां ।
मयि संजायते भक्ति: को:न्योर्थोस्याव शिष्यते ॥

હે ઉદ્ધવજી! આત્મનિવેદી જે મનુષ્યો છે તેમને, એવા ધર્મોએ કરીને મારે વિષે ભક્તિ થાય છે, એથી ઉપરાંત કોઇ પણ પુરુષાર્થ બાકી રહેતો નથી. એ વચનોએ કરીને અધિકાર પણાએ આત્મનિવેદન કર્યુ, તે બતાવે છે.

જે આત્મનિવેદિ મનુષ્યોને મારે વિષે ભક્તિ થાય છે, એમ કહ્યુ, તેમાં આત્મનિવેદ ન ને અધિકારપણું બતાવ્યુ અને મારે વિષે ભક્તિ થાય, એથી ઉપરાંત કોઇપણ પુરુષાર્થ બાકી રહેતો નથી. એમ કહ્યુ, તેથી ફલની પરમકાષ્ઠા બતાવી. અહિં જે વર્ણન કરાય છે, તે બ્રહ્મસંબંધરૂપ સમર્પણ તેનું ફલ અને તેનું પ્રસિદ્ધ પણું અને તેનું જરૂર પણુ પણ જે છે, તે ૧૯માં અધ્યાયમાં જે વાક્ય છે તેનો આ અનુવાદ હશે. એવી શંકા મટાડનાર સારૂ અને તેવી રીતનો તે વખતના ભગવાનના વચનોનો અનુવાદ છે એ પણ બતાવવા સારૂ શ્રાવણ માસ વગેરે કાલ કહ્યો છે. તેમાં જે શ્લોકરૂપી વાક્યો છે તે ભગવાનનાંજ છે. કેમકે કહે છે કે **તદ્અક્ષરશઃ ઉચ્યતે** તેથી ઠર્યુ શું?

**ક્રમશઃ**

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## દંડાકારં લલાટે સ્યાત્

..ગતાંક થી આગળ

**મુકુન્દદાસ**:- આપણા માર્ગમાં બે પ્રકારે તિલક થાય છે, એક તો આપણાં શ્રીગોકુલેશપ્રભુના ઘરના સેવકો દ્વારા કરાતુ દ્વિરેખવાળું એટલે કે દંડાકાર ||, અને અન્ય છ ઘરમાં **U** તિલક થાય છે અને આ બન્ને શુદ્ધ થાય છે એમાં જરાય પણ ચિત્રામણ ન હોય.

**ચંદનમાસી** :- મુકુન્દદાસ, આજકાલતો એવું જોવા મળે છે કે **U** આકાર નું તિલક કરે અને પછી તેના નીચે બે જોડેલો ભાગ પાસે એક આડી લીટી કરે અને પછી એક દિવો પ્રગટેલો હોય એવુ દોરે અને ઘણાં તો એવું તિલક કરે છે કે **U** આકારમાં નાના-નાના કાળા રંગના કુંડાળા દોરેલા હોય? તો આવી આકૃતિઓની શી ભાવના?

**મુકુન્દદાસ**:- શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટ આપણા માર્ગમાં આવી આકૃતિ વાળા તિલક ને સ્થાન નથી. આ તો કેવળ મનકલ્પિત પ્રકાર છે. પોતાની એક અલગ ઓળખ ઊભી કરવાની કે લોકોને પોતા ની તરફ આકર્ષણ કરવાનો ચીલો છે. પણ અન્ય પ્રકાર એક ભૂલ ભરેલું છે. કોઇક એવો તર્ક કરે છે કે આ નાના કુંડાળા એ શ્રીપ્રભુ ચરનાર્વિંદના છિદ્ર છે, પણ જરા વિચારો કે શ્રીપ્રભુના શ્રીચરણમાં છિદ્ર કયાંથી આવ્યા? કોઇક જ્યોત બનાવે છે અને તર્ક કરે છે કે શ્રીમહાપ્રભુજી જેમ અગ્નિ-સ્વરૂપ છે તેમ તે અગ્નિનું પ્રતિક આ જ્યોત છે. પણ આ સત્ય નથી.

**અમીત** :- તો પછી કાકા સત્ય આપ અમને સમજાવો, કારણકે આવી ભ્રાંતિ ઘણી જોઇ છે, પણ સત્ય હવે સમજવું છે.

**મુકુન્દદાસ** :- હા ભાઇ હા, કહુ છું, થોડી ધિરજ ધર, અધિરો ન થા. જો સાંભળ શ્રીમહાપ્રભુજીએ સર્વ નર્ણય નિબંધ ગ્રંથની ૨૪૪મી કારીકાના સ્વ-પ્રકટીત પ્રકાશ નામની ટીકા માં આજ્ઞા કરે છે.

*....दंडाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि, वेणुपत्रनिभं बाह्वोरन्य दी-पाकृतिर् भवेद् , इति तिलकं माला च यज्ञोपवीतवद् वैष्णवत्वबोधनम् ॥ २४४ ॥*

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણા લલાટે દંડાકાર (દ્વિરેખ) વાળું તિલક કરવું. પોતાના વક્ષ:સ્થલ પર કમળ આકારનું તિલક કરવું. બન્ને ભુજાઓ પર વેણું-પત્રાકારનું વગેરે તિલક કરવું. અન્ય તિલક દીપકની જ્યોતિના આકારવાળું કરવું. જેમ ય જ્ઞોપવિત દ્વિજત્વને જણાવે છે, તેમ તિલક-માલા વૈષ્ણવતાને બતાવનાર છે.

**રસિકકાકા**:- પણ મુકુન્દદાસ, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા તો કરી કે તિલક દીપકની જ્યોતિ આકારવાળું કરવું તો જો કોઇ કરતું હોય, તો શોં વાધો?

**મુકુન્દદાસ** :- આપણ ને કયાં કોઇનો વાધોં છે. જેને જે રૂચે તેવું કરે. પણ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં તો આપણી મરજી મુજબ ન કરવું. પણ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમૅણેજ વર્તવું પડે. શ્રીમહાપ્રભુજીએ લલાટે દંડાકાર (દ્વિરેખ) વાળું તિલકની આજ્ઞા કરી

છે. અને શરીરના અન્ય ભાગોમાં અન્ય આકારવાળું તિલક કરવું. પણ લલાટે તો કેવળ શુદ્ધ તિલક કરવું, જેમાં કોઇ અન્ય આકૃતિ ન હોય. કેવળ ||.

**અમીત**:- કાકા, હવે હું બરાબર સમજ્યો, પણ હવે આપ આપણું તિલક કેમ દંડાકાર છે તે કહો. શું આ શાસ્ત્ર સિદ્ધ (સમ્મત) છે?

**મુકુન્દદાસ**:- મુલ વિષય સમજતાં પહેલાં જે આપણી ભ્રમણાઓ હોય તે દૂર તો થવી જોઇએ ને? બરાબર ને?

......ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## શ્રીગુરુવાણી

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?

ધર્મની અને ધર્માચરણની સમજણ હોય કે ન હોય, ધર્મમાં આસ્થા હોય કે ન હોય, ધાર્મિક જીવન આપણું લક્ષ્ય હોય કે ન હોય, આવા મહત્વના મુદ્દા ઉપર વિચાર કર્યા વગર માત્ર ગાડરિયા પ્રવાહના આંધળા અનુકરનથી કંઠી કે બ્રહ્મસંબંધ લેવા અને પુષ્ટિમાર્ગીય કે અપુષ્ટિમાર્ગીય સિદ્ધાંત વિરુદ્ધ સામાજીક વહેવારને મુખ્ય ગણીને જ સંચાલન કરવામાં આવતા કહેવાતા દેવસ્થળોમાં પોતાની અનુકુળતાએ અને લૌકિક અવસરોને મુખ્ય ગણી ધર્મની ભ્રમણા રાખી વિઝીટ આપનારાઓ આજે પોતાને વૈષ્ણવ સમજતા હોય કે પોતાની સંતતિને વૈષ્ણવ કહેતા હોય તે તો માત્ર વૈષ્ણવતાનો આભાસ માત્ર જ છે. અને સાચા આચરણથી પ્રતિકુળ વ્યવહારના કારણે વૈષ્ણવપણું આપણી વ્યક્તિગત ઓળખાણની જગાએ આજે જ્ઞાતિ બની ગયું છે. આપ સર્વે જે કાંઇ પણ માનતા હો કે વિચારતા હો પરંતુ શ્રીમહાપ્રભુ આ બાબતમાં શું માને છે અને શું વિચારે છે તે આપ જોઇ લો

परम् अत्र न सर्वेषां फलमुखाधिकार: ।
रवींतु येषु भगवद्कृपा, परिज्ञानं च मार्गरुच्या निश्चीयते ।। (તત્વાર્થદીપ નિબંધ ૨-૨૨૬)

શ્રીમહાપ્રભુના અવતારકાલમાં (બેઉ શ્રીપ્રભુચરણ અને સપ્તાચાર્યો સુધી) ભગવન્ માર્ગ માટે યોગ્ય જીવની રૂચિનો નિર્ણય શ્રીમહાપ્રભુ પોતે પોતાની દિવ્ય-દૃષ્ટિએ કરતા હતા.

આધુનિક સમયમાં ગુરુસ્થાને બીરાજેલા દ્વારભૂત ગુરૂએ માર્ગમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળી વ્યક્તિઓનું પરીક્ષણ શ્રીમહાપ્રભુની વાણીનું અનુસંધાન રાખી તેઓની રૂચિ, તેઓના પ્રગટ વેશ-ભૂષા, ભાષા, આચાર, વ્યવહાર વગેરેના આધારે મૂલવીને જ નિર્ણય લેવાય તો જ એવી દીક્ષા અને ઉપદેશ વર્તમાન કે કાલાન્તરમાં લક્ષ્ય પામી સરૂપ થઇ શકે. વળી આ બાબતમાં નીચે લખેલી બાબતમાં ગંભીરતા પૂર્વક વિચાર કરવો જોઇએ.

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?**

પુસ્તક માંથી સાભાર

## ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ દ્વારા વ્યક્ત બત્રિસ લક્ષણ

### સાતમો લક્ષણ – વૈષ્ણવનો સેવક પ્રત્યે ધર્મ

અબ સાતમો લક્ષણ કહેત હેઃ જો સેવકકો અપરાધ દેખે તો ક્રોધ ન કરનો વાકો સહી લેનો. વાકો જ નાવે નાહી. વાકો ભૂલિ જાનો જાકી ઓર હુ પ્રસન્નતા રાખની. વાકો ભોજન આછાદાન કી ભલી ભાંતીસો ખરચી રાખની વાંકો ચિત્તલીયે રહે તાતે શ્રીઠાકોરજી બહુત પ્રસન્ન રહેત હૈ – ૭

ઇતિશ્રી સાતમો લક્ષણ સંપૂર્ણમ્..

।। શ્રીગોકુલેશો જયતિ ।।

વર્ષ ૧ અંક ૭, શ્રાવણ સુદ ૧૧, ૨૦૬૩ એકાદશી વ્રત

શ્રીગોકુલેશ
પાઠશાળા

**શ્રીસુરેશ પ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,**
**રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.**
**શ્રીચરણની રજ થકી પાવન છે આ ઘડી**
**શ્રીરાયજીએ કૃપા કરી દાન દીધા સુખ કારી.**

હવે પાઠશાળા, શ્રીગોકુલેશ પાઠશાળા ના નામથી પ્રકટ થાય. સ્વધર્મના સિદ્ધાંતો જાણ્યા વિના તેમાં રુચિ ન થાય તે ખૂબ સ્વાભાવિક વાત છે. માટે દરેક ધર્મના પ્રચારકો પોતાનાં ધર્મપુસ્તકોનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની યોજનાઓ ઘડતાં હોય છે. આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વાર દ્વારા પણ સમય સમય પર આવા ગ્રંથો નુ પ્રકાશન આપણા પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) અને આપશ્રીના ભગવદ્આત્મજ ઉદિયમાન ચતુર્થપીઠાધિશ પૂજ્યચરણ ગોસ્વામી શ્રીવિટ્ઠલરાયજી બાવાશ્રી કરતાંજ રહ્યા છે. શ્રીગુરુચરણ ના વચનામૃત તો ખરેખરમાં અમૃત છે. આપશ્રીના ઘણાં વચનામૃતના ગ્રંથો છપાયા છે. પણ તે ગ્રંથો નું અભ્યાસની જવાબદારી આપણી (સેવક-વૈષ્ણવોની ) રહે છે. શ્રીગુરુદેવ ના વચનામૃતનુ રસપાન પણ થતું રહેવુ જોઇએ. એજ હેતુ ને અનુલક્ષીને પાઠશાળા શ્રીગુરુદેવ ના વચનામૃત ના આધારે લેખ પ્રકટ કરી ને તે જ્ઞાનપીપાસુઓ ની તરસ છિપાવવાનો પ્રયાસ છે. આજના અંકમાં આપણે ગુરુ કેવાનો લેખ ઉપદેશ મિમાંસા ગ્રંથના આધારે લીધેલ છે, જે ગુરુ-શિષ્ય સંવાદરૂપે દર્શાવેલ છે, સાથેજ શ્રીગુરુચરણ ના વચનામૃતના આધારે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પર એક લેખ. સાથેજ દંડાકારં લલાટે સ્યાત્ એક લેખ શ્રીતિલક વિષય પર..............

હવે આપણા આ શ્રીગોકુલેશ પાઠશાળા હવે અંગ્રેજી ભાષામાં પણ પ્રકટ કરવાનો મનોરથ સિદ્ધ થાય એમ લાગી રહ્યો છે. જેની સાર્થકતા આપણે શ્રીગોકુલેશ પાઠશાળા ના પ્રથમ અંક ને અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરી ને સૌ વાંચકો ને મોકલેલ છે. ટૂંક સમયમાં દ્વિતિય અંક પણ પ્રકટ થવાની આરી એ છે. ઘણાં વિદેશમાં વસતા સ્વમાર્ગીય સંતતિ ને માર્ગીય પોષણ મળી રહેશે અને સાનુકુળ રહેશે....

## ગુરુ કેવા-૨

...ગતાંગ થી આગળ

**ગુરુદેવ ::-** તેમજ સામવેદીય છાંદોગ્ય ઉપનિષદ્ના છઠ્ઠા પ્રપાઠકના ચૌદમાં ખંડમાં કહેલ છે કે

*આચાર્ય ગુરૂ આશ્રયવાળો પુરૂષ બ્રહ્મસ્વરૂપને જાણે છે.*

**વિવેચન**:- જેમ કોઇ માણસને આંખે પાટા બાંધીને જંગલમાં છેડી દીધો હોય તે માણસને પોતાના સ્થાન તરફ જવાનો રસ્તો બતાવનાર જ્યારે કોઇ બીજો પુરૂષ મળે ત્યારેજ તે પુરૂષ પોતાના સ્થાનને પ્રાપ્ત થઇ શકે છે, તેવી રીતે અહીં પણ મનુષ્ય બ્રહ્મનું સ્વરૂપ બતાવનાર ગુરૂ મળે તોજ તે પુરૂષ બ્રહ્મ ને જાણી શકે છે.

તેમજ શ્રીભાગવત સ્કંધ ૧૧-૩-૨૧/૨૨માં પ્રબુદ્ધ યોગેશ્વરે નિમિરાજાને માયા તરવાના ઉપાયો કહ્યા છે ત્યાં કહ્યુ છે કે .. .. **ઉત્તમ કલ્યાણને જાણવાની ઇચ્છા રાખનાર શિષ્યે વેદાત્મક બ્રહ્મ અને પરબ્રહ્મ - શ્રીગોકુલેશના સ્વરૂપનો - યથાર્થ રીતે જાણનાર શાંતિયુક્ત એવા ગુરૂને શરણે જવું અને તેને શરણે જઇને ગુરૂનેજ પોતાના દૈવત સર્વસ્વ સમજીને કપટ વગર તેની સેવા કરીને તેમની પાસે ભગવદ્ધર્મો શીખવા, જે ધર્મોએ કરીને સર્વના આત્મરૂપ અને પોતાના સ્વરૂપનું દાન કરનાર એવા શ્રીહરિ પ્રસન્ન થાય છે.**

**શિષ્ય:-** એટલે આપણા પુષ્ટિમાર્ગમાં ગુરૂ એટલે શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાલકો ?

**ગુરુદેવ:-** હા, પણ એક નિયમ પણ છે. પુષ્ટિમાર્ગમાં ગુરૂ હોવા માટે શ્રીવલ્લભવંશજ હોવું જરૂરી છે, પણ દરેક વલ્લભકુલ વંશજ ગુરૂ હોય તે જરૂરી નથી.

**શિષ્ય:-** આપે પરંપરાગત સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણ સદ્‌ગુરૂ પાસેથી ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આજ્ઞા કરી તે બરાબર છે. પરંતુ કેવા લક્ષણવાળા ગુરૂદ્વારા શ્રીહરિને શરણે જવું હોઇએ તે આજ્ઞા કરો ?

**ગુરુદેવ:-** વૈષ્ણવ સંપ્રદાયિક ગુરૂનાં લક્ષણોં શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહ્યા છે.
તત્વાર્થદીપનિબંધ ના સર્વનિર્ણય પ્રઢરણમાં ગુરૂનાં લક્ષણો વિષે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે *શ્રીગોકુલેશની સેવામાં પરાયણ દંભ, કામ, ક્રોધ, વગેરે થી રહિત અને શ્રીભાગવત ના તત્વને જાણનાર નર - પુરુષ એવા ગુરૂ ને જોઇને ઉત્તમ શ્રેયને જાણવાની ઇચ્છા રાખનાર મનુષ્યે આદરથી તેની સેવા કરવી.* તેમજ સારસંગ્રહ , ભગવત્તત્વવિવેક વગેરેમાં હારિતનું વચન છે કે ;;
*કેવા આચાર્ય નો આશ્રય કરવો તે બતાવે છે : દોષ રહિત, વૈષ્ણવ, બ્રાહ્મણ, શુદ્ધસત્વગુણથી યુક્ત, નિત્ય નવીન (પ્રભુમાં પ્રીતિપૂર્વક ઉત્સાહથી) સેવાનાં કાર્યો કરનાર, સત્સાંપ્રદાયયુક્ત, મંત્રરૂપી રત્નના અર્થને જાણનાર, જ્ઞાન વૈરાગ્ય સંપન્ન, વેદ અને વેદના અંગોના પારને પામેલા, સદાચારો બતાવીને શિષ્યોને શિક્ષા આપનાર, સર્વધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ, મહાભગવદ્‌ભક્ત, વિપ્ર (શિષ્યમાં ન્યૂનતા હોય તે પૂર્ણ કરનાર) અને સદાચારનું સેવન કરનાર, એવા આચાર્યનો આશ્રય કરવો. કઁરણકે સર્વ શાસ્ત્રો તથા પ–રાણોને યથાર્થ જોઇને તેના અભિપ્રાય પ્રમાણે જે પોતે આચરણ કરે છે અને વૈષ્ણવ હોય તે આચાર્ય કહેવાય છે.*

તેમજ સારસંગ્રહમાં પદ્મપુરાણનું વચન છે કે :- *જે વૈષ્ણવાચાર્ય શરણ તથા આત્મનિવેદન મંત્ર નો સારી રીતે ઉપદેશ કરે છે તે આચાર્ય શિષ્યના સંસારરૂપી બંધનનો નાશ કરનાર જાણવા.*

વળી ગૌતમીયતંત્રના અધ્યાય ૫માં કહ્યુ છે કે :- *વેદ અને વેદાઙ્ગના સિદ્ધાંતરૂપ વેદાંતજ્ઞાનના પારને પામેલા, વાણી, મન, કાયા અને ચિત્તે કરીને શ્રીગોકુલેશની સેવામા પ્રીતિવાળા, વિષ્ણુ ના મંત્રનું અનુસંધાન રાખનારા, વિષ્ણુંનું વિજ્ઞાન બતાવનારા, કાયા, વાણી અને મન એ ત્રણથી થતાં કર્મોને પ્રભુમાં ભાવ સહિત અર્પણ કરનાર, સત્પુરૂષોમાં સારી રીતે મનાતા, ઇન્દ્રિયોનું દમ ન કરનાર, મંત્રના અર્થજ્ઞાનમાં સુનિપૂણ, વૈષ્ણવશાસ્ત્રના સિદ્ધાંતના જાણે ચિંતામણિ, આશ્રમમાં રહેનારા, સ્વમાર્ગીય જ્ઞાનમાં કુશલ, એવા હોય તે ગુરૂ થઇ શકે બીજા નહિં. વૈષ્ણવસિદ્ધાંતને જાણનારા ભગવદીયો જે સ્થાનમાં રહેતા હોય તે સ્થાન અત્યંત દૂર હોય તો પણ ત્યાં જવું. પોતાને અભીષ્ટ પદાર્થની ઇચ્છા રાખનારાએ તેવા પુરૂષોની સ્તુતિ કરવી. તેમને નમન કરવું. તેમનું સેવન કરવું. પ્રથમ કહ્યા પ્રમાણે વર્તન રાખનારાજ ગુરૂ જાણવા બાકીના તો શિષ્યને દુ:ખ દેનારા કહેવાય.*

(ક્રમશ:)

## –:*सिद्धांत–रहस्यम्* :--

**(પ્રસ્તુત સિદ્ધાંત રહસ્ય ગ્રંથ ઉપર મહાનુભવ આચાર્યોની ટીકા પર શ્રીગુરુચરણ ના વચનામૃત ને આધારે સંકલીત લેખ, જે ગુરુ-શિષ્ય સંવાદ રૂપે પ્રકટ કરેલ છે.)**

**...**ગતાંક શ્રી આગળ

**ગુરુદેવ** :- ગયા વખતે આપણે જોઇ ગયા, કે તદક્ષરશઉચ્ચ્યાતે, તો તેથી શું ? એવી આપણી સામે શંકા આવી. ત્યા કહે છે કે જે ભગવાનનાં વચનો છે તે કહેવાની જ આ પ્રતિજ્ઞા છે. કોઇ નવો ગ્રંથ પ્રકટ કરવાની પ્રતિજ્ઞા નથી. એ વચનો કહી ને શ્રીપુરુષોત્તમજી કહે છે કે મને આવું કઇક લાગે છે.

હવે શ્રીપુરુષોત્તમજી પ્રાચીન ટીકાકારો ના વચનોં પર થયેલ શંકા નું સમાધાન કરે છે કે, તે વખતનાં ભગવાનનાં જે વચનો છે તેમની જ કહેવાની જો પ્રતિજ્ઞા હોય તો તે વખત સમર્પણનુ ગદ્ય કહ્યુ છે તે આહીં કેમ ન કહ્યુ ? એટલે એમ કે જે શ્રીમહાપ્રભુએ પ્રતિજ્ઞા કરી કે હું અક્ષરશઃ કહીશ તો પછી ગદ્યમંત્ર કેમ પ્રકટ ન કર્યો ? તેના સમાધાનમાં કરતાં શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે જે તે પંચાક્ષરના મંત્રની ટીકાજેવું છે, તેથી અત્યંત ગોપ્ય છે તે માટે ન કહ્યુ એમ જાણવું. કેમકે શાસ્ત્રમાં આજ્ઞા આવે છે કે મંત્ર નો ગુપ્ત રહે તોજ ઉદ્ધાર કરે. અને એટલેજ આખા મંત્રને કહી દેખાડાતા નથી. જેમ કે

स्पर्शेषु यत्पोडश मे कविं शं, निष्किंचनानां नृप यद्धनं विदु: ।

અર્થઃ સ્પર્શમાં ૧૬મોં અને ૨૧મોં અક્ષર એ વચન કહ્યુ પણ તપ એક ખુલ્લુ ભગવાને બ્રહ્માજી પ્રત્યે શ્રીભાગવતમાં ન કહ્યુ. ખેમ આ પંચાક્ષર મંત્રનું વિવરણપણું આ ગદ્યને છે એમ જાણવું કે, મંત્રમાં તમારો દાસ છું તેમા, છું જે ક્રિયાપદ છે, તેના કર્તા એ;લે સમર્પણનો કર્તા તેનું સ્વરૂપ અને એ આખા પરિકર (એટલે ઘર બાર) તે સહિત એવોક્તિ તેને ભગવદીય પણું છે. તેનેજ ભગવાનના વિયોગી પણા વગેરેનો બોધ, ગદ્યમાં કરાવ્યો છે. અને મંત્રમાં રહેલું તપ પદ છે, તેમાં ભગવાન જેના સ્વામી છે એવા સંબંધયુક્તપણું બતાવ્યુ છે. અને ભગવતે એ પદે કરીને જેને વિશેષણ આપ્યુ છે. એવું કૃષ્ણાય એ પદેં કરીને પણ જેના ઉપર કોઇનો અંકુશ નહિં. એવા જગતના ઈશ્વરપણા વગેરે ગુણોનો શ્રીગોકુલેશમાં હોધ કરાવ્યો છે. તેથી અવતારથી જૂદા પાડીને એટલે મૂલરૂપ અવતારી પુરૂષોત્તમ છે, તે બતાવીને મંત્રમાં જે ગોકુલેશ પદ છે, તેની ટીકા કરી તેથી કરીને ગદ્ય નથી કહ્યુ. (ભા. ૧૧-૧૯-૨૪)

मयिसंजायते भक्ति: कोऽन्योर्थोस्या व शिष्यते ॥ (भा. ५-१-१६)

અર્થઃ- મારે વિષે જેને ભક્તિ રૂડા પ્રકાર ઉત્પન્ન થાય છે તેને અન્ય કહેતાં બીજો કયો અર્થ બાકી રહે છે? ઉપર લખેલાં ભગવાનનાં વચનમાં **મયિ** એ પદ કરીને પોતાના વિષે આત્મનિવેદન કરનારા એવો અર્થ થાય છે. **ચર્મણિ દ્વિપિન હંતિ** એ શાસ્ત્રના વચને મારા માટે એવો અર્થ ત્યાં થઇ શકે છે. અને એજ યોગ્ય છે. તેથી અહી ગદ્યમાં ભગવાન માટે એમ કહ્યુ છે. તેથી એની (ભગવાનની) અને ગદ્યની જુદી વિભક્તિ છતાં અર્થ એકજ છે. તેથી દોષ નથી અને સમર્પણ તે આત્મનિવેદનપણાએ કરીને નવધાભક્તિમાં પ્રસિદ્ધ છે. તે આત્મનિવેદનમાં સંદેહ નથી તેથી પણ ગદ્યમંત્ર પુર્ણરૂપે કહ્યુ નથી. એ સમર્પણને દોષ મટાડનારપણું શ્રીભાગવત ના ષષ્ઠ સ્કંધમાં અજામિલના આખ્યાનમાં કહ્યુ છે.

न तथाह्यघदान राजन्, पूयेत तप आदिभि: ॥
यथा कृष्णार्पि त प्राण, स्तत्पुरुषनिषेदया ॥

અર્થઃ- જેમ શ્રીગોકુલેશમાં જેણે પ્રાણ અર્પણ કર્યા હોય, તે શ્રીગોકુલેશના ભક્ત ભગવદ્દભક્ત તેની સેવા કરીને પવિત્ર થાય છે, તેમ બીજા સાધનોથી પવિત્ર થતાં નથી, અને આ સાથે ભગવદીયના સંગથકી સમર્પણને દોષ નિવર્ત્તકપણું કહ્યુ છે. (ભા . ૧૦-૨૯-૧૦)

दु:सह प्रेष्ठ विरह, तीव्रताप धुताश भा: ॥

અર્થઃ- ન સહન થાય એવોજે શ્રીગોકુલેશવિરહનો તીવ્ર તાપ તેણે કરી ટાળ્યા છે અશુભ જેના એ અર્થ બતાવનાર ઉપરનું વચન. તેમાં સર્વ અશુભને મટાડનાર ઘણાંએ કરીને જણાય છે. દુઃખથી સહેવાય નહિં. એવો ભગવાનનો વિરહતાપ તે શ્રીઆચાર્યજીએ વિચાર કર્યો, તે વખતે જીવોમાં ન હોત ત્યારે સેવામાં અંગીકાર ભગવાન કરે તેવી રીતની દોષનિવૃત્તિ

એ વિરહ વિના કેમ થાય કેમ થાય ? તે શંકા મટાડવા માટે *બ્રહ્મસંબંધ કરણાત્* એ પદે કરીને પૂર્વોક્ત ભગવાનનું કહેલું કહીને સર્વદોષ ની નિવૃત્તિ અહીં ઠેરાવી છે. (ભા . ૧૧-૧૯-૨૪)

## અહીથી આગળ વધવું

આપણા શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુ અહીં ટીકા કરતા આજ્ઞા કરે છે કે જે પ્રકારે શ્રીમદ્ગોકુલમાં શ્રીપ્રભુને સાક્ષાત વ્યુહરહિત પૂર્ણપુરુષોત્તમ ના પ્રાકટ્ય દ્વારા જે ભક્તોને અભિલષિત હતું, એવુ કર્યુ. ઊીક તેવીજ રીતે શ્રીપ્રભુ પણ સાક્ષાત્ પ્રાકટ્ય દ્વારા શ્રીમહાપ્રભુ ને ઉપદિષ્ટ કર્યુ. પરમકાષ્ઠાપન્ન ભગવાનએ સ્વયં આવિર્ભુત થઇને આજ્ઞા કરે છે, ન તો કોઇ અંશકલા દ્વારા કે ન તો વિભૂતિરૂપ અથવા ન તો કોઇ આવેશ રૂપે, પણ સાક્ષાત્ રૂપે – તેથી **સાક્ષાત્**.

હવે ફરી થી સમજ. હવે પહેલો પક્ષ તે શુક્લ પક્ષ છે, તે અમલ છે, એટલે મલવિનાનો છે. તે દહાડે દહાડે વધારે અજવાળું કરે છે. તેથી શ્રાવણ માસ અને શુક્લ પક્ષ, તે બાહરના જે આધિભૌતિક દોષો છે તેને મટાડનાર છે. એકાદશી છે તે વળી ઉપવાસેં કરી ને પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેદ્રિય, અગીયારમું મન, તેના દોષને મટાડનારી છે, એટલું જ નહિં પણ વળી ગુણ પણ પેદા કરે છે તેથી રાત્રી તે ભક્તની રક્ષાને અર્થે પ્રકટ થયા  જે ભગવાન તેમના પ્રકટ થવાનો કાલ છે. તેથી આધિદૈવિક દોષોને મટાડનાર છે. કેમ કે ભગવાન, ભક્તની રક્ષા કરવા આવી વખતમાં પ્રકટીને બ્રહ્મસંબંધરૂપી સાધનાનો ઉપદેશ કર્યો છે. તે બ્રહ્મસંબંધ કરનારમાં રહેલા ત્રિવિધ દોષોને મટાડનારૂ છે. એમ બતાવ્યું અહિં જે કહેવાય છે, તે સર્વ ભગવાનના વાક્યનો વિચાર કરીને શ્રીઆચાર્યજીએ આ સિદ્ધાંત રહસ્ય ગ્રંથના શ્લોકમાં તેના અર્થના સંગ્રહ રૂપી કહ્યેં છે. એમ પ્રાચીન આચાર્યો આજ્ઞા કરે છે. પણ શ્રીપુરુષોત્તમજી તો કહે છે જે મને તો એક બીજું પણ જણાય છે તે કહીએ છીએ કે શ્રીભાગવતના એકાદશ સ્કંધમાં સમર્પણ ચાર ઠેકાણે વર્ણન કર્યુ છે. તેમાં પહેલા યોગેશ્વર જે કવિ, તેમનું વચન શ્લોક (ભાગવત ૧૧-૨-૩૪)

येवै भागवता प्रोक्ता, उपायाह्यात्मलब्धये ॥
अंजः पुंसामविदुषां विद्धि भागवतान् हितान् ॥

અર્થ : જે ભગવાને વગર મહેનતેં અજ્ઞાનીને પણ પોતાને પામવાને ઉપાયો કહ્યા છે. તે ભાગવત ધર્મ કહેવાય એમ એ ભાગવત ધર્મનું લક્ષણ કહીને  આગળ કહે છે. જે હે જનકરાનાએ ધર્મમાં મનુષ્ય બધી રીતે રહે ત્યારે કોઇ વખત પ્રમાદ એટલે ગાંફલી નહિં થાય અને આંખો મિચીને દોટે તો પણ તે પડે નહિં અને લપટે પણ નહિં. એવો એ માર્ગ છે. એણે કરી ને ભગવદ્ ધર્મનું માહાત્મ્ય કહીને શ્લોક (ભાગવત ૧૧-૨-૩૬)

कायेन वाचा मनसेंद्रियैर्वा, बुद्धात्मना वानुसृत स्वभावात् ।
करोति यद्यन् सकलं परस्मै, नारायणायेति समर्प्पयेत्तत् ॥

અર્થઃ- શરીરે કરીને, વચન કરીને અને મન કરીને, ઇન્દ્રિયોએ કરીને, બુદ્ધિએ કરીને, અને વળી પોતાના સ્વભાવ પ્રમાણે પોતે જે જે કરે છે તે (નારાયણાય) એમ કહીને સમર્પે. એ શ્લોકે કરીને બધી ક્રિયાઓ છે, તે ભગવાનને અર્થ સમર્પણ કરવી કહી છે. તે પછી બીજા પણ ભક્તિપૂર્વક ભગવદ્ ભજનાદિક ધર્મો કહીને કહે છે. (ભાગવત ૧૧-૨-૪૨

भक्तिः परेशानुभवोविरक्ति, रन्यत्रचैषत्रिक एक कालं ।
प्रपद्यमानस्य यथाश्नतःस्युस्तुष्टिः पुष्टिःक्षुदपायोऽनु धासां ॥

પરાભક્તિ એક, અને ઇશાનુભવ બીજું, અને વૈરાગ્ય ત્રીજું એ ત્રણે જે શરણાગતિ કરે છે, તેને એકજ વખતમાં થાય છે. હવે એક સાધન કરતાં ત્રણ ફલ કેમ થાય? એવી શંકા ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ માણસ ને જમતી વખતે એક એક કોળીયામાં સંતોષ અને પુષ્ટિ એટલે ધાતુક્ષીણપણાની નિવૃત્તિ અને ભૂખ મટવું, એ ત્રને જણશો એક જ વખતમાં થતી જાય છે. એ રીતેં જમી ચૂકે ત્યારે એ ત્રણે ફલ પૂરાં થઇ ચૂકે છે. (ભાગવત ૧૧-૨-૪૩)

इत्युच्युतांध्रिंभजतोऽनुवृत्या, भक्तिर्विरक्ति र्भगवत्प्रबोधः।
भवंती वै भागवतस्य राजंस्ततः परां शांति मुपैति साक्षात् ॥

એ રીતે અચ્યુત ભગવાન તેમના ચરણાર્વિંદ ને બધાં કર્મોમાં જેમ મંગલાચરણ કરે, તેમ ઘડી ઘડી ભજતો હોય, તેને એક તો ભક્તિ અને ભક્તિ વિના બીજી વાતમાં વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન, જે ભાગવત હોય, તેને થાય તેથી તે પરમશાંતિને પામે, એ ચોથુ ફલ છે. એ બે શ્લોકે કરીને ભક્તિ આદી લઇ ને ચાર ફલ કહ્યા. એ એક સમર્પણ નું સ્થલ થયું.

તે પછી પ્રબુધ યોગેશ્વરે ભાગવત્ ધર્મ પહેલા કહેલા છે. તેને શીખવા, ત્યાંથી આરંભ કરીને સર્વથકી મનનો સંગ છોડવો અને સાધુ ને વિષે સંગ કરવો એ વચનાદિક કરીને એ ધર્મો કહેતા એવા પ્રબુધ યોગેશ્વરે આ શ્લોક કહ્યો (૧૧-૩-૨૮)

इष्टं दत्तं तोपजप्तं, वृत्तं यचात्मनः प्रियं ।

धरान् रक्तान् गृहान् प्राणान्, यत्परस्मै निवेदनं ॥

ઇષ્ટ એટલે યજ્ઞાદિક કરેલા હોય, દત્ત એટલે આપેલુ હોય, તપ, જપ, અને વ્રત એટલે કરેલું હોય અથવા પૈતાથી થયેલુ હોય અને જે પોતાને વહાલું હોય તે સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ, એમનું પુરૂષોત્તમને અર્થે સમર્પણ કરવું. એ વગેરે સર્વ કહીને ભક્તિ કરીને માયા તરવારૂપી એ ધર્મ, શીખવાનું ફલ કહ્યુ. અને અને ૧૧માં અધ્યાયમાં ઉદ્ધવજીએ પુછ્યુ; (૧૧-૧૧-૨૬)

भक्तिस्त्वच्युपयुन्जयेत, कीदृशीस द्विराद्दत ॥

સત્પુરુષો જેને આદર કરે છે, તે ભક્તિ કેવી, આપને વિષે યોગ્ય છે? એ પ્રશ્ન ઊદ્ધવજીએ કર્યો, ત્યા શ્રીપ્રભુ એ કહ્યુ કે (ભાગવત ૧૧-૧૧-૩૪)

मल्लिंग मद्भक्त जन, दर्शन स्पर्शनार्चनं ॥

મારા સ્વરૂપનું દર્શન, ભકત ના દર્શન, સ્પર્શન અને પૂજા વગેરે ધર્મો જેમાં કહ્યા છે, એવા આઠ શ્લોકે કરીને સર્વલાભ એટલે જે મળે, તે મને અંગીકાર કરાવી અને દાસપણાએ કરીને સર્વલાભ એટલે જે મળે, તે મને અંગીકાર કરાવી અને દાસપણાએ કરીને આત્મનિવેદન કરવું. એ રીતે આત્મનિવેદન ને ભક્તિમાં ગણ્યું છે. ફલ તો ત્યા કહ્યુ નથી. તેથી પ્રશ્ન વચનમાં કહેલો ભગવાનમાં ઉપયોગ તેજ ફલ છે. અને ૧૯માં અધાયમાં પુછ્યુ (ભાગવત ૧૧-૧૯-૮)

ज्ञानं विशुद्धं विपुलं यथैतद्विजान वैराग्ययुक्तं पुराणं ।
आख्याहि विश्वेश्वर व़िश्वमूर्ते, त्वद्भक्ति योगंच महद्विमृघ्यम् ॥
(ભાગવત ૧૧-૧૯-૧૯)
भक्तियोग: परैवोक्त: प्रीयमाणाय तेऽन ध ॥
पुनश्चकथरिष्या मद्भक्ते: कारणं परम् ॥

મહાપુરુષોને શોધવાલાયક એવો આપનો ભક્તિયોગ છે, તે હે વિશ્વેશ્વર! હે વિશ્વમૂર્તી! આપ મને કહો એમ ઉદ્ધવજી એ પ્રશ્ન કર્યો ત્યારે આપ આથા કરે છે : હે નિષ્પાપ ઉદ્ધવજી ! ભક્તિયોગ તો તમને પહેલાં જ કહ્યો છે. પણ મારી ભક્તિનું પરમકારણ ફરી પણ તમને કહીશ. એવી પ્રતિજ્ઞા કરીને ૧૯ માં અધ્યાય મા આજ્ઞા કરે છે (ભાગવત ૧૧-૧૦-૨૦)

श्रद्धामृत कथायां मे, शश्वन्मदनु कीर्तनं ।
परिनिष्ठा च पूजया, स्तुतिभि: स्तवनं मम् ॥

મારી અમૃતકથામાં શ્રદ્ધા એટલે શ્રવણ, કીર્તન, પૂજાને વિષે પરિનિષ્ઠા એટલે ચિત્ત અને શરીરની સ્થિરતા અને સ્તોત્રોએ કરીને સ્તુતિ કરવી અને પરિચર્યા એટલે દાસના ધર્માં આદર અને બધા અંગોએ કરી ને અભિવંદન, એ રીતે કારણ બતાવ્યુ તે એ શ્લોક વગેરે બીજા ચાર શ્લોકોએ કરીને ભક્તિના પરમ કારણને કહેતા એવા જે ભગવાન તેમણે આજ્ઞા કરી : (ભાગવત ૧૧-૧૯-૨૪)

एवं धर्मैर्मनुष्याणा मुद्धवात्मनिवेदिनां ।
मयि संजायते भक्ति: को:न्योर्थोस्याव शिष्यते ॥

હે ઉદ્ધવજી! આત્મનિવેદી જે મનુષ્યો છે તેમને, એવા ધર્મોએ કરીને મારે વિષે ભક્તિ થાય છે, એથી ઉપરાંત કોઇ પણ પુરુષાર્થ બાકી રહેતો નથી. એ વચનોએ કરીને અધિકાર પણાએ આત્મનિવેદન કર્યુ, તે બતાવે છે.

જે આત્મનિવેદિ મનુષ્યોને મારે વિષે ભક્તિ થાય છે, એમ કહ્યુ, તેમાં આત્મનિવેદન ને અધિકારપણું બતાવ્યુ અને મારે વિષે ભક્તિ થાય, એથી ઉપરાંત કોઇપણ પુરુષાર્થ બાકી રહેતો નથી. એમ કહ્યુ, તેથી ફલની પરમકાષ્ઠા બતાવી. અહિં જે વર્ણન કરાય છે, તે બ્રહ્મસંબંધરૂપ સમર્પણ તેનું ફલ અને તેનું પ્રસિદ્ધ પણું અને તેનું જરૂર પણુ પણ જે છે, તે ૧૯માં અધ્યાયમાં જે વાક્ય છે તેનો આ અનુવાદ હશે. એવી શંકા મટાડનાર સારૂ અને તેવી રીતનો તે વખતના ભગવાનના વચનોનો અનુવાદ છે એ પણ બતાવવા સારૂ શ્રાવણ માસ વગેરે કાલ કહ્યો છે. તેમાં જે શ્લોકરૂપી વાક્યો છે તે ભગવાનનાંજ છે. કેમકે કહે છે કે **તદ્અક્ષરશઃ ઉચ્યતે** તેથી ઠર્યુ શું?

**ક્રમશઃ**

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## દંડાકારં લલાટે સ્યાત્

..ગતાંક થી આગળ

**મુકુન્દદાસ**:- આપણા માર્ગમાં બે પ્રકારે તિલક થાય છે, એક તો આપણાં શ્રીગોકુલેશપ્રભુના ઘરના સેવકો દ્વારા કરાતુ દ્વિરેખવાળું એટલે કે દંડાકાર ||, અને અન્ય છ ઘરમાં U તિલક થાય છે અને આ બન્ને શુદ્ધ થાય છે એમાં જરાય પણ ચિત્રામણ ન હોય.

**ચંદનમાસી** :- મુકુન્દદાસ, આજકાલતો એવું જોવા મળે છે કે U આકાર નું તિલક કરે અને પછી તેના નીચે બે જોડેલો ભાગ પાસે એક આડી લીટી કરે અને પછી એક દિવો પ્રગટેલો હોય

એવુ દોરે અને ઘણાં તો એવું તિલક કરે છે કે **U** આકારમાં નાના-નાના કાળા રંગના કુંડાળા દોરેલા હોય? તો આવી આકૃતિઓની શી ભાવના?

**મુકુન્દદાસ**:- શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટ આપણા માર્ગમાં આવી આકૃતિ વાળા તિલક ને સ્થાન નથી. આ તો કેવળ મનકલ્પિત પ્રકાર છે. પોતાની એક અલગ ઓળખ ઊભી કરવાની કે લોકોને પોતા ની તરફ આકર્ષણ કરવાનો ચીલો છે. પણ અન્ય પ્રકાર એક ભૂલ ભરેલું છે. કોઇક એવો તર્ક કરે છે કે આ નાના કુંડાળા એ શ્રીપ્રભુ ચરનાર્વિંદના છિદ્ર છે, પણ જરા વિચારો કે શ્રીપ્રભુના શ્રીચરણમાં છિદ્ર ક્યાંથી આવ્યા? કોઇક જ્યોત બનાવે છે અને તર્ક કરે છે કે શ્રીમહાપ્રભુજી જેમ અગ્નિ-સ્વરૂપ છે તેમ તે અગ્નિનું પ્રતિક આ જ્યોત છે. પણ આ સત્ય નથી.

**અમીત** :- તો પછી કાકા સત્ય આપ અમને સમજાવો, કારણકે આવી ભ્રાંતિ ઘણી જોઇ છે, પણ સત્ય હવે સમજવું છે.

**મુકુન્દદાસ** :- હા ભાઇ હા, કહુ છું, થોડી ધિરજ ધર, અધિરો ન થા. જો સાંભળ શ્રીમહાપ્રભુજીએ સર્વ નર્ણય નિબંધ ગ્રંથની ૨૪૪મી કારીકાના સ્વ-પ્રકટીત પ્રકાશ નામની ટીકા માં આજ્ઞા કરે છે.

*....दंडाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि, वेणुपत्रनिभं बाह्वोरन्य दीपाकृतिर् भवेद् , इति तिलकं माला च यज्ञोपवीतवद् वैष्णवत्वबोधनम् ॥ २४४ ॥*

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણા લલાટે દંડાકાર (દ્વિરેખ) વાળું તિલક કરવું. પોતાના વક્ષ:સ્થલ પર કમળ આકારનું તિલક કરવું. બન્ને ભુજાઓ પર વેણું-પત્રાકારનું વગેરે તિલક કરવું. અન્ય તિલક દીપકની જ્યોતિના આકારવાળું કરવું. જેમ યજ્ઞોપવિત દ્વિજત્વને જણાવે છે, તેમ તિલક-માલા વૈષ્ણવતાને બતાવનાર છે.

**રસિકકાકા**:- પણ મુકુન્દદાસ, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા તો કરી કે તિલક દીપકની જ્યોતિ આકારવાળું કરવું તો જો કોઇ કરતું હોય, તો શોં વાધો?

**મુકુન્દદાસ** :- આપણ ને ક્યાં કોઇનો વાધોં છે. જેને જે રૂચે તેવું કરે. પણ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં તો આપણી મરજી મુજબ ન કરવું. પણ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા

પ્રમેંણેજ વર્તવું પડે. શ્રીમહાપ્રભુજીએ લલાટે દંડાકાર (દ્વિરેખ) વાળું તિલકની આજ્ઞા કરી છે. અને શરીરના અન્ય ભાગોમાં અન્ય આકારવાળું તિલક કરવું. પણ લલાટે તો કેવળ શુદ્ધ તિલક કરવું, જેમાં કોઇ અન્ય આકૃતિ ન હોય. કેવળ ||.

**અમીત**:- કાકા, હવે હું બરાબર સમજ્યો, પણ હવે આપ આપણું તિલક કેમ દંડાકાર છે તે કહો. શું આ શાસ્ત્ર સિદ્ધ (સમ્મત) છે ?

**મુકુન્દદાસ**:- મુલ વિષય સમજતાં પહેલાં જે આપણી ભ્રમણાઓ હોય તે દૂર તો થવી જોઇએ ને? બરાબર ને ?

......ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

# શ્રીગુરુવાણી

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ ?

ધર્મની અને ધર્માચરણની સમજણ હોય કે ન હોય, ધર્મમાં આસ્થા હોય કે ન હોય, ધાર્મિક જીવન આપણું લક્ષ્ય હોય કે ન હોય, આવા મહત્વના મુદ્દા ઉપર વિચાર કર્યા વગર માત્ર ગાડરિયા પ્રવાહના આંધળા અનુકરનથી કંઠી કે બ્રહ્મસંબંધ લેવા અને પુષ્ટિમાર્ગીય કે અપુષ્ટિમાર્ગીય સિદ્ધાંત વિરુદ્ધ સામાજીક વહેવારને મુખ્ય ગણીને જ સંચાલન કરવામાં આવતા કહેવાતા દેવસ્થળોમાં પોતાની અનુકુળતાએ અને લૌકિક અવસરોને મુખ્ય ગણી ધર્મની ભ્રમણા રાખી વિઝીટ આપનારાઓ આજે પોતાને વૈષ્ણવ સમજતા હોય કે પોતાની સંતતિને વૈષ્ણવ કહેતા હોય તે તો માત્ર વૈષ્ણવતાનો આભાસ માત્ર જ છે. અને સાચા આચરણથી પ્રતિકુળ વ્યવહારના કારણે વૈષ્ણવપણું આપણી વ્યક્તિગત ઓળખાણની જગાએ આજે જ્ઞાતિ બની ગયું છે. આપ સર્વે જે કાંઇ પણ માનતા હો કે વિચારતા હો પરંતુ શ્રીમહાપ્રભુ આ બાબતમાં શું માને છે અને શું વિચારે છે તે આપ જોઇ લો

परम् अत्र न सर्वेषां फलमुखाधिकार: ।
रव्कींतु येषु भगवद्कृपा, परिज्ञानं च मार्गरुच्या निश्चीयते ।। (તત્વાર્થદીપ નિબંધ ૨-૨૨૬)

શ્રીમહાપ્રભુના અવતારકાલમાં (બેઉ શ્રીપ્રભુચરણ અને સપ્તાચાર્યો સુધી) ભગવન્ માર્ગ માટે યોગ્ય જીવની રૂચિનો નિર્ણય શ્રીમહાપ્રભુ પોતે પોતાની દિવ્ય-દૃષ્ટિએ કરતા હતા.

આધુનિક સમયમાં ગુરુસ્થાને બીરાજેલા દ્વારભૂત ગુરૂએ માર્ગમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળી વ્યક્તિઓનું પરીક્ષણ શ્રીમહાપ્રભુની વાણીનું અનુસંધાન રાખી તેઓની રૂચિ, તેઓના પ્રગટ વેશ-ભૂષા, ભાષા, આચાર, વ્યવહાર વગેરેના આધારે મૂલવીને જ નિર્ણય લેવાય તો જ એવી દીક્ષા અને ઉપદેશ વર્તમાન કે કાલાન્તરમાં લક્ષ્ય પામી સરૂપ થઇ શકે. વળી આ બાબતમાં નીચે લખેલી બાબતમાં ગંભીરતા પૂર્વક વિચાર કરવો જોઇએ.

**શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?**

પુસ્તક માંથી સાભાર

## ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણ દ્વારા વ્યકત બત્રિસ લક્ષણ

### સાતમો લક્ષણ – વૈષ્ણવનો સેવક પ્રત્યે ધર્મ

અબ સાતમો લક્ષણ કહેત હૈ: જો સેવકકો અપરાધ દેખે તો ક્રોધ ન કરનો વાકો સહી લેનો. વાકો જ નાવે નાહી. વાકો ભૂલિ જાનો જાકી ઓર હુ પ્રસન્નતા રાખની. વાકો ભોજન આછાદાન કી ભલી ભાંતીસો ખરચી રાખની વાંકો ચિત્તલીયે રહે તાતે શ્રીઠાકોરજી બહુત પ્રસન્ન રહેત હૈ - ૭

ઇતિશ્રી સાતમો લક્ષણ સંપૂર્ણમ્..

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા વતી આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજને દાન એકાદશી અને શ્રીવામન દ્વાદશીની ખૂબ બધાઇ. આપ સર્વ શ્રીગોકુલેશ પાઠશાળાનુ પઠન કરતાં આવ્યા છો. આપ સર્વને નમ્ર વિનંતિ છે, કે ક્યાંક અમારાથી ત્રુટી રહી જતી હોય તો પોતાનાજ સમજીને સારા કે નરસા અભિપ્રાય આપ અમને ઇમેઇલ દ્વારા જણાવશો.

ઘણાં સમયથી એક વિચાર ચાલી રહ્યો હતો કે **શ્રીગુરુચરણ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ પ્રભુ)** ના વચનામૃત આપણા પાઠશાળાના અંકમાં પ્રકાશિત થાય. અને હવે તે મનોરથ આ દાનના દિવસોમાં શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુની કૃપાથી પૂર્ણ થઇ. રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ) શ્રીગુરુચરણના વચનામૃતનુ સંકલણ કરી રહ્યા છે, અને તેજ સંકલનનું પ્રથમ સૌપાન આપણે ગુરુ શિક્ષા ના શિર્ષક હેઠળ આપી રહ્યા છીએ. એટલે હવે આપણે દરેક અંકમાં શ્રીગુરુચરણના વચનામૃત નો લ્હાવો લઈ શકીશું.

*ભાવક્ત*

*દાસ ગોપાલ,*

*શ્રીગોકુલેશ પાઠશાળા, વડોદરા*

# ગુરુ શિક્ષા – ૧

## આધુનિક પુષ્ટિમાર્ગીયોની વ્યવસ્થા: ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

૧.) સૌ પ્રથમ બીજભાવાનુસાર માર્ગરુચિના આધારે દ્વારભૂત ગુરુનું શરણ તેમજ ઉપસત્તિ.

૨.) માર્ગબોધ: (ભગવાન-ભગવાનનું સ્વરૂપ-જીવ-જગતનુ સ્વરૂપ-ભગવદ્‌લીલા-પરિકર આદિ નાં સ્વરૂપને જાણવું)



આ વાચનિક બોધ શબ્દબોધની મર્યાદા અથવા પ્રકારથી ઉત્પન્ન થાય છે.

દ્વિતિય આર્થિક કે આધ્યાત્મિક બોધ-લીલાનું તાત્પર્ય જાણ્યા પછી શ્રીપ્રભુના સ્વરૂપની દહનતા મહાત્મ્ય જ્ઞાનપૂર્વકના બોધ સાથે સંભવ થાય છે.

જેમકે

**વાચનિક**:- શ્રીમદ્ ભાગવતના નવમાં સ્કંધના વચન **અહં ભક્ત પરાધીન:** (૯-૪-૬૩)નું શ્રવણ યા પઠન કરીને આપણને સામાન્ય (શબ્દોથી) જે જ્ઞાન છે.

**આર્થિક**:- પરંતુ જ્યારે ગ્રંથોના પાઠન કે શ્રવણથી લીલાના મહાત્મ્ય જ્ઞાનપૂર્વક તાત્પર્ય અને ગાંભીર્ય જ્ઞાત થાય છે ત્યારે જ આપણે તે સમજી શકીએ છીએ કે અનંત કોટિ બ્રહ્માંડનાં સર્જક-પાલક-સંહારક કેમ? શેના માટે અને કેવા પ્રકારે એક અદના

અને અસહાય જીવને વશ થઇને તેની વાંછિત ક્રિડા કરતા કરતા તેમના ઈશારા પર નાચે છે. બોધનો આ પ્રકાર આપણને નિબંધ, સુબધીની, ભાષ્ય, વિદ્વડમંડન વગેરે આકર ગ્રંથોથી પ્રાપ્ત થાય છે. તેનેજ આદ્યાત્મિક અથવા આર્થિક બોધ કહેવાય છે.

**અહિં એક બીજી વાત પણ સ્મરણીય છે કે :**

ભક્તિમાર્ગમાં સાત્વિક(સત્ત્વગુણ પ્રધાન) જીવોની સેવા-શ્રવણાદિ શીઘ્ર જ શ્રીપ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થઇ જાય છે. જેને સાત્વિક-સાત્વિક સમજવું જોઇએ. સાત્વિક-રાજસ તથા સાત્વિક-તામસ મધ્ય અને હિન કોટિનાં માનવામાં આવ્યા છે.

આધુનિક પુષ્ટિમાર્ગીય કેમકે કામ-ક્રોધ-લોભ-મોહ વગેરેથી યુક્ત હોય છે. સાથે પુષ્ટિભક્તિનો બીજભાવ પણ તેમનામાં નિહિત (રહેલો) હોય છે. આથી તે ભગવત્સેવા-શ્રવણ આદિ કરે તો છે, પરંતુ તેમના દોષ પ્રબળતાના કારણે તેમનામાં પ્રેમલક્ષણા-ભક્તિનો ઉદય સંભવ નથી. તેમાં પ્રતિબંધકતા જ કારણ છે આથી આવા જીવોએ પણ નિરંતર સેવા-શ્રવણ વગેરેમાં લાગી રહેવું જોઇએ. જેનાથી ક્રમશઃ તેમના દોષ દૂર થશે. દોષ દૂર થવાથી અને ક્રમશઃ રાજસ-તામસનું પણ નિવર્તન થવાથી આધુનિક પુષ્ટિજીવની ખંડશઃ ભક્તિવૃત્તિ અખંપતાને પ્રાપ્ત કરીને ફલરૂપતાને સિદ્ધ કરી લે છે.

પ્રકાશકઃ- અવિરત, અમદાવાદ

(ક્રમશઃ)

**સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા, યુ.એસ.એ**

## ગુરુ કેવા ૪

**શિષ્યઃ-** ગુરુદેવ! આજના સમયમાં તો આવા લક્ષણવાળા ગુરુ મળવા પ્રાયઃ દુર્લભ છે ત્યારે તેવા ગુરુ મળે નહિં તો મંત્રોપદેશ કોની પાસેથી લેવો?

**ગુરુદેવઃ-** ઉપર શાસ્ત્રોનાં વાકયોથી જે ગુરુનાં લક્ષણો કહ્યા છે તે પુષ્ટિસંપ્રદાયપ્રવર્તક મૂલ આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યચરણ તથા આપશ્રીના દ્વિતિય આત્મજ શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ-શ્રીગુંસાઇજી અને શ્રીગુંસાઇજીના સપ્તભગવદ્આત્મજ એટલે કે શ્રીસપ્તાચાર્ય (પ્રથમ શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, **શ્રીચતુર્થકુમાર દાદાજી શ્રીગોકુલેશપ્રભુચરણ**, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી અને શ્રીઘનશ્યામજી) સમજવાનાં છે. તેવીજ રીતે ગુરુનાં શાસ્ત્રોક્ત લક્ષણો શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમદ્વાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય વિગેરેએ પ્રવર્ત્તાવેલા સંપ્રદાયોમાં પણ સંપ્રદાય પ્રવર્ત્તાવનાર મૂલ આચાર્યોમાંજ મળી શકે છે, વર્તમાન કાલના આચાર્યોના ક્વચિત્‌જ મળી શકે છે. કેમકે કાળનો પ્રભાવ સર્વત્ર સમાન છે. તેથી વર્તમાન સમયના આચાર્યોનું વર્તન અન્યથા જોવામાં આવતું હોય તો પણ તે દૂષણ તે તે સંપ્રદાય પ્રવર્તક મૂલ આચાર્યને તે તે સંપ્રદાયને લાગુ પડતું નથી (કેવલ સંપ્રદાયનું સ્વરૂપજ સમજવાનું છે) તેથીજ વર્તમાન સમયના તે તે સંપ્રદાયના આચાર્યોના આચાર્યોમાં મૂલસંપ્રદાયપ્રવર્તક આચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તન કરનાર જે આચાર્ય હોય તેમનુંજ અનુસરણ તે તે સંપ્રદાયનાં તત્વો જાણવા માટે અવશ્ય કર્તવ્ય છે. અને તેમની આજ્ઞાનુસાર જેઓનું વર્તન ન હોય તેવાઓને તો કેવલ આચાર્યના દ્વારભૂત સમજી તેમની પાસે મંત્રોપદેશ ગ્રહણ કરવો (કારણકે સંપ્રદાયના તત્વનું સ્વરૂપ વિગેરે તેવા આચાર્ય પાસેથી જાણી શકાતું નથી). પણ તેવા આચાર્યોને ગુરુ માની તેમનો અનાદર કે તેમની યોગ્ય આજ્ઞાનું ઉલ્લંઘન તો સર્વથા કરવું નહિ. એવાન અભિપ્રાયથી **આદિત્યપુરાણ**માં કહ્યુ છે કે:-

अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दन: ।

स्वमार्गस्थऽप्यमार्गस्थो गुरुरेव सदा गति: ।।

हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ।

तस्मात्सर्वप्रयत्नेन गुरुमेव समाश्रयेत् ।।

અર્થ:- વિદ્યારહિત અથવા વિદ્યાયુક્ત ગુરુજ અવિદ્યાને મટાડનાર છે. પોતાના માર્ગની રીતિ પ્રમાણે વર્તન કરનાર હોય અથવા ન હોય તો પણ ગુરુજ સદા ગતિરૂપ છે. હરિ અપ્રસન્ન થયા હય તો ગુરુ બચાવી લે છે, પણ ગુરુ અપ્રસન્ન થયે બચારનાર કોઇ નથી. માટે સર્વ પ્રયત્ને કરીને ગુરુ પ્રસન્ન થાય તેવી રીતે ગુરુનોજ આશ્રય કરે. તેમજ વરાહપુરાણમાં પણ **પ્રાગિતિહાસમાં** રૂદ્રગીતાનું વાક્ય છે કે:

अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दन:।

णार्गस्थो वाऽप्यमार्गस्थो गुरुरेव परा गति: ॥

प्रतिपाद्य गुरुं यस्तु मोहाद्विप्रतिपद्यते ।

सं कल्पकोटिनरके पच्यते पुरुषाधम: ॥

અર્થ:- વિદ્વાન્ હોય અથવા વિદ્યારહિત હોય પણ ગુરુજ અવિદ્યાને મટાડનાર છે. પોતાના માર્ગની રીતિમાં યથાર્થ રહેલા હોય અથવા ન રહેલા હોય તો પણ ગુરુજ પરા (ઉત્તમ) ગતિરૂપ છે. જે ગુરુને શરણે જઇને પછી મોહથી તેનાથી પ્રતિકૂલ વર્તે છે તે અધમ પુરૂષ કરોડો કલ્પ સુધી નરકમાં પડી રહે છે.

ઉપરનાં વાક્યોમાં અવિદ્વાન્ ગુરુમાં પણ પૂજ્યભાવ રાખવાનું લખ્યુ છે તે, વર્તમાન સમયના તે તે સંપ્રદાયના આચાર્યોને મૂલ સંપ્રદાયપ્રવર્તક આચાર્યોના દ્વારભૂત સમજીને તેમનામાં પૂજ્યભાવ રાખવાનું લખેલુ છે. માટે વર્તમાન સમય ના આચાર્યોમાં પ્રાય: ગુરુના લક્ષણવાળાં ન હોય તો પણ તેમની પાસેથી મંત્રોપદેશ તો ગ્રહણ કરવોજ જોઇએ.

**શિષ્ય:-** પણ કૃપાનાથ! આજે આપણા પુષ્ટિમાર્ગમાં આટલા બધાં શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાલકો પ્રગટ બિરાજમાન છે, તો શું આપણે સૌને ગુરુ માનવા? કારણકે મે એમ સાંભળ્યુ છે કે શ્રીવલ્લભકુલમે સબહી વલ્લભ સ્વરૂપ...આપશ્રી મારી આ શંકાનું સમાધાન કરશો, એવી વિનંતી.

**ગુરુદેવઃ-** જો, આપણે તો શ્રીચતુર્થદ્વારના છીએ, અને આપણાજ ઘરમાં એક આચાર્ય નિ.લી.ચતુર્થપીઠાધશ્વર ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીકનૈયાપ્રભુ) ના વચનામૃત તારી આજ શંકાનુ સમાધાન કરે છે. શ્રીકનૈયા પ્રભુ આજ્ઞા કરે છે કે

*ભુતલપેં પ્રગટ સ્વરૂપ હોત હે, સો અપને અપને ભક્તકે તાંઇ પ્રાગટ લેત હે, યાતે જીનકે તાંઇ જે સ્વરૂપ પ્રગટ હોય વાકું વે સાક્ષાત સર્વોપર જાનકે સર્વાત્મના ભાવતે અનન્ય ભક્તિસું સેવા કરવેતે વેહી સ્વરૂપકી પ્રાપ્તિ વાકુ હોત હે.*

એટલે સમજવું કે બધા શ્રીવલ્લભવંશજ હોવાથી આદરણીય અવશ્ય છે, પણ પૂજનીય તો કેવલ પોતાના મંત્રોપદેશદાતા ગુરુ જ છે.

(ક્રમશઃ)

## सिद्धांत रहस्य

**ગુરુદેવઃ-** હવે આપણે આગળ જોઇએ કે *શ્રીગોકુલેશના પ્રતિ તીવ્રતાપ-આર્તિ દ્વારા સમસ્ત અશુભ ભસ્મ થઇ જાય છે (શ્રીમદ્ભાગવત ૬-૧-૧૬).* આ શ્લોક દ્વારા ભગવાન માટે હૃદયમાં ઉત્પન્ન થયેલ વિરહતાપ-આર્તિજ સમસ્ત અશુભના નિવારક છે, તેમને મટાડનાર છે, તે ભસ્મ થઇ જાય છે.

**શિષ્યઃ-** એટલે કૃપાનાથ! આપણે એમ સમજી લેવું જોઇએ કે આજના આધુનિક જીવોમાં તો તે સમયમાં સિદ્ધ-ભગવદ્-વિરહતાપ નો અભાવ છે, તો ભગવાન દ્વારા સેવાનો અંગીકાર કરાવવાવાળા દોષોની નિવૃત્તિ કેવી રીતે થશે?

**ગુરુદેવઃ-** તારી આ શંકાનુ નિરાકરણ માટેજ શ્રીમહાપ્રભુજી **બ્રહ્મસંબંધ** પદ દ્વારા પૂર્વમાં કહેલી તે વિરહ-તાપ, અને તેના પશ્ચાત સમસ્ત દોષોની નિવૃત્તિ પણ અભિષ્ટ છે. કારણ કે શ્રીમદ્ભાગવતના એકાદશ-સ્કંધના ૧૯માં અધ્યાયમાં ભગવાન આત્મનિવેદનને ભક્તિમાર્તીય-ધર્મનો અધિકાર કહે છે, અને ઉપર્યુક્ત અર્થની સૂચના પણ આપે છે. એટલે કે દુરુહ (મુશ્કિલ-કઠિન) હોય, તેનુંજ

વિવરણ કરવું જોઇએ. સંદેહરહિત અથવા સુબોધનુ વિવરણ કરવાની આવશ્યકતા નથી. એટલે સમજી લેવું જોઇએ કે આ ગ્રંથમાં ગદ્યમંત્રમાં કહેલા વાક્યો અહિં નથી કહ્યા, તે જાણી લેવું જોઇએ.

**શિષ્ય:-** ગુરુદેવ! ફરી એક શંકા થાય છે કે *શ્રીમહાપ્રભુજી એ પ્રતિજ્ઞા કરી છે કે ભગવાન દ્વારા કહેલા વાક્યો ને અક્ષરશ: કહેશે, તો પછી તે વાક્યો ના અર્થ ને કહેવાની પ્રતિજ્ઞા કરી હોત, તો શું તે વધારે ઉચિત ન હોત? કારણ કે કોઇ પણ વાક્યોને અક્ષરશ: કેવાની ઉપેક્ષા તે વાક્યોના અર્થ કર્યા હોત તો શું તે વધારે ઉચિત ન થાત, ખાલી વાક્યો કહેવાથી શું લાભ થાય?*

**ગુરુદેવ:-** આ શંકાના નિરાકરનમાં એ સમજી લેવુ જોઇએ કે આ ગદ્યમંત્ર તે પંચાક્ષર (બ્રહ્મસંબંધ) મંત્રનું જ વિવરણારૂપ છે, તેથી તેનો અર્થ કરવો તે તો ઔર પણ ગોપનીય થઇ જાય. એટલે જો તે વાક્યો ના અર્થને પ્રકાશિત કરવાની શ્રીમહાપ્રભુજી પ્રતિજ્ઞા કરોત તો પછી ભગવાન દ્વારા કહેલા વાક્યો નો અર્થ કર્યા પછી *ગદ્યમંત્રનો અર્થ કેમ ન કર્યો,* એવી તમે શંકા કરતા. આવી પરિસ્થિતિમાં ગદ્યમંત્રનો પણ અર્થ કરવાનું કર્તવ્યરૂપથી અવશ્ય પ્રાપ્ત થાય અને ત્યારે તે વાક્ય અને અર્થ બન્નેની પ્રતિજ્ઞા માં અંતર ન રહે. એટલે શ્રીમહાપ્રભુજીએ તો અર્થ કરવા ની ઉપેક્ષા કરી ભગવાનના શ્રીમુખથી પ્રગટેલ વાક્યોજ કહેવાની પ્રતિજ્ઞા કરી,તેથી તેજ પ્રમાણે કર્યુ. અને જો વાક્યો નો અર્થ કહેતા તો પછી *ગદ્યમંત્રનો અર્થ કેમ ન કર્યો*? એવી શંકા તો બધા કરતાંજ રહોત. અને આ બન્ને શંકામાં કોઇપણ અન્તર ન રહેત. એક વાત સમજવા જેવી છે કે પ્રાચીન આચાર્યો (શ્રીપુરુષોત્તમચરણજી ના પહેલા પ્રગટેલ આચાર્ય–ટીકાકાર) સમર્પણગદ્યમંત્ર માટે વિશેષ કે સામાજ્ય રીતે કઇ પણ ટીપ્પણી કરી નથી, તે શું સમજાવે છે? એજ કે આ મંત્રની ગોપનીયતા.

**શિષ્ય:-** તો ગુરુદેવ! શ્રીપુરુષોત્તમચરણે આ ટીકા દ્વારા ગદ્યમંત્રનું વિવરણ કેમ પ્રકાશિત કર્યુ હશે? કારણકે જો એમનાથી પ્રાચિન આચાર્યોએ ગોપનીય રહસ્ય ને ગુપ્તજ રાખ્યો છે, તો પછી શ્રીપુરુષોત્તમજીએ પ્રકટ કેમ કર્યો હશે?

**ગુરુદેવ:-** શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાંજ તારી શંકાનું સ્પષ્ટિકરણ કરે છે કે *મેં જે આ વિષયમાં જે કઇએ થોડું ઓછુ-વત્તુ કહ્યુ છે, તે તો ફક્ત બહિર્મુખોને જડબાતોડ જવાબ આપવાની માટેજ કર્યુ છે. અને આવા બહિર્મુખોનો વિરોધ કરવામાં કોઇપણ અપરાધ નથી. યદ્યપી મારા દ્વારા જે આ પંચાક્ષરમંત્ર અથવા સમર્પણમંત્ર વિષે કઇ પણ કહેવાના કારણે માર્ગનો રહસ્ય ખોલવાનો જે અપરાધ છે, તે આપતિત છે, તો પણ અહિં એ સમજવું જોઇએ કે માર્ગના રહસ્યનુ પ્રકાશન અન્ય ટીકાકારોએ પણ કર્યુ છે, પણ તે કરવાનુ હેતુ એ છે, કે જો તેમા કોઇ સંદેહ પ્રકટ કરે, તો તે તે સંદેહ ને દૂર કરવા માટેજ આ કાર્ય કર્યુ છે, નહિં કે ઉત્કર્ષ માટે. અને જો મારાથી અપરાધ થયો છે, તો ભગવાન અને શ્રીઆચાર્યચરણ મને ક્ષમા કરે, એવી પ્રાર્થના કરું છુ.*

(ક્રમશ:)

## દંડાકારં લલાટે સ્યાત્

મુકુન્દદાસ :- વ્હાલા વૈષ્ણવો, આપણે દંડાકાર તિલક વિષે એક નાનકડો ગ્રંથ જોયો. હવે આપણે વિસ્તૃતથી દંડાકાર તિલક ને કેમ કરવું, તે સમજીએ.

અમિત:- કાકા, તમે જે ગ્રંથ અમને બતાવ્યો તે તો ખુબજ અઘરો લાગ્યો. કાકા, તમે થોડી સરલ ભાષામાં સમજાવો તો અમને સમજાય. બાકી અમને એટલી સમજ આવી ગઇ કે આપણે શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુના સેવકો છીએ, એટલે આપણે દંડાકાર તિલક કરવુ જોઇએ. પણ જો કોઇ અમને પુછે તો પછી અમારે ફેંફેં થઇ ન જાય, તે માટે અમારે સમજવું છે.

**ચંદનમાસીઃ-** હા મુકુન્દભાઇ, જમાનો હવે બદલાયો છે. કોઇ ના કહેવાથી તો કોઇ કરી લે એવો જમાનો હવે રહ્યો નથી. લોકો તો ટીકા-ટીપ્પણ કરતાં રહે છે. અને જો આપણી પાસે પ્રમાણ હોય તો પછી ચિંતાજ નહિ. એ બધા વિરોધી ના મોઢા બંધ કરી શકાય.

**મુકુન્દદાસઃ-** હા માસી, આપણે તો જરૂર જાણવું જોઇએ. શ્રીમહાપ્રભુજી તો પોતેજ દંડાકાર તિલક કરવાનો નિર્ણય કરી ચુકયા છે. આપશ્રીએ તો નિબંધ ગ્રંથ ના સર્વનિર્ણય પ્રકરણ માં તિલક કરવા વિષે જે આજ્ઞા કરી, તે ગુઢ છે, તેથી આપશ્રીએ તેજ ગ્રંથ પર પ્રકાશ નામક ટીકા રચી ને તે મુલ શ્લોકના ગુઢભાવો ને સરલ કરવા કૃપા કરી.

તિલક એ જ્ઞાપક છે, એ નિબંધની કારિકાના પ્રકાશમાં જો તે (દંડાકારં લલાટેસ્યાત્) લખેલું છે, તો પણ તે દંડાકાર તિલકના સ્વરૂપને પ્રતિપાદન કર નારા સદ્ગ્રંથો સંપ્રદાયમાં છે જ, જેમાં વિવેચન કરીને ને આ વિષયના તાત્પર્યનો નિર્ણય તે તે ગ્રન્થકાર-આચાર્યોએ કર્યો છે; શ્રીમહાપ્રભુજીની આજ્ઞા માનનારા પુષ્ટિમાર્ગીઓએ તેન નિર્ણય મહાજન-ન્યાય (એટલે કે મોટા, વડીલ, જે રસ્તે થઇ ને જાય, તે માર્ગ) વડે સ્વીકારવો જોઇએ. એક બાબતમાં વિપરીત મત અ ન્યાય યુક્ત હોવાથી.

હવે કદાચ એ પણ મનમાં પ્રશ્ન ઉત્પન્ન થાય કે શ્રીમહાપ્રભુજીએ જે માર્ગ પ્રકટ કર્યો, તે તો અત્યંત ગુપ્ત છે, તો પછી આ બાહ્ય ચિન્હો વિષે પ્રકટ વાર્તા કેમ કરી? જો આપણે સમજીએ, કે શ્રીમહાપ્રભુજી તો જુદી રીતે શરણમાર્ગના ઉપદેશક છે, એટલે કે પૃથકશરણમાર્ગોપદેષ્ટા છે, આપશ્રી તિલક વગેરે બાહ્ય ચિહ્નો પણ ભિન્ન લક્ષણને સમજાવનાર જુદા રૂપનાં પ્રકાશક હોવાને લઇને પૂર્વમાં ન થયેલા કોઇ જુદાના જ સામર્થ્યને સમજાવે છે. અન્ય માર્ગથી વિશેષ પ્રકારવાળા હોવાથી, દ્વિરેખપણું તો દંડાકાર કરવાથીજ સમજાય, એટલે કે દંડાકારના આકારને ઓળખાવનાર થઇને મૂળથી બન્ને ચરણને ફક્ત જૂદા

બતાવવામાં જ પૂર્ણ થાય છે એમ, એટલે કે જેમ શ્રીપ્રભુના શ્રીયુગલચરણ હોય, દંડાકારમાં દ્વિરેખ થાય, એટલે કે બે લીટી, જે શ્રીયુગલચરણની ભાવના સમજાવે છે. વિદ્વાનો શ્રીયુગલચરણારવિંદને દંડની ઉપમાં આપી છે, ચરણાકાર (ઉર્ધ્વપુંડ્ર) કરવા વડે કે દંડાકાર કરવા વડે કોઇ કાંઇ અન્યમાર્ગી થતાં નથી, બન્નેનું લક્ષ્ય એક શરણમાર્ગ હોવાથી, જેમકે દરેક નદીનુ જળ ફકત સમુદ્રમાંજ પ્રવેશ એજ સાધ્ય, તેમજ પ્રભુના મુખાગ્નીરૂપ શ્રીમહાપ્રભુજીનો આ વૈભવ અગ્નિ ન્યાયથી યુક્ત છે, જે અગ્નિસ્વરૂપ છે અને તે બાળનાર હોવા છતાં પચવનાર છે, તેમાં વળી માર્ગ પ્રકાશન કરે છે. અર્થાત્ એમ સમજાય કે દંડાકાર કહેવાથી એક ચરણાકાર(U) કર્તા થાય અને બે ચરણાકાર(ıı) કર્તા દ્વિરેખ દંડાકારને સમજીને બન્ને એતન્માર્ગીયત્વને સૂચવે છે. આપણે ત્યાં મહાપુરુષો (આચાર્ય, વિદ્વાનો, ભગવદિય-વૈષ્ણવો) તો પ્રથમથીજ દંડાકારનો આચાર દ્વિરેખના આકાર ને પમાડેલો હોવાથી તે પ્રમાણેજ કરાય છે.

(ક્રમશઃ)

---

# શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ?

...ગતાંકથી આગળ

આ બાબતમાં શ્રીમદ્ભાગવતનું પ્રમાણ પણ ખૂબજ સ્પષ્ટ છે. શ્રીનવયોગેશ્વરોમાંના શ્રીહરિ આદેશ આપે છે કે ...

જેણે ભગવાનથી પ્રેમ હોય તેવા ભક્તિમાર્ગીઓથી મિત્રતા રાખવી જોઇએ. જે જીવો દુઃખ કે અજ્ઞાનથી ભરેલા હોય તેમના પ્રત્યે દયાભાવ રાખવો જોઇએ. તથા જે ભગવાનથી દ્વેષ અથવા બહિર્મુખતા રાખનારા હોય તેઓની સર્વથા ઉપેક્ષા કરવી જોઇએ. (શ્રીભા. ૧૧-૨-૪૬) પૂજ્યચરણ શ્રીપુરુષોત્તમજી આગળ નિર્દેશ કરતા આજ્ઞા કરે છે કે દીક્ષા-ઉપદેશ બાબત અત્રે આ બધી સ્પષ્ટતા એટલા માટે કરી રહ્યા છીએ કે જેથી પુષ્ટિમાગની રીતિનો બોધ થાય અને માર્ગમાં કોઇપણ મણ ફાવે તેમ ઉચ્છૃંખલતા ભરેલો વહેવાર ન કરે તે હેતુથી આ લખાણ

કરેલું છે. તેમજ માર્ગની વ્યવસ્થા માટે મન ફાવે તેવાં વિધાન અને આચરણ કરવાથી આવા વિરુધ્ધ વ્યવહાર અને આચરણ સંપ્રદાય માન્ય હશે તેવી ભ્રમણા અને વિપરીત બુદ્ધિ દૂર કરવા આ લખાણ કર્યુ છે. (શ્રીપુરુષોત્તમચરણ કૃત સિદ્ધાંત રહસ્ય વિવરણ-૨)

(ક્રમશઃ)

---

## શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વિરચિત બત્તિસ લક્ષણ

### સાતમો લક્ષણ - વૈષ્ણવનો સેવક પ્રત્યે ધર્મ

અબ સાતમો લક્ષણ કહેત હેઃ જો સેવક કો અપરાધ દેખે તો ક્રોધ ન કરનો વાકો સહિ રહેનો. વાકો ભૂલી જાનો વાકી ઓર હુ પ્રસન્નતા રાખની. વાકો ભોજન આછાદન કી ભલી ભાંતિસો ખરચિ રાખની વાકો ચિત્ત લીયે રહે તાતે શ્રીઠાકોરજી બહુત પ્રસન્ન રહેત હે (૭)

ઇતિશ્રી સાતમો લક્ષણ સંપૂર્ણમ્

। ——————————————————————— ।

**સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા**

અંક ૯ આસો સુદ ૧૧, ૨૦૬૩ - પાપાંકુશા એકાદશી

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા વતી આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ ને દશેરા અને આવનાર શરદ પૂર્ણિમા-રાસોત્સવની ખૂબ બધાઇ. આપ સર્વે શ્રીગોકુલેશ પાઠશાળા નું પઠન કરતાં આવ્યા છો. આપ સર્વેને વિનંતિ છે કે, ક્યાંક અમારાથી ત્રુટી રહી જતી હોય તો અમને પોતાનાજ સમજીને સારા કે નરસા અભિપ્રાય આપ અમને ઇ-મેઇલ દ્વારા જણાવશો.

**શ્રીગુરુચરણ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ પ્રભુ)** ના વચનામૃત હવે નિયમીત આપણા શ્રીગોકુલેશ પાઠશાળામાં પ્રકટ થતાં રહેશે. આજના અંકમાં આપને બે નવા લેખ ની શરુઆત કરી છે. તે સર્વે પાઠકોને લાભાંકિત થશે, એવી અભ્યર્થના. અને શ્રીગુરુચરણ ના વચનામૃતનું સંકલન શ્રીરાજેનદ્રભાઇ કડકીયા (યુ.એસ.એ) કરી રહ્યા છે. અને એજ સંકલન નુ બીજુ સૌપાન આપ સર્વ ને આ અંકમાં પ્રાપ્ત થશે.

સાથેજ હવે ગુજરાતી નૂતન વર્ષ નજીક આવી રહ્યુ છે. તેની સર્વે શ્રીગોકુલેશ પાઠશાળા પાઠકોને ખૂબ શુભકામના.

*ભાવવક્ત*

*દાસ ગોપાલ,*

*શ્રીગોકુલેશ પાઠશાળા, વડોદરા*

।। શ્રીગોકુલેશો જયતિ ।।

## આધુનિક પુષ્ટિમાર્ગીયોની વ્યવસ્થા : ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

...ગતાંકથી આગળ

આથી આધ્યાત્મિક બોધનો ગંભીર પ્રયાસ કરતા કરતા પ્રથમતઃ

૩. નિબંધમાં કહેવામાં આવેલા પ્રકારથી પુષ્ટસ્વરૂપમાં પ્રભુ પ્રાકટ્ય ની લીલા અનુભવનું અનુભાવન કરવું જોઇએ.

૪. ભજન (સેવા)માં આવતા નાના-મોટા સમસ્ત સાંસારિક પ્રતિબંધોના નિવારનાર્થ, પ્રતિબંધ નિવારક ઉપદેશ આપવાવાળા ગુરુની પાસે જઇને ગુરુના ઉપદેશાનુસાર આચરણ કરવું જોઇએ. જેવી રીતે શ્રીવસુદેવે, શ્રીનંદજીને પદેશ આપ્યો (૧૦-૫-૩૧ શ્રીમદ્ ભાગવત) તે લીલાનું અનુભાવન કરવું જોઇએ.

૫. સેવામાં ભગવત્સ્વરૂપ-ભગવન્માહાત્મય બોધપૂર્વક ભજનમાં ઉપયોગી અજ્ઞાન નિવૃત્તિ માટે પૂતના મારણલીલાનું અનુભાવન કરવું જોઇએ.

૬. સેવામાં, સેવામય જીવન યાપન (વ્યતીત) કરતા કરતા જો કાંઇ હાનિ અથવા અનિષ્ટ થાય તો તેને સેવામાં અનુપયોગી દ્રવ્ય-સામગ્રી-વસ્તુ માનીને શકટ લીલાનું અનુભાવન કરવું જોઇએ.

૭. સેવા-કથામય જીવનમાં ભાગવત્ સાક્ષાત્કારમાં પ્રતિબંધરૂપ રજોગુણની નિવૃત્તિ માટે તૃણાવર્ત ઉપશમન લીલાનું અનુભાવન કરવું જોઇએ. કેમકે ભગવાને રજોગુણ રૂપ તૃણાવર્તનો વધ કર્યો.

૮. સેવા-કથામય જીવનમાં આપણને નિરંતર ભગવાન મહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે મૃતિકા ભક્ષણ નાં પ્રસંગમાં માતૃચરણને કરાયેલ મહાત્મ્ય જ્ઞાનની લીલાનું અનુભાવન કરવું જોઇએ.

૯. સેવા-કથામય જીવનમાં ભગવદીય મુખથી ભગવત્ સ્વરૂપ, ગુણ, ધર્મ લીલા વગેરેનું શ્રવણ કરતા રહી શ્રીગર્ગમુનિ દ્વારા વર્ણિત ભગવત્ ગુણ શ્રવણની લીલાનું અનુભાવન કરવું જોઇએ.

૧૦. સેવા-કથામય જીવનમાં પોતાનામાં રહેલા બહુવિધ આસુરભાવના નિવર્તન માટે શ્રીપ્રભુની ઘુટનોથી ચાલવાની (રીંગણલીલા) લીલાનું અનુભાવન કરવું જોઇએ.

૧૧. સેવા-કથામય જીવનમાં ભગવદ્ વિષયક પોતાની દોષબુદ્ધિ દૂર કરવા માટે શ્રીવ્રજભક્તો દ્વારા દોષરોપણ તથા શ્રીમાતા દ્વારા દોષગ્રહણ ન કરવાની લીલાનું અવગાહન કરવું જોઇએ.

૧૨. સેવા-કથામય જીવનમાં એ સ્મરણ રહેવું જોઇએ કે ભગવાન ભક્તિભાવથી અર્પિત વસ્તુનો જ ભોગ કરે છે. લૌકિક ભૂખ કે તરસની જેમ ભગવાન ભોગ કરતા નથી. આ વિષયમાં મુદ્ભક્ષણ લીલાનું અવગાહન કરીને તાત્પર્યનું અનુભાવન કરવું જોઇએ.

૧૩. સેવા-કથામય જીવનમાં ભગવાનમાં લૌકિક ભાવ સ્ફૂર્ત થવાથી મુખારવિદમાં વિશ્વરૂપ દર્શન કરાવ્યા પછી શ્રીયશોદાને થયેલ **કુમતિ બોધ**ની જેમ તે લીલાનુ અનુભાવન કરવું જોઇએ. જેથી શ્રીપ્રભુમાં લૌકિક ભાવ ન થાય.

૧૪. સેવા-કથામય જીવનમાં ભક્તિના આવિર્ભાવ તથા તેની વૃદ્ધિ માટે શ્રીમદ્ભાગવત ૧૦-૮-૪૮ વગેરે શ્લોકોમાં વર્ણિત લીલાનું અનુભાવન કરવું જોઇએ. જ્યાં ભક્તિનું અંકુરિત થવા અને વૃદ્ધિ થવાનું કારણ શ્રીમહાપુરુષની કૃપાને બતાવવામાં આવ્યુ છે. આથી તે લીલાના અનુભાવન દ્વારા આધુનિક પુષ્ટિમાર્ગીય જીવને શ્રીમહાપ્રભુ, ઉભય શ્રીપ્રભુચરણ તથા પોતાનાં દ્વારના અધિષ્ઠાતા શ્રીગોકુલનાથ પ્રભુચરણના યુગલ ચરણોની કૃપાની અભ્યર્થના રાખવી જોઇએ.

પ્રકાશક: અવિરત (પાક્ષિક), અમદાવાદ

(...ક્રમશઃ)

**સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા- યુ.એસ.એ**

---

## ગુરુ કેવા –૫

**શિષ્ય** :- આપે ઉપર આજ્ઞા કરી તે ઉપરથી પારંપરીણ, સત્સાંપ્રદાયિક સદ્ગુરુની કુલપરંપરામાં જે આચાર્યો હોય તેમનાં શ્રીમુખથી મંત્રોપદેશ ગ્રહણ કરવાનું તો સિદ્ધ

થયું પરંતુ તે મંત્રોપદેશ કયા કયા વર્ણો તથા કયા કયા આશ્રમીએ ગ્રહણ કરવો જોઇએ તે આજ્ઞા કરો.

**ગુરુદેવ**:- ચારે વર્ણ તથા ચારે આશ્રમવાળાઓને વૈષ્ણવ સંપ્રદાયનો ઉપયોગ આવશ્યક છે. માટે શુદ્ધ અદ્વૈતજ્ઞાનસંપાદનપૂર્વક પરબ્રહ્મ પુરુષોત્તમની પ્રાપ્તિની સાક્ષાત્કારણરૂપ ભક્તિ સંપાદન કરવા સારૂ પરંપરાસિદ્ધ સત્સાંપ્રદાયિક સદ્‌ગુરુદ્વારા શ્રીહરિની શરણાગતિ અવશ્ય કરવી જોઇએ તે નીચે દર્શાવવામાં આવે છે.

સર્વ વર્ણાશ્રમવાળાઓના સાધારણ ધર્મો શ્રીમદ્‌ભાગવતમાં નીચે પ્રમાણે લખેલા છે. (૭-૧૧-૮થી૧૨)

सत्यं दया ताप: शौचं तितिक्षेक्षा  शमो दम:।

अहिंसा ब्रह्मचर्यं च त्याग: स्वाद्याय आर्जवम् ।। ८ ।।

शंतोष: समदृकसेवा ग्राम्येहोपरम: शनै: ।

नृणां विपर्ययेहेक्षा मौनमात्मविमर्शनम् ।। ९ ।।

अन्नाद्यादे: संविभागो भूतेभ्यश्च यथार्हत: ।

तेष्वात्मदेवताबुद्धि: सुतरां नृपु पांडव ।। १० ।।

श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गते: ।

सेवेज्यावातिर्दास्यं सख्यमात्मनिवेदनम् ।। ११ ।।

नृणामयं परो धर्मो: सर्वेषां समुदाह्यत:।

त्रिंशल्लक्षणवान् राजन् सर्वात्मा येन तुष्यति ।। १२ ।।

અર્થઃ- સત્ય-યથાર્થ-ભાષણ, દયા (પોતાના સ્વાર્થ વગર પારકાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા), તપ (એકાદશીના ઉપવાસ કરવા વગેરે), શૌચ (સ્નાન વગેરેથી થતી શુદ્ધિ), તિતિક્ષા (શિતોષ્ણાદિથી થતાં દુઃખોનું સહન કરવું), ઇક્ષા (શાસ્ત્રમાં જેનું વિધા ન કરેલું હોય તેનું ગ્રહણ, અને જેનો નિષેધ કરેલો હોય તેનો ત્યાગ), શમ (અંતઃકરણનો વિજય), દમ (બાહ્ય ઇન્દ્રિયોનો જય), અહિંસા (શરીર, વાણી, મનથી પર ને પીડા ન કરવી), બ્રહ્મચર્ય (શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલા તીર્થાદિ દેશમાં અને શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલા અમાવસ્યાદિ કાલમાં સ્ત્રીભોગાદિનો ત્યાગ), ત્યાગ (દાન કરવું), સ્વાધ્યાય, (યથા યોગ્ય સ્વ દીક્ષા મંત્ર (અષ્ટાક્ષર મંત્ર) નો જપ-રટન), આર્જવ (મનનું સરલપણું), સંતોષ (દૈવયોગથી જે કાંઇ મળી આવે તેમાં સંતોષ રાખવો), સમદૃક્સેવા (સમાન દૃષ્ટિવાળા ભગવાન્ના ભક્તોની સેવા કરવી), ગ્રામ્યેહોપરમ (ધીરે ધીરે સાંસારિક કર્મોથી નિવૃત્તિ લેવી), સારાંશ કે સાંસારિક કર્મોનું એકદમ દૂરીકરણ થઇ શકતું નથી, તેથી શ્રીશુકદેવજી એ શનૈઃ શબ્દનો પ્રયોગ કર્યો છે. વિપર્યયેહેક્ષા (મનુષ્યો ની નિષ્ફલ ક્રિયાને જોઇ પોતાને તે પ્રમાણે ન કરવું), મૌન (વૃથા વચનો ન બોલવાં), આત્મવિમર્શન (દેહાદિથી આત્મા જુદો છે એ વાત સ્મરણમાં રાખવી), અન્નથી લઇને વસ્ત્ર પર્યંત યથાયોગ્ય પ્રાણીમાત્રને આપવું, અને પ્રાણીમાત્રમાં પરમ દેવતા આત્મા (આધિદૈવરૂપ ભગવાન્) છે એવિ બુદ્ધિ રાખવી. તેમાં પણ (મનુષ્યમાં જ્ઞાન વિશેષ હોવાથી આત્મા વિશેષે કરીને પ્રકટ છે એમ શ્રુતિમાં કહ્યુ છે તેથી) તેમાં વિશેષ આત્મબુદ્ધિ રાખવી. શ્રવણ (ભક્તોની ગતિરૂપ ભગવાનના ગુણો તથા ચરિત્રોનું સાંભળવું), કીર્તન (સાંભળેલું બીજાને કહેવું), સ્મરણ (ભગવત્સ્વરૂપ, તેના ગુણો, તથા વિભૂતિઓનું ચિંતન કરવું), સેવા (ભગવાનનાં ચરણારવિદની સેવા કરવી), ઇજ્યા (આર્ધ્યપાધાદિ નિવેદનરૂપ પૂજા), અવનતિ (નમસ્કાર), દાસ્ય (દાસની માફક પોતાના કરેલા કર્મફલનું શ્રીભગવાન્મા અર્પણ), સખ્ય (સર્વ રીતે પ્રભુને અનુકુલ આચરણ કરવું), આત્મસમર્પણ (દેહ અને દેહના સંબંધીઓમાં પ્રભુનાં છે, એવું અનુસંધાન રાખવું), ઋષિઓએ આ ત્રીસ લક્ષણવાળા ધર્મને મનુષ્યના સર્વ ધર્મ કરતાં ઉત્તમ કહ્યો છે. કે જે ધર્મને આચરવાથી સર્વના આત્મરૂપ ભગવાન્ પ્રસન્ન થાય છે.

(...ક્રમશઃ)

**સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા**

---

# સિદ્ધાંત રહસ્ય

...ગતાંક થી આગળ

**ગુરુદેવ :-** હવે પ્રબદ્ધ દ્વારા કહ્યા ગયેલા વચનો શ્રીભાગવત્ ૧૧-૩-૨૮) અનુસાર સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ, એમનું પુરુષોત્તમને અર્થ સમર્પણ કરવું. એ પ્રબુધ યોગેશ્વરે જે કહેલું ઘર, સુત, પત્ની અને પ્રાણનું નિવેદન તેને અને કવિતા કહેતા કાયાદિ ધર્મનું સમર્પણ (શ્રીભાગવત્ ૧૧-૨-૩૬) અને એકાદશ-અધ્યાય માં દાસ્યરૂપ થી કહીને **આત્મનિવેદન**, કહ્યુ, કેમકે આ ગદ્યમંત્રમાં સમાહિત છે. અતઃ આ સંદર્ભને પણ કેવલ ગદ્યમંત્રનો અનુવાદ ન માનવું જોઇએ. કારણકે અહિંયા શ્રીમદ્ ભાગવત(એકાદશ સ્કંધ)માં આ સમર્પણ ને **માયાતરણરૂપી** ફળ કહ્યો છે, પણ તે ફલ શ્રીમહાપ્રભુજીએ આ સિદ્ધાંત રહસ્ય ગ્રંથમા બતાવ્યો નથી. પણ અહિં એ સમજવું જોઇએ કે, સેવા કારવાના ઉપદેશ લેતા પહેલાં બ્રહ્મસંબંધ (*અહિં એ સમજવું જોઇએ કે બ્રહ્મસંબંધ કેવળ જેને શ્રીપ્રભુની સર્વસમર્પણ ભાવ વળે સેવા કરવી છે, તેનેજ લેવો-આપવો)* દીક્ષા લેવાનું કહેલુ છે, કારણકે શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધ ના ૧૯માં અધ્યાયમાં કહેલું કે સેવાના **અધિકાર** તો સમસ્ત જીવો ને પ્રાપ્ત થાય છે. તેથી મહદ્વિમૃગ્યભક્તિને આત્મનિવેદનપૂર્વક કરેલી સેવાનો ફલ કહેલું છે. કારણ એ પણ છે કે જેમ સમર્પણ ગદ્યમંત્રમાં વર્ણનમાં **સહસ્ત્રપરિ** વગેરે વાકયો દ્વારા **અધિકારી** વિશેષણ દ્વારા સમર્પિત જીવ ની ફલરૂપતા નું સુચના આપવામાં આવે છે, તેથી પ્રબુદ્ધ-વગેરે યોગેશ્વરો દ્વારા કહેલુ કે ***પત્ની, પુત્ર, ગૃહ, પ્રાણ*** વગેર સમર્પણમાં સમાવેશ થઇ જાય છે, તેથી સમર્પણગદ્યમંત્ર માં ***અન્તઃકરણ-આપ્ત-ઇહ-પરાણિ*** વગેરે સાથે અન્યનો પણ સમર્પણ કરવામાં સમાવેશ થઇ જાય છે. એટલે હવે

આપણે એમ સમજવુ જોઇએ કે જેમ ૧૯માં અધ્યાયમાં કહેલા મહદ્વિમૃગ્ય ભક્તિ - વિશિષ્ટ ભક્તિ ના અધિકારી ના સ્વરૂપનો નિશ્ચય કરવાવાળા આ સમર્પણગદ્યમંત્રમાં કહેલા સમર્પણ યોગેશ્વરો દ્વારા કહેલા સમર્પણ થી ભિન્ન સમજવુ જોઇએ. એજ પ્રકારે સમર્પણગદ્યમંત્રમાં ***અન્તઃકરણ*** થી લઇને છેક છેલ્લા શ્લોકમાં શ્રીમદ્ભાગવતમાં કાહેલી અધિક વસ્તુઓનો સમર્પણ બતાવ્યો છે, તેને અપ્રામાણિક ન માનવું જોઇએ. કેમકે ભગવાનને ૯માં સ્કંધમાં રાજા અંબરીષને દ્રષ્ટાંત આપીને આજ સમસ્ત વસ્તુઓના સમર્પણ બતાવ્યા છે. ***જે ભક્ત સ્ત્રી, પુત્ર, ગૃહ, ગુરુજન-પ્રાણ-ધન-આલોક-પરલોક બધાંને છોડીને કેવળ મારાજ શરણાગત થયા છે, તેમને હું કેવી રીતે છોડી શકું? (શ્રી.ભા.૯-૪-૬૫)***...*(એટલે એમ સમજવું કે જ્યારે જીવ બ્રહ્મસંબંધ કરે છે, ત્યારે તે કેવળ પોતાનું જ નહિં, પણ પોતાના ઐહીક-પારલૌકિક, સમસ્તનું સમર્પણ શ્રીપ્રભુને કરી દે છે. તેથી, આજે આપને જે શ્રીગુરુજન પાસે આવી ને બ્રહ્મસંબંધ લેવાની વિનંતી કરીર છીએ અને પછી વિનંતી કરીએ છીએ કે રાજ, હવે આપ અમને શ્રીપ્રભુની સેવા પધરાવી આપો, પણ કેવળ મિસરી-ભોગ, દૂધઘર, કે ફલાહારના શ્રીપ્રભુની સેવા પધરાવી આપો—આવા આપણા કથનને ઉપર કહેલા વચનો દ્વારા વિરોધાભાસ થાય છે, તેથી, શ્રીપ્રભુની સેવામાં આવા કોઇ અન્ય પ્રકારની સેવા હોતી નથી. તે આપણે સર્વે સમજી લેવું જોઈએ.)* શ્રીદુર્વાસાને આ વચનો કહ્યા.

**શિષ્ય :-** પણ ગુરુદેવ, એક શંકા થાય છે કે જે આપશ્રીએ ૯માં સ્કંધનો સંદર્ભ આપ્યો, તેમાં

*યે દારાગારપુત્રાપ્તાન્ પ્રાણાન્વિત્તમિમં પરમ્ ।*

***હિત્વા માં શરણં યાતાઃ કથં તાંસ્ત્યક્તુમુત્સહે ।। ૬૫ ।।***

એટલે મારી શંકા એ છે કે અહિં હિત્વા શબ્દ દ્વારા તો પત્ની, પુત્ર, વગેરે ના ત્યાગ કરવાનો ઉપદેશ થાય છે, તો આ સમર્પણ માટે પ્રમાણ આપણે કેમ માની લઇએ છીએ? અહિં તો ત્યાગ નો ઉપદેશ સમર્પણ તો નથી?

**ગુરુદેવ**:- આવી શંકા ન કરવી, ભલે અહિં, હિત્વા શબ્દ નો અર્થ છોડી દેવુ થાય, એટલે કે પત્ની-પુત્ર-વગેરે નો ત્યાગ કરવો, એ તો બરાબર સમજી શકાય, પણ સમર્પણ માટે નહિં. આ વાક્ય ને સમર્પણ માટે પ્રમાણ માનવું ઉચિત નથી. આવી શંકા ન કરવી જોઇએ. હવે સમજ કે રાજા અંબરીષ તે સમયે રાજ્ય ના શાસક હતા, એટલે ત્યા ત્યાગ નો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલે એમ સમજી લેવું જોઇએ કે અહિં જે ત્યાગ-હિત્વા કહ્યો છે, તે તો પરમહંસ ની જેમ બાહ્યત્યાગ ન કરી ને આપણા આંતરિકત્યાગ જ છે. (**જાબાલોપનિષદ્** – *સંન્યાસેન દેહત્યાગં કરોતિ સ પરમહંસો નામ સ પરમહંસો નામ*). સ્વયં રાજા અંબરીષ (શ્રી.ભા. ૯-૪-૧૮)

*સ વૈ મનઃ કૃષ્ણપદારવિન્દયોર્વચાંસિ વૈકુન્ઠગુણાનુવર્ણને ।*
*કરૌ હરેર્મન્દિરમાર્જનાદિષુ શ્રુતિં ચકારાચ્યુતસત્કથોદયે ।। ૧૮ ।।*

*રાજા અંબરીષ પોતાના મનને શ્રીગોકુલેશના શ્રીચરણકમળોની સેવામાં, વાણીને ભગવાનના ગુણોના વર્ણનમાં, હાથને શ્રીગોકુલેશના મન્દિર સાફસૂફ રાખવામાં, કાનને અચ્યુત ભગવાનની ઉત્તમ કથાઓ સાંભળવામાં પરોવ્યાં હતાં...૧૮.*

ઇત્યાદિ શ્લોકો દ્વારા ત્યા ખૂબજ વૈભવ સાથે સેવા કરી રહ્યા છે, અને તે પ્રકારે સેવા કરતાં કરતાં પોતાના ભગવદ્‌ધર્મ ને જાણીને રક્ષજરૂપ ભગવાન શ્રીગોકુલેશ નુ અનુસંધાન કરી રહ્યા છે, તો પછી સ્વયં થી સંબંધિત વસ્તુઓને ભગવાનને સમર્પણ કેમ ન કરે? આ વાત તો આપણને ઉપરના શ્લોક દ્વારાજ સમજી શકાય છે. એટલે હિત્વા નો અર્થ ને અહિં, ત્યાગ ન સમજતા કેવળ સમર્પણ છે. વાસ્તવમાં રાજા અંબરીષ તો મર્યાદાપુષ્ટિમાં અંગીકૃત છે, કેવળ પુષ્ટિ કે પૂષ્ટિમર્યાદામાં નહિ. એટલે રાજામાં મહદ્વિમૃગ્યભક્તિનો અભાવ જોવા મળે છે. અને આ કારણે જો રાજા ને લક્ષિત કરીને ઉપર ના શ્લોકમાં હિત્વા શબ્દ ને સમર્પણ ન લેતા કેવળ જો ત્યાગ પણ લઇ લઇએ તો પણ એમાં કોઇ પણ આપત્તિ નથી. રાહા અંબરીષમાં મહદ્વિમૃગ્યભક્તિની કામના નથી, તે વાત આપણને શ્રીમદ્ ભાગવત ૧૧-૧૨-૮ દ્વારા સમજી શકાય, ત્યા આજ્ઞા કરે છે

***નિશ્ચય કેવળ ભાવથી.***માં આવેલ કેવળ ભાવ પદ દ્વારા ઉપર્યુક્ત ૯માં સ્કંધ ન હોવાનુ પ્રામાણીત કરે છે. અને હા, જ્યારે રાજા અંબરીષ જન્મયો, તે સમયે તો ભગવાન શ્રીગોકુલેશનુ પ્રાગટ્ય તો થયું ન હતું. એ કારણે પણ પુષ્ટિભક્તિમાર્ગનું પણ પ્રાગટ્ય થયુ ન હતુ. એ કારણે પણ સમજી શકાય છે કે રાજા અંબરીષ શુદ્ધપુષ્ટિના અધિકારી નથી.

આ સમસ્ત વિવરણોથી સિદ્ધ થાય છે કે જે કંઇપણ સમર્પણ ગદ્યમંત્રમાં કહેલું છે, તે કોઇપણ વાક્ય નો અનુવાદ નથી, પરંતુ કર્મોના કલ્પસૂત્રની જેમ આત્મનિવેદનના પ્રકારનોજ નિશ્ચય કરવાનો હેતુ કહી રહ્યા છે. તેથી જો કોઇ એવી શંકા કરે કે સમર્પણગદ્યમંત્રનો અનુવાદ છે, તો તે લેશમાત્રપણ શંકા સત્ય નથી, તે આ વચનો દ્વારા સ્પષ્ટ થાય છે.

(...ક્રમશઃ)

---

**સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા**

---

# દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંક થી આગળ

**મુકુન્દદાસઃ-** તિલક નો વિષય તો ખુબજ ગંભિર છે, અને આ જે લેખ છે, તે તો સમજવામાં તો તકલિફ આવે છે, પણ જો આપણે આ લેખ ને વારંવાર આવરત ન કરીશુ, તો કદાચ શ્રીદાદાજીની કૃપાથી સમજમાં આવી જશે. શ્રીગુંસાઇજી બાવા આજ્ઞા કરે છે કે **અન્યસંબંધગન્ધોડપિ કન્ધરામેવ બાધત** ***(બીજાના સંબંધનો ગન્ધ-લેશ પણ ભારણ સમાન લાગે છે, પીડા પ્રદાન કરે છે).*** પોતાના લલાટે દંડાકાર તિલક કરવું એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. એટલે આપણે ફરી વાર સમજીએ કે આ આજ્ઞા ને સમજવા માટે તિલક કયા પ્રકારનું કરવુ? તો ત્યા શ્રીગુંસાઇજી ની શ્રીકૃષ્ણપ્રેમામૃત ગ્રંથની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે ***તિલક આપણા બન્ને ભવાનાં મધ્યથી કેશ પર્યન્ત સરખી બે રેખાના સ્વરૂપવાળુ તિલક***

***કરવું***. અને જો આપણે સમન્વય કરીએ કે આપણા શ્રીગોકુલેશ પ્રભુ પણ આજ પ્રકારથી તિલક કરે છે, તો એ સમજી શકાય કે દંડાકાર શાસ્ત્ર સિદ્ધ છે, તેજ વ્યવહાર આપણે એમના સેવક થઇ ને કરી રહ્યા છીએ. આ બાબત માં કોઇપણ વિપરીત અર્થ ન હોય.

પદ્મપુરાણમાં અમુક વાતનો નિષેધ કર્યો છે. તિલક ને એક વાર જો આપણે કરીએ તો પછી, તેને નીચે, કે વચમાં, કે અન્ય કોઇ પણ જગ્યાએ થી પોછવુ(ભુંસવું) નહિં. અને હા, સાથે તે પણ આજ્ઞા આવે છે કે તિલક ની બે રેખાઓ સીધી કરીએ, અને જો પછી, તેને નીચે થી જોડીએ, તો તે ગોળ, આડું, માગ વિનાનું, વગેરે થાય, તે દોષરૂપ-નિન્દિત દેખાય, તે અન્ય ને અપ્રીતિ ઉપજાવે છે. અને અન્ય પુરાણમાં એમ પણ આજ્ઞા જોવા મળે છે કે બે રેખાના ***મૂળમાં સિંહાસન કરવું,*** તેની વ્યર્થતા દેખાય છે.

કદાચ કોઇ એમ પણ કહે કે જો તિલક દંડાકાર કરો, અને તેને નીચે મૂળમાં આડી રેખા, અથવા તો અર્ધચન્દ્રાકાર રેખા કરવી, જેને લઇને આપણે તે અન્ય શાસ્ત્રો સાથે સમ્મતી બને, અને દ્વિરેખ-દંડાકાર પણ બાંધ્યું થતાં અ નર્થકતા ન આવે, આડી વિગેરે રેખા કરવાથી વિધિ વિધાન પણ સિદ્ધ થતાં દ્વિરેખ-દંડાકાર કાયમ રહે, દોષ દૂર થતાં કોઇને અણગમો ન થાય, તે કારણથી ***કપાળમાં દંડાકાર તિલક કરવું*** એ વાકયનો અર્થ માનીને યોગ્ય હોવાથી બાંધેલા મૂળવાળુંજ દંડાકાર તિલક કરવું, એમ માનો તો?

એમ ન મનાય, છિન્ન મૂલતા દોષનો પરિહાર ત્રણ પ્રકારે છે, તેમાં કેટલાક કહે છે કે **શ્યામં શાન્તિ કરં પ્રોકતં રકતં વશ્યકરં તથા. શ્રીકરં પીતમિત્યાહુઃ શ્વેતં મોક્ષકરં શુભમિ (પદ્મપુરાણ ઉ. ૨૫૩,૪૦)** ***(શ્યામતિલક શાન્ત કારમ, લાલ તિલક વશ કરનાર, પીળું લક્ષ્મી કરનાર અને ધોળું તિલક મોક્ષ કરનાર શુભ છે).*** આ શ્લોકના પછી નિન્દાવાકયો ગણેલાં હોવાથી પદ્મપુરાણમાંજ આ છિન્નમૂલતા દોષનો વિષય ગોપીચન્દન વિગેરેથી કરાતાં તેવાં

સકામ શ્વેતાદિ તિલકો છે, આ નિન્દાવચનો તો આ શ્લોક પછી કહેલા છે. પણ જો દંડાકાર તિલકમાં આ નિન્દા વચનો નિષેધ કરતાં હોય, તો પદ્મપુરાણમાં દંડાકાર તિલકનુ પ્રતિપાદન કર્યા પછી તરતજ નિન્દા વચનો હોવા જોઇતા હતાં, પણ તેમ નથી, એટલે કે દ્વિરેખ-દંડાકારમાં કોઇ પણ દોષ નથી, સાથેજ એવા પણ સુન્દર વચનો આપણાને મળે છે કે **ઊર્ધ્વપુણ્ડ્રમૃજું સૌમ્યં સુપાર્શ્વં સુમનોહરમ્. દંડાકારં તુ શોભાઢ્યં મધ્યે છિદ્રં પ્રકલ્પયેદ્ ઈતિ (પદ્મપુરાણ ઉ.૨૫૩-૨૩).–*સીધું, સુન્દર સારાં પડખાંવાળૂં, અત્યન્ત મનોહર શોભાયુક્ત દંડાકાર તિલક કરવું અને વચમાં માગ રાખવો*,** એમ કહ્યુ છે. એટલે આ શ્લોક માં કહ્યુ છે કે તિલકમાં વચલા ભાગમાં માર્ગ-ખાલી રાખવાની શ્રેષ્ઠ કલ્પનાનો વિધિ (બાંધ્યુ તિલક કરતાં) વ્યર્થ થાય, અને આગલા શ્લોકમાં માગ વિનાના તિલકને દૂષિત ગણાવ્યા છે......

...ક્રમશઃ

**સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા**

---

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઈએ ?

**...ગતાંક થી આગળ**

આપણાા દેશની સ્વતંત્રતા બાદ દેશનું સંવિધાન ઘડનારાઓએ એટલા માટે જ સંવિધાન ઘડ્યું હતુ કે સંપૂર્ણ દેશ નૈતિકતાના આધારે સમસ્ત દેશવાસીઓનો વ્યવહાર અનુશાસન મુજબ રહે અને ઉચ્છૃંખલ મન ફાવે તેવી પ્રવૃત્તિઓથી દેશની સુખ શાન્તિ સુરક્ષા અને પ્રગતિ નષ્ટ ન થઇ જાય, તેમજ બધા મનુષ્યોને પોત પોતાની યોગ્યતા પ્રમાણે વિકાસનિ બધી જ તક અને અવસર પ્રાપ્ત થાય. તે સંવિધાન નિર્માતાઓને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે તેઓના કહેવાતા ઉત્તાધિકારીઓ આ દેશમાં સ્વાર્થ સિદ્ધિનું કેવું વિનાશકારી તાંડવનૃત્ય સર્જશે! તેવીજ રીતે શ્રીમદ્ વલ્લભસંપ્રદાય-પુષ્ટિમાર્ગનું સ્વરૂપ અને સંવિધાન ઘડનારા શ્રીમહાપ્રભુ અને ઉભય

શ્રીપ્રભુચરણોને, તેમજ તે સ્વરૂપ અને સંવિધાનની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રયત્ન કરનારા અને સાચવનારા પૂજ્યચરણ શ્રીપુરુષોત્તમજી જેવા મહાન આચાર્યોને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તેઓના કહેવાતા ઉત્તરાધિકારી વલ્લભવંશજો અને વૈષ્ણવવંશજો સંવિધાનના નામે પુષ્ટિમાર્ગમાં સમસ્ત મર્યાદાઓનો ભંગ કરી સદાચારનો ત્યાગ કરી વલ્લભવંશજ હોવા માત્રથી, **અમે અગ્નિકુળ છીએ,** તેવા તદ્દન અસત્ય પ્રમાણહીન દાવો કરીને માર્ગના સ્વરૂપ અને મર્યાદાને મન ફાવે તે રીતે તોડ ફોડ કરી વિકૃત કરી શકાય નહીં. તેમજ વૈષ્ણવ અને વૈષ્ણવ વંશજોચિત રૂચિ વેશ-ભુષા-સદાચાર અને વ્યવહારના સર્વથા ત્યાગ કરી, અપ્રમાણીક રીતે આભાસ રૂપ દીક્ષાઓ પ્રાપ્ત કરી માત્ર કંઠી પહેરી લેવાથી, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિરુદ્ધ આચરણ કરી અને કરાવીને, પ્રાચીન મર્યાદાઓનો ભંગ કરીને, શ્રીભગવાનના સ્વરૂપ તેમજ નામાત્મક શ્રીમદ્ભાગવતાદિના સ્વરૂપનું વ્યાવસાઇક ધોરણે ક્રય-વિક્રય કરાવી સાર્વજનીક દેવાલયો બનાવી, તેનું સ્વતંત્ર સ્વામિત્વ ધરાવી, નબળા પરંતુ યોગ્ય આચરણ કરનારા શ્રીવલ્લભવંશજોને અયોગ્ય દબાણ કરી તેઓના સેવ્ય શ્રીપ્રભુને સાર્વજનીક ધંધાકીય સ્થળોમાં પધરાવીને પોતાના અહં અને સત્તા ભોગવવાની વિકૃત મનોવૃત્તિથી સમાજ અને કોર્ટમાં ગમે તેવા વાદ વિવાદો ઉભા કરવાથી કોઇ પણ આદરણીય વૈષ્ણવ પરંપરામાં જન્મેલા વૈષ્ણવ અથવા વૈષ્ણવવંશજને આ પ્રમાણેની અરાજકતા ભરેલો વહેવાર કરી પુષ્ટિમાગમાં વિનાશ સર્જવાનો કોઇ પણ અધિકાર સિદ્ધ થઇ જતો નથી.

**સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા**

---

## સેવક-વૈષ્ણવ માટે પોતાના શ્રીગુરુદ્વાર-શ્રીગુરુદેવ પ્રતિ સામાજ્ય વ્યવહાર.

### દંડવત્ પ્રણામ

શ્રીગુરુ સન્મુખ જવાનું થાય ત્યારે પ્રથમ કાયાથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. બે હાથ જોડી વિજ્ઞપ્તિ કરવી, મધુર અને સત્ય વચનોથી પ્રશ્ન કરવો તથા એકાગ્રતાથી સાવધાનીપૂર્વક દૈન્યસહિત શ્રીગુરુ સન્મુખ બેસવું. (**શ્રીસુબોધિનીજીઃ ૧-૧૯-૩૧**)શ્રીગુરુ સન્મુખ ખાલી હાથે જવાય નહિં. શ્રીગુરુદેવ પાસે સેવક બની નમ્રતાપૂર્વક વિદ્યાગ્રહણ કરવી

જોઇએ. વિત્ત આપીને મોટાઇ રાખીને વિદ્યાગ્રહણ કરવી એ નિંદિત વૃત્તિ છે. (**શ્રીસુબોધિનીજી: ૧૦-૪૨-૩૨**)

શ્રીગુરુદેવને મારું (ભગવાનનું)જ સ્વરૂપ જાણવું. ક્યારે પણ તેમનો તિરસ્કાર કરવો નહિં. સાધારણ મનુષ્ય સમજી શ્રીગુરુદેવમાં દોષદૃષ્ટિ કરવી નહિં. કારણકે શ્રીગુરુ સર્વદેવમય છે. (**શ્રીસુબોધિનીજી: ૧૧-૧૭-૨૭**)

સ્વગુરુદેવને જ દંડવત્ પ્રણામ કરવા-ચરણસ્પર્શ અને અધરામૃત પણ સ્વગુરુદેવનાંજ ગ્રહણ કરવાં.

સેવક-વૈષ્ણવ ભાઇઓથી વહુજી-બેટીજીના ચરણસ્પર્શ કરી શકાય નહિં. અપવિત્ર સ્થિતિમાં તથા ઉચ્છિષ્ટ મુખે શ્રીગુરુ સન્મુખ જવું નહિં. પગમાં પગરખાં, મોજા, ચામડાના પર્સ, પટ્ટા વગેરે પહેરીને પણ શ્રીગુરુદેવ સન્મુખ જવું નહિં.

શ્રીગુરુદેવના વામ (ડાબા) ભાગે જ્યારે શ્રીગુરુપત્ની (શ્રીવહુજી) બિરાજમાન હોય ત્યારે જ વૈષ્ણવ બહેનોએ શ્રીવહુજીના ચરણસ્પર્શ, કેસરસ્નાન, પૂજન આદિ કરવાં. શ્રીગુરુદેવ વિના એકલા બિરાજમાન શ્રીગુરુપત્ની (શ્રીબહુજી) પૂજનીય-અર્ચનીય નથી.

શ્રીગુરુ સન્મુખ જઇએ ત્યારે સૌપ્રથમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા, ત્યારબાદ ઊભા થઇ, બે હાથ જોડી મસ્તકથી પ્રણામ કરવા. શ્રીગુરુ આજ્ઞા મળે ત્યારે જ સન્મુખ બેસવું. જગ્યાનો અભાવ હોય તો પંચાંગ દંડવત્ પ્રણામ કરવા. વૈષ્ણવ ભાઇઓથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ થઇ શકે પરંતુ વૈષ્ણવ બહેનોએ તો કેવળ પંચાંગ દંડવત્ પ્રણામ જ કરવા.

વર્તમાન સમયમાં મોટાભાગના વૈષ્ણવો બંને ઢીચણોવાળીને પંચાંગ દંડવત્ પ્રણામ કરતા જોવા મળે છે. જે બિલકુલ ખોટી રીત છે. પંચાંગ દંડવત્ પ્રણામ કરતી વેળા જમણા ઢીંચણનો ભૂમિનો સ્પર્શ થાય, ડાબો પગ ઢીંચણમાંથી વાળીને ઊભો રાખવો તથા બન્ને હાથ ભૂમિ ઉપર ટેકવી પછી મસ્તકથી ભૂમિનો સ્પર્શ કરવો. આ પ્રમાણે શરીરના પંચ અંગોને ભૂમિને સ્પર્શ થવાથી પંચાંગ દંડવત્ પ્રણામ કહેવાય છે.

શ્રીગુરુદેવ ને દંડવત્ પ્રણામ કર્યા પછી, બે હાથ જોડી સદૈન્ય વિનંતી કરવી કે, ***કૃપાનાથ! આપ કૃપાકરી શ્રીચરણસ્પર્શ આપશો?*** શ્રીગુરુદેવ આજ્ઞા મળે ત્યાર પછી જ અતિ કોમળ હાથે શ્રીગુરુદેવને શ્રમ ન પડે તે રીતે શ્રીચરણસ્પર્શ કરવાં.

**સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા- યુ.એસ.એ**

# શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વિરચિત બત્તિસ લક્ષણ

## આઠમો લક્ષણ – વૈષ્ણવનો ભગવદીય પ્રત્યે ધર્મ

અબ આઠમો લક્ષણ કહેત હેઃ – જો ભગવદીસોં સાચો રહેનો. અંતરાય ન કરે. મિથ્યા ન બોલનો. ઉનકી ટહલ કરની. જો અભિપ્રાય ઉનકો મુખદ્વારા નિકસે સો હૃદયમેં રાખનો. ઉનકો ફિરિ વાકો વિચાર કરનો. વાકો હેત (હેતુ) સમજનો. ઉનકો વચન રાખનો. ઉનકી આજ્ઞા ભંગ ન કરની. ઉનસોં સ્નેહ બહોત રાખનો. ઉનકે આગે અપની બડાઇ ન કરની. તાસો દીન રહેનો. નઉકો બહુ રાજી રાખનો. જો શ્રીજીકી સેવા બનત ન હોય તો વાસોં પૂછિ લેની. નકો આગે લેકે શ્રીઠાકોરજીકી સેવા શીખની. ભગવદીય સોં આ પ્રકાર રહેનો. (૮)

ઇતિશ્રી આઠમો લક્ષણ સંપૂર્ણમ્.

### આશ્રયકો પદ

રાગ બિહાગ

હરિદાસનતે ગર્વ ન કરનો ।।
યહ અપરાધ પરમ પદ હૂંતે ઉતર નરકમેં પરવો ।। ૧ ।।
હૂં ધનવંત કુલવંત યહ ભિક્ષુક યહ કબહૂં મનમે નહિં ધરવો ।।
ગજસિંહાસન અશ્વપાલકી તાતે ભવસાગર નહિં તરવો ।। ૨ ।।
ખાનપાન એંડાય ચલત હૈ ઐસે કારજ બહુ ન અનુસરવો ।।
સૂરદાસ યહ સત્ય કહત હૂં ભક્તન સંગ ઉબરવો ।। ૩ ।।

અંક ૧૦ કારતક સુદ ૧૧ ૨૦૬૪ પ્રબોધિની એકાદશી વ્રત

સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા વતી હું આપ સર્વે ને નૂતન વર્ષની હાર્દિક બધાઇ. અને નૂતન વર્ષની સાથે સાથે અનેક ઉત્સવો ને સાથે લાવ્યા છે. ઉત્સવ એટલે આનન્દ, ઉત્સાહ. આપના માર્ગાનુસાર આ આનન્દ, ઉત્સાહ કયો ? તો છે શ્રીપ્રભુ સુખ પામવાનો આનન્દ, ઉત્સાહ. ઉત્સવ આપણા દૈનિક જીવનમાં સ્ફુર્તી, નવચેતના પ્રદાન કરે છે. જેમ લૌકિકમાં આવી અનુભુતી થાય, તો શક્યજ છે કે આપણા અલૌકિકમાં પણ એજ વૃદ્ધિ થાય, સ્ફુર્તી, નવચેતના-આ માર્ગ માં અગ્રેસર થવા.

શ્રીપ્રબોધિની એકાદશી વ્રત એટલે આજથી શ્રીપ્રભુ ચતુર્માસ કરી ને હવે આપણે સૌને આહવાન કરે છે કે ચાલો, હવે આપણે શુભ કાર્ય કરીએ. શ્રીગુસાંઇજીના પ્રથમકુમાર શ્રીગિરિધરજીનો ઉત્સવ (કા.સુ.૧૨), શ્રીગુસાંઇજીના પંચમકુમાર શ્રીરઘુનાથજીનો ઉત્સવ(કા.સુ.૧૩), દેવદીવાળી (કા.સુ.૧૫), શ્રીગુસાંઇજીના દ્વિતિયકુમાર શ્રીગોવિંદજીનો ઉત્સવ(કા.વ.૮), ઉત્પત્તિ એકાદશી વ્રત સાથે શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ કન્હૈયા પ્રભુનો ઉત્સવ(કા.વ.૧૧), શ્રીગુસાંઇજીના સપ્તમકુમાર શ્રીઘનશ્યામજીનો ઉત્સવ(કા.વ.૧૩).

માગસર માસ નો પ્રારમ્ભ એટલે મહોચ્છવ(મહા ઉત્સવ)નો પ્રારમ્ભ. આપણા સૌના પ્રાણ-પ્યારા શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી - શ્રીગોકુલેશજી - શ્રીવલ્લભ - શ્રીજી - શ્રીરસિકશિરોમણ, ઇત્યાદિ નામો થી આપણા સૌને અનહદ કૃપા વરસાવનાર શ્રીદાદાજી નો મહોચ્છવ. આયો મહોચ્છવ.

મહોચ્છવના દિન અતિ રઢિયામણારે...

આપ સર્વને શ્રીગોકુલેશ પાઠશાળા વતી ઉત્સવ અને મહોચ્છવની હાર્દિક વધામણી.

ભાવક્ત

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

# ગુરુ શિક્ષા - ૩

## આધુનિક પુષ્ટિમાર્ગીયોની વ્યવસ્થા: ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

...ગતાંકથી આગળ

૧૫. સેવા-કથામય જીવનમાં પોતાના અન્યાન્ય ગૃહકાર્ય (દેહ-ગેહ સંબંધી કાર્ય) કરતાં કરતાં પણ શ્રીપ્રભુના ગુણગાનના વિષયમાં દધિમંથન લીલાનું અનુભાવન કરવું જોઈએ. (૧૦-૯-૨)

૧૬. સેવા-કથામય જીવનમાં સેવોપયોગી સામગ્રી સંપાદન કરતાં કરતાં (પોતાના વ્યવહારિક જીવનમાં જીવીકોપાર્જન હેતુ-ઉદ્યમ-વ્યવસાય-નોકરીના માધ્યમથી મેળવાએલ ધનને પણ તેજ શ્રેણીમાં ગણવું જોઈએ.)

ભાગવત્ તત્પરતા ન રાખવાની દધિભાંડ ભંજન લીલા શ્રીભગવાને કરી. આથી લીલાનું તાત્પર્ય સમજીને શ્રીગોકુલેશૈક પરતાપૂર્વક જ બધા દેહ-ગેહનો નિર્વાહ કરતાં કરતાં ભગવદ્ અર્થે જ બધુ સંપાદન કરવું જોઈએ. તે માટે દધિભાંડ લીલાનું અનુભાવન કરવું જોઈએ.

૧૭. સેવા-કથામય જીવનમાં દૈન્ય સંપાદનાર્થ તથા શુક્ષ્મ અહં નિવારણાર્થ દામોદરલીલાનું અનુભાવન કરવું જોઈએ. *नहि साधन सम्पत्या भगवान् स्ववंशे भवति किन्तु भक्त्यैव*

૧૮. સેવા-કથામય જીવનમાં અનેકવિધ દોષ દૂર કરવા દુ:સંગ ત્યાગપૂર્વક ભગવદીય સંગની આવશ્યકતા, નિર્વાહ કરવા માટે યમુલાર્જુન લીલાનું અનુભાવન કરવું જોઈએ.

૧૯. સેવા-કથામય જીવનમાં ભગવાન ભક્તવશ કેમ અને કેવી રીતે થાય છે તે પ્રકારની શ્રીપ્રભુની ભક્ત વશ્યતા સમજવા માટે ગોપીસ્તોભિત નૃત્યલીલા (૧૦-૧૧-૦૭)નું અનુભાવન કરવું જોઈએ.

૨૦. (આધુનિક જીવોએ પોતાના) સેવા-કથામય જીવનમાં અનવસરમાં-મધ્યાહન સમયે ભગવાન દ્વારા કરાયેલ ગોચારણ લીલાનું અનુભાવન કરવું જોઈએ.

૨૧.સેવા-કથામય જીવનમાં સેવા-સામગ્રી અથવા સેવામાં ઉપયોગી સામગ્રીના દોષ

નિવારણાર્થ વત્સાસુરવધ લીલાનું અનુભાવન કરવું જોઈએ.

૨૨. સેવા-કથામય જીવનમાં ભગવત્પ્રેમના પરિપાક માટે શ્રીનંદ આદિ જેવી રીતે ભગવાનની કથાનું ગુણગાન કરતા રહેતા હતા તેવી જ રીતે આપણે પણ શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ-મનન કરતા રહેવું જોઇએ.

૨૩. સેવા-કથામય જીવનમાં પૂર્ણ પ્રેમની સિદ્ધિ માટે ભગવાનની પ્રમેયરૂપતાનું અનુભાવન કરવું જોઇએ.

૨૪. સેવા-કથામય જીવનમાં દેહાધ્યાસ નિવારણ માટે ધેનુકાસુર-વધ લીલાનું અનુભાવન કરવું જોઇએ. કેમકે ધેનુકાસુરને દેહાધ્યાસરૂપ માનવામાં આવ્યો છે.

૨૫. સેવા-કથામય જીવનમાં વિષયાસક્ત ઇન્દ્રિયોના સંશોધનાર્થ કાલીયાદમન લીલાનું અનુભાવન કરવું જોઇએ..કારણ કે કાલીયા નાગની ફણ વિષયાસક્ત ઇન્દ્રિયરૂપ હતી. જેનું ભક્તિરૂપ ચરણારવિંદથી સંશોધન કરી દેવામાં આવ્યુ.

૨૬. સેવા-કથામય જીવનમાં ઇન્દ્રિયદોષ નિવારણાર્થ આસુરભાવના નિરાસનાર્થ દાવાગ્નિ લીલા(૧)નું અનુભાવન કરવું જોઇએ.

૨૭. સેવા-કથામય જીવનમાં અંત:કરણનાં દોષ દૂર કરવા માટે અંત:કરણ દોષરૂપ પ્રલંબાસુર વધલીલાનું અનુભાવન કરવું જોઇએ.

૨૮. સેવા-કથામય જીવનમાં ભગવત્સ્વરૂપના અજ્ઞાન-ના દોષ નિવારણાર્થ દ્વિતિય દાવાગ્નિશમનલીલાનું અનુભાવન કરવું જોઇએ.

૨૯. સેવા-કથામય જીવનમાં વ્રજભક્તોની જેમ આધુનિક પુષ્ટિમાર્ગીય જીવોએ અનવસર કાલમાં તે વ્રજભક્તો દ્વારા કરાયેલ ગુણગાનલીલાનું અનુભાવન કરવું જોઇએ.

૩૦. જો આધુનિક પુષ્ટિમાર્ગીય જીવ આ સાધનોનું નિરંતર સંચય કરતા રહેશે તો આ સ્થિતિમાં રુચિના કારણે સ્નેહ અને આસક્તિ સહસા પ્રતીત થવા માંડે છે.

૩૧. સેવા-કથામય જીવનમાં સાધન-સંપત્તિથી આચરણ કરતા કરતા આપણે વર્ણાશ્રમાદિ, પરોપકારાદિ સાથોસાથ વૈષ્ણવ ધર્મોનું પણ યથાશક્તિ નિર્વાહ કરતા રહેવું જોઇએ. (જુઓ-તત્વાર્થદીપ નિબંધ.૩-૧૦-૮૨)

૩૨. સેવા-કથામય જીવનમાં અન્યાશ્રય દોષની નિવૃત્તિ હેતુ ગોવર્ધનોદ્ધરણલીલાનું અનુભાવન કરવું જોઇએ. અંબિકા વન યાત્રાનું પણ)

૩૩. સેવા-કથામય જીવનમાં સાધન-સંપત્તિથી નિર્વાહ કરતાં કરતાં ભગવત્ કૃપાથી યથા સંભવ પ્રપંચથી વિલગાવ રાખતાં ભગવદાસક્તિની ઉત્તરોત્તર પ્રવૃદ્ધિ જ પુષ્ટિમાર્ગીય જીવની પ્રબળ કામના હોય છે, પરંતુ આ ભગવદાસક્તિ ફળદશા સૂધી પહોંચી શકે તે વિષયમાં ભગવદ્દઈચ્છા અને ભગવત્ કૃપા જ નિયામક છે. આધુનિક જીવોના હીનાધિકારી હોવાના કારણે તેમની ભક્તિવૃત્તિની ખંડશઃ અવસ્થાનો જન્માંતરોમાં પરિપાક થવાના કારણે વ્યસન તથા સર્વાત્મભાવ આદિની ફલાવસ્થાની અનુભૂતિ પણ તેમને ત્યારે જ થાય છે.પરંતુ વર્તમાન સ્થિતિમાં પણ પુષ્ટિમાર્ગીય જીવોએ સેવા-કથામય દિનચર્યાને પ્રવાનતાથી જીવતાં જીવતાં પોતાની દિનચર્યાને ફળરૂપ જ માનવી જોઈએ.

૩૪. અખંડ ભક્તિવૃત્તિનું દાન જ્યારે ભગવાન આપણને કરી દે છે તે સ્થિતિમાં કોઈપણ પ્રતિબંધક ઉપસ્થિતિ ન હોવાના કારણે ત્યારે ફળપ્રાપ્તિમાં વિલંબ નથી થતો.

ભગવાન વ્યાસ પોતાના સૂત્ર भोगेन त्वितरे क्षपयित्वाऽथ सम्पद्यते ,માં કહે છે કે

इतरे – સ્થૂળ અને લિંગ (સુક્ષ્મ) બંને શરીરોને क्षपयित्वा – છોડીને

अथ -- ભગવલ્લીલાના અનુભવ યોગ્ય અલૌકિક દેહ-સંપત્તિ પ્રાપ્તિના બાદ.

भोगेन -- પરબ્રહ્મ-પરમાત્મા-ભગવાન શ્રીગોકુલેશની સાથે સહભોગથી યુક્ત થઈ જાય છે. આજ નિત્યલીલાત્મક અલૌકિક ભોગ છે. પરમાનંદ ભગવાન શ્રીગોકુલેશની સાથ आत्मानंद समुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् । આથી શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે...

निराधलीला मुक्त्वा मुक्तिस्तदनुवर्ण्यते।

मुक्तानामाश्रय: कृष्ण नान्येषामिति शास्त्रत: ।।

સંકલન :- રાજેન્દ્રભાઈ કડકીયા - યુ.એસ.એ

# ગુરુ કેવા

## દીક્ષા-મંત્રગ્રહણ અધિકારી – ૧

**ગુરુદેવ**:- વળી શ્રીભાગવતના એકાદશ સ્કંધના સત્તરમાં અધ્યાયના ચોત્રીસમાં શ્લોકમાં ભગવાન્ શ્રીગોકુલેશ ઉદ્ધવજી પ્રત્યે કહ્યુ છે કે —-

शौचमाचमनं स्नानं सन्ध्योपासनमार्जवम् ।

तीर्थसेवा जपोऽस्पृश्याऽभक्ष्यासंभाप्यवर्जनम् ।। ३४ ।।

सर्वाश्रमप्रयुक्तोऽयं नियमः कुलनन्दन ।

सद्भावः सर्वभूतेषु मनोवाक्यायसंयमः ।। ३५ ।।

અર્થ:- શૌચ (પવિત્રતા), આચમન, સ્નાન, સંધ્યોપાસન, આર્જવ (સરલતા), તીર્થની સેવા, જપ (ગાયત્રી વિગેરેનો), અસ્પૃશ્ય (નહિ સ્પર્શ કરવા લાયક), અભક્ષ્ય (નહિ ભક્ષણ કરવા લાયક), અસંભષ્ય (નહિ બોલવા લાયક એવા ચાંડાલ પતિતાદિની સાથે બોલવું), ઈત્યાદિક છોડવું. આ નિયમ, તથા સર્વ ભૂત પ્રાણીઓમાં મારો ભાવ, અને મન, વાણી તથા કાયા ને અવળે માર્ગે ચાલતા અટકાવવાં, એ સર્વ આશ્રમનો ધર્મ છે. તેમજ અઢારમાં અધ્યાયના બેતાલીસમા શ્લોકથી કહેલ છે કે —

भिक्षोर्धर्मः शमो हिंसा तप ईक्षा वनौकसः ।

गृहिणो भूतरक्षज्या द्विजस्याचार्यसेवनम् ।। ४२ ।।

ब्रह्मचर्य तपः शौचं संतोषो भूतसौह्यदम् ।

गृहस्थस्याप्यृतौ गन्तुः सर्वेषां मदुपासनम् ।। ४३ ।।

इति मां यः स्वधर्मेण भजन्नित्यमनन्यभाक् ।

सर्वभूतेषु मद्भावो मद्भाक्तिं विन्दतेऽचिरात् ।। ४४ ।।

भक्तयोद्धवानपायिन्या सर्वलोकमहेश्वरम् ।

सर्वोत्पत्यप्ययं ब्रह्म कारणं मोपयाति सः ।। ४५ ।।

અર્થ:- ઈન્દ્રિય તથા અંતઃકરણનો નિગ્રહ, બીજાને પીડા થાય તેવું આચરણ ન કરવું એ સન્યાસીનો મુખ્ય ધર્મ છે, શાસ્ત્રમાં તપ કરવામાં જે ક્લેશ સહન કરવા ની લખેલું છે તે ક્લેશને સહન કરવો અને તત્ત્વાનો વિચાર કરવો એ વાનપ્રસ્થીનો મુખ્ય ધર્મ છે; પ્રાણીમાત્રની રક્ષા કરવી અને પંચમહાયજ્ઞ કરવા એ ગૃહસ્થાશ્રમીનો મુખ્ય ધર્મ છે, તથા ગુરુની સેવા કરવી એ બ્રહ્મચારીનો મુખ્ય ધર્મ છે, એમ ચારે આશ્રમના મુખ્ય મુખ્ય ધર્મો બતાવીને તેમાંના કેટલાક વિશેષ ધર્મોનું આચરણ કરવાણી ગૃહસ્તને આજ્ઞા કરે છે કે, ઋતુકાલમાં સ્ત્રી પાસે જનાર ગૃહસ્થને બ્રહ્મચર્ય, તપ, પવિત્રતા, સંતોષ અને સર્વ પ્રાણીઓમાં મિત્રભાવ રાખવો એ ધર્મો પણ

આચરણ કરવાના છે (*ઋતુકાલમાં સ્ત્રી પાસે જનાર ગૃહસ્થ બ્રહ્મચારી જ કહેવાય છે, ગૃહસ્થને બ્રહ્મચર્ય સર્વદા રાખવાનું નથી. સ્ત્રીને ઋતુ પ્રાપ્ત થાય ત્યારે તો સ્ત્રીપાસે અવશ્ય જવુંજ જોઈએ, માટે ઋતુકાલમાં સ્ત્રી પાસે જવું એજ ગૃહસ્થનું બ્રહ્મચર્ય છે.*). અને મારી ઉપાસના કરવી એ તો સર્વ વર્ણાશ્રમવાળાનો મુખ્ય ધર્મ છે. એવી રીતે કંઈ પન પ્રયોજન વગર જે મારી ભક્તિ સ્વધર્મે કરીને કરે છે, અને સર્વભૂતમાં જેને મારો ભાવ છે તે થોડા સમયમાં મારી પરા ભક્તિને પ્રાપ્ત કરે છે. અને તેવી કંઇ પણ અંતરાય વગરની મારી ભક્તિ વડે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ સર્વ લોકના મહેશ્વર બ્રહ્મરૂપ મને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્વધર્મથી અંતઃકરણ જેનું શુદ્ધ થયેલું છે અને મારૂ તત્ત્વ યથાર્થ જેણે જાણેલું છે તેવો પુરુષ જ્ઞાન અને વિજ્ઞાનથી યુક્ત થઈને જલ્દીથી મને પ્રાપ્ત થાય છે. સર્વ વર્ણાશ્રમવાળાઓને આચરણ કરવાનો આ ધર્મ જો મારી ભક્તિથી યુક્ત હોય તો ઉત્તમ કલ્યાન કરનારો બને છે અને તેજ સર્વથી ઉત્તમ છે. એવી રીતે સ્વધર્મથી યુક્ત ભક્ત સર્વથી પર એવા મારા સ્વરૂપને જેવી રીતે પ્રાપ્ત થાય છે તે વિષે તેંજ મને પૂછ્યું તે મેં કહ્યુ એમ શ્રીગોકુલેશ ભગવાને ઉદ્ધવજીને કહેલું છે. (...ક્રમશ)

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## સિદ્ધાંત રહસ્ય

...ગતાંકથી આગળ

**શિષ્ય**:- ગુરુદેવ ! આ વચનો દ્વારા તો આપણે માની પણ લઈએ કે સમર્પણ-ગદ્યમંત્ર એ શ્રીમદ્‌ભાગવત ના એકાદશ-સ્કંધનો અનુવાદ નથી. પણ ગદ્યમંત્રમાં વાક્યો નો અર્થનો સમાવેશ તો થાય છે, એ તો આપણે સ્પષ્ટ સમજી શકીએ. તો પછી આપણે માનવું પડશે કે શ્રીમદ્‌ભાગવત માં કહેલ સમર્પણ અને ગદ્યમંત્રમાં કહેલ સમર્પણમાં સમાનતા છે.

**ગુરુદેવ**:- શિષ્ય, આવી શંકા ન કરવી. કારણ કે જો તારી શંકા ને આપણે સત્ય માની પણ લઈએ તો એક વાત ધ્યાનથી સમજી લે કે એકાદશ-સ્કંધમાં જિજ્ઞાસુ પુરુષોને જ અધિકારી ગણાવ્યુ છે. આ સમર્પણ દ્વારા તો કેવલ પુરુષજ અધિકારી છે, સ્ત્રી નહી. તે સિદ્ધ થાય છે. પણ આપણા આ ગદ્યમંત્રમાં કહેલ સમર્પણમાં તો પુરુષ પણ અધિકારી છે, અને સ્ત્રી પણ અધિકારી છે. **હે રાજન ! જેવી રીતે વિષ્ણુ ભક્તિ કરવા**

**ના બધા અધિકારી છે, તેવી રીતે, દેવ-અસુર અથવા મનુષ્ય કોઈ પણ હોય.** (શ્રીમદ્ ભાગવત ૭-૭-૫૦) અને **એવો કૌન પ્રાણી છે રાજન! જે બ્રહ્માદી ના ઉપાસ્ય ભગવાન ના શ્રીચરણકમલોનું ભજન કરવા ન ઈચ્છે?**(શ્રીમદ્ ભાગવત ૧૧-૨-૨). આવા અનેક વાક્યો એ સિદ્ધ થાય છે કે સમસ્ત ઈન્દ્રિયવાનો ને નવધાભક્તિ દ્વારા સામાન્યરૂપથી અધિકાર પ્રપ્ત-સિદ્ધ થાય છે. અતઃ ભક્તિના આધારરૂપ-આત્મનિવેદનમાં સ્ત્રિયોને અધિકાર નથી, તે કહેવુ અસંભવ છે. કારણ કે ભક્તિમાં સ્ત્રિયોને નિષેધ છે, તે સત્ય નથી. જો સપ્તમસ્કંધનાં દૈત્યબાલકો ના પ્રતિ પ્રલ્હાદજી કહે છે કે **બહુ સમય વિતી જવા ના કારણે અને સ્ત્રી હોવાના મારણે માતા ને સ્મૃતિ ન રહી** (શ્રીમદ્ ભાગવત ૭-૭-૧૬). આ વાક્યના મૂલમાં આવતો **ક્યાધૂ** શબ્દ ને લક્ષિત કરતાં નારદજી દ્વારા આપવામાં આવેલા નવધાભક્તિના ઉપદેશ નો બોધ કરાયો. જેમાં તેમની માતા ને પણ ભક્તિ પ્રાપ્ત થઈ. ભગવાન પોતે પણ એકાદશ સ્કંધમાં સંવાદ સમાપ્ત પૂર્ણ કરતાં આજ્ઞા કરે છે કે **યદિ શુદ્ર અને સ્ત્રી પણ મારા પ્રતિ પ્રેમભક્તિ રાખે તો તેમને પણ બ્રહ્મવિદ્યા નો ઉપદેશ કરવો જોઈએ.**(શ્રીમદ્ ભાગવત ૧૧-૨૯-૩૧) આ શ્લોક દ્વારા ઉદ્ધવજી ને શ્રીપ્રભુએ આજ્ઞા કરી કે જો સ્ત્રી-શુદ્રને પણ ભક્તિ થતી હોય તો તેમને પણ ભક્તિ નો ઉપદેશ આપવો જોઈએ. કોઈને કાંઈ પણ કહેવુ - ઉપદેશ આપવાનું પ્રયોજન હોય તો તે એ છે કે, તે યથાધિકાર સાધન માં પ્રવૃત્ત થાય તો પોતાના લક્ષ્ય ને પ્રાપ્ત કરી શકે. અને **મનુષ્યોમાં સ્ત્રી, વૈશ્ય, શુદ્ર અને અન્ત્જ આદી રજોગુણી, તમોગુણી પ્રકૃતિ ના ઘણા જીવો મારા પરમપદ ને પ્રાપ્ત કરે છે.** (શ્રીમદ્ ભાગવત ૧૧-૧૨-૪). આ શ્રીભગવાનની આજ્ઞાથી એ તો સિદ્ધ થાય છે કે સ્ત્રીયો ને કેવળ સાધનમાંજ પ્રવૃત્તિ નહી, પરંતુ ભક્તિમાં પ્રવૃત્ત થવા પશ્ચાત સત્સંતના ફલને પણ બોધિત થાય છે. પ્રાપ્ત કરે છે.

**શિષ્યઃ-** પણ ગુરુદેવ! કદાચ આપણે એ માની પણ લઈએ કે આત્મનિવેદનમાં સ્ત્રીઓને પણ અધિકાર સિદ્ધ છે, તથા પણ સ્ત્રી, પુરુષ, વિરક્ત, બાળક અથવા અન્ય કોઈ પણ વ્યક્તિ જેને પત્ની-પુત્રાદિ છેજ નહી, તો પછી સમર્પણ કરતા સમય સમર્પણ કેવી રીતે કરશે અથવા ભવિષ્યમાં થવાની કલ્પના કેવી રીતે કરશે? અને જો આ પ્રકારે ભવિષ્યમાં થવાની સંભાવના હોય તો આવી કલ્પના (કે મારૂ સર્વસ્વ સમર્પણ શ્રીપ્રભુને હુ કરું છું) બ્રહ્મસંબંધ લેવી વખતે ન કરે તો આવનાર સર્વ પરિવાર જન ને અસમર્પિત જ રહી જશે. અને તેમનો સંગ તો દોષ ઉત્પન્ન કરનાર થશે.તેથી ઉચિત તો એવું હોવુ જોઈએ કે ભવિષ્યમાં જેમ પત્ની-પુત્ર-ગૃહ વગેરે

પ્રાપ્ત થાય છે, ત્યારે એમનુ સમર્પણ કરવું જોઇએ. આને પહેલા ન હોવાથી કેવલ કલ્પના માત્ર કરવાથી શું લાભ ? આવી મારી શંકા છે.

**ગુરુદેવ:-** તારી શંકા ઉચિત છે. તેનો નિવારણ હેતું પણ સમજવું જોઇએ. સૃષ્ટિન્યાય ના અનુસાર સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા પદાર્થો ગૌણ છે અને સૃષ્ટિકર્તા મુખ્ય છે. જેમ દાર પદ થી પતિ નો સમાવેશ થાય છે. અને સુત પદ કહેવા થી પિતાનો. અત: આ ના દ્વારા સમર્પણ પણ સિદ્ધ થાય છે. અને આ ન્યાયને કારણે ભવિષ્ય કલ્પિત સંબંધો ના સંસર્ગમાં આવવાથી કોઇ પણ પ્રકારનો દોષ લાગતો નથી. ઉપરોક્ત સૃષ્ટિન્યાય પૂર્વતન્ત્રના પ્રથમાધ્યાયના અંતમાં આવે છે. **તે સૃષ્ટિરૂપ ધારણ કરે છે** ઇત્યાદિ વાક્યો થી સૃષ્ટિનો પરિચય દેવાવાળા મંત્રોનો વિધાન છે. તે સૃષ્ટિ શું છે ? આ પ્રશ્ન ના ઉત્તરમાં **યદિ કોઇ વિશેષ વાક્યનું વિધાન કરવામાં આવે તો તેને મંત્ર મહેવાય** છે, આ પાણિની સુત્ર ના દ્વારા ઉપર્યુક્ત વાક્યમાં સૃષ્ટિનુ વિધાન કારેલુ છે. એટલે સૃષ્ટિરૂપી મંત્ર છે, તે સિદ્ધ થાય છે. મંત્રના બાદમાં **બ્રહ્મા દ્વારા સૃજન કર્યુ, પ્રાણિયોનુ સૃજન કર્યુ**, ઇત્યાદિ વાક્યો થી સમજી શકાય. સર્વપ્રથમ તો **બ્રહ્મ સૃષ્ટિરૂપ ધારણ કરે** છે, આજ ભણવામાં આવે છે. આ વિવેચન દ્વારા તે સમજી શકાય છે કે બ્રહ્મ પોતેજ આ સષ્ટિના મૂલ છે, તેનોજ પાઠ સર્વપ્રથમ ભણવામાં આવે છે અને અન્ય પ્રાણીઓ ની સૃષ્ટિ હોવાનુ પાઠ પછી આવે છે. એટલે તે પણ હવે સ્પષ્ટ થાય છે કે કારણ (બ્રહ્મ) મુખ્ય છે, અને કાર્ય (સૃષ્ટિ) ગૌણ છે. હવે અહી પ્રથમ મંત્રમાં **તે સૃજન કરે** છે, આવું કહેવામાં નથી આવ્યુ, પણ **તે ધારણ કરે છે**, તે તો ખરેખરમાં કહેવામાં આવ્યુ છે. **એક ના દ્વારા સ્તુતિ કરવા પર સમસ્ત પ્રજા તેનો પાઠ કરે છે**, આ પાઠ આપવામાં આવ્યો છે. અને છતાં પણ તેના બીજા, ત્રીજા, એવા અનેક મંત્રોમાં તે **સૃજન કરે છે** નો પ્રયોગ થયો હોવાથી તે જ્ઞાત થાય છે કે સૃષ્ટિને ધારણ કરવાવાળો ભગવાન અને સૃષ્ટિરૂપે સૃજિત થવાવાળો ભગવાનમાં સમાનતા છે. આ સૃષ્ટિ શબ્દ થી સમજાય છે. આ સૃષ્ટિ શબ્દ જે પ્રકારે ધારણકર્તા અને સૃજનકર્તા વગેરે સમસ્ત સમુદાયોને બોધ કરે છે, તેવીજ પ્રકારે અહિંયા સમર્પણગદ્યમંત્રમાં પ્રત્યુત થતાં દાર-સુત વગેરે શબ્દ ન કહેવા છતાં અતિરિક્ત સમસ્ત વસ્તુઓનો બોધ થાય છે, તે અર્થ અહી સમજવો.

**શિષ્ય:-** પણ ગુરુદેવ ! હજું મને એક શંકા થાય છે. આપશ્રીએ જે દાર-સુત-ગૃહ વગેરે કહેવા દ્વારા સમસ્ત વસ્તુઓનો સમર્પણમાં સમાવેશ થઇ ગયો, પણ જો આવી રીતે

તો સમસ્ત વસ્તુઓનોજ સમર્પણ કરવુ આવશ્યક હોય તો પછી એક ઉચિત થાત જો **દેહથી લઇ ને આત્મા સૂધી સમસ્ત વસ્તુઓનુ સમર્પણ કર્યુ** આજ્ઞા કરી હોત. પણ આવુ ન કહીને એક એક વસ્તુને ગણી ગણીને સમર્પણ કરવાનું કહેલું છે, એવું કેમ? આનું કારણ શું કૃપાનાથ?

**ગુરુદેવ**:- તારી વાત સાચી છે. લે સમજ. જીવથી સંબંધિત સમસ્ત વસ્તુઓંને ભગવાનમાં સમર્પણ કરવાનુ વિદાન ના નિષ્કર્ષ કહેવા ના પશ્ચાત તે-તે વસ્તુઓમાં રહેલા જીવના અધ્યાસની નિવૃત્તિ કારવા માટે અને જીવ અને તેના સંબંદની વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે એક એક વસ્તુ ગણાવીને સમર્પણ કરવાની આજ્ઞા કરી, તે સમજી લેવું જોઇએ. અહીં આત્મનિવેદનમાં કેમકે સમસ્ત પદાર્થો સાથે આત્મનિવેદન કરવાનું વિધાન કર્યુ છે અતઃ દેહ-આદિ કહીને પત્ની-પુત્ર-ગૃહ વગેરેને પણ કહેવું આવશ્યક છે. અહી સમજવું જોઇએ કે દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ વગેરે સમસ્ત જીવ ના અહંકારરૂપ અધ્યાસના વિષયક છે એટલે આ સમસ્ત વસ્તુઓ દ્વારા જીવને અહંકારની વૃદ્ધિ થાય છે. પન આ દેહ-ઇન્દ્રિય-પ્રાણ વગેરે જેમ જે ધર્મ છે તે **સહ** પદ દ્વારા પ્રયોગ કર્યો છે, જેમ કે **પિતાને નિમંત્રણ આપવા સાથે પોતાના પુત્રને પણ નિમંત્રણ સમાવેશ થઇ ગયો**, આ વાક્યાનુસાર આત્માની સાથે સમર્પિત થનારા પત્ની-પુત્ર વગેરેની પ્રધાનતા પણ બની રહે છે. એટલે આ સમસ્ત વિવેચન દ્વારા સિદ્ધ થાય છે-સમજાય છે કે આ ગદ્યમંત્રમાં બોધિત કરેલ સમર્પણ શ્રીમદ્ ભાગવત ના એકાદશ સ્કંધ ના ૧૯માં અધ્યાયમાં કહેલા અધિકારના સ્વરૂપનો બોધક છે, કોઇ વાક્યનુ અનુવાદ નથી, કેમકે અહીં કહેલા ભગવદ્-વાક્યોનો અર્થ પૂર્વમાં કોઇ જગ્યા એ કહેલું નથી. સમજમાં આવી ગયુ?

**શિષ્ય**:- હા ગુરુદેવ! આપશ્રીએ અતિ સુક્ષ્મ રીતે કૃપાકરી ને સમજણ આપી. અહી સુધી સમજણ પડી.

..ક્રમશ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંકથી આગળ

**મુકુન્દદાસ** :- બીજા પુરાણોમાં પણ દંડાકાર તિલકના નિરૂપણમાં પણ કોઇ દોષ નથી, તે કહેલી છે. **તસ્માચ્છિદ્રાન્વિતં પુંણ્ડ્ર દણ્ડાકારં સુશોભનમ્**, એ શ્લોકમાં કહે છે કે *તે કાર*

*નથી વચ્ચે માગ રાખવાથી માગવાળું દંડાકાર તિલક પરમ સુન્દર છે.* આ શ્લોકમાં પણ માગવાળુ એ વચન માગ વિનાના એ વચનનો ફક્ત વિપરીત અર્થજ કરનાર છે, જો કોઇ એમ આક્ષેપ કરતું હોય કે દંડાકાર તિલક કરવાથી દોષ ઉત્પન્ન થાય છે, તો બીજા રૂપવાળા વિપરીત અર્થથી પ્રાપ્ત થતા વિધિને કહેવામાં ન આવે, જેમ **અધર્મો દુ:ખસાધન**, અધર્મ દુ:ખ સાધન છે, એમ જો આપણે કહીએ તો બીજી રીતે તે સમજી શકાય કે ધર્મ તે સુખનું સાધન છે, તે તો અનુક્તસિદ્ધ છે, સારી રીતે સમજી શકાય. તેમ અચ્છિદ્રને માર્ગ વિનાનાને નિન્દિત કહેતાં માગવાળું કરવું એમ બોધ થાય છે તેથી, આ કારણથી સમજાય કે વચ્ચે માગ રાખવો. આ ન્યાય વડે દ્વિરેક -દંડાકાર તિલકને બીજા દોષ વાક્યો પ્રતિબન્ધક થતાં નથી; એ પ્રમાણે અર્થાત્ નિન્દત વાક્યો જેમકે માગવિનાને દૂષિત ગણેલું હોવાથી માગવાળું કરવું એવું સૂચન થાય છે, એમ નહી કે દ્વિરેખ-દંડાકાર તિલકમાં દોષ છે, તે નિર્દોષ-શાસ્ત્રીય છે.

બીજા કોઇ એમ કહે છે કે -મૂળ એ જ મૂળ, છેકેલું-ભૂસેલું છે મૂળ માત્રની જેમ છિન્નમૂળ-મૂળ ને ભૂસી લેવુ. અહિં છિન્ન પદ નું તાત્પર્ય ગ્રાહક છે, અને મૂળ શબ્દમાં મૂળમાત્રના સંબંધવાળા તિલકમાં લક્ષણા છે, તેવા છિન્નપણાવડે યુક્ત મૂળપણાનો સમ્બન્ધ તિલકમાં દેખાય છે, તેથી જેમાં ફક્ત મૂળ ભૂસેલું હોય, તેવું તિલક ન કરવું, અર્થાત્ મૂળ એકલું ભૂસવું નહીં, તિલકતો બે ભાગવાળું કરવું ? જો છિન્નમૂલતા દોષ છિન્ન-બે ભાગવાળા દ્વિરેક તિલકને લાગે તો શ્રુતિસિદ્ધ દ્વિરેખપનાને હાની આવે, અને બે ભાગ ન કરવાથી ધાતુનો અર્ત અસંગત થાય, વચ્ચે બે ભાગ કરવા, એ શ્લોકમાં આવેલો છિદ્ર શબ્દ છિદિ ધાતુ દ્વૈધી કારણાર્થ છે, અને તે રૂધાદિગણ પઠિત છે, વ્યાકરણમાં તેણે ઉણાદિ **સ્ફાયિતઞ્ચિ**, એ સૂત્રથી રફ્ પ્રત્યય લાગે છે, જેથી છિદ્ર શબ્દ બને છે, બે ભાગ કરાય તે છિદ્ર; વચ્ચેથી અભીષ્ટ-પર્યાપ્ત અન્તર રાખીને જે બે ભાગ કરાય તે મધ્યે છિદ્ર, દંડાકાર કરવું અને વચ્ચે બે ભાગ રાખવા-કરવા એમ બે પ્રકારથી જે કલ્પનાઓનો સમુચ્ચય-બે કર્મ ને એક ક્રિયાથી કરવાં તેથી તિલકમાં સંબન્ધ છે, પરમ્પરાથી ચાલુ હોવાથી, હવે જો છિન્નમૂલતા દોષને સ્વીકારવામાં આવે તો કૃત હાનિ-કૃતજે દ્વિરેખ તેની હાનિ, અને જે અકૃત છે તેની કલ્પના નહી, પણ કૃત જે બદ્ધત્વ તેની કલ્પનાનો પ્રસંગ આવે તેથી છિન્નમૂલતા દોષ બીજી જગ્યાએ જ્યા મૂળ કરીને છેદવામાં આવતાં હોય તેવા સ્થાન મેળવતો હોવાથી દ્વિરેખ દંડાકારનો વિષય બનતો જ નથી, વળી જે છેકેલું-ભૂસેલાં સંબન્ધવાળું એવું જે ફક્ત મૂળ, તે જેમાં હોય તેવું તિલક દૂષિત હોવાથી જેમા મૂળ જ

છેકેલું હોય તેમાં દોષ આવે, નહીં કે દંડાકાર એટલે કે દ્વિરેખ એટલે કે વચ્ચે માગવાળામાં. તેથી દંડાકાર તિલકમાં કોઈ પણ પ્રકારનો દોષ નથી.

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## શું આપને લાગે છે કે વિચાર કરવોં જોઈએ ?

૧૪. શ્રીભગવાનના અનુગ્રહથી જીવાત્માને પ્રાપ્ત થયેલા વરણના પરિણામ સ્વરૂપ અભિવ્યક્ત થયેલી આ સ્વભાવગત્ વૈષ્ણવતા મનુષ્યથી કરાયેલા કોઈપણ સાધન વડે પ્રાપ્ય માન નથી.

૧૫. શ્રીમહાપ્રભુજીએ પ્રગટાવેલા શ્રીમદ્‌વલ્લભ સંપ્રદાય-પુષ્ટિમાર્ગમાં શરણાગતિ દીક્ષા (અષ્ટાક્ષર મંત્ર દીક્ષા) તેમજ ભક્તિમાર્ગીય દીક્ષા (ગદ્યમંત્રનું દાન), આ ઉભય દીક્ષા જીવાત્મામાં રહેલી શરણમાર્ગ કે ભક્તિમાર્ગના સ્વાભાવિક ધર્મોને જીવનમાં બહાર પ્રગટ કરી આપે છે. આ ઉભય દીક્ષા કંઈ વરણ પ્રાપ્ત કરવાનું સાધન નથી કે તેના વડે વરણ પ્રાપ્ત થઈ શકતું નથી. પ્રત્યુત્ વરણ પ્રાપ્ત કરેલા જીવમાં તે વરણને બહાર અભિવ્યક્ત કરવાના શરણમાર્ગીય અને ભક્તિમાર્ગીય સંસ્કારો છે જે ભક્તિમાર્ગીય સંસ્કારોનું નિરૂપણ શ્રીભગવાનના સાક્ષાત્ શ્રીમુખથી થયેલું છે.

૧૬. જેમ લાંબા સમુથી ખેતીના ઉપયોગમાં ન આવેલી પડતર જમીનને પહેલાં જંગલી ઘાસ, ઝાડી, ખેતર-ક્યારામાં ઉગી નીકળતાં નકામાં છોડવા,ખડ વગેરેને સાફ કરી, ભૂમિને સમતળ બનાવી ખેડી ચાસીને ખેતીલાયક તૈયાર કરી, જળથી સીંચન કરી, પછી જ પોષણ અને સાચવણી થતા બીજમાંથી પાક થવાથી પરિસ્થિતિ સર્જાય છે, તેવી રીતે શરણાગતિ અને ભક્તિના ખૂબ લાંબા સમુથી (સહસ્ત્ર પરિવત્સર જેટલો કાળ) પડતર રહેલી અંતઃકરણની ભૂમિમાં દબાયેલા બીજભાવના, સફળ પાક માટે અંતઃકરણની ભૂમિના અજ્ઞાન અને સિદ્ધાંત વિરૂદ્ધ આચરણ, ખાનપાન, વ્યવહારની અશુદ્ધિ તથા સંસારાશક્તિ રૂપ નકામા છોડવા, ખડ , વગેરે ને સાફ કરી શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોના હળથી ચાસી, સમતળ બનાવી, તેને સિદ્ધાંત નિષ્ઠાના જળથી ભિનાસવાળી બનાવીએ તોજ અંદર દબાયેલો બીજભાવ ઉપસીને ઉપર આવી શ્રવણ વગેરેના સફળ પોષણ માટે સક્ષમ બને, અને શરણાગતિ કે ભક્તિના સફળ પાક માટે તૈયાર થાય. અન્યથા આ બીજભાવ બિનતૈયાર થયેલી અંતઃકરણની

ભૂમિમાં દબાયેલો જન્મ-જન્માંતર સુધી પડેલો જ રહી જાય. જેમ ખેતરની ઉપજાઉ ભૂમિમાં બીજ વાવેલું હોય ત્યારે તેનાં સુયોગ્ય પોષણ અને સુયોગ્ય કાળજી લેવાથી તે બીઝ અંકુરીત થઇને સમય થતા પરિપાક સુધી પહોંચી ધનધાન્ય આપે છે તેવીજ રીતે શ્રીમહાપ્રભુના સિદ્ધાંત બોધથી તૈયાર થયેલી અંતઃકરણની ભૂમિમાં વરણસ્વરૂપ બીજભાવને પણ યોગ્ય પોષણ આપી તેની સુયોગ્ય કાળજી લેવાથી જ તે અંકુરીત થઇ પરિપાક ને પ્રાપ્ત કરે છે.

...ક્રમશ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## સેવક-વૈષ્ણવો માટે પોતાના શ્રીગુરુદ્વાર-શ્રીગુરુદેવ પ્રતિ સામાન્ય વ્યવહાર

### શ્રીચરણસ્પર્શ કરવાની રીત

ગંદી ચલણી નોટોની ચરણભેટ પ્રથમ મૂકી, ગંદા સ્પર્શયુક્ત હાથથી શ્રીગુરુદેવના શ્રીચરણસ્પર્શ કદી કરવાં નહી. શ્રીચરણસ્પર્શ કરતાં પહેલાં બન્ને હાથને ખાસા (શુદ્ધ) કરવા. ડાબો હાથ સર્વ શાસ્ત્રોક્ત કર્મમાં નિષિધ્ધ હોઇ, જમણા હાથથી શ્રીચરણસ્પર્શ કરવા.

પ્રથમ પોતાનો ડાબો હાથ, જમણા હાથની ભુજાને સ્પર્શ કરાવી, જમણા હાથથી હથેળીને ચત્તી રાખી, પ્રથમ શ્રીગુરુદેવના વામ (ડાબા) શ્રીચરણારવિંદનો સ્પર્શ કરવો. પછી જમણા શ્રીચરણારવિંદનો અને ફરી ડાબા શ્રીચરણારવિંદનો સ્પર્શ કરવો. વામ (ડાબો) શ્રીચરણારવિંદ પુષ્ટિભક્તિ અને જમણું શ્રીચરણારવિંદ મર્યાદાભક્તિનું છે. આથી શ્રીગુરુદેવના ડાબા શ્રીચરણારવિંદનો પ્રથમ સ્પર્શ કરવો.

શ્રીચરણસ્પર્શ કરીને શ્રીગુરુદેવની શ્રીચરણરજ આપના બન્ને નેત્રો, મસ્તક અને હૃદયને લગાડવી. શ્રીગુરુદેવના શ્રીચરણસ્પર્શ કર્યા પછી જ શ્રીગુરુચરણોંમાં ભેટ ધરવી. શ્રીગુરુદેવ જ્યારે એક આસને બીરાજમાન હોય ત્યારેજ શ્રીચરણસ્પર્શ કરવા. અને જ્યારે શ્રીગુરુદેવ પધારતા હોય, તે સમયે શ્રીચરણસ્પર્શ કરવોં નહિ. શ્રીગુરુદેવની પ્રથમ આજ્ઞા લઇનેજ શ્રીચરણસ્પર્શ કરવો.

શ્રીગુરુદેવ સન્મુખ અદબ વાળીને, પગ ઉપર પગ ચઢાવીને, પગ લાંબા રાખીને, પગ ઊંચા-નીચા રાખીને તથા પીઠ દઇને કદી બેંસવું નહિ. વળી શ્રીગુરુદેવથી ઊંચા અથવા

સમાન આસને પણ કદી બેસવું નહિં. પરંતુ આપણા બન્ને પગ ખુલ્લા દેખાય નહિ એ રીતે પલાંઠીવાળીને દીનતાપૂર્વક શ્રીગુરુસન્મુખ બેસવું જોઇએ.

શ્રીગુરુસન્મુખ વિદ્વાન, મોટા અધિકારી કે દ્રવ્યપાત્ર ના અહંકારભાવથી પણ કદી જવું નહિ. શ્રીગુરુ સન્મુખ લૌકિકવાતો કે સાંસારિક ચર્ચા કરવી નહિ પરંતુ એકાગ્રચિત્તે શ્રદ્ધા અને દીનતાપૂર્વક શ્રીગુરુવચનામૃતો શ્રવણ કરવાં.

શ્રીગુરુદેવને આપણાથી **જૈ જૈ શ્રીગોકુલેશ** કદી કહેવાય નહિ, કારણકે શ્રીગુરુદેવને ભગવદ્સ્મરણ કરવાની સેવકમાં કોઇ યોગ્યતા હોતી નથી; પરંતુ શ્રીગુરુકૃપાથી જ ભગવદ્સ્મરણ કરવાનો અને અન્યને કરાવવાનો અધિકાર સેવાકને પ્રાપ્ત થાય છે.

શ્રીગુરુદેવને વિનંતીપત્ર લખવાનો પ્રસંગ આવે ત્યારે પત્રમાં પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ લખવા. ટેલીફોન ઉપર આજ્ઞાપ્રાપ્તિનો અથવા અન્ય કોઇ કાર્યાર્થ વાત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સૌપ્રથમ **કૃપાનાથ ! દંડવત્ પ્રણામ** એમ બોલીને પછી જ વિનંતી કરવી. વાતચીત પૂર્ણ થયા પછી **દંડવત્ પ્રણામ** બોલવું.

શ્રીગુરુદેવ સાથે લૌકિક અથવા અલૌકિક સર્વ પ્રસંગોએ વાતનો પ્રારંભ કરતાં પહેલાં **કૃપાનાથ** સંબોધનનો અવશ્ય ઉપયોગ કરવો. શ્રીગુરુદેવ સન્મુખ પ્રત્યક્ષમાં અથવા શ્રિગુરુદેવ સંબંધી વૈષ્ણવો સાથે પરસ્પર વાર્તા પ્રસંગ કરતાં પણ લૌકિક ભાષાના શબ્દપ્રયોગથી સર્વથા દૂર રહી, કેવળ અલૌકિક શબ્દપ્રયોગોનો ઉપયોગ કરી વાત કરવી જોઇએ. દા.ત. લૌકિક દેહ માટે શરીર શબ્દ વપરાય પરંતુ શ્રીગુરુદેવ માટે **શ્રીઅંગ** શબ્દપ્રયોગ કરવોં. એજ પ્રમાણે શ્રીગુરુપુત્ર માટે **શ્રીલાલજી**, શ્રીગુરુપુત્રી માટે **શ્રીબેટીજી**, શ્રીગુરુપત્ની માટે **શ્રીબહુજી**, હાથ માટે **શ્રીહસ્ત**, પગ માટે **શ્રીચરણારવિંદ**, માથા માટે **શ્રીમસ્તક**, કપડાં માટે **શ્રીવસ્ત્ર**, શ્રીગુરુદેવનું આવવું-જવું તે માટે **પધારવું-વિજય કરવોં** વગેરે વગેરે અલૌકિક ભાષાપ્રયોગનોજ સદા ઉપયોગ કરવો. આ પ્રમાણે મુખરતા દોષો (વાણીના અપરાધ)થી સદા બચવા પ્રયત્નશીલ રહેવું.

વળી શ્રીઠાકોરજી અને શ્રીગુરુદેવનો નામોચ્ચાર કરતાં અગાઉ પ્રારંભે **શ્રી** અને અંતે **જી** અક્ષરનો અવશ્ય ઉપયોગ કરવોં. દા.ત.:શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી, શ્રીગોકુલનાથજી, શ્રીદેવકીનન્દનાચાર્યજી વગેરે.

શ્રીગુરુદેવ પધારે ત્યારે સૌપ્રથમ ઊભા થઇ **શ્રીગોકુલનાથકી જૈ-જય** નો જામઘોષ કરવો. ત્યારબાદ દંડવત્ પ્રણામ કરીને જ બેસવું જોઇએ. એજ પ્રમાણે શ્રીગુરુદર્શન કર્યા પછી પાછા જતી વેળા પણ શ્રીગુરુઆજ્ઞા લઇ, દંડવત્ પ્રણામ કરીને જ ઊભા થવું જોઇએ. બહાર નીકળતાં શ્રીગુરુદેવને પીઠ દઇને કદી નહાર જવું જોઇએ નહિ. જગાના અભાવે કદાચ પીઠ દઇને કદી બહાર નીકળવાનો પ્રસંગ આવે ત્યારે, બહાર નીકળ્યા પછી ફરીથી દંડવત્ પ્રણામ કરી, અપરાધની ક્ષમાયાચના કરવી.

ભગવદ્મંદિર (સ્વગૃહ ભગવન્મંદિર), શ્રીબેઠકજી અથવા શ્રીગુરુદેવ સન્મુખ વૈષ્ણવોએ પરસ્પર **જૈ જૈ શ્રીગોકુલેશ** કહેવા નહિ, કારણકે જેનું સ્મરણ કરીને આપણે અન્ય વૈષ્ણવોને ભગવદ્સ્મરણ કરાવીએ છીએ તે તો આપણી સન્મુખ સાક્ષાત પ્રત્યક્ષરૂપમાં બિરાજમાન હોય છે. આથી વૈષ્ણવોએ ઉપરોક્ત સર્વની પરોક્ષ સ્થિતિમાં જ પરસ્પર ભગવદ્સ્મરણનો વ્યવહાર કરવોં જોઇએ.

સંકલન :- રાજેન્દ્રભાઇ કડકીયા - યુ.એસ.એ

---

## શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વિરચિત બત્તિસ લક્ષણ

### નવમો લક્ષણ - વૈષ્ણવનો જીવ પ્રત્યે ધર્મ

અબ નવમો લક્ષણ કહે હે: - જો કોઇ જીવમાત્ર દુર્વચન કહે સો સહિ રહેનો. વાકો ઉત્તર ન દેનો. ઉન પર ક્રોધ ન કરનો. આપકે મનકો ખેદ ન કરનો. ઉનકો વચન મનમેં ન લાવનો, અપને મનમેં જાનિ રહેનોં, ઉનસો સદૈવ જૈ જૈ શ્રીગોકુલેશ કરનો ઉનકો વચન ભુલાય દેને. જો કછુ ઉપકાર હોય સો કરનો, ઉનકી નિંદા ન કરની; એસી રીતિસો રહનો.

ઇતિશ્રી નવમો લક્ષણ સંપૂર્ણમ્

---

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# આશ્રયકો પદ

રાગ કાન્હરો

ઉદ્ધવ એસો ભક્ત મોહિ ભાવે ।।
સબતજ આશ નિરન્તર મેરી જન્મ કર્મ ગતગાવે ।। ૧ ।।
કથની કથત નિરન્તર મેરી સેવામેં ચિત્તલાવે ।।
મૃદુહાસ નેન જલધારા કરતલ તાલ બજાવે ।। ૨ ।।
જ્હાં જ્હાં ભક્ત મેરો ચરન ધરત હે તહાં તીરથ ચલિ આવે ।।
વે રજ લે મેં અંગ લગાઉં કોટિ બ્રહ્માંડ સુખ પાવે ।। ૩ ।।
મેરી મૂરત ઉનકે હૃદય મેં વે મેરે ઉર આવૈ ।।
બલબલ જાઉં શ્રીમુખ વાણી સૂરદાસ જસ ગાવે ।। ૪ ।।

અંક ૧૧ વર્ષ ૧ માગસર સુદ ૧૧ ૨૦૬૪ મોક્ષદા એકાદશી વ્રત



સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા વતી હું આપ સર્વે ને શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુના પ્રાગટયોત્સવ ખૂબ બધાઇ. આપણા ચતુર્થદ્વારમાં આ અલૌકિક ઉત્સવ-મહોચ્છવ અતિ અલૌકિક રીતે સૌ સુજાતીજનો દ્વારા અતિ ઉત્સાહથી ઉજવાયો. આજ ઉત્સવ નો અનેરો આનન્દ શ્રીમદ્ ગોકુલમાં સૌ કોઇ અનુભવી રહ્યા હતા. ઓચ્છવનો આનન્દ પ્રસરતા આપણા સુખરૂપ શ્રીદાદાજી, શ્રીગુરુચરણ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી-શ્રીમૈયાજી, શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રી-શ્રીબહુજી દ્વારા અતિ રે આનન્દ ભયો આવો મારે સંગે....ને સાર્થક કરે છે. આ સમયે આપણા અલૌકિક ચતુર્થદ્વાર દ્વારા પ્રકાશિત પુસ્તિકા નમોસ્તુ નુ વિમોચન પણ કરવામાં આવ્યુ. શરણાગત જીવ માટે આ પુસ્તિકા ખૂબજ ઉપયોગી છે, ધન ધન છઠ્ઠની રાત સોહાગણી, ના શુભ દિવસે, સૌ સેવકો ને આ પુસ્તક પ્રાપ્ત થઇ. સાથેજ આપણા અલૌકિક ચતુર્થદ્વાર-ચતુર્થગૃહ-પીઠ દ્વારા પ્રકાશિત જૈ જૈ શ્રીગોકુલેશ અંક પણ પ્રકાશિત થઇ ગયો. આ અંકમાં આપ શ્રીમહાપ્રભુ વિરચિત વિવેકધૈર્યાશ્રય ગ્રંથ પર ગો.શ્રીશ્યામલાત્મજ શ્રીવ્રજરાયજી દ્વારા ટીકાનું સરલ ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરેલ છે. તે સૌ રસિક સમાજ ને લાભાંકિત અવશ્ય થશે.

સાથેજ સૌ પાઠકો ને શ્રીગુસાંઇજી પ્રભુચરણના પ્રાગટયત્સવની બધાઇ પાઠવીએ છીએ. અનેરો ઉત્સાહ છે.

ભાવકત

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।



# ગુરુ શિક્ષા - ૪

## સમ્પ્રદાય : ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

સમ્પ્રદાય :

ગુરુ પોતાના શિષ્યને પરંપરાગત રીતે આ સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાનનું દાન કરે એ સમ્પ્રદાયક કહેવાય છે.

સમ્પ્રદાય શબ્દમાં સમ્-પ્ર-દા-ય વર્ણો છે. તેમાં સમ્ ઉપસર્ગ છે, તેનો અર્થ સમ્યક્ છે.

સમ્યક્ :- ભગવાનની આજ્ઞાથી જીવો પર દયા કરીને વેદના સારરૂપ શિષ્ય પરંપરાથી પ્રાપ્ત થયેલું હોય તે સમ્યક્ છે.

પ્ર :- ઉપસર્ગ પ્રકૃષ્ટતાનો વાચક છે.

દા:- ધાતુ(ક્રિયાપદ) દાનાર્થક છે.

આમ સઘળા શબ્દો ભેગા મળીને ભગવાનની આજ્ઞાથી જીવો પર દયા કરવા માટે પરંપરાથી પ્રાપ્ત થયેલું પ્રકૃષ્ટ-દાન એટલે સમ્પ્રદાય તરિકે ઓળખાય છે. આવું ઉત્તમ દાન વેદના તત્ત્વરૂપ છે. એ જ્યાંથી મેળવી શકાય તેને **માર્ગ** પણ કહેવાય છે. તેથી જ્યાં મંત્ર દ્વારા પરંપરાગત બ્રહ્મજ્ઞાન મળતું હોય તે સમ્પ્રદાય અથવા માર્ગ છે. આવું જ્ઞાન જ્યાં ન મળે ત્યાં પંથ શબ્દ સામાન્યતઃ વપરાય છે. સમ્પ્રદાય એ કાં વાડો નથી. (આપણા પુષ્ટિમાર્ગમાં આજે જો કોઇ પૂરતું પરંપરાગત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું હોય તો તે આપણા અલૌકિક શ્રીચતુર્થગૃહ-પીઠમાં પ્રાપ્ત થાય છે.)



## વૈષ્ણવ સમ્પ્રદાય :-

અનેક સમ્પ્રદાય, માર્ગ શાસ્ત્રમાં તથા લોકમાં પ્રસિદ્ધ છે. તેમાં શૈવ સમ્પ્રદાય, શાક્ત સમ્પ્રદાય, ગાણપત્ય સમ્પ્રદાય, શૌર્ય સમ્પ્રદાય, અને વૈષ્ણવ સમ્પ્રદાય છે. તેમાં વૈષ્ણવ સમ્પ્રદાયમાં મુખ્ય ચાર સમ્પ્રદાય છે. ભગવાનની આજ્ઞાથી રુદ્ર, લક્ષ્મીજી, બ્રહ્માજી અને સનતકુમારે એ તે પ્રસિદ્ધ કર્યા છે.

કાલક્રમે એનો લોપ થતાં પુનઃ ભગવાનની ઇચ્છાથી વિષ્ણુસ્વામી, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય વગેરે એ એનું સમર્થન કર્યુ.

એમાં વિષ્ણુસ્વામીની પરંપરામાંની ગાદી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી એ સ્વીકારી. શ્રીમદ્ વલ્લભાચાર્યજી એ શુદ્ધાદ્વૈત સમ્પ્રદાય અથવા પુષ્ટિમાર્ગ (પૃથ્થકશરણમાર્ગ) શાસ્ત્રમાં ગુપ્ત હતો તેને ભગવાનની આજ્ઞાથી પ્રકટ કર્યો.

## વિષ્ણુસ્વામીની પરંપરા :-

વિષ્ણુસ્વામીની પરંપરામાં આચાર્ય પરંપરા પુરુષોત્તમ શ્રીકૃષ્ણાથી જોડેલી છે. શ્રીકૃષ્ણ, શ્રીરુદ્ર, શ્રીનારદ, શ્રીકૃષ્ણદ્વૈપાયન-ભગવાન શ્રીવ્યાસ, શ્રીશુકદેવજી, શ્રીવિષ્ણુસ્વામીદ્રાવિડ, બિલ્વમંગલ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી આ ગાદીની આચાર્ય પરંપરા છે. તેમાં વિષ્ણુસ્વામીનો ભક્તિ મત તામસ છે. અને શ્રીવલ્લભાચાર્યજીનો પ્રતિપાદિત પુષ્ટિમાર્ગ નિર્ગુણ છે.

સાક્ષાત ભગવાન પુરુષોત્તમ શ્રીગોકુલેશ-શ્રીકૃષ્ણ ની આજ્ઞાથી (સિદ્ધાંત રહસ્ય ગ્રંથ) શ્રીવલ્લભાચાર્યજીએ દૈવીજીવોના ઉદ્ધાર માટે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે.

તો જીવ શ્રીપુષ્ટિપ્રભુ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણે આપણું વરણ પુષ્ટિજીવ તરિકે કર્યુ છે, આપણામાં પુષ્ટિ બીજ રોપ્યુ છે તો ચાલો આ બીજ ને ફલીભૂત કરવા શ્રીવલ્લભાચાર્યજી, શ્રીઉભય પ્રભુચરણ (શ્રીગોપીનાથજી-શ્રીવિઠ્ઠલનાથજી),

શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ, શ્રીયમુનાજી, શ્રીપુષ્ટિપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીદ્વારભૂત શ્રીગુરુચરણમાં દૃઢ નિષ્ઠા અને દઢાશ્રય સાથે આપણા આ બીજને સાચું સિંચન આપીએ અને શ્રીમહાપ્રભુજી અને પુર્વાચાર્યોએ નિર્દેશેલ પુષ્ટિમાર્ગ અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંત ઉપર બિરાજતા શ્રીગુરુચરણના માર્ગદર્શન લઇ મહાત્મ્યજ્ઞાન (અજ્ઞાન, અવિદ્યા દૂર કરી) પામી શ્રીપૂર્ણપુરુષોત્તમ શ્રીગોકુલેશમાં સુદૃઢ અને સર્વાતોધિક (સર્વથી અધિક) સ્નેહ-પ્રેમ કરીએ.

સંકલન:- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

## ગુરુ કેવા

## દીક્ષા-મંત્રગ્રહણ અધિકારી-૨

...ગતાંકથી આગળ

**ગુરુદેવ**:- આ ઉપરથી ચારે વર્ણ તથા ચારે આશ્રમવાળાઓને શ્રવણાદિ દ્વારા ભગવદ્ભક્તિને સંપાદન કરાવનાર પારંપરિક સત્સંપ્રદાયનું સંસેવન અતીવ આવશ્યક છે. એમ સિદ્ધ થાય છે. મંત્રસારમાં લખ્યુ છે :-

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरि: ।।

અર્થ :- જેણે ભગવન્મંત્રની દીક્ષા લીધી છે તેનેજ શ્રીહરિ પૂર્ણ રીતે પ્રસન્ન થાય છે બીજાને નહિં, તેથીજ ગીતાજીમાં અર્જુન પ્રત્યે ભગવાન શ્રીગોકુલેશ આજ્ઞા કરે છે :

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्यु: पापयोनय: ।।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ।।९-३२
किं पुनर्ब्रह्मणा: पुण्या भक्ता राजर्पयस्तथा ।।

અર્થ :- સ્ત્રીઓ, વૈશ્યો, તથા શૂદ્રો જે પાપયોનિવાળા છે તે પણ મારો આશ્રય કરીને ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. તો પછી પુણ્યરૂપ બ્રાહ્મણો તથા રાજર્ષિઓ ભક્ત હોય તે ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય તેમાં તો કહેવુંજ શું ?

એવીજ રીતે નારદપંચરાત્રના રાત્ર ૩ અધ્યાય ૧ શ્લોક ૧૩માં કહેલ છે કે –

सर्वेषु वर्णेषु तथाश्रमेषु नारीषु नानासु यजन्मखेषु ।।
दाता फलनामभिवाञ्छितानां द्रागेव गोपालकमन्त्र एषः ।।१३।।

અર્થઃ- યજ્ઞ કરનાર સર્વ વર્ણાશ્રમિઓ તથા નાના પ્રકારની સ્ત્રીઓને અભિવાંછિત ફલને જલદી આપનારો આ ગોપાલમંત્ર છે. એમ જ મંત્રસાર ગ્રંથમાં કહ્યુ છે કે :-

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ।।
ब्राह्मणः क्षत्रियो वापि वैश्यः शूद्रोऽथवा पुनः ।।
एवं स्त्रियो वा यत्नेन गुरुमेव समाश्रयेत् ।।

અર્થઃ- શ્રીહરિ વિશેષે કરીને દીક્ષા લેનારનેજ પ્રસન્ન થાય છે, દીક્ષા સિવાય પ્રસન્ન થતા નથી માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રીઓએ પ્રયત્નપૂર્વક ગુરુનો આશ્રય કરવો અર્થાત્ ગુરુને શરણે જવું. તેમજ અવતારવાદાવલીમાં વિષ્ણુયામલનું વાક્ય છે કે :-

ब्राह्मणन् क्षत्रियान् वैश्यान् सच्छूद्रान् सत्स्त्रियोऽपि वा ।।
विष्णुभक्तिरतान् साधून् दीक्षयेद् विधिना गुरुः ।।

અર્થઃ- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સત્ શૂદ્ર અને ધર્માચરણવાળી સ્ત્રીઓ તેમજ વિષ્ણુભકત સાધુપુરુષોને ગુરુએ વિધિપૂર્વક દીક્ષા આપવી.

સર્વ વર્ણાશ્રમીઓનો ભગવદ્ભક્તિ કરવી એ મુખ્ય ધર્મ છે એમ પ્રથમ બતાવ્યુ. તે ભગવદ્ભક્તિ વૈષ્ણવ ગુરુદ્વારા ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કર્યા વગર સિદ્ધ થતી નથી, માટે ચારે વર્ણ તથા ચારે આશ્રમીને વૈષ્ણવગુરુદ્વારા ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આવશ્યકતા છે, તેમાં પ્રત્યેક વર્ણને ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કરવાની આવશ્યકતા કેવી રીતે છે તે સંક્ષેપમાં નીચે જણાવીએ છીએ, તેમાં પ્રથમ બ્રાહ્મણને ભગવન્મંત્રોપદેશ લેવો જોઇએ કે કેમ, તે બતાવીએ છીએ. શ્રીભાગવતના સપ્તસ્કંધના અધ્યાય ૧૧ શ્લોક ૨૧માં કહ્યુ છે કે ––

शमो दमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवम् ।।



ज्ञानं दयाऽच्युतात्मत्वं सत्यं च ब्रह्मलक्षणम् ।। २१ ।।

અર્થ:- શમ, દમ, તપ, પાવિત્ર્ય, સંતોષ, ક્ષમા, નિષ્કપટીપણું, જ્ઞાન, પ્રાણીમાત્ર ઉપર દયા, ચિત્તને પ્રભુમાં પરોવવું, સત્ય બોલવું આ બ્રાહ્મણના ધર્મો છે.

આ શ્લોકમાં બતાવેલા બ્રાહ્મણના ધર્મમાં શમદમાદિ સાધનો સાથે અચ્યુતાત્મત્વ પદથી ભક્તિનું પણ વિધાન છે તેથી બ્રાહ્મણને પણ ભક્તિ કરવાનું કહેલું છે. તેમજ શ્રીભાગવતના એકાદશસ્કંધમાં અધ્યાય ૧૭ શ્લોક ૧૫માં કહ્યુ છે કે –

शमो दमस्तपः शौचं सन्तोषः क्षान्तिरार्जवम् ।।
मद्भक्तिश्च दया सत्यं ब्रह्मप्रकृतस्त्विमाः ।। १५ ।।

અર્થ:- આ શ્લોકમાં પણ મદ્ભક્તિશ્ચ પદથી ભગવદ્ભક્તિ કરવાનું કહેલું છે તેથી બ્રાહ્મણોએ ભગવદ્ભક્તિ કરવી એમ સિદ્ધ થાય છે અને તે ભગવદ્ભક્તિ વૈષ્ણવ-ગુરુદ્વારા ભગવન્મંત્રોપદેશ ગ્રહણ કર્યા વગર સિદ્ધ થતી નથી માટે બ્રાહ્મણોએ પણ વૈષ્ણવગુરુદ્વારા ભગવન્મંત્રોપદેશ અવશ્ય ગ્રહણ કરવો જોઇએ.

શ્રત્રિયને પણ આત્મવિદ્યા શુદ્ધાદ્વૈતજ્ઞાન સંપાદનાર્થ પારંપરિક સત્સંપ્રદાયાનુસરણ ની આવશ્યકતા છે. જેમકે ભગવાન મનુ અધ્યાય ૭ શ્લોક ૪૩માં કહ્યુ છે કે ——

त्रैविद्येभ्यस्त्रयीं विद्यां दण्डनीतिं च शाश्वतीम् ।।
आन्वीक्षिकीं चात्मविद्यां वार्तारम्भाश्च लोकतः ।। ४३ ।।

અર્થ:- અહિં મનુ ભગવાનના વાક્યમાં ક્ષત્રિયને વેદત્રયી, રાજનીતિ, તર્કવિદ્યા વિગેરેનો જેમ અભ્યાસ કરવાનું કહ્યુ છે તેમ આત્મવિદ્યાનો પણ અભ્યાસ કહ્યો છે અને આત્મવિદ્યા પારંપરિક સત્સંપ્રદાયાનુસરણ વિના સિદ્ધ થઇ શકતી નથી તેથી ક્ષત્રિયને પણ શુદ્ધાદ્વૈતજ્ઞાનપૂર્વક પરાભક્તિની પ્રાપ્તિ સારૂ પારંપરિક વૈષ્ણવ ગુરુને શરણે જવું આવશ્યક છે.

(...ક્રમશ:)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# સિદ્ધાંત રહસ્ય

...ગતાંકથી આગળ

**ગુરુદેવ** :- આત્મના સહ આ સ્થળમાં સહ પદ વડે જેમ લોકમાં પિતાને નિમંત્રણ આપ્યું ને પિતાની જોડે પુત્ર પણ પિતાની સાથે જાય છે તેથી પ્રધાનતા પિતાની છે, નહિ કે પુત્રની, તેવી જ રીતે સમર્પણ ગદ્યમાં આત્મનિવેદન, શ્રીમદ્‌ભાગવતના ૧૯માં અધ્યાયમાં કહેલા મહદ્વિમૃગ્ય ભક્તિના અધિકારનો બોધ કરાવે છે. તેથી વાક્યકે અર્થ ની અપૂર્વતા હોવાથી તે ગદ્ય કોઇ પણ પૂર્વોક્ત સ્થળનો અનુવાદ નથી.!!

ચાલો , હવે બીજા શ્લોક પર આગળ વધીએ.

**બ્રહ્મસંબંધકરણાત્સર્વેષાં દેહજીવયો: ।।**
**સર્વદોષનિવૃત્તિર્હિ દોષા: પંચવિદ્યા: સ્મૃતા: ।। ૨ ।।**

અર્થ: બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવાત્માના સર્વ દોષો નિવૃત્ત થઇ જાય છે. દોષો પાંચ પ્રકારના બતાવવામાં આવ્યા છે. બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મ સાથેનો સંબંધ. પદાર્થમાત્રમાં / વસ્તુમાત્રમાં શ્રીભગવાનના સ્વામીપણાનો સંબંધ. તેનો કરણ એટલે શ્રીભગવાનને સાક્ષાત્ પ્રગટ થઇ, શ્રીમહાપ્રભુને ગદ્ય વડે જે આત્મસમર્પણનો પ્રકાર કીધો, તે આવા આત્મનિવેદનના પ્રકારથી ભગવાનમાં આત્મા સહિત પોતાના દરેક ***પદાર્થ ભગવાન તેના (પદાર્થોના) સ્વામી છે***, એવું વિશેષ જ્ઞાપન કરવું. **સ વૈ નૈવ રેમે, ક્રીડાર્થમાત્માનમિદં ત્રિજગત્કૃતમ્** આ પ્રમાણવચનો વડે બ્રહ્મસંબંધ એટલે - વાસ્તવમાં પદાર્તમાત્રની ભગવદીયતા હોવા છતાંય **સ વૈ નૈવ રેમે** આ શ્રુતિ વચનના આધારે રમન માટે બીજા (સર્જનમાત્રની) ની ઉપસ્થિતિ જરૂરી હોવાથી દરેક પદાર્થમાં જીવાત્માની સ્વત્વ-સ્વીયત્વની જે અભિમતિના પરિત્યાગથી તે પદાર્થોમાં ભગવદીયતાનો વિજ્ઞાપન કરવું.

તેથી આત્મનિવેદન કરનાર દરેક દેહ-જીવાત્મા (સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર)ના સર્વદોષો નિવૃત્ત થઇ જાય છે. **હિ** એટલે નિશ્ચિતપણે. કેમકે ભગવાને શ્રીમદ્‌ગીતામાં

**યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્।**
**યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ।। ગીતા ૯-૨૭**

આ શ્લોકમાં સર્વ કર્મોનું અર્પણ ભગવદર્થ કરવાનો કર્તવ્યરૂપે ઉપદેશ કર્યો છે. **શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ** (ગીતા ૯/૨૮) આ શ્લોકમાં તે સર્વકર્માપણ કરવા નો ફળ કહી રહ્યા છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં **યાનાસ્થાય નરો રાજન્ ન પ્રમાદ્યેત કર્હિચિત્** (શ્રીમદ્ભાગવત ૧૧/૨/૩૫) આ શ્લોક વડે ભાગવત્ ધર્મોના આચરણથી પ્રમાદ વિગેરેનો અભાવ પણ બતાવવા આવેલ છે). આ વાત યુકત છે.

વાસ્તવમાં પદાર્થમાત્રની બ્રહ્મરૂપતા હોવાથી, તે તે પદાર્થોમાં ભગવદીયતાનો અનુસંધાન રાખતા તે બ્રહ્મરૂપતાનો ઉપદેહઃ (ઉપ-દિહ્-ઘઞ્, દિહ્ ઉપચયે, વૃદ્ધૌ - આચ્છાદક) આચ્છાદન કરનાર પ્રકૃતિના ગુણોથી આ દેહમાં ઉત્પન્ન થયેલાં દોષોની નિવૃત્તિ થાય છે. આ હોવા પર જીવ (જિવુ પ્રાણધારણે) વિગેરે સૂક્ષ્મ દોષોના કારણે તે સદોષજીવ થકી કરવામાં આવતી સેવાનો અંગીકાર શ્રીપ્રભુ કરશે કે કેમ? આ પ્રકારની ચિન્તા ન કરવી જોઇએ. અહીં **સર્વેષાં** આ પદ વડે સપ્તમ સ્કન્ધમાં શ્રીપ્રહ્લાદના વાકયો

**દેવોડસુરો મનુષ્યો વા યક્ષો ગન્ધર્વ એવ વા।**
**ભજન્ મુકુન્દચરણં સ્વસ્તિમાન્ સ્યાદ્યથા વયમ્।।**

(શ્રીમદ્ભાગવત ૭/૭/૫૦)ના આધારે ભગવદ્ ભજન ના બધાંજ અધિકારીઓનો સમાવેશ કરી દીધો છે. જીવ પદ, શરીર વિશિષ્ટ ચેતન એટલે કે ચૈતન્ય યુકત શરીર થાય છે. અહિં કેવળ ચેતન (શરીર વગરનું ચેતન) ની વાત કરવામાં નથી આવી. કેમકે કેવળ જીવાત્મા તો સર્વદા નિર્દુષ્ટ હોય છે. તે તો ભગવદંશ હોય છે, તેથી તેમાં દોષ હોતા નથી. આ વાત શારીર બ્રાહ્મણમાં કહેવામાં આવી છે. શ્રીમહાપ્રભુએ જે **દેહજીવયોઃ** માં **દેહ** પદ જુદી રીતે પ્રયુક્ત કરેલો છે. સ્વતન્ત્ર આપવાનો તાત્પર્ય છે કે સ્થૂળ શરીરના દોષો તો વારંવાર અનુભવાતાં દોષની બહલતા થઇ જાય છે. અથવા જીવ પદ થી અવિદ્યાના સંબંધવાળો ચૈતન્ય - આ પ્રકારે પણ અર્થ કરી શકાય. દેહ પદ, સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર - આવા બન્ને અર્થને ધારણ કરનાર છે.

**શિષ્ય :-** ગુરુદેવ, આપશ્રીની કૃપાદષ્ટિ અને અમૃતવાણીથી ખૂબજ સરલતાથી સર્વ ગ્રંથમાં આવનાર સારને સમજી શકાય છે. પણ જીવ છીએ, એટલે શંકા થાય. ફરી મને એક શંકા થાય છે. આપ કૃપા કરીને મારુ સમાધાન કરશો. કૃપાનાથ, જો બ્રહ્મસંબંધ કરવા માત્રથી જો દરેક દેહ અને જીવાત્માના સર્વદોષો દૂર થઇ જાય તો, પ્રતિબંધ સ્વરૂપ દોષોનો અભાવ હોવાથી, બ્રહ્મસંબંધ લીધા પછી તરત જ સેવા થકી પ્રાપ્ત થતું મુખ્ય/પરમ ફળ સિદ્ધ થઇ જવું જોઇએ. બીજું કે સમર્પણ ગદ્યમાં સમર્પણનો ફળ ભગવાન માટે (તાદર્થ્ય ચતુર્થ્યા) કહેવામાં આવ્યુ હોવાથી. પરમ ફળની પ્રાપ્તિના કારણે દાન કરવું જોઇએ અને પરમ ફળ, ભગવદિચ્છાને અધીન હોવાથી અર્થાત્ કે આ ત્રણ કારણોસર જો ભગવાન મુખ્ય ફળનો દાન કરવા ન ઇચ્છતા હોય તો ઇચ્છતા હોય તો આત્મનિવેચી જીવને, મુખ્ય ફળના અભાવે કમ સે કમ સાયુજ્ય (ભગવાનમાં લીલ થવું) પ્રાપ્તિ તો થશે જ ! ત્રીજું કે ત્યાં પ્રતિબંધકો ન હોવાથી તે જીવ આત્મનિવેદનરૂપી (નવધાના અંગસ્વરૂપ સામાન્ય ભક્તિ) સેવા તો કરી જ રહ્યો છે અને ભાગવત ધર્મોનું માહાત્મ્ય છે કે સેવા કદીય નિષ્ફળ જતી નથી. તેથી ઉપરોક્ત સર્વ બાબતોનો ખ્યાલ કરતા લાગે છે કે આવી પરિસ્થિતિમાં (મુખ્ય ફળના અભાવમાં અને સાયુજ્યાદિ ગૌણ ફળની પ્રાપ્તિ હોવાપર) તો જે પુષ્ટિ ભક્તિમાર્ગની વિવક્ષા કરેલી છે તે પુષ્ટિ મર્યાદા ભક્તિમાર્ગનો ઉપદેશકના અભાવ (કેમકે જો સામાન્ય ભાગવત્ધર્મોથી સાયુજ્યાદિ મુક્તિ થતી હોય તો ઉપદેશ કરનાર પોતે નિત્યલીલાસ્થ / મુક્ત થઇ જશે એવી સમ્ભાવના જોતાં...) હોવાથી ઉચ્છેદ/નાશ થઇ જાય!!

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંકથી આગળ

રસિકભાઇઃ- અમારા જેવા તો આ બાબતમાં આમ જાણે છે કે *જ્ઞાત્વાઽજ્ઞાત્વા ચ કર્માણિ જનોઽયમનુતિષ્ઠતિ ।। વિદુષઃ કર્મસિદ્ધિઃ સ્યાત્તથાનાવિદુષો ભવેદ્* ઇતિ

— મનુષ્યમાત્ર જાણે-અજાણે પણ કર્મ તો કરે જાય છે, તેમાં જાણકાર ને જે પ્રમાણે કર્મની સિદ્ધિ થાય છે તે પ્રમાણે અજાણનાર ને થતી નથી.

મુકુન્દદાસ :- વાત તમારી સાચી. આ વચનો ભગવાન શ્રીગોકુલેશના વચનામૃતના માધુર્ય-રસના રસિક ભવદીયો સાધારણ મનુષ્યની જેમ બધા કરે તેમ કરવું તેમ માની ને દ્વિરેખ-દંડાકાર તિલકનો આદર કરતાં નથી, પરન્તુ તેના માહાત્મ્યને સમજીનેજ સ્વીકારે છે. દંડાકાર શબ્દમાં દંડ સરખો છે. આકાર જેનો તે દંડાકાર-એ સમાસમાં દંડ સરખો તે દંડવત્ એ શબ્દ *દંડવત્ એ સરખી ક્રિયા હોય તો વત્પત્યય થાય.* એમ વ્યાકરણશાસ્ત્રમાં કહેલા સૂત્ર પ્રમાણે એકવચનની વ્યુત્પત્તિથી સિદ્ધ વત્પત્યયાન્ત છે, તેથી એક દંડની જેમ વ્યવસ્થાવાળાને વચમાં ભાગ કરવાને પોંછતાં જો મૂળ પણ પોંછાય તો તેમાં આ છિન્નમૂલતા નામનો દોષ આવે, આ દંડાકારને જ ભારતમાર્તંડ પોતાના સત્સિદ્ધાંત માર્તન્ડમાં ચરણાકારના ઉપલક્ષણપણા વડે ઓળખાવે છે, પરન્તુ દ્વિરેખ નહિ, તેને તો ઉર્ધ્વપુંડ્રધારણવાદ (શ્રીપુરુષોત્તમચરણ વિરચિત ગ્રંથ)માં કેટલાક એમ કહીને અલગ રીતે પ્રતિપાદન કરે છે, તેથી કેટલાક એ શબ્દવડે શ્રીગોકુલેશના અનુયાયીઓને શ્રીપુરુષોત્તમજી, શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયના એકાદશીપણાથી વ્યવહાર કરતા-ઓળખાવતા જણાય છે, તિલકની બાબતમાં જૂદા પડવાથી, તે પ્રમાણે પ્રતિપાદન કરવાથી. ત્યાર પછી ક્ષત્રિયોના તિલકનો તફાવત બતાવ્યા બાદ તેઓએ *ઉપરથી કૈંક પ્હોળું હોય તે પદાકૃતિ અને સરખું હોય તે દંડાકૃતિ જાણવું,* એમ વ્યાખ્યા કરી છે, આમ લખવામાં કારણરૂપે શ્રીગુસાંઇજીની વાણી જ છે; દ્વિરેખ-તિલક તે પણ દંડાકાર છે, અને તે *બે દંડનો આકાર તે દંડાકાર, તે સરખો છે આકાર જેનો તે દંડાકાર*, ગૌરવ તો બન્નેમાં સરખું છે અને વિનિગમના-એકને સબળ કરવાની દઢ યુક્તિનો વિરહ તે પણ તેવોજ, નહિ તો વિશેષણ ન થઇ શકે, *સપ્તમ્યન્ત અને ઉપમાન જેમાં પૂર્વપદ હોય તેનો બીજા પદથી સમાસ થાય અને ઉત્તરપદનો લોપ થાય,* એ વાર્તિક વડે દંડાકાર સરખો તે બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ છે, તેમા ઉત્તરપદ આકાર શબ્દનો લોપ કહેવાનો

છે, અહિં મૂળથી જ જૂદો કરાતો બે દંડનો આકાર *નાકના મૂળથી આરંભીને કપાળના અંત સૂધી કુંકુમવડે બે સરખાઓ લખે-કરે, અને બન્ને ભવાંના મધ્યથી આરંભીને અન્તરાલ-છેટું રાખે*, એમ આ બન્ને વિધિથી પ્રતીત થાય છે, અને નાકનું મૂળ તો જેને જેવું આચારથી પ્રાપ્ત મનાતું હોય તે યોગ-રૂઢિથી ગ્રહણ કરવું તેમ આકર ગ્રંથોમાં લખ્યુ છેજ. તેથી (નાકના મૂળથી) પ્રારંભીને કપાળની ટોચ સૂધી કંકુ વડે લખવાથી અને બન્ને ભવાનાં મધ્યથી સારી રીતે આરંભીને અન્તરાલ છેટું રાખવાથી સ્પષ્ટ રીતે દ્વિરેખ દંડાકારવાળાપણું સિદ્ધ થાય છે, આ પ્રમાણે જેમાં દંડ શબ્દથી કહેવાતી બે રેખાઓ મૂળથી છેડા સુધી છુટ્ટી કરાતી પોંછાય કે જેને એક અથવા બે રેખાઓમાં કયાંથી અથવા શું પોંછાય (ભૂસી લેવું) કે જેને લઇને છિન્નમૂલતા દોષ દેખાય, વળી છેદાય તે છિન્ન કહેવાય એમ હોવાથી છિદિધાતુને નિષ્ઠાર્થમાં *ક્ત* પ્રત્યય થાય છે, નિષ્ઠા શબ્દ વડે નિયતસ્થાન અને નિષ્પત્તિ એમ બે અર્થ સમજાય, તેમાં મૂળથી આરંભીને છેટું રાખવાથી નક્કી કરેલું સ્થાન જરાપણ વિકાર પામતું નથી અને છિન્નપણાની નિષ્પત્તિ-સિદ્ધિ તો પોતાનાથી થાય છે કે બીજાથી? પોતાનાથી તો થતી નથી, મૂળથી ટોચ સુધી જુદુંજ આરંભ કરાતું હોવાથી, બીજાથી તો થાય જ નહિ, કરેલી બન્ને રેખાઓ તેમની તેમજ રહેવાથી, એટલે સમજાય છે કે દ્વિરેખ-દંડાકારથી બીજે ઠેકાણે છિન્નમૂલતા એ દોષને અવકાશ છે એમ માત્સર્યરહિત સત્શાસ્ત્રમાં પારંગત વિદ્વાન પુરુષોએ પોતેજ વિચારવું.

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઈએ ?

...ગતાંકથી આગળ

૧૭. વરણના સ્વરૂપે પ્રાપ્ત થયેલા આ બીજ ભાવને શ્રવણ-મનન-ચિંતન અને કથનમાં પોષણની સતત આવશ્યકતા રહે છે. જ્યાં શ્રવણ-મનન-ચિંતન-કીર્તન વિગેરેનું પોષણ મળતું નથી ત્યાં અનિવાર્ય પણે આ બીજ ભાવ અંકૂર દશાને પ્રાપ્ત થતો નથી.



૧૮. શ્રીમહાપ્રભુજીના માર્ગમાં શરણમાર્ગ અને ભક્તિમાર્ગના બીજભાવને શ્રીમહાપ્રભુએ અને ઉભય શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણોએ બતાવેલા પ્રકારથી જ પોષણ આપી શકાય.

૧૯. શ્રીમહાપ્રભુએ દર્શાવેલો પ્રકાર પુષ્ટિમાર્ગના પ્રાચીન આચાર્યોએ ખૂબજ સારી રીતે સરળતાથી સમજાવ્યો છે. પરંતુ તે સમજવાની કર્તવ્યતા આપણાં જ ફાળે આવે છે.

૨૦. શ્રીમહાપ્રભુનો માર્ગ તેમજ શ્રીમહાપ્રભુની વાણી અને તેમાં દર્શાવેલાં શરણાગતી અને ભક્તિનું સ્વરૂપ તથા શરણાગતી અને ભક્તિમાર્ગને પ્રવૃદ્ધ કરવાના ઉપાયો, શ્રીમહાપ્રભુથી વિરુદ્ધ તેવા વ્યક્તિઓનો સંગસાથ કરી કે શ્રીમહાપ્રભુના સિદ્ધાંત વિરૂદ્ધ સ્થળોમાં જવાથી સર્વથા મેળવી શકાતા નથી.

૨૧. શ્રીમહાપ્રભુ અને શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના મુખારવિંદથી પ્રગટેલા પુષ્ટિમાર્ગના મૂળભૂત અને સામાન્ય સિદ્ધાંતોનો પણ જેમણે બોધ ના હોય તેઓને કોઇપણ સંજોગોમાં પુષ્ટિમાર્ગીય કહેવાય નહિ.

૨૨. શ્રીમહાપ્રભુ અને શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના સિદ્ધાંત વિરૂદ્ધ સ્થળો કે જ્યાં

શ્રીપ્રભુના સ્વરૂપ શ્રીઠાકોરજીનુ સામુહિક પ્રદર્શન થતું હોય.

શ્રીઠાકોરજીને ઉભય શ્રીઆચાર્યચરણોનાં સિદ્ધાંત વિરુદ્ધ સેવવામાં આવતા હોય.

શ્રીઠાકોરજીની સેવા(?) માટે પૈસા લેવામાં અને આપવામાં આવતા હોય.

શ્રીઠાકોરજીના મનોરથો પૈસા આપીને એવા બધા લોકો કરતા હોય કે જેઓનો તે સ્વરૂપ સાથે સેવ્ય સેવકપણાનો સંબંધ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો મુજબ ન હોય.

પૈસા આપનાર ફીનેન્સીયર વર્ગ જુદો હોય, તેનો વહીવટ કરનાર વર્ગ જુદો હોય, અને તે પૈસા લઇને ઠાકોરજીની ટહેલ-ચાકરી કરનાર વર્ગ જુદો હોય...

...એવા સર્વથા અપ્રામાણિક-શ્રીમહાપ્રભુના સિદ્ધાંતનો ભંગ કરનારી, પુષ્ટિભક્તિમાર્ગને ઘોર અનીતિ અન્યાય કરનારી-ભગવદ્ સંબંધી વ્યવસ્થા ચલાવવામાં આવતી હોય તેવા સમસ્ત પુષ્ટિમાર્ગીય જાહેર મંદિર-દેવાલયો, સર્વથા પુષ્ટિમાર્ગીય નથી. તેમજ જ્યાં



ભગવદ્ નામનું, ભગવત્ કથા વાર્તાનું અને શ્રીપ્રભુમાં પ્રેમ સિદ્ધ કરાવનારી દશવિધલીલાનું દિગ્દર્શન કરાવનારી શ્રીમદ્ભાગવતનું વ્યાવસાયીક આયોજન થતું હોય, તે નામે પૈસાનું લેણદેણ થતું હોય, ફંડફાળો કે ભંડોળ એકઠું કરવામાં આવતું હોય, આવા ભગવદ્ નામનું અને શ્રીમદ્ ભાગવતના વિક્રય કરનારા કોઇપણ સ્થળો પુષ્ટિમાર્ગીય નથી.

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## સેવક-વૈષ્ણવ માટે પોતાના શ્રીગુરુદ્વાર-શ્રીગુરુદેવ પ્રતિ સામાન્ય વ્યવહાર

ચરણામૃત :-

ગૃહ્ણામિ ગોકુલાધીશ ચરણામૃતમાદરાત્ ।।
અતસ્ત્વત્સેવનાસિદ્ધયૈ મયિ દીને કૃપાં કુરુ ।।

ઉપરોક્ત શ્લોક અથવા અષ્ટાક્ષર મહામંત્રના ઉચ્ચાર સાથે, પ્રસાદી ચરણામૃત ઊંચેથી મુખમાં મૂકવું, તથા બન્ને નેત્રો, હૃદય અને મસ્તકે લગાડવું.

તિલક :-

વૈષ્ણવ ભાઇઓએ નાસિકાના મૂળમાંથી આરંભી લલાટના મધ્યભાગે કેશ પર્યન્તનું - પ્રસાદી કંકુને શુદ્ધ જળમાં ભીંજવીને દંડાકાર તિલક કરવું. વાંકુચૂકું, ઝાંખુ, બેડોળ, અતિ નાનું અથવા અતિલાંબુ તિલક કરવું નહિ.

દંડાકાર તિલકમાં શ્રીયમુનાજીના ઉભય તટ વચ્ચે શ્રીઠાકોરજીની ક્રીડાસ્થલીની **ભાવના** (અહિ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજી દ્વારા રચીત નિબંધ ગ્રંથમાં કહેલ દંડાકારં લલાટે સ્યાત્... દ્વારા સમજી શકાય) રહેલી છે. વળી પ્રભુ આપણા સ્વામી અને આપણે એમ ના દાસ છીએ એવો ભાવ પણ સૂચિત થાય છે.

વૈષ્ણવ બહેનોએ પ્રસાદી ચાંલ્લો કરવો, પરંતુ પ્રલાસ્ટિકના તૈયાર ચાંલ્લા ધારણ કરવા નહિ.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

## શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વ્યક્ત બત્તિસ લક્ષણ

### દશમો લક્ષણ - સેવા સ્વયં કરવી..

અબ દશમો લક્ષણ કહત હૈઃ - જો સેવા કાહુકે ભરોસે ન છોડની. અપને સેવ્ય શ્રીઠાકુરજીકી સેવા આપુહી કરની. આછી ભાંતિસો શ્રૃંગારાદીક સમય સમયકો કરનો. આભરણ નાકી ભાંતિસો પહરાવને. ઔર શ્રીસ્વામિનીજીકો હુ યાહી રીતિસો નિત્ય કરી દિવસ જાનનો. નિત્ય ઉત્સવ કરી જાનનો. નિત્ય ભોગ આછી રીતિસોં કરનોં. શ્રીઠાકોરજીકી સેવા આછી રીતિસો (ચિત્તસો) કરની. પ્રસન્નતા સોં કરની. સમય વાર જો પ્રકાર ઉત્સવ કો કહ્યો હૈ સો કરનો. જો સામગ્રી ઉત્સવકી કહી હોય સો સબ કરની -ગૃહવિત્તાનુસાર કરની. અધિકતા હોય તો સંકોચ ન કરનો. જો શ્રીઠાકોરજીસો માંગનો નાહીં. યા રીતિસો સેવા-શ્રીઠાકોરજીકી સેવા કરની. કાહુકે ભરોસે છોડણી નાંહી જો કદાચિત્ દૈવ સંયોગ કરિકે જો શરીર અસકત હોય આવે ઓર સેવા ન હોઇ આવે તો જો કોઇ અપનો ગુરુભાઇ હોય તાસો સેવા કરાવની. કોઇ બ્રાહ્મણ વૈષ્ણવ હોય શ્રીઠાકોરજીકી સેવાકી રીતિ ભલી ભાંતિસો જાનત હોય તો વાસે સેવા કરવાવની. જો બ્રાહ્મણ અવૈષ્ણવ હોય તો શ્રીઠાકોરજીકી સેવા ન કરવાવે. જબ કોઇ વૈષ્ણવ હોય, તાસો સેવા કરવાવની.

(અથવા) અબ યું રીતિ કરની. જબ તાંઇ અશક્ત હોય તબતાઇ શ્રીજીકો ચરણામૃતસો હાથ-પાવ ધોયકે લેનો. ઓર માનસી પૂજા કરની. જો માનસી પૂજાકો અર્થ યહ હે જો અપને મનમેં ધ્યાન શ્રીઠાકોરજીકો કરનો. અપને સ્વરૂપનકો નામ સ્મરણ કરનો. ફીરી પાછે મનહીમેં શ્રીઠાકોરજીકો અભ્યંગ કરાવનો, સ્નાન કરાવનો,



વસ્ત્ર પહરાવને, આભૂષણ પરહાવને, તેસે હી શ્રીસ્વામિનીજીકો ધૂપ દીપ સામગ્રી આરતિ સબ પૂર્વ રીતિસો કરની. તો વેસોઇ ફલ હોત હૈ ઓર વિદેશ જાય, સેવા સાથ ન હોય તો હુ સેવા યાહી રીતિસો કરની.

જો શ્રીમહાપ્રભુ (શ્રીગોકુલેશજી) કલ્યાણ ભટ્ટ સોં કહેત હે જો કોઇ વૈષ્ણવ હોય તા પર દયા રાખની. ૧૦

।। ઇતિશ્રી દશમો લક્ષણ સમ્પૂર્ણમ્ ।।

સંકલણઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## આશ્રયકો પદ

રાગ કેદારો

તજ મન હરિ વિમુખનકો સંગ ।

જાકે સંગહૈ કુબુદ્ધિ ઉપજત પરત ભજનમેં ભંગ ।। ૧ ।।

ખરકુ કહા અરગજા લેપન મર્કટ ભૂષણ ભંગ ।

કાગહિ કહા કપૂર ચુગાયેત શ્વાન ન્હવાયે સંગ ।। ૨ ।।

કહા ભયો પયપાન કરાયે વિષ નહિં તજત ભુજંગ ।

સૂરદાસપ્રભુ કારી કામર ચઢત ન દુજોરંગ ।। ૩ ।।

અંક ૧૧ વર્ષ ૧ માગસર સુદ ૧૧ ૨૦૬૪ મોક્ષદા એકાદશી વ્રત



# શ્રીગોકુલેશ પાઠશાળા

## મહા સુદ ૧૧, ૨૦૬૪,

## જયા એકાદશી વ્રત

શ્રીવલ્લભકુલભૂષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,
વકતા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.
શ્રીસુરેશપ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,
રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.

સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા નિયમિત સૌ સેવક-વૈષ્ણવને પ્રાપ્ત થાય, તેવો પ્રયાસ અમો કરી રહ્યા છે. પણ પાછળા મહીને અમે આપણી સમક્ષ અંક પ્રકટ કરવામાં ચુકી ગયા, તે બદલ અમો દિલગીર છીએ. કોઈક અજાણતા કારણોસર અમો અંક આપવામાં અસમર્થ થયા, તેની અમને ખૂબજ ચિંતા છે. છતાં, આપણે એકજ છીએ, એકજ ઘરના છીએ, તો આપ અમને ક્ષમા કરશો.

હવે તો દિવસો બદલાયા, ઋતુ બદલાયી, અને આવ્યા વસંત ના દિવસો. અને આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વારમાં પણ વસંતના અણસાર છે. કારણકે કોણ છે, જે વસંતથી પોતાનો પીછો છોડાવી શકે? છોડ પર આવી નવી કુંપળો, વાતાવરણ ખૂશનૂમા બની રહ્યુ છે, ચારે તરફ વસંતની વધાઈઓ ગવાઈ રહી છે, સૌ કોઈ આ અલૌકિક વાતાવરણ ને વધાવી રહ્યા છે. તો આપણે પણ કેમ બાકી રહીએ. કારણ કે

આઈ બસંતઋતુ અનૂપનૂત કંતમોરે ॥

બોલત વન કોકિલા માનોં કુહુકુહુ રસ ઢોરે ॥ ૧ ॥

ફૂલી વન રાઈ જાઈ ફુઢ કુસમ ઘોરે ॥

મદરસ કે માતે મધૂપ ફિરત નંદસુવન દોરેદોરે ॥ ૨ ॥

હમ તુમ મિલિ ખેલેંલાલ કુંજ ભવન ચૌરે ॥

ગોવિંદ પ્રભુ નંદસુવન ખેલે ઇકઠૌરે ॥ ૩ ॥

સૌને વસંતની ખૂબજ વધાઈ

ભાવક્ત

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

### ગુરુ શિક્ષા - ૫

# સત્સંગ - ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

સત્સંગ :-

સત્સંગ શબ્દ સત્ + સંગ બે શબ્દોથી બનેલો છે. સત્ એટલે સત્પુરુષો અને શાસ્ત્રો.

શ્રીઠાકોરજીને એક ગુણ (સત્ + ચિત્ત + આનન્દ). શાસ્ત્રોને સમજનારા અને આચરનારા મહાપુરુષોનો સંગ તે સત્સંગ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે શાસ્ત્રોને જાણીને, તે અનુસાર મન, વાણી, અને કાયા (શરીર)થી શ્રીગોકુલેશનાં સેવા-સ્મરણ કરવા.

ભક્તિનું પ્રથમ પગથીયું ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન છે. આવું જ્ઞાન જેમના સંગથી મળે તેને સત્સંગ કહેવાય.

ભગવદ્ભાવના પોષણ અને રક્ષણ માટે સત્સંગ કરવો આવશ્યક છે. ભગવદ્ ના એકક્ષણનાં સંગ તુલ્ય સ્વર્ગ અને મોક્ષનું સુખ નથી. (શ્રીમદ્ ભાગવત્: ૧-૧૮-૧૩).

દુ:સંગ મળે તે પહેલાંજ સત્સંગ કરવો, જેથી દુ:સંગ બાધા ન કરે. ભગવદ્ સેવા, સ્મરણ અને સત્સંગ પહેલેથીજ કરવા આથી જ્યારે લૌકિક પ્રસંગ આવી પડે ત્યારે સત્સંગના પ્રતાપથી બચી જવાય.

“સત્સંગ વિના દુ:સંગથી બચવાનો કોઈ ઉપાય નથી.” (શિક્ષાપત્ર:૩-૮ થી ૧૧)

શાસ્ત્રો, પુષ્ટિગ્રંથો અને પુષ્ટિસિદ્ધાંતોને જાણનાર અને તે મુજબ જીવનાર સેવક-વૈષ્ણવોનો સદાય સંગ કરવાની શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

જેમ દરરોજ અભ્યાસ ચાલુ ન રાખવાથી શિખેલુ ભૂલાઈ જાય છે, તેમ દરરોજ નિયમિત સત્સંગ ન કરવાથી આપણું મન બીજી દિશામાં ભટકી જાય છે.

અગ્નિને જલતો રાખવા ચૂલામાં ફૂંકણીથી પવન ફૂંકવો પડે છે, સગડીમાં કોલસા નાખવા પડે છે, કોડીયામાં તેલ પૂરવું પડે છે, તેમ ભગવદ્ભાવ દૃઢ રાખવા માટે પુષ્ટિમાર્ગ નાં સિદ્ધાંતો પ્રમાણે ચાલવા સત્સંગ પણ નિત્ય, નિયમિત કરવો પડે.

ભોજન શરીરનો ખોરાક છે, તેમ સત્સંગ મનનો ખોરાક છે. આપણે પશુંની જેમ જ્યાં ત્યાં, જે તે ખાતા નથી, તેમ ગમે તેનો સત્સંગ પણ ન કરવો જોઇએ.

સાચા, ઉત્તમ વૈષ્ણવનોજ સંગ કરવો, જેમના વાણી, વર્તન એકરૂપ હોય. શ્રીવલ્લભના વિચારાનુસાર વિશ્વસનીય હોય તોજ તેમનો સંગ કરવો

આવા સેવક-વૈષ્ણવો ન મળે ત્યારે પુષ્ટિમાર્ગીય ગ્રંથોનો સત્સંગ કરવો. ગ્રંથો જાતે વાંચવા, સાંભળવા, વિચારવા અને તે મુજબ આચરણ કરવું. ગ્રંથો જેમકે શ્રીમહાપ્રભુજીના મૂળ ગ્રંથો(જેમકે ષોડશગ્રંથો, નિબંધ, ઇત્યાદી) નો અભ્યાસ કરવો, શિક્ષાપત્ર, ૮૪, ૨૫૨, ૭૮ ભગવદીયોની વાર્તા, નિજવાર્તા-ઘરુવાર્તા, બેઠકચરિત્ર જેવા ગ્રંથોનું નિત્ય વાંચન કરવુ, ષોડશગ્રંથોનો પાઠ કરવો, અષ્ટસખા રચિત પદો નુ સ્મરણ કરવું, શ્રીમદ્ભાગવતજીનું નિત્ય પારાયણ કરવું.

ભક્તકવિ શ્રીદયારામભાઇ કહે છે કે જો ભગવદીયત્વનો, વૈષ્ણવત્વનો રંગ જો સાચો હશે, પાકો હશે તો એ ચોક્કસ પ્રસરશેજ. આપ પોતાના પદ માં આલેખે છે કે

તુજ સંગે કોઇ વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો,

તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તુ કાચો...

સત્સંગ અને શ્રીમદ્ભાગવત એ બે ભગવાનના આધિભૌતિક ચરણ છે.

સત્સંગમાં ભગવત્કથાનો, હરિગુણગાનનો પ્રવાહ વહે છે. આ પ્રવાહ જીવની સમગ્ર તૃષ્ણાનો નાશ કરે છે. આ પ્રવાહમાં સ્નાન કરનારને સર્વ પ્રાણી સાથે મૈત્રીભાવ પ્રકટે છે. (સર્વાત્માભાવ-શુદ્ધ-અદ્વૈત)

સત્સંગના પરિણામે મનમાં ઉદ્વેગને કોઇ સ્થાન રહેતુંજ નથી.

જેના સ્વભાવમાં સાધુતા હોય, જે હંમેશા શ્રીગોકુલેશની નિષ્કામ ભક્તિનો બોધ કરે છે, જે નિરપેક્ષ અને સાત્વિક હોય તેનો સંગ તે સત્સંગ કહેવાય.

હરિજન સંગ છિનક જો હોઇ।

કોટિ સ્વર્ગ સુખ, કોટિ મુક્તિ સુખ, તિહિસમ લહે ન કોઇ ।

ભૂરિ ભાગ્ય પુણ્યસંચિત ફલ, કૃષ્ણ કૃપા હવૈ જાકો ।

સૂરદાસ હરિજન પદ મહિમા, કો કહિ સકૈ તાકો ।।

૮૪ વૈષ્ણવની વાર્તામાં મણુંદના રાજા દુબે અને માધો દુબે ઉપર પ્રસન્ન થઇને શ્રીમહાપ્રભુજીએ આ ઉદ્‌ગાર પ્રકટ કર્યા હતાં,

*અબ અપને ઘર જાય સેવા કરો. જાકો નિરોધ ભયો, વાંકો બહુત બોલનો, દેસ ફિર નો નહીં, તાતે ઘર જાઓ, દૈવીજીવ આવે તિનકોં નામ દીજો. તુમકોં તો નિરોધ સિદ્ધ ભયો, ઔર જો તુમારોં સંગ મન લગાય કે કરેગો, તાહુંકો નિરોધ સિદ્ધ હોયગો...*

એટલે : - કે જેમના ચિત્તનો ભગવાનમાં નિરોધ થઇ ચૂક્યો હોય, ભગવાનની સેવા સ્મરણ રૂપ ભક્તિમાં તરબોળ થઇ ચૂક્યા હોય એવા વૈષ્ણવનો સંગ, હ્રદયપૂર્વક સંગ જો કોઇ કરે તો તેનો પણ ભગવાનમાં નિરોધ સિદ્ધ થઇ જાય છે.

માનવી નો ભાગ્યોદય (અલૌકિક) થવાનો સમય આવે, એના પૂર્વ પૂણ્યને ફલિત થવાનો સમય આવ્યો હોય અને તેના ઉપર શ્રીમહાપ્રભુજી, ઉભય પ્રભુચરણ શ્રીગોપીનાથજી-શ્રીગુંસાઇજી, શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ, શ્રીયમુનાજી, શ્રીકૃષ્ણ અને શ્રીદ્વારભૂત શ્રીગુરુદેવની કૃપા ઉતરે, તેનેજ સત્સંગ સાંપડે છે, તેનેજ સત્સંગ સમજાય છે, અને સત્સંગમાં અમોઘ બને છે.

સત્સંગ દુર્લભ છે, અગમ્ય છે, અને અમોઘ છે, અહંકારથી સત્સંગ કરે તો તે ફલિત ન થાય.

વાર્તા પ્રસંગ:- શ્રીસુબોધિનીના લેખિયા, માધવભટ્ટ કાશ્મિરીના ગુરુ કેશવભટ્ટ હતાં.

માધવભટ્ટ અને કેશવભટ્ટ બન્ને શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી કથા સાંભળતા (સાંભળવા આવતા). માધવભટ્ટને શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ થઇ અને ભક્તિ પ્રાપ્ત થઇ તેમને કથાના બોધનું જ્ઞાન થયું.

એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને પુંછ્યું *કેશવભટ્ટ અને માધવભટ્ટ બન્ને એ આપની કથા સાંભળી પણ કેવળ માધવભટ્ટને જ્ઞાન થયું, અને કેશવભટ્ટને ન થયું? આમ કેમ?* ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે *કેશવભટ્ટને બરાબરી બૈઠિકે કથા સુની તાસોં બોધ ન ભયો ઔર માધવભટ્ટ દાસ ભાવસોં મન લગાય કે સુન્યો તાતેં યાકો બોધ ભયો..*

--કેશવભટ્ટે સત્સંગ તો કર્યો, કથા તો સાંભળી પરન્તુ એમના હૃદયમાં શ્રીમહાપ્રભુજી માટે દાસભાવ ન હતો તેથી તેમને જ્ઞાન ન થયું. જ્યારે માધવભટ્ટે દાસભાવ રાખીને કથશ્રવણ કરી તેથી તેમને સ્વરૂપ અને સિદ્ધાંત બન્નેનું જ્ઞાન થયુ. દાસ ભાવ વિના સત્સંગ ફલિત નથી.

શ્રીહરિરાયચરણ વિરચિત શિક્ષાપત્રમાંનું ૩જાં પત્રના ૧૯માં શ્લોક દ્વારા શ્રીપ્રભુ પ્રાપ્તિમાં સત્સંગની ઉપયોગિતા અને દુ:સંગથી થતી હાનિનું નિરૂપણ કર્યુ છે.

ભગવદ્ભાવ અગ્નીરૂપ છે, દુ:સંગ જળરૂપ છે. અને સત્સંગ પાત્રરૂપ છે. સત્સંગને કાષ્ઠરૂપ પણ કહ્યુ છે.

દુ:સંગરૂપી જળને સત્સંગરૂપી પાત્રમાં રાખીએ તો દુ:સંગ ભગવદ્ભાવનો નાશ કરી શકે નહીં (ભગવદ્ભાવ માટે સત્સંગ કાષ્ઠરૂપ, જ્યારે દુ:સંગ માટે સત્સંગ રૂપી પાત્ર છે) - (શિક્ષાપત્ર:૩-૨)

દુ:સંગના ૬ પ્રકાર છે.

અન્ય સંબંધવાળા લોકોનો સંગ,

લૌકિકાસક્તિવાળા લોકોનો સંગ,

શ્રીમહાપ્રભુજીથી વિરુદ્ધ વચનો બોલનારનો સંગ,

અવૈષ્ણવનો સંગ,

લૌકિક વિષયનો સંગ,

વ્યાવહારિક કાર્યોમાં આસક્તિ.

### સત્સંગ કોનો કરવો તેના ૬ લક્ષણો.

શ્રીગોકુલેશમાં હમેશાં પ્રેમ રાખનાર,

નિરપેક્ષ,

સાત્વિક,

શ્રીવલ્લભના કૃપાપાત્ર ભગવદીયો

શ્રીગુરુચરણ નું સાનિધ્ય

શ્રીમહાપ્રભુ, શ્રીઉભય પ્રભુચરણ શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી, શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ, શ્રીયમુનાજી અને શ્રીપ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રમાં ઐક્યની ભાવના અને નિત્યલીલાનું અનુસંધાન રાખનાર.

### સત્સંગ કરવાનો પ્રકાર

દરરોજ થોડો થોડો સત્સંગ કરવો. ગ્રંથનું પાન, શ્રીગુરુચરણની વાણીનું પાન, સેવક-વૈષ્ણવો સાથે શ્રગોકુલેશના નામ, રૂપ, ગુણ અને લીલાનું અવગાહન-સ્મરણ.

સત્સંગ કર્યા પછી વારંવાર તેનું આવર્તન કરવું (સ્મરણ, મનન)

શ્રીમહાપ્રભુજીના વચનથી વિરુદ્ધ કહે તે ન સ્વીકારવું.

સત્સંગ માટે સદા આગ્રહ રાખવો.

છતાં ન બને તો મૌન રાખવું. સદા અષ્ટાક્ષર મંત્રનું રટન કરવું.

આજ વિષય શ્રીહરિરાયચરણ શિક્ષાપત્ર ૧૯માં આજ્ઞા કરે છે કે- *સત્સંગ કોનો કરવો ?*

શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ (મન, વાણી અને કાયાથી) રાખનારનો,

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાંનું પાલન કરનારનો,

જે કહે તેજ કરે તેવા સેવક-વૈષ્ણવનો.

સત્સંગનાં અભાવમાં વિરહ કરવો. સત્સંગના અભાવમાં સદાય અષ્ટાક્ષરમંત્રનુ રટન કરવુ-જપ કરવું.

સંકલન: રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

## ગુરુ સેવા

## દિક્ષા-મંત્રગ્રહણ અધિકારી - ૨

(...ગતાંકથી આગળ)

ગુરુદેવ:- વૈશ્યે પણ ભક્તિ સિદ્ધ કરવા માટે ભક્તિમાર્ગીય ગુરુને શરણે જરુર જવું. આ બાબતમાં શ્રીમદ્‌ભાગવત ના ૭-૧૧-૨૩માં આજ્ઞા છે કે:-

*देवगुर्वच्युते भक्तिस्त्रिवर्गपरिपोषणम् ।*
*आस्तिक्यमुद्यमो नित्यं नैपुण्यं वैश्यलक्षणम् ।।*

*અર્થ:- દેવ, શ્રીગુરુ, અને શ્રીપ્રભુમાં ભક્તિ, ધર્મ, અર્થ, કામ આ પુરુષાર્થત્રયથી સંતોષ, આસક્તિપણું, હમેશાં હોશીયારીથી દ્રવ્ય મેળવવાનો પ્રયત્ન કરવો, આ*

*વૈશ્યનાં લક્ષણ છે.* આ લક્ષણોમાં વૈશ્યને શ્રીપ્રભુભક્તિ કરવાનું લખ્યુ છે માટે શ્રીગોકુલેશભક્ત્યર્થ વૈશ્યે પણ આ માર્ગને ગુરુને શરણે જવું જોઈએ.

શૂદ્ર ને પણ વેદાધિકાર નહીં હોવાને લીધે જો કે વેદાન્ત શ્રવણનો પણ અધિકાર નથી, એટલે પુરાણેતિહાસમાં પણ જેટલો ભાગ વેદાન્તનો હોય તેટલો છોડીને શૂદ્રને પુરાણેતિહાસનું શ્રવણ કરાવવું એમ *न शूद्राय मति दद्यात* એ મનુવાક્ય પ્રમાણે કેટલાએક ઋષિઓ તથા આચાર્યોનું માનવું છે તથાપિ *श्रावयेच्चतुरो वर्णान् कृत्वा ब्राह्मणमग्रतः* એ મહાભારતના વાક્યાનુસાર બ્રાહ્મણને મુખ્ય શ્રોતા કલ્પીને શૂદ્રને પણ પુરાણેતિહાસ શ્રવણ કરાવવાનું વિધાન છે તેમાં વેદાન્તાર્થ પણ આવી જાય છે એમ માનીને શૂદ્રને પણ પુરાણેતિહાસ દ્વારા બ્રહ્મજ્ઞાનોપદેશ લેવાનું યાજ્ઞવલ્ક્યાદિ ઋષિઓએ સ્પષ્ટ જણાવેલ છે. જેમકે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૧-૨૦ (ગૃહસ્થ પ્રકરણ)માં

*विद्याकर्मवयोबन्धुवित्तैर्मान्या यथाक्रमम् ।*

*एतैः प्रभूतैः शूद्रोऽपि वार्द्धके मानमर्हति ॥*

આ શ્લોકમાં શૂદ્રને પણ વિદ્યા પ્રાપ્ત કરવાનું કહ્યુ છે તેનો અર્થ મિતાક્ષરા ટીકાકારે પહેલાં ગૃહસ્થ પ્રકરણના પાંચમા શ્લોકમાં આધ્યાત્મિકી વિદ્યા એમ કરેલો છે. તેથી શૂદ્રને પણ પુરાણેતિહાસશ્રવણ દ્વારા આધ્યાત્મિકી વિદ્યા સંપાદન કરવાનો અધિકાર છે એમ માનવું જોઈએ.

તેમજ વિષ્ણુસહસ્રનામમાં *शूद्रः सुखमवाप्नुयात* આ શ્લોકનું શ્રીશંકરાચાર્યજીએ ભાષ્ય કરેલું છે તેમાં શૂદ્રનો શ્રવણાધિકાર સ્વીકારેલો છે. એમજ મધ્વાચાર્યે પણ પોતાના ભાષ્યમાં *શૂદ્રને ગુરુમુખદ્વારા વેદાર્થ શ્રવણનો અધિકાર માનેલો છે.* ***તે એવી રીતે કે ભારતાદિ ઈતિહાસ પુરાણદ્વારા વેદાર્થનું શ્રવણ કરવું; સાક્ષાત્ વેદનું શ્રવણ કરવું નહીં.*** તેજ આજ્ઞા શ્રીમદ્ભાગવત ૧-૪-૨૫માં કરી છે કે:

*स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा ।*

*कर्म्मश्रेयसि मूढानां श्रय एवं भवेदिय ।।*

*इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ।।*

અર્થઃ- સ્ત્રી, શુદ્ર અને દ્વિજબન્ધુઓ (વેદોક્તસંસ્કારરહિત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય)નો વેદશ્રવણમાં અધિકાર નથી, તેથી ભારત નામના ગ્રંથમાં શ્રીવ્યાસભગવાને કૃપા કરીને વેદાર્થ નિરૂપણ કરી તેઓનું કલ્યાણ થાય તેવો માર્ગ બતાવ્યો છે.

તેથી શુદ્રને પણ યથાધિકાર પુરાણેતિહાસ શ્રવણ દ્વારા વેદાર્થરૂપ બ્રહ્મવિદ્યા તથા ભગવદ્ભક્તિ સંપાદનાર્થ પારંપરિક સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ-ગુરુની ઉપસત્તિ આવશ્યક છે.

એમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રએ ચારે વર્ણને જેમ પારંપરિક સદ્ગુરુની ઉપસત્તિ આવશ્યક છે, તેમજ ચારે આશ્રમવાસીઓને પણ ગુરોપસત્તિ જરુરની છે. તેમાં પ્રથમ બ્રહ્મચારીને ગુરોપસત્તિની આવશ્યકતા દિક્માત્રથી બતાવીએ છીએ. શ્રીમદ્ભાગવત ૧૧-૧૭-૩૬માં આજ્ઞા છે કે-

*एवं बृहद्व्रतधरो ब्राह्मणोऽग्निरिव ज्वलन् ।*

*मद्भक्तस्तीव्रतपसा दग्धकर्म्शयोऽमलः ।।*

અર્થઃ- આમ તીવ્ર તપવડે કર્મવાસનાઓને ભસ્મ કરીને અગ્નિની પેઠે પ્રકાશમાન વેદજ્ઞાતા નૈષ્ટિક બ્રહ્મચારી, મારો ભક્ત થઈને જીવન્મુક્ત બને છે. આ ભાગવત વચનમાં *मद्भक्तः* પદ બ્રહ્મચર્યવાળાને પણ ભક્તિ કરવાનું સૂચન કરે છે તેથી તેણે પણ ભક્તિમાર્ગીય દીક્ષા લેવી જોઇએ.

(...ક્રમશઃ)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# સિદ્ધાંત રહસ્ય

..ગતાંકથી આગળ

ગુરુદેવ:- તારી શંકા યોગ્ય છે. તો સાંભળ. અમારા કથનાનુસાર બ્રહ્મસંબંધ કર્યા પછી પણ દોષો તો પ્રત્યક્ષપણે દેખાતા હોય છે. તેથી તેઓના વિરોધથી (બ્રહ્મસંબંધકરણાત્ ...નિવૃત્તિઃ) તેઓની નિવૃત્તિનો જ્ઞાન કેવી રીતે થાય? આ પ્રકારની આકાંક્ષા હોવા પર દોષોની અનિવૃત્તિ (સ્વરૂપતઃ સત્તા હોવી) કહેતા પહેલા દોષો કેટલા પ્રકાર ના હોય છે? તેઓની ગણતરી કરતા દોઢ શ્લોકથી તે દોષોના નિવારણનો પ્રકાર કહી રહ્યા છે. અહીં જીવના **સહજ** દોષ અવિદ્યાના સંબંધ અને તેને કારણે જીવ, પ્રાણ ધારણ કરવાની અભિમતિનો અનુભવ કરે છે. સૂક્ષ્મદેહના **સહજ** દોષો એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય વિગેરે અને ભૂખ, તરસ વિગેરે. સ્થૂળ દેહના **સહજ** દોષો જેમકે માતા પિતાના સંબંધ, રોગાદિ વિગેરે. **દેશોત્થ** અને **કાલોત્થ** દોષ મૌલિક રીતે દેહના હોય છે, જીવાત્માના નહીં પણ કેમ કે જીવાત્મા દેહ ધરે છે તેથી તેનામાં આ દોષોનો સંસર્ગ આવે છે. **દેશોત્થ** દોષ મગધ-મરૂ-સિન્ધ વિગેરે દેશોમાં ઉત્પત્તિના કારણે અને ત્યાં જવાથી ઉત્પન્ન થાય છે. **કાલોત્થ** દોષ કળિયુગના પ્રભાવથી, દુર્મુહુર્તના પ્રભાવથી અને અવસ્થાના કારણે ઉત્પન્ન થાય છે. મૂળ કારિકામાં જોકે **દેશકાલોત્થા** એમ સમસ્ત પદનો પ્રયોગ કરેલો છે પણ વ્યાકરણશાસ્ત્રના *દ્વન્દ્વાન્તે શ્રૂયમાણં પદં પ્રત્યેકમભિસંબધ્યતે* આ નયમાનુસાર **ઉત્થ** પદ **દેશ** અને **કાલ** સાથે જોડાતા અહીં બે દોષો સમજવા. આ દોષો, ભક્તિમાર્ગીય દોષોથી ભિન્ન છે તે કહેવા માટે શ્રીભગવાન **લોકવેદનિરૂપિતાઃ** પદનો પ્રયોગ કરી રહ્યા છે. આ વિશેષણ **દેહલીદીપ ન્યાય** (ઉમરા ઉપર દીવો મૂક્યો હોય તો ગરની અન્દર તથા બહાર, બન્ને બાજુ પ્રકાશ કરે છે) થી પહેલાં અને પછીના શબ્દો સાથે અન્વિત થાય છે. તેથી પાંચે દોષોમાં વિશેષણ તરીકે પ્રયુક્ત થશે. **લોકવેદનિરૂપિતાઃ સહજાઃ**, **લોકવેદનિરૂપિતાઃ દેશકાલોત્થાઃ**,

**લોકવેદનિરૂપિતા: સયોગજ્ઞ**: વિગેરે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં શ્રીઉદ્ધવ કહે છે કે **ગુણદોષભિદા દૃષ્ટિર્નિગમાત્તે ન હિ સ્વત**: (૧૧/૨૦/૫)

*गुणदोषभिदा दृष्टिर्निगमात्ते न हि स्वतः ।*
*निगमेनाऽपवादश्च भिदाया इति ह भ्रमः ।।*

*किञ्च । पूर्वोक्तप्रकारेण ते देवगुणदोषभिदादृष्टिः । पुनस्तव निगमेन वचनेनैव तद्भिदाया अपवादश्चेति श्रुत्वाऽऽह स्पुष्टं मे भ्रमो भवति । तं निवर्तयेति शेषः । (इति श्रीगिरिधरचरणाः बालप्रबोधिन्याम्)*

અર્થાત્ ગુણ અને દોષોની ચર્ચા તો મૂલત: વેદ-શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થઇ રહી છે તેથી શ્રૂતિમૂલક હોવાથી **જો** લોક/સંસાર દોષોને ઉત્પન્ન કરે તેમાં શો નવાઇ રહેલી છે! **સંયોગજ** એટલે બુદ્ધિપૂર્વક અને કામનાઓથી પ્રેરાઈ મનના સંયોગથી કરવામાં આવતા હોય તે સંયોગજ દોષ કહેવાય. **સ્પર્શજ** એટલે બુદ્ધિ વગર કે કામનઓ વગર થતાં હોય તે. આવા દોષો **કથંચન** એટલે શ્રૌત (શ્રુતિમાં કહેલાં) અથવા સ્માર્ત (સ્મૃતિઓમાં કહેલાં) અથવા લૌકિક (સાંસારિક) કોઇપણ પ્રકારે **ન મન્તવ્યા**: સેવામાં પ્રતિબંધરૂપ માનવા **જો**ઇએ નહીં! બ્રહ્મસંબંધ કર્યા પછી દેહેન્દ્રિયપ્રાણાન્ત:કરણ જીવમાં અને તેના ધર્મોમાં ભગવદીયતાનો અનુસંધાન કરતા, તેઓના સ્વામી અને પ્રેરક તરીકે શ્રીપ્રભુને માનતા તે દેહાદિમાં પોતાના અભિમાનની નિવૃત્તિ થાય છે. તેથી તે દોષો હોવા છતાંય પારકાની જેમ દેહેન્દ્રિયાદિ પ્રતિ તે દોષોનો અસામર્થ્ય હોવાથી તેઓનું સેવા પ્રત્યે જ પ્રતિબંધકપણું નિવૃત્ત થવાનો આશય સમજવો **જો**ઇએ. યદ્યપિ દોષો સ્વરૂપત: વિદ્યમાન હોય છે છતાંય કેવળ સેવામાં પ્રતિબંધરૂપ બનતા નથી. તેઓની સ્વરૂપપણે નિવૃત્તિ બતાવવામાં આવી નથી. તેથી સ્વરૂપત: દોષોની સ્થિતિ હોવાથી બ્રહ્મસંબંધ લીધા પછી તરત જ જીવાત્માને નથી સાયુજ્યાદિની પ્રાપ્તિ થતી કે નથી બ્રહ્મસંબંધ કરવાથી દોષો નિવૃત્ત થઇ જશે - આ વાતમાં કોઇ**જા**ત નો વિરોધ આવે છે. પ્રતિબંધ કરવાના સામર્થ્યની નિવૃત્તિ હોવાથી સેવાનો અંગીકાર થશે તે વાત સ્પષ્ટ છે, કોઇપણ **જા**તનો ત્યાં સંદેહ રહેતો નથી!

શિષ્ય:- તો ગુરુદેવ! આ પ્રકારના દોષની નિવૃત્તિ તો શાસ્ત્રમાં બતાવેલા પ્રાયશ્ચિત્ત વિગેરે કર્મથી પણ સમ્ભવ છે તો બ્રહ્મસંબંધની શી વિશેષતા છે?

ગુરુદેવ:- વિશેષતા છે કારણ કે **અન્યથા** બ્રહ્મસંબંધ છોડીને સર્વદોષોની નિવૃત્તિ **કથંચન** કોઈપણ પ્રકારે એટલે કે કર્મ-જ્ઞાન કે ભક્તિમાર્ગના ઉપાયો વડે સમ્ભવ નથી. દોષના હેતુરૂપ કર્મ-દેશ-કાળ વિગેરે વિદ્યમાન હોવાથી તેઓના સંયોગ કે સ્પર્શથી દોષોની ઉપસ્થિતિ નિત્ય છે! બ્રહ્મસંબંધ કરવા પર દૂષિત જીવાત્મા-દેહ વિગેરેમાં ભગવદીયપણાનાં અનુસંધાનમાત્રથી તેઓમાં દેહાદિમાં પોતાના સંબંધની નિવૃત્તિ હોવાથી દોષો કેવળ નામમાત્ર રહી જાય છે અને તેથી માત્ર બ્રહ્મસંબંધ જ સમ્પૂર્ણ દોષો નિવૃત્ત કરવાનો સ્વતન્ત્ર સાધન છે, અન્ય નહીં! આ પ્રસંગમાં આવું સમજવું જોઈએ.

*योगास्त्रयो मया प्रोक्ता: नृणां श्रेयोविधित्सया ।*
*ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचिद् ।।*

અર્થ:- એકાદશ સ્કન્ધમાં (૧૧-૨૦-૬) ભગવાન આજ્ઞા કરે છે કે જીવમાત્રના શ્રેય માટે/આત્મકલ્યાણ માટે અધિકાર ભેદથી જ્ઞાન-કર્મ-ભક્તિ આમ ત્રણ માર્ગો પ્રગટ કર્યા છે. અહીં શ્રેય એટલે દુ:ખોનો અભાવ અને સુખની પ્રાપ્તિ. વળી ચતુર્થ સ્કન્ધમાં (૪-૨૫-૪)

*श्रेयस्त्वं कतमद्राजन्कर्मणात्मन ईहसे ।*
*दु:खहानि: सुखावाप्ति: श्रेयस्तन्नेह चेष्यते ।।*

અર્થ:- હે રાજન્! કર્મે કરીને કઇ રીતિનું કલ્યાણ તમે પ્રકટ કરવા માંગો છો? દુ:ખનો અભાવ અને સુખની પ્રાપ્તિને કલ્યાણ તે આ કર્મથી નથી થતું? આ પ્રકારે શ્રી નારદજીએ રાજા પ્રાચીનબર્હિ કહેલ છે. ત્યાં સર્વ પ્રથમ દુ:ખનો અભાવ શોધવો જોઈએ કેમ કે સહજ રીતે બુદ્ધિ પણ સર્વપ્રથમ તે કરવા માટે પ્રયત્નશીલ બને છે. દુ:ખ શેનો હોય? દુ:ખ પૂર્વોક્ત પાંચેય દોષોનો હોય.

*कर्मणा कर्मनिर्हारो न ह्यात्यन्तिक इष्यते ।*
*अविद्वदधिकारित्वात्प्रायश्चित्तं विमर्शनम् ।।*

અર્થ:- કર્મ કરવાનો અધિકારી તો અજ્ઞાની છે. તેથી પ્રાયશ્ચિત તો વિચારમાત્રજ છે. એવું શ્રીશુક ભગવાનનું વચન છે (શ્રીમદ્ ભાગવત ૬-૧-૧૧). તેથી શાસ્ત્રમાં બતાવેલા પ્રાયશ્ચિત્ત વિગેરે કર્મોથી દોષોની આત્યન્તિક (નિર્મૂળ) નિવૃત્તિ થતી નથી. કેમ કે પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ મન પુન: તેવા (દોષ ઉત્પન્ન કરનારા કર્મોમાં) કર્મોમાં પ્રવૃત્ત થાય છે.

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંકથી આગળ

મુકુન્દદાસ :- જેમ કોઈ વાત ને પ્રમાણિત કરવા ઠોસ પ્રમાણ પ્રદાન કરવું પડે, કે જે સર્વ સમાજને અનુસરવું જ રહ્યુ. તેવીજ રીતે આપણા દ્વારા કરાતા દંડાકાર તિલક પણ કોઈ નિન્દિત નથી, પણ, તે શાસ્ત્રતયા પ્રમાણિત છે. અને સૌથી મોટુ પ્રમાણ તો શ્રીમહાપ્રભુજી છે, જેમને સ્વરચિત નિબન્ધ ગ્રંથમાં આજ્ઞા કરી છે કે દંડાકારં લલાટે સ્યાત્... ઘણા એવા હજું પણ છે કે આ વાતને સ્વીકારવા તૈયાર નથી. પણ તે આપણો વિષય નથી. બે દંડ-સમાન ની સરખી આકૃતિ કરવી, જે સમાન દેખાતી રેખાઓ હોય તે દ્વિરેખ-દંડાકાર તિલક શોભાયુક્ત છે. તે આપણે સર્વે ધ્યાન રાખવું.

એમ પણ આપણને લાગતું હોય કે છિન્નમૂલ (જેનું મૂળ ને છેકેલુ-ભુસેલુ હોય તે) શબ્દવડે *શ્રીગોકુલેશાનુયાયીઓનું દંડાકાર તિલક નિન્દિત છે, છિન્નમૂલ હોવાને કારણે ?* એ પ્રમાણે જે દોષદ્દષ્ટિ નાખી છે તે દ્વિરેખ-દંડાકાર તિલકમાં ક્ષણપર્યન્ત ટકવાને માનતી નથી-ટકી શકતી નથી. દંડાકાર તો શાસ્ત્રતયા સિદ્ધ છે, કારણકે પદ્મપુરાણમાં પણ દંડાકાર તિલકને સમર્થન છે.

ચંપામાસીઃ- હા, વાત સાચી. હવે અમે સમજીયા. કે દંડાકાર કેવું. કારણકે આપણા શ્રીગોકુલેશપ્રભુશરણાનુરાગી દ્વારા થતાં તિલકમાં છિન્નમૂલતા ક્યાંય આવતું નથી. કારણ કે કોઇ પણ રીતે તો આપણે તિલકનું મૂલ તો છેકતા (ભુંસતા ) તો નથી. કારણકે આપણે પ્રથમથીજ બે સમાન રેખાઓ કરીએ છીએ. તો પછી તેની જુદી છિન્નમૂલતા શા કારણથી દેખાય ? અર્થાત્ તે તે બે સમાન રેખાઓતો મૂલ સાથે તેમની તેમજ રહેલી છે.

રસિકકાકાઃ- હા, વાત સાચી, આપને આપણા દંડાકાર તિલકને તો નાસિકાના મૂળથી આરંભીને આખું તિલક બે પ્રકારે કરીએ છીએ-પ્રથમ એક રેખા કરી પછી બીજી રેખા કરીએ છીએ, એમ-કરવાનું છે. આ પ્રમાણે આપને તિલકમાં મૂળ છેદવાનું આવતુંજ નથી; વડીલોએ તે પ્રમાણે કહે છે.

મુકુન્દદાસઃ- બરાબર સમજ્યા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરેલી, શ્રીગુસાંઇજીએ પ્રકાશિત કરેલું-સ્વરૂપ સમજાવીને દેખાડેલું, કે લલાટ-કપાળમાં દંડાકાર તિલક થાય, તે દંડાકાર તિલક સરખી બે રેખાવાળું શુભ છે, સાત્વિક છે.

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઈએ ?

...ગતાંકથી આગળ

૨૩. જેમ પ્રતિકુળ પરિસ્થિતીમાં કોઇપણ મનુષ્યનો વિકાસ સ્વસ્થ સુરક્ષિત અને સંતુલીત પણાથી થઇ શકતો નથી. અથવા સ્વસ્થ સંતુલીત રીતે મનુષ્યને પણ મૃત્યુના ભયથી અસુરક્ષિત, સતત યાતનાવાળી અને ત્રાસ ભરેલી પરિસ્થિતીમાં મૂકી દેવામાં આવે તો તેના પરિણામ હંમેશા વિકૃત, અસ્વસ્થ, અસંતુલીત અને ભયાવહ હોય છે. માનવના ઇતિહાસ પર ઉપરછલ્લી દૃષ્ટિ નાખવાથી પણ આ તથ્ય એકદમ

ઉજાગર થઇ જશે. એવીજ રીતે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથિ સર્વથા વિપરિત અને વિરુદ્ધ વ્યક્તિઓ સાથે રહીને કે તેવા સ્થળમાં રહીને કે તેવા વાતાવરણમાં રહીને આપણું શરણમાર્ગીય જીવન અને ભક્તિમાર્ગીય જીવન પણ વિકૃત, અસ્વસ્થ, અસંતુલીત અને ભયાવહ બની જશે. જેમ મનુષ્યનાા સ્વસ્થ વિકાસ માટે સ્વસ્થ સુરક્ષિત અને સંતુલિત વાતાવરણ નિતાંત આવશ્યક છે તેવી રીતે શરણાગતી અને ભક્તિના સ્વસ્થ વિકાસ માટે પણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથિ સ્વસ્થ સુરક્ષિત અને સંતુલિત થયેલ વાતાવરણ નિતાંત આવશ્યક છે.

૨૪. બુદ્ધિમાન વિદ્યાર્થીઓ પણ સુયોગ્ય અધ્યાપકના અભાવમાં વિદ્યાના કોઇપણ ક્ષેત્રમાં જેમ ઝડપી અને અપેક્ષિત પ્રગતિ કરી શકતા નથી તેવીજ રીતે આધ્યાત્મિક જગતના કોઇપણ માર્ગે અગ્રેસર થનાર સાધકની ઝડપી અને અપેક્ષિત પ્રગતિ પણ સુયોગ્ય ગુરુના અભાવે થઇ શકતી નથી.

૨૫. વિદ્યાના કોઇપણ ક્ષેત્રે શિક્ષકની ન્યુનતમ યોગ્યતાનો વિચાર(નિર્ધાર) અને મુલ્યાંક ન કરીને શિક્ષકનું સ્થાન અપાય છે. (આદર્શ હીનતા, અનૈતિકતા અને ભ્રષ્ટાચારના કારણે ભલે આ નિયમ અત્યારે પૂર્ણ રીતે સચવાઇ નથી રહ્યો-પરન્તુ આ નિયમ સંપૂર્ણ રીતે નષ્ટ થઇ ગયો હોય તેવું પણ નથી) તેવીજ રીતે અધ્યાત્મના ક્ષેત્રે પણ કોઇપણ માર્ગનો ઉપદેશ કરનાર ગુરુની પણ ન્યુનતમ યોગ્યતાઓનો નિર્ધાર શાસ્ત્રમાં કરવામાં આવ્યોજ છે. અને તેના આધારે જ તેને ગુરુનું સ્થાન આપવામાં આવે છે. (શાસ્ત્રનું અજ્ઞાન, સિદ્ધાંતહીનતા, નૈતિક અધ:પતન, વ્યભિચાર અને ધર્મને ધંધો તથા વિલાસિતાનું સાધન બનાવી લેવાના કારણે-ધર્મના ક્ષેત્રે પણ આ નિયમ હાલમાં પૂર્ણ રીતે સચવાઇ નથી રહ્યો. છતાંયે આ નિયમ પૂર્ણ રીતે તિરોહીત થઇ ગયો છે તેવું પણ નથી.

૨૬. લોક વ્યવહારમાં કોઈપણ શિક્ષકની યોગ્યતા, ચરિત્ર, વ્યવહાર અને શિક્ષણના પરિણામ જોઈને જ વિચારશીલ મા-બાપ અને વિદ્યાર્થીઓ આકર્ષિત થાય છે અને પસંદગી કરે છે. તેમજ આ બાબતમાં મોટા ભાગે જનસાધારણમાં પણ યોગ્ય પસંદગીની ચતુરાઈ હોય છે. કેમકે તેના આધારે જ મા-બાપ અને વડીલો, સુખ સંતોષ અને શાંતિ અનુભવે છે. અને તેના જ આધારે વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભાવી ટકી રહે છે.

શું આપને નથી લાગતું કે ગુરુ તરીકે કોઈપણ વ્યક્તિની યોગ્યતા, ચરિત્ર, વ્યવહાર, અને સાધનાના પરિણામ જોઈને જ વિચારશીલ વ્યક્તિઓએ તેમની પસંદગી કરવી જોઈએ? શું આપણે નથી લાગતું કે આ બાબતમાં આપણે યોગ્ય પસંદગીની ચતુરાઈનો ઉપયોગ નથી કરી રહ્યાં? અથવા જાણી જોઈને આ ચતુરાઈ ભૂલી ગયાં છીએ? અથવા જગતની કહેવાતી પ્રગતિની આંધળી ભાગદોડમાં આ યોગ્યતા આપણામાંથી ખરેખર તિરોહીત થઈ ગઈ છે?

૨૭. શાસ્ત્રની દરેક શાખા-સંપ્રદાયમાં ગુરુ અને શિષ્ય બેઉની સ્વરૂપ યોગ્યતાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી પ્રત્યેક વ્યક્તિએ એના સ્વભાવ અધિકારના ભેદ પ્રમાણે માર્ગનો નિર્ધાર કરી તે માર્ગના ગુરુ-શિષ્યની સ્વરૂપ યોગ્યતા બાબતે સર્વ પ્રથમ જ્ઞાન મેળવવું જોઈએ. *(આધુનિક સમયમાં ફૂટી નીકળેલા અનેક પંથ અને ધર્માભાસના ફાંટાઓ વાસ્તવમાં શરીરમાં ફૂટી નીકળેલા હાનિકારક ફોડલા ફુલ્લી જેવી પેદાશ છે જે ખરેખર શરીરને કષ્ટ આપે છે અને સ્વસ્થ વિકાસને અટકાવે છે, તેથી ઉપર કહેલા આધ્યાત્મિક ક્ષેત્રના જુદા જુદા માર્ગોથી અમારૂ તાત્પર્ય શાસ્ત્રમાં કહેલા માર્ગોથી જ છે. અપ્રામાણિક ધર્મના આભાસરૂપ પ્રવૃત્તિઓથી નહીં.)*

આપણા પુષ્ટિમાર્ગના અદ્વિતિય અને પ્રખર વિદ્વાન આચાર્ય શ્રીપુરુષોત્તમજી નિર્દેશ કરે છે કે જેમ બધાજ શાસ્ત્ર સંમત સંપ્રદાયોમાં *गुरु परीक्षेत् शिष्यम्* અર્થાત્ ગુરુએ

શિષ્ય બનાવતા પહેલા શિષ્ય થવા આવેલી વ્યક્તિની પરીક્ષા કરવી. આવો એક સામાન્ય નિયમ છે. તેમજ શિષ્ય થવા આવનાર વ્યક્તિએ - શિષ્યે પણ ગુરુની ચકાસણી અવશ્ય કરવી જોઈએ – *शिष्यः यथा परीक्ष्यते तथा अत्र गुरुः* નહીં તો સ્થુળ લૌકિક આવેશ અને અજ્ઞાનની જડતાના કારણે પશુવત હોવાથી (તેઓ લૌકિક આવેશ અને અજ્ઞાન જડતાથી પશુવત થયેલા) ગુરુનું (?) અનુસરણ કરવાથી જેમ આંધળી વ્યક્તિ પાછળ તેને માર્ગ દેખાડનારો જાણી આંધળાઓનું ટોળું જાય તો રસ્તો બતાવનાર અને તેનું અનુસરણ કરનાર બધાજ ખાડામાં પડે તેવી રીતે આ લૌકિક આવેશ અને જ્ઞાન રહિત (કહેવાતા) ગુરુનું અનુસરણ કરનારા પણ તેની સાથે ખાડામાં જ પડે છે. *नो चेत एतादृशस्य लोकत्रनुगतपशुरुपत्वात तादृश्यः अनुकरणे- अन्धानुग-अन्धवत् उभौ अपि पतेताम् ..*

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## સેવક-વૈષ્ણવો માટે પોતાના શ્રીગુરુઘર-શ્રીગુરુદેવ પ્રતિ સામાન્ય વ્યવહાર

તુલસીની કંઠી:-

તુલસીની કંઠી તો વૈષ્ણવી દ્વિજત્વ ચિન્હ છે. આથી માર્ગીય દીક્ષા નામદીક્ષા લેનાર ઉભય વૈષ્ણવે સૂતરના દોરામાં પરોવેલી શુદ્ધ તુલસીની એક કંઠી તથા માર્ગીય ભક્તિમાર્ગીય દીક્ષા બ્રહ્મસંબંધ લેનાર ઉભય વૈષ્ણવે બે કંઠી નિત્ય ગળામાં ધારણ કરવી. હૃદયપ્રદેશ સુધી લાંબી અને સ્વગુરુગૃહની પ્રસાદી કંઠીનેજ ધારણ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. સોના-ચાંદી કે પ્લાસ્ટીકના તારમાં તૈયાર કરેલી તુલસીની કંઠી તો કેવળ ભૌતિક દેહનો શણગાર માત્ર છે, વૈષ્ણવી દીક્ષાનો એ સંસ્કાર નથી.

કદાચિત કંઠી તૂટી જાય એવી અવસ્થામાં, નવી કંઠી ધારણ કરતાં સુધી વાણી-ઉચ્ચાર કરવો નહીં તેમજ જળ-અન્ન પણ ગ્રહણ કરવાં નહીં; કારણકે વૈષ્ણવ થઈને ક્ષણમાત્ર પણ તુલસીની કંઠી વિના રહેવાથી વિષ્ણુદ્રોહ થાય છે. તુલસીમાળાનું માહાત્મ્ય વર્ણવતાં સ્કંદપુરાણમાં કહે છે:

તુલસીકાષ્ટમાલાં તુ પ્રેતરાજસ્ય દૂતકા: ।
દૃષ્ટ્વા નાશ્યંતિ દૂરેણ વાતોદ્ભુતં યથારજ: ।।

અર્થાત્ જેવી રીતે વાયુથી રજ ઊડી જાય છે તેવી રીતે તુલસીમાળા જોઈ યમદૂતો દૂરથીજ નાસી જાય છે.

તુલસીદલમાલાં તુ કૃષ્ણોત્તીર્ણાં તુયો વહેત્ ।
પત્રે પત્રાશ્વમેધસ્ય લભતે પ્રત્યહં ફલમ્ ।।

અર્થાત્ તુલસીમાલાથી ભૂષિત જે કોઈ પિતૃકાર્ય અને દેવકાર્ય કરે છે તેને કલિયુગમાં કોટિ પુણ્ય મળે છે.

તુલસીમાળા અને તિલક સિવાય ભગવદ્સેવા અને ભગવદ્નામસ્મરણ થઈ શકે નહીં. માલાતિલકના રક્ષણ માટે આપણા પ્રાણપ્રિય શ્રીદાદાજી શ્રીગોકુલેશપ્રભુચરણે લીધેલો પરિશ્રમ જગતના ધાર્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલો છે. આપણે સૌએ તેનું સદાસર્વદા સ્મરણ રાખી, માલા-તિલક વિના એક ક્ષણવાર પણ રહેવું જોઈએ નહીં.

...ક્રમશ:

સંકલન:- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

# શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વ્યક્ત બત્રીશ લક્ષણ

## એકાદશમો લક્ષણ - અતિશ્રી વૈષ્ણવની સેવા કરવી-દેવું ન કરવું.

અબ એકાદશમો લક્ષણ કહેત હે: - **જો** વૈષ્ણવ હોઇ તાકો વૈષ્ણવ માત્રકી દયા કરી ચાહિયે. એસી ભાવના મનમેં રાખની. વૈષ્ણવ **જો** ઘરમેં આવે તાસો મીઠો બોલનો, તાકો સ્નાનાદિક ભલી ભાંતિસો કરાવનો, શ્રીઠાકોરજીકો દર્શન કરાવનો. ફીર મહાપ્રસાદ લિવાવનો **જો** વસ્ત્રાદિક હીન (વગરનો) હોય તાકો વસ્ત્રાદિક દેનો. **જો** દ્રવ્ય ન હોય તો દ્રવ્ય દેનો. પરન્તુ ઉધારો ન દીજે. યોં હી દીજે. આપ સામર્થ્ય હોઇ તેસો દીજીયે-ગૃહવિત્તાનુસાર કીજીયે. પરન્તુ વૈષ્ણવ માત્ર પર દયા રાખની. પરન્તુ કાહુકો ઋણ કાઢિકે ન દીજીયે, કાહુકો છલ કરિકે ન દીજીયે. યહ વૈષ્ણવકો લક્ષણ હૈ. ૧૧

।। ઇતિ શ્રી એકાદશમો લક્ષણ સંપૂર્ણમ્ ।।

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

---

## આશ્રયકો પદ

રાગ બિહાગ

ભઇ અબ ગિરિધરસોં પેહેચાન ।

કપટરૂપ વ્હે છલવેં આયો પુરુષોત્તમ નહીં જ્ઞાન ।। ૧ ।।

છોટો બડો કછું નહીં સમજ્યો છાયર્યો અજ્ઞાન ।।

છીતસ્વામી દેખત અપનાયો શ્રીવિઠ્ઠલકૃપાનિધાન ।। ૨ ।।

# શ્રીગોકુલેશ પાઠશાળા

અંક ૧૩

ફાગણ સુદ ૧૧, ૨૦૬૪,

## આમલની એકાદશી વ્રત

## (કુંજ એકાદશી)

શ્રીવલ્લભકુલભૂષણ સકલ શાસ્ત્ર શ્રતિધાર,
વકતા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.
શ્રીસુરેશપ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,
રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.

સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ ને હોળી ની વધાઇ પાઠવી રહ્યાં છે. નવીન રંગો સાથે આપણું જીવન પણ સત્સંગના માધ્યમથી હોળી સમાન થઇ જાય, એવા શુભાશય સાથે આ અંક શ્રીગુરુચરણોમાં સમર્પી આપસૌને માર્ગીય લાભ પ્રાપ્ત થાય. આ એકજ એવો ઉત્સવ છે, જે ઉત્સવમાં સૌ નિજ-ભક્તો પોતાના સ્વામીને ગાળો આપી શકે. લડી શકે. પણ તે લડવું પણ કેવું છે ? તે પ્રેમ ભર્યુ, શ્રીપ્રભુના દર્શનાતુરી નેત્રને માટે.



વન આયૌ છેલા હોરી કૌ ।।

મલ્લ કાછ્છું સિંગાર બન્યો હૈ યાકે ફેંટા સીસ મરોરી કો ।। ૧ ।।

સોંધે સન્યો ઉપરેના સોહત યાકે માથે બૈદા રોરીકો ।।

પરષોત્તમ પ્રભુ કુંવર લાડિલો યહ રિજવાર કિશોરી કો ।। ૨ ।।

આ અંકમાં હવે આપણે મંગલાચરણનો એક નવીન લેખ પણ સમાવેશ કર્યો છે. તો હમેશાની જેમ આ અંકમાં શ્રીગુરુજીના વચનામૃતને શ્રીગુરુશિક્ષા નામે પ્રકટ કરી રહ્યા છીએ. આપ સર્વેને શ્રીગોકુલેશ પાઠશાળા વતી શ્રીગુરુચરણ શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીના જન્મદિવસની આગમ વધાઇ. ફાગણ વદ ૧૦ના શુભ દિવસ. જેને સર્વે સેવક-વૈષ્ણવોએ નોંધ લેવી. આપશ્રીનો જન્મદિવસ શ્રીમદ્ ગોકુલમાં ઉજવાશે.

સૌને ફરીથી વધાઇ.

ભાવત્ક

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગુરુ શિક્ષા - ૬

# સ્વાભિમાન- ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

અંત:કરણ, મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકારના સ્વરૂપ વિશે વિસ્તારથી સમજ મેળવવી જરૂરી છે. ચાલો, આપણે કાંઇક સમજવાનો પ્રયાસ કરીએ.

અંત:કરણના અધ્યાસો અને એ અધ્યાસોની નિવૃત્તિ, એની આપના માર્ગમાં શું વ્યવસ્થા છે, તે આપણે સમજવું જોઇએ. આપણા સંપ્રદાયમાં આને વૃત્તિઓ કહેવામાં આવે છે.

અંત:કરણ ચતુષ્ટય, એટલે અંત:કરણના ચાર પાસા. એટલે બીજા શબ્દોમાં આપણે અંત:કરણ ચતુષ્ટયને વૃત્તિ ચતુષ્ટયાત્મક પણ કહીએ છીએ. વૃત્તિ એટલે ક્રિયાશીલતા અથવા ચેષ્ટામાં આવવું, કાર્યરત થવું.

અંત:કરણ ચતુષ્ટયથી આપણે જાણી શકીએ કે અંત:કરણની ચાર પ્રકારની વૃત્તિઓ (કાર્યશીલતા) કહેવામાં આવી છે. વૃત્તિઓ વિભિન્ન હોય છે. ચાલો, આપણે તેને એક ઉદાહરણથી સમજવાનો પ્રયાસ કરીએ. પાવર હાઉસ એટલે વિદ્યુતઊર્જા-ગૃહથી વિદ્યુત ઊર્જા નીકળે છે. હવે આ જ્યારે બલ્બના ગોળામાંથી પસાર થાય, ત્યારે પ્રકાશ આપે છે. એવીજ રીતે પંખામાંથી પસાર થાય, ત્યારે હવા આપી ઠંડાક પ્રસરે. ધ્વનીયંત્ર એટલે કે રેડીયો, દુરદર્શનમાંથી પસાર થાય ત્યારે ધ્વની, ચિત્ર પ્રદાન કરે છે. એટલે આ ઉપરથી એમ સમજાય કે વિદ્યુતઊર્જા-ગૃહમાંથી જે વિદ્યુત ઊર્જા નીકળે છે, તેની વિદ્યુત તરંગો એક સરખી છે, પણ તેના કાર્ય અલગ-અલગ છે. તમારી પાસે તે વિદ્યુત તરંગોનું કાર્ય પ્રકાશના રૂપે, ઠંડાકના રૂપે, ધ્વની કે પછી ચલચિત્રના રૂપે, વગેરે વિભિન્ન રૂપે આવે છે. અંતે શું ? એક સરખી વિદ્યુત તરંગો.

વિદ્યુતઊર્જા-ગૃહથી જે વિદ્યુત થાય છે, તેને અલગ-અલગ માધ્યમ બદલવાથી તેના કાર્યો બદલાઇ જાય છે.

ચાલો, હજું માનવ વૃત્તિને વધુ ઉદાહરણથી સમજીએ. માનવ વૃત્તિના ઘણાં રૂપ-વિભાજનમાં અભિવ્યક્ત થાય છે. દા.ત. કાપડની દુકાને ગયા, ત્યાં દરેક રંગના જુદા જુદા માત્રા હોય છે, પીળો રંગ હોય, અથવા ગુલાબી રંગ હોય, તો તેના આસરે પીળા રંગમાં ૮-૧૦ રૂપ મળે, એવીજ રીતે ગુલાબી રંગમાં પણ, તત્-તત્ રૂપો મળે. વગેરે. બ્રહ્મપણ એવીજ રીતે અગણિત પાસાઓ વિહંગમ દૃષ્ટિથી અનુભવવામાં આવે છે. જો, રંગની માત્રામાં થોડોક ફેર-ફાર થાય એટલે દેખાવ-યોજના બદલાઇ જાય.

એટલે એકજ પ્રકારના વિદ્યુત તરંગો જુદા જુદા માધ્યમોમાં વહેંચાઇ જતાં પ્રકાશના રૂપમાં અથવા ગરમી કે ઠંડકના રૂપમાં અથવા તો ધ્વની, ચિત્રના રૂપમાં અનુભવાય છે.

આવીજ રીતે પરમાત્મા જે સચ્ચિદાનન્દ છે, એ સચ્ચિદાનન્દનું ચિત્ત પ્રધાન અંશ છે, તેજ ખરા અર્થમાં આ વિદ્યુતઊર્જા-ગૃહ છે. અને આજ વિદ્યુતઊર્જા-ગૃહથી જે ચેતના પ્રસરી-કાર્યરત થાય છે, તેજ ચેતના માનવના અહમ્, મન, ચિત્ત, બુદ્ધિ, અંતઃકરણ, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું નિયમન કરે છે.

આટલું બરોબર સમજી લ્યો. અને પછી આપણે આ માનવીય ચેતનામાંનો અહમ્‌ને જાણીએ.

**અહમ્** :-

અહમ્ એ પરમાત્માની સૌથી નજીકની અભિવ્યક્તિ છે. ચેતનાનું સૌથી નજીકનું અભિવ્યક્તિ **અહમ્** છે. આપણે ટેપ-રેકોર્ડરનેં સાંભળીએ છીએ. ટેપમાંથી ધ્વની આવે છે. આ તેની કાર્યશીલતા છે. છતાંય તેમાં કંઇક ખૂટે છે. શું ? તે છે અહમ્. તે ટેપ-રેકોર્ડરમાં અહમ્ નથી.

પરમાત્માનો અંશ જીવાત્મા છે. એ જીવની અભિવ્યક્તિ અહમ્ છે. ખરા અર્થમાં આ અહમ્ શું છે ? અહમ્ એટલે કે આનન્દનો અંશ-આનન્દાંશ, આનન્દની અભિવ્યક્તિ છે. મૂળમાં જે અહમ્ છે. અસ્મિતા છે, તે તમારું અસ્મિ-સ્વ પણું છે, તે તમારું અસ્તિત્વ.

અસ્તિત્વ બે શબ્દોથી બનેલો છે. અસ્તિ-ત્વ, એટલે તમારું હોવાપણું, જે તમારુ હોવાપણું છે, તે ક્યાંથી અભિવ્યક્ત થાય છે. બસ, એવીજ રીતે અહમ્‌માં થાય છે. હવે આ અહમ્ ને બીજા બે શબ્દો થકી આપણે વધારે સારી રીતે સમજી શકીશું.

૧. અભિમાન, અને

૨. સ્વાભિમાન

બન્ને અભિમાન છે. પરન્તુ તમે જુઓ એક સ્વ વાળો અભિમાન છે અને બીજો સ્વ વગરનો અભિમાન છે. સ્વ - અભિમાન એટલે સ્વાભિમાન થયો. સ્વ વિનાનો અભિમાન એ તમારો વિકાર છે. સ્વાભિમાન જે છે એ તમારી ખુદારી-સ્વમાન છે. જે લોકોમાં સ્વમાન નથી હોતી એ લોકો અભિમાની હોય છે. આ અભિમાન એક વિકૃતિ છે, વિકાર છે, બિમારી છે. અભિમાન એ સ્વસ્થતા નથી.

સ્વાભિમાન એ તમારી મૌલિકતા છે. તમારું મૂળપણું-તમારું હોવાપણું એ સ્વાભિમાન છે.

જે વ્યક્તિમાં સ્વાભિમાન ન હોય એ વ્યક્તિ કોઈ કામની નથી. અને જે અભિમાની હોય, એટલે કે સ્વાભિમાન વગરની, તે વ્યક્તિ બિમાર વ્યક્તિ (*બિમાર એટલે કોઈ શારિરક રોગ નહીં પણ માનસિક શિથિલતા-વર્તન*) છે એ કોઈ કામની વ્યક્તિ નથી. એ વ્યક્તિ પોતાને સમજી શકતી નથી, કેમકે એનો સ્વ એનાથી છૂટી ગાયો છે, એ પોતે નથી જાણતો કે તે કોણ છે!

બહાદુરશાહ ઝફરે એક સુંદર શેરમાં આ વાતને અભિવ્યક્તિ કરી છે.

झफर उसे इन्सा न कहीयेगा,

चाहे वो कैसाभी हो साहबो अहमो जकाम

जीसे ऐशमें यादे खुदा न रही,

जीसे तैशमें खौफे खुदा न रहा.

ઝફર એ માણસને માણસ ન ગણીશ, ભલે તે કેટલો પણ મોટો શાણો-જ્ઞાની હોય, કે ગમે તેટલો મોટો શ્રીમંત હોય, પણ એ મનુષ્ય કહેડાવવા યોગ્ય નથી, અને કયો મનુષ્ય કે જે પોતે વિલાસિતામાં ડૂબી જાય અને ઈશ્વરની સ્મૃતિ પણ ન રહે, જેનું અભિમાન એટલું વધી જાય, જે પરમાત્માને ન ગણકારે એ પણ માણસ કહેડાવવા યોગ્ય નથી. આ બન્ને વ્યક્તિનુ સ્વ ખોવાઇ ગયું છે. અભિમાન તો એમની પકડમાં છે પણ એમનું સ્વ ખોવાઇ ગયું છે. અને સ્વ માં જે આખું સમતોલ રહેલું છે. જેને સ્વનું જ્ઞાન હોય. એને જ પોતાના જીવપણાનો બોધ હોય કે હું દાસ છું અને એ મારો સ્વામી છે. સ્વામી અને સેવકપણાંનો સાચો બોધ કોને હોઇ શકે. સાચાપણામાં જેને સ્વાભિમાન હોય.

સ્વ - અભિ - માન

સ્વ એટલે પોતાનું, અભિ એટલે સંપૂર્ણ અને માન એટલે જ્ઞાન. જેને પોતાનું સંપૂર્ણ પણે જ્ઞાન હોય, એને સ્વાભિમાન કહેવાય. પોતે પોતાને સંપૂર્ણપણે જાણે છે કે તે કોણ છે, અને ક્યાંથી આવ્યો છે, કયાં કાર્ય હેતુ આવ્યો છે? એ જ જાણે છે, તે સાચી સ્વાભિમાની વ્યક્તિ છે.

અહમ્ એ બીલકુલ નજીકની અભિવ્યક્તિ છે. સ્વાભિમાન એટલે આપણે મૌલિકથી પણ સમજી શકાય. મૌલિક એટલે જેનો મૂળમાં ભાવ રહેલો છે, કે જે મૂળનો અભિવ્યક્ત કરે. મૂળ વસ્તુની જે સત્તા દર્શાવે છે એનું નામ મૌલિક, એટલે અહમ્ એ પરમાત્માના ચિદ્દાંશની મૌલિક અભિવ્યક્તિ છે.

અને ત્યાર બાદ ચિત્ત, મન અને બુદ્ધિ રહી. આ ચાર વૃત્તિ ચતુષ્ટય છે, તેમાં સૌથી પહેલાં અહમ્ ને સમજ્યો, જે ખૂબ જરૂરી છે. આખા દર્શન શાસ્ત્રનો ઇતિહાસ જોઇએ તો એમાં ઘણા બધા વિભિન્નતા મળે છે. જેમ બુદ્ધિ જેવા દાર્શનિકને જોઇએ તો એમના પણ દર્શનમાં જુઓ, બધા ચિકિત્સા પેલા અહમ્ની જ શોધી રહ્યા છે.

**મૂળભૂત સમસ્યા શું છે** – હોવા પણું.

એ હોવાપણાની ચિકિત્સા જ્યારે મહાત્મા બુદ્ધ જેવા સોધવા ગયા તો એમને ચિકિત્સાની વિભિન્નતા મળી, એટલે કે એ કંઇક ભિન્નતા શોધી શક્યા. એને વ્યવસ્થિત સંતુલન આપી શક્યા નહીં અને એમને જાહેર કર્યું કે આ જગતમાં બધું જ ક્ષણભંગુર છે. કંઇ પણ છેજ નહીં. વિનાશવાદી પ્રક્રિયા હતી, તેથી તેમને આમ જાહેર કર્યુ **નાહમ્**, હોવાપણું જેવી કાંઇ વસ્તુ છે જ નહીં. દરેક વસ્તુ ક્ષણમાત્ર ટકી રહી છે અને ખલાસ થઇ રહી છે એટલે એમને **નાહમ્** ની ભિન્નતા શોધી.

શ્રીશંકરાચાર્યજી જેવા દાર્શનીકે બીજી ભિન્નતા શોધી આપી. **સોહમ્** એટલે જે બ્રહ્મ છે તે હું છું - અહમ્ બ્રહ્માસ્મિ, આ વાત જરાય એ ખોટી નથી. **સોહમ્** આપણને ભગવતી શ્રુતી પણ બતાવી રહી છે. પણ આ દર્શનમાં સમસ્યાં ક્યા આવી ? ભાષાની જે ગતિ છે, તે **વિષય (ઉદ્દેશ) અને પૂર્વગ્રહ (વિધેય)**ના હિસાબે ચાલે છે. એટલે ઉદ્દેશ અને વિધેય એટલે કે કાળી ગાય કે સફેદ ગાય એવો વાક્ય પ્રયોગ કરીએ કે, સફેદ ગાય, આ વાક્યમાં વિષય-ઉદ્દેશ છે ગાય અને વિધેય-પૂર્વગ્રહ છે સફેદ. હવે આપણે એવું કહેવા માંગતા હોઇએ કે દુનિયાની તમામ ગાયો સફેદ જ હોય છે ? તો આખો **વિષય (ઉદ્દેશ) અને પૂર્વગ્રહ (વિધેય)** નો સંબંધ બદલાઇ ગયો. એટલે જ્યાં સૂધી **સોહમ્**માં પરમાત્મા અંશી છે અને હું અંશ છુ અને હું અંશ હોવાને નાતે જો હું સોહમ્ કહું તો ત્યા સૂધી **વિષય (ઉદ્દેશ) અને પૂર્વગ્રહ (વિધેય)** નો નિયમ છે તે સચવાઇ રહ્યા છે.

પણ હું મારા અહમ્ની આહુતિમાં પરમાત્માની કે બ્રહ્મની આહુતિ આપી દઉં તો બધાજ સંબંધ બદલાઇ જાય. **હું જ બ્રહ્મ છું - અહમ્ બ્રહ્માસ્મિ**, એટલે સોહમ્માં અંશ અને અંશીનો સંબંધ જળવાઇ રહ્યો હોય, સંતુલન જો જળવાઇ રહ્યુ હોય તો તો કાંઇ વાંધો નથી. પણ એ સંતુલન જો તૂટી જતું હોય અને ઉદ્દેશ વિધેય ભાવ જો બદલાઇ જતા હોય તો ઘોર અનર્થ થઇ જાય. આપણે એવું કહીએ કે કાળી ગાય એટલે દુનિયાની તમામ ગાય કાળી છે, તેવું જાહેર કરીએ તો અનર્થ થઇ જાય. એટલે આમાં શું બન્યું ? આજે સન્યાસીઓની પ્રક્રિયામાં જુઓ, કે પોતાના અહમ્ની જે આહુતિ છે. ધધકતા અહમ્ની આહુતિ તે બ્રહ્મમાં નાખી શક્યા નથી. પણ પોતાના અહમ્ની અગ્નિમાં એ બ્રહ્મની આહુતિને નાંખી દે છે. અને *અહમ્ બ્રહ્માસ્મિ* બની જાય છે. અહમ્ બ્રહ્માસ્મિનું આખો

સંબંધ તમે જુઓ અંશ અને અંશી કાંઈ જુદા નથી. અને એ રીતે કદાચ અંશને પણ બ્રહ્મ કહેવાય તો અંશને બ્રહ્મ કહેવામાં વાંધો નથી. પણ અંશ જ બ્રહ્મ છે. એવું કહેવું ઘોર અનર્થ થઇ જાય.

અહમ્ જે છે એ મૂળ અભિવ્યક્તિ છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## ગુરુ કેવા

## દિક્ષા-મંત્રગ્રહણ અધિકારી - ૩

ગુરુદેવ:- ગયા વખતે આપણે જે જોયું, તેનાથી આગળ વધીએ. ગૃહસ્થાશ્રમીએ પણ વૈષ્ણવી દીક્ષા લેવી જોઇએ. જુઓ શ્રીમદ્ ભાગવત ૭-૧૪-૨માં

गृहेष्ववस्थितो राजन्क्रियाः कुर्वन्यथोचिताः ।
वासुदेवायेणं साक्षादुपासीत महामुनीन् ।। २ ।।

અર્થ:- હે રાજન્! ગૃહસ્થાશ્રમીએ પોતાના આશ્રમને ઉચિત એવાં સંધ્યોપાસન પંચમહાયજ્ઞ વગેરે કર્મોને તેના ફલની આશા રાખ્યા સિવાય શ્રીગોકુલેશને અર્પણ કરી કરવાં તેમજ ભગવદ્ભક્તોની સેવા કરવી.

તેમજ શ્રીભાગવત ૧૧-૧૭-૪૨માં -

शोलोञ्छवृत्त्या परितुष्टचित्तो धर्मं महान्तं बिरजं जुषाणः ।
मय्यर्पितात्मा गृह एव तिष्टन्नातिप्रसक्तः समुपैति शान्तिम् ।। ४२ ।।

અર્થ:- શિલોંછવૃત્તિથી સંતોષ માનનારો, નિષ્કામપણે ધૈર્યપૂર્વક અતિથિ સત્કાર કરવો વિગેરે પોતાના ધર્મને સેવનારો, સ્ત્રીપુત્રાદિકમાં આસક્ત ન થઇને મારાજ ચિંતનમાં પરાયણ એવો ગૃહસ્થ વનવાસાદિકનો ક્લેશનો અનુભવ કર્યા

સિવાય ઘરમાંજ રહીને પણ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ બન્ને શ્લોકમાં वासुदेवार्पणं साक्षात् તેમજ मय्यर्पितात्मा પદ ગૃહસ્થને સર્વ નિવેદન કરવાનો બોધ કરે છે. તેવું નિવેદન તો ભક્તિમાર્ગીય ગુરુદ્વારાજ થઇ શકે માટે ગૃહસ્થને પણ પુષ્ટિમાર્ગીય ગુરુને શરણે જવું અગત્યનું પ્રતીત થાય છે.

એમજ વાનપ્રસ્થાશ્રમના ધર્મમાં પણ શ્રીગોકુલેશ ભગવાને ભક્તિથીજ પોતાની પ્રાપ્તિ કહેલી છે. જેમકે શ્રીભાગવત ૧૧-૧૮-૧માં

वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैब वा ।। १ ।।

ત્યાંથી વાનપ્રસ્થના ધર્મો આરંભીને શ્લોક ૯ માં કહ્યુ છે કે –

एवं चीर्णेन तपसा मुनिर्धमनिसंततः ।

मां तपोमयमाराध्य ऋषिलोकादुषैति माम् ।। ९ ।।

આ શ્લોકમાં मां तपोमयमाराध्य એમ પોતાનું આરાધન કર્યા પછી પોતાની પ્રાપ્તિ કહેલી છે તે આરાધન ભક્તિથીજ થઇ શકે છે, માટે વાનપ્રસ્થાશ્રમમાં પણ ભક્તિની દઢતા કરવાસારૂ ભક્તિમાર્ગીય ગુરૂશરણની જરૂર છે.

સન્યાસીને પણ સન્યસ્તના ધર્માચરણની સાથે ભગવદ્ભક્તિનું આચરણ કરવાનું વિધાન છે. જેમકે મહર્ષિ કાત્યાયને કહ્યું છે કે -

आत्मन्यग्रीन् समारोप्य धेदिमध्यस्थितो हरिम् ।

व्यात्वा हृदि त्वनुज्ञातो गुरुणा प्रैषभारभेत् ।।

તેમજ શ્રીભાગવત ૧૧-૧૯–૨૩ અને ૧૧-૧૯-૩૮

तस्मान्नियम्य पड्वर्गं मद्भावेन चरेन्मुनिः ।

विरक्तः क्षुल्लकामेभ्यो लब्ध्वात्मनि सुखं महत् ।। २३ ।।

दुःखोदर्केषु कामेषु जातनिर्वेद आत्मवान् ।

अजिज्ञासितमद्धर्मो गुरुं मुनिमुपाव्रजेत् ।। ३८ ।।

એમજ અત્રિસ્મૃતિમાં સન્યાસીના ધર્મો કહ્યા છે ત્યાં પણ કહ્યું છે કે :-

अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यापरिग्रहौ ।
भावशुद्धिः परे भक्तिः संतोषः शौचमार्जवम् ।।
आस्तिक्यं ब्रह्मसंस्पर्शः स्वाध्यायः समदर्शनम् ।
अनौद्धत्यमदोनत्वं प्रसादस्थैर्यमार्दवम् ।।
सस्नेहं गुरुशुश्रूषा श्रद्धा क्षान्तिर्दमः शमः ।।

આ શ્લોકમાં સન્યાસીના ધર્મો કહ્યા છે તેમાં કાત્યાન ઋષિએ સન્યાસ ગ્રહણ કરતી વખત વેદિના મધ્યમાં બેસીને શ્રીહરિનું ધ્યાન કરી પ્રૈષમંત્ર ગ્રહણ કરવાનું કહ્યું છે, તેમજ ઉપર લખેલા શ્રીમદ્‌ભાગવતના શ્લોકોમાં કહેલા સન્યાસીના ધર્મોમાં સર્વત્ર ભગવદ્‌ભાવ રાખી સન્યાસીને પૃથ્વી પર્યટન કરવાનું કહ્યુ છે અને જો ભગવદ્ધર્મ જાણેલા ન હોય તો મનનશીલ ગુરુની ઉપસત્તિ કરવાનું કહ્યુ છે, પાસે રહીને ટહેલ કરવાની આજ્ઞા મળે છે. તેમજ અત્રિસ્મૃતિના વાક્યોમાં પણ શુદ્ધભાવ, પરબ્રહ્મમાં ભક્તિ અને સ્નેહસહિત ગુરુશુશ્રૂષા કરવાનું કહ્યુ છે, તેથી સન્યાસાશ્રમમાં પણ ભક્તિ કરવાનું તેમજ ભક્તિની દૃઢતા કરવા સારૂં પારંપરિક સત્સાંપ્રદાયિક ભક્તિમાર્ગીય વૈષ્ણવ ગુરુનો ઉપસત્તિ કરવાનું આવશ્યક જણાય છે.

નોંધ:- હવે આ જે દીક્ષાનું વર્ણન કરવામાં આવી રહ્યુ છે, તે પુષ્ટિમાર્ગીય દીક્ષા નથી. તેથી આપણે કોઈએ પણ આ દીક્ષા નું વિજ્ઞાન આપણે જાણવું જરૂરી છે, તે કેવળ આપણી જાણકારી સારુ લખેલ છે, જે સર્વે શ્રીગોકુલેશચરણ શરણાનુરાગી સેવક-વૈષ્ણવોએ નોંધ લેવી.

શિષ્ય :- ગુરુદેવ ! આપશ્રીએ જે પ્રમાણે આજ્ઞા કરી તે પ્રમાણ વચનો દ્વારા એમ સિદ્ધ થાયકે વૈષ્ણવી દીક્ષા લીધા વગર શ્રીહરિ-શ્રીગોકુલેશ પ્રસન્ન થતાં નથી તેથી ગુરુપાસે જઇ ચારે વર્ણે તથા ચારે આશ્રમીએ વૈષ્ણવી દીક્ષા અવશ્ય લેવી જોઇએ, ત્યારે તે દીક્ષાનું સ્વરૂપ શું તે જાણવાની આકાંક્ષા રહે છે, તે આપશ્રી કૃપા કરી આજ્ઞા કરો ?

ગુરુદેવઃ- દીક્ષા લેવાનું સ્વરૂપ તંત્રમાં એવી રીતે વર્ણવેલું છે કે *મંત્રમાર્ગને અનુસારે ગુરુએ તે મંત્રની સિદ્ધિ મેળવેલી હોય જે સિદ્ધિને લઈને તે મંત્રના અધિષ્ઠાતા દેવ તે ગુરુને શુભાશુભ ફળ સ્વપ્નાદિ દ્વારા સૂચવતા હોય તે ગુરુ જો પોતાને સિદ્ધ થયેલ મંત્રની દીક્ષા આપે તો તે મંત્રની દીક્ષા કહેવાય છે.* તે દીક્ષા લેવાનો પ્રકાર નારદપંચરાત્રની વિજ્ઞાનોપનિષદ્ સંહિતાના સોળમાં પટલમાં કહેલ છે કે *જે શિષ્ય દીક્ષા લેવાને આવે તે શિષ્યને એક વર્ષસૂધી પોતાની પાસે રાખી શું કરવું અને શું ન કરવું, એવા ૪૦૦ નિયમ લખ્યા છે, તે નિયમોને શિખવે અને તે શિખ્યા પછી તે શિષ્યની ગુરુ પરીક્ષા લે ત્યાર પછી માઘ, ફાલ્ગુન, વૈશાખ વગેરે જે દીક્ષા લેવાના માસ કહ્યા છે તે માસમાં મોટો મંડપ કરી ધનનો લોભ છોડી દઈ અગ્નિનો કુંડ કરી ઘી તથા તિલનો હોમ કરી દીક્ષા આપે અને દીક્ષા થયા પછી ઉત્તરાંગ હોમ કરેઃ* આ પ્રમાણે દીક્ષા લઈ પોતાની પાસે જેટલું ધન હોય તેમાંથી અડધું ધન ગુરુને અર્પણ કરે એ પ્રમાણે દીક્ષાનો પ્રકાર કહેલો છે, તે પ્રકાર આજના સમયમાં બની શકે તેવો નથી તેથીજ સ્મૃત્યંતરમાં કહેલું છે કે युगे युगे हि दीक्षा स्यादुपदेशः कलौ युगे સત્યયુગાદિમાં દીક્ષાનું વિધાન છે પણ કલિયુગમાં તો ઉપદેશ લેવાનુંજ વિધાન છે માટે તે તે મંત્રોનો કલિયુગમાં તો ઉપદેશજ લેવો જોઈએ.

(...ક્રમશઃ)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા



## સિદ્ધાંત રહસ્ય

..ગતાંકથી આગળ

શિષ્ય :- ગુરુદેવ! આપશ્રીની વાત તો સાચી, પણ એક શંકા થાય છે, આપશ્રી કૃપા કરીને સમાધાન કરશો, એવી વિનન્તિ. આપશ્રીના આગળના વચનો પ્રમાણે તો તે પણ સ્વિકારવું પડશે કે જ્ઞાનમાર્ગ વડે પણ દોષોની આત્યન્તિક નિવૃત્તિ થાય છે.

શ્રીમદ્ગીતામાં ભગવાન શ્રીગોકુલેશ સ્વયં આજ્ઞા કરે છે શુદ્ધ સત્વોન્નિષ્ઠ જ્ઞાન અગ્નિની જેમ કર્મોને ભસ્મ કરનારૂ છે -

**यथैन्धांसि समिद्धोग्निर्भस्मसात्कुरुतेऽर्जुन।**

**ज्ञानाग्निः सर्वकर्माणिभस्मसात्कुरुते तथा।। (४/३७)**

હે અર્જુન ! જેમ પ્રજ્વલિત અગ્નિ ઈન્ધનને બાળી નાખે છે તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ પણ સમ્પૂર્ણ કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે. શું મારી આ શંકા વ્યાજબી નથી ? જો મારાથી કોઈ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો !

ગુરુદેવઃ- તારી શંકા યોગ્ય છે, અને જે જે પોતાની શંકા મનમાં ઉપજતી હોય, તેનું તો સમાધાન અવશ્ય લેવું જોઈએ. તો હવે સમજ. તાર પ્રશ્નનો ઉત્તર છે ના, કારણ કે જ્ઞાનમાર્ગની સાધ્યના બહુકાલ સાધ્ય હોવાથી તેના વડે આત્યન્તિક દોષનિવૃત્ત સમ્ભવ નથી. શ્રીમદ્ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં -

**नाऽश्नतः पथ्यमेवान्नं व्याधयोऽभिभवन्तयुत।**

**एवं नियमकृद्राजन् शनैः क्षेमाय कल्पते।। (६/१/१२)**

અર્થઃ- જે મનુષ્ય સુપથ્યનું જ સેવન કરે છે તેને રોગો પોતાને વશ કરી શકતા નથી, એ જ રીતે હે પરિક્ષિત ! જે મનુષ્ય નિયમોનું પાલન કરે છે તે ધીરે ધીરે પાપ-વાસનાઓમાંથી મુક્ત થઈને કલ્યાણપ્રદ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. (૬-૧-૧૨). અહીં ત્રણ શ્લોક વડે પહેલાં પથ્ય અને અશનના દષ્ટાન્તથી અનેક ધીમે ધીમે સાધનોથી ક્ષેમશબ્દવાચ્ય જ્ઞાનની ઉત્પત્તિ કહીને, અને બીજા શ્લોકમાં તે જ્ઞાનના સહકારક નવ પાસાઓ કહીને,

**तपसा ब्रह्मचर्येण शमेन च दमेन च।**

**त्यागेन सत्यशौचाभ्यां यमेन नियमेन च।।१३।।**

**देहवाग्बुद्धिजं धीरा धर्मज्ञाः श्रद्धयान्विताः।**

**क्षिपन्त्यघं महदपि वेणुगुममिवानलः।।१४।।**

અર્થ :- જેમ વાંસની ઝાડીમાં લાગેલી આગ બધા વાંસોને બાળી નાખે છે તેવીજ રીતે ધર્મજ્ઞ અને શ્રદ્ધાવાન ધીરમનુષ્ય તપસ્યા, બ્રહ્મચર્ય, ઇન્દ્રિયદમન, મનની સ્થિરતા, દાન, સત્ય, બહારની અને અંદરની પવિત્રતા તથા યમ અને નિયમ - આ નવ સાધનોથી મન, વાણી અને શરીર વડે કરાયેલાં મોટા મોટા પાપોને પણ નષ્ટ કરી દે છે. (૬-૧-૧૩/૧૪)

તેથી ઉપરોક્ત સ્થળો વિચારતા જો જ્ઞાનની ઉત્પત્તિ જ અશક્ય જેવી હોય તો તેના વડે દોષનિવૃત્તિ તો ગગન-કુસુમ—સૌરભની જેમ છે અને કદાચ જો જ્ઞાન ઉત્પન્ન થઇ પણ જાય તો પણ તેના સહકારી નવ પાસાઓ ઉત્પન્ન થવા અશક્ય છે. કર્મ અને જ્ઞાનની વાત થઇ ગયી, હવે ભક્તિથી દોષનિવૃત્તિ કેવી રીતે શક્ય છે તેનો વિચાર બાકી રહી જાય છે. તે કરીએ. શ્રીમદ્‌ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં કહેલું છે કે ભક્તિ પણ પાપનો નિવારણ કરે છે -

**केचित्केवलया भक्त्या वासुदेवपरायणाः।**
**अघं धुन्वन्तिकात्स्न्र्येन नीहारमिव भास्करः।। (६/१/१५)**

અર્થ:- ભગવાનના શરણમાં રહેનારા ભક્તજનો, કે જેઓ વિરલ જ હોય છે તેઓ કેવળ ભક્તિ વડે જ પોતાનાં તમામ પાપોને એવી રીતે ભસ્મ કરી નાખે છે કે જેમ સૂર્ય ધુમ્મસને નષ્ટ કરી દે છે. (૬-૧-૧૫)

આ સન્દર્ભનો ખ્યાલ કરી એ તો આપને સમજાશે કે પ્રથમ શ્લોકમાં **કેચિત્** પદથી તે ભક્તિના અધિકારી જીવ દુર્લભ હોય છે તે બતાવ્યું. વળી, **કેવલયા** પદના પ્રયોગથી બતાવી રહ્યા છે કે જ્ઞાનને જેમ નવ પાસાઓની અપેક્ષા હોય છે તેમ અહીં ભક્તિના સન્દર્ભમાં ભક્તિને કોઈપણ સાધનના સાથની અપેક્ષા નથી. તેથી જ્ઞાન કરતાં ભક્તિમાં પ્રબળતા વધારે છે એવું સૂચવ્યું. **કાત્સ્ન્ર્યેન** પદનો પ્રયોગ કરી નીહાર અને ભાસ્કરના દૃષ્ટાન્તથી પાપનો નિર્મૂળ નાશ બતાવ્યો. જેમ જેમ સૂર્યનો તાપ વધે છે તેમ તેમ ધુંધ-ધુમ્મસ નિર્મૂળ નષ્ટ થઇ જાય છે.

**न तथा ह्यघवान् पूयेत तप आदिभिः।**

**यथा कृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवया।।१६।।**

અર્થ:- હે પરીક્ષિત! ભગવાનને આત્મસમર્પણ કરવાથી અને તેમના ભક્તોનું સેવન કરવાથી પાપી મનુષ્યની જેવી શુદ્ધિ થાય છે તેવી તપસ્યા વગેરે કરવાથી થતી નથી. આ સન્દર્ભનો ખ્યાલ કરી એ તો આપને સમજાશે કે દ્વિતીય શ્લોકમાં કૃષ્ણાર્પિતપ્રાણઃ આ અધિકારીના વિશેષણથી બ્રહ્મસંબંધ કરી લીધો છે જેણે તેવો અર્થ સ્પષ્ટ થાય છે. જેઓના પાપ નિવૃત્ત થઇ ચુક્યા છે તેઓ વડે પોતાનો સ્વામિત્વ નો આરોપણ કરવા પર દોષોની નિવૃત્તિ યુક્ત છે. અહિં તત્પૂરુષનિષેવયા પદ વડે ભગવત્ભક્તોનો સંગ બતાવવામાં આવ્યું છે. માર્ગનો ઉત્કર્ષ બતાવવા માટે ભક્તના સ્વરૂપથી દમ્ભી જીવોનો સંસર્ગનો ત્યાગ કરવો તે પણ સૂચવ્યું છે.

**सध्रीचीनो ह्ययं लोके पन्थाः क्षेमोऽकुतोभयः।**

**सुशीलाः साधवो यत्र नारायणपरायणाः।।१७।।**

અર્થ :- સંસારમાં આ ભક્તિનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ, ભયરહિત અને કલ્યાનસ્વરૂપ છે; કારણકે આ માર્ગ પર ભગવત્પરાયણ સુશીલ સાધુજનો ચાલે છે. (૬-૧-૧૭)

**प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्मुखम्।**

**न निःपुनन्ति राजेन्द्र सुराभाण्डमिवापगाः।।१८।।**

અર્થ:- હે પરીક્ષિત! જેમ મદીરાથી ભરેલા ઘડાને નદીઓ પવિત્ર કરી શકતી નથી તેવી જ રીતે મોટાં મોટાં પ્રાયશ્ચિતો વારંવાર કરવા છતાં પણ તેઓ ભગવાનથી વિમુખ મનુષ્યને કરવામાં અસમર્થ છે. (૬-૧-૧૮)

આ શ્લોકમાં બહિર્મુખ જીવો વડે કરવામાં આવતા પ્રાયશ્ચિત્ત વિગેરે કર્મ ફલિત થતાં નથી તે સૂચવ્યું.

**सकृन्मनः कृष्णपदारविन्दयोर्निवेशितं तद्गुणरागि यैरिह ।**

**न ते यमं पाशभृतश्च तद्भटान् स्वप्नेऽपि पश्यन्ति हि चीर्णनिष्कृताः। १९।**

અર્થઃ- જેમણે ભગવાનના ગુણોના અનુરાગી એવા પોતાના મનરૂપી મધુકરને ભગવાન શ્રીગોકુલેશનાં ચરણારવિંદના મકરંદ (પુષ્પ-મધુ)નું એકવાર પણ પાન કરાવી લીધું તેમણે બધાં પ્રાયશ્ચિત કરી લીધાં (એમ જાણવું) અને એવા મનુષ્યો સ્વપ્નમાં પણ યમરાજ અને તેમના પાશધારી દૂતોને જોવા પામતા નથી, પછી નરક પામવાની તો વાત જ ક્યાં રહી? (૬-૧-૧૯)

આ શ્લોકમાં જે ભક્તોએ એકવાર પણ ભગવદ્ ચરણારવિન્દમાં મન લગાડી દીધો છે તેઓ કદાપિ યમ અને તેના પાર્શદોના દુઃખને અનુભવતા નથી! જે વાત અજામિલના ઉપાખ્યાનથી સ્પષ્ટ સમજાય છે. તેથી ભગવદ્ ભક્તોનો સંગ દમ્ભી જીવોના સંસર્ગનો ત્યાગ પુષ્ટિભક્તિમાર્ગ છોડી અન્ય સાધનોમાં શ્રદ્ધા ન રાખવી ભગવાનના નામ, સ્વરૂપ, ગુણ, લીલાઓમાં અનુરાગ હોવું આ જ્યારે સહજ રીતે સિદ્ધ થાય ત્યારે **બ્રહ્મસમ્બન્ધકરણાત્સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિઃ** આ વાત ફલિત થાય. માત્ર બ્રહ્મસમ્બન્ધ લઈ અને સંસારમાં રચ્યા પચ્યા રહેવાથી કાંઈ નિર્દોષ નથી બની શકતા.

(...ક્રમશઃ)

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## ।। મંગલાચરણ ।।

(આચાર્યચરણ[1], શ્રીગોપીનાથ-શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણો[2], ગુરુદેવ[3], ભાગવતાર્થરૂપ ભગવાન્[4], સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલનાથ પ્રભુચરણ[5], આપણા ગુરુદ્વાર શ્રીચતુર્થ પીઠ[6], વર્તમાન્ પીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી[7] અને ભગવાન શ્રીકૃષ્ણને[8] વન્દન)

ચિન્તા-સન્તાન-હન્તારો યત્-પાદામ્બુજ-રેણવઃ ।।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્[1] પ્રણમામિ મુહુર્મુહુઃ ।। ૧ ।।

| | |
|---|---|
| યત્[૧] પાદ[૨] અમ્બુજ[૩] રેણવ[૪] | : જેના[૧] ચરણ[૨] કમળની[૩] રજકણો[૪] |
| સ્વીયા[૧]નામ્[૨] | : પોતાના[૧] સેવકોની[૨] |
| ચિંતા[૧] સંતાન[૨] હંતારો[૩] | : ચિંતાના[૧] પરિવારોને[૨] નાશ કરે છે[૩] |
| તાન્[૧] નિજ[૨] આચાર્યાન્[૩] | : તે[૧] પોતાના[૨] આચાર્ય[૩] શ્રીમહાપ્રભુજીને |
| મુહુર્મુહુ:[૧] | : વારંવાર[૧] |
| પ્રણમામિ[૧] | : પ્રણામ કરું છુ[૧]. |

જેમના ચરણકમળની રજ ચિંતાઓની પરંપરાનો નાશ કરનારી છે, તેવા મારા પોતાના આચાર્ય (શ્રીગુરુદેવ શ્રીમહાપ્રભુજી)ને હું વારંવાર પ્રણામ કરું છું.



યદનુગ્રહતો જન્તુ: સર્વદુ:ખાતિગો ભવેત્ ।।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્ - વલ્લભ - નન્દનમ્[૨] ।। ૨ ।।

| | |
|---|---|
| યદ્[૧] અનુગ્રહતો[૨] | : જેમની[૧] કૃપાથી[૨] |
| જંતુ[૧] | : નિ:સંધાન જીવ[૧] |
| સર્વદુ:ખ અતિ ગો[૧] | : સર્વ દુ:ખોને ઓળંગી જવા[૧] |
| ભવેત્[૧] | : (સમર્થ) થાય છે[૧] |
| શ્રીમદ્વલ્લભનંદનમ્[૧] | : તેવા શ્રીમદ્વલ્લભકુમાર શ્રીગોપીનાથજી અને શ્રીગુંસાઇજીને[૧] |
| અહં[૧] સર્વદા[૨] વંદે[૩] | : હું[૧] સદાય[૨] વંદન કરું છું[૩]. |

જેમની કૃપાથી પ્રાણીમાત્ર સર્વદુ:ખોમાંથી પૂરેપૂરા મુક્ત થાય છે અથવા પ્રાણીમાત્રના સર્વ દુ:ખો પૂરેપૂરા દૂર થાય છે તેવા શ્રીમહાપ્રભુજીના આત્મજને હું વંદન કરું છું.

અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન-શલાકયા ।।
ચક્ષુર્ ઉન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમ:[૩] ।। ૩ ।।

| | |
|---|---|
| યેન[૧] | : જેણે[૧] |
| અજ્ઞાન[૧] તિમિર[૨] અંધસ્ય[૩] | : અજ્ઞાનરૂપી[૧] અંધકારમાં[૨] અંધ[૩] થઇ ગયેલા |
| જ્ઞાન[૧] અંજન[૨] | : જ્ઞાનરૂપી[૧] અંજનની[૨] |
| શલાકયા[૧] | : સળી વડે[૧] |
| ચક્ષુ:[૧] ઉન્મીલિતમ્[૨] | : નેત્ર[૧]ને ખોલી નાખ્યું[૨] |
| તસ્મૈ[૧] શ્રીગુરવે[૨] નમ:[૩] | : તે[૧] ગુરુદેવને[૨] નમસ્કાર[૩] હજો |

જેઓ જ્ઞાનરૂપી આંજન, કૃપા રૂપી સળી વડે આંજીને આસન રૂપી અંધકારથી અંધ બનેલા જીવોની આંખો ખોલે છે તેવા શ્રીગુરુદેવને વંદન હજો, નમન હજો.



નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।।
લક્ષ્મી-સહસ્ત્ર-લીલાભિ: સેવ્યમાનં કલાનિધિમ્ ।। ૪ ।।

| | |
|---|---|
| હૃદયે[૧] શેષે[૨] | : (મારા) હૃદયરૂપી[૧] શેષ[૨] પર બિરાજમાન |
| લીલાક્ષીર્[૧] અબ્ધિ[૨] શાયિનમ્[૩] | : લીલારૂપી[૧] સેવા ક્ષીરસાગરમાં[૨] શયન[૩] |
| લક્ષ્મી સહસ્રલીલાભિ[૧] | : અનન્ત લક્ષ્મીઓ અનેક લીલાઓ[૧] વડે |
| સેવ્યમાનમ્ | : જેની સેવા કરી રહી છે તે. |
| કલાનિધિમ્ | : સમ્પૂર્ણ કલાઓના ભંડાર કરનારા (એવા પ્રભુને) |
| નમામિ | : (હું) નમન (નમસ્કાર) કરું છું. |

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, મારું હૃદય શેષનાગજીની શૈયા જેવું છે. એ હૃદય લીલારૂપી ક્ષીરસાગરમાં આવેલું છે. એના ઉપર કલાના નિધિ એવા શ્રીઠાકોરજી બિરાજમાન છે, હજારો લક્ષ્મીરૂપા ગોપીજનો વિવિધ લીલાઓ વડે એ શ્રીઠાકોરજીની સેવા કરી રહ્યા છે. એવા શ્રીઠાકોરજીને હું નમન કરું છું.

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।।
ષડ્ભિર્વિરાજતે યોડસૌ પંચધા હૃદયે મમ[૪] ।। ૫ ।।

| | |
|---|---|
| યઃ અસૌ | : જે આ (પ્રકરણાર્થરૂપ પ્રભુ) |
| ચતુર્ભિ:ચ | : દશમસ્કંધના જન્મ પ્રકરણના ચાર અધ્યાય રૂપે |
| ચતુર્ભિ: ચ | : તામસ પ્રકરણના ચાર (અવાંતર પ્રકરણ) રૂપે એમ |
| ચતુર્ભિ: ચ | : રાજસ પ્રકરણના ચાર (અવાંતર પ્રકરણ) રૂપે એમ |
| ત્રિભિ | : (સાત્વિક પ્રકરણના) ત્રણ (અવાંતર પ્રકરણ) રૂપે |
| તથા | : અને |
| ષડ્ભિ | : (ગુણ પ્રકરણના) છ અધ્યાય રૂપે |
| મમ હ્રદયે બિરાજતે | : મારા હ્રદયમાં બિરાજે છે (તે પ્રભુને હું નમસ્કાર કરું છું) |

ચાર (દશમ સ્કંધના જન્મ પ્રકરણના ચાર અધ્યાય), ચાર (દશમ સ્કંધના તામસના પ્રકરણો-પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ), ચાર (દશમ સ્કંધના રાજસના ચાર પ્રકરણો-પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ) અને ત્રણ (દશમ સ્કંધના-સાત્વિકના ત્રણ પ્રકરણો-પ્રમેય, સાધન અને ફલ) તથા છ (દશમ સ્કંધ-ગુણ પ્રકરણના છ અધ્યાયો) થી આમ પાંચ પ્રકારે જે મારા હ્રદયમાં બિરાજે છે તેમને હું નમન કરું છું.

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં$^{૫}$ નમામિ તમ્ ।। ૬ ।।

| | |
|---|---|
| ગોકુલસ્ય$^{૧}$ તુ$^{૨}$ યો$^{૩}$ | : ગોકુલના$^{૧}$ વિશેષ કરીને$^{૨}$ જે$^{૩}$ |
| ગોપ્તા | : રક્ષણહાર |
| પુષ્ટિસુપથ | : પુષ્ટિરૂપ જે સુન્દર (આત્મકલ્યાણ કરનાર) માર્ગ |
| રક્ષિતા | : રક્ષણહાર |
| જનિતા$^{૧}$ તુર્યવંશસ્ય$^{૨}$ | : જન્મ દાતા$^{૧}$ ચતુર્થ વંશના$^{૨}$ |

| | |
|---|---|
| ગોકુલેશં | : શ્રીગોકુલનાથ પ્રભુચરણને |
| નમામિ તં | : (હું)નમન કરું છું એવાં |

શ્રીગોકુલના રક્ષક, પુષ્ટિરૂપ જે સુન્દર (આત્મકલ્યાણ કરનાર) માર્ગનું રક્ષણ કરનાર અને ચતુર્થવંશના જન્મદાતા એવા શ્રીગોકુલનાથપ્રભુચરણને હુ નમન કરું છું.

શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં[૬] વયં નુમઃ ।। ૭ ।।

| | |
|---|---|
| શ્રીગોકુલપતેઃ[૧] નિત્યં[૨] | : શ્રીગોકુલપતિનો[૧] નિત્ય[૨] |
| શુભદં[૧] આસ્પદં[૨] | : કલ્યાણ કરનારું[૧] સ્થાન[૨](આચાર્યગૃહ) |
| મહત્ | : મહાન |
| શ્રીવાલ્લભમતે[૧] નિષ્ઠં[૨] | : શ્રીમહાપ્રભુના માર્ગ પ્રત્યે[૧] સન્નિષ્ઠ[૨] (એવા) |
| તુર્યપીઠં | : (ગુરુદ્વારરૂપ) શ્રીચતુર્થપીઠને |
| વયં નુમઃ | : અમે બધા નમન કરીએ છીએ |

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાંજ નિષ્ઠા રાખનાર, નિત્ય, શુભ (કલ્યાણ) કરનાર અને મહાન એવા શ્રીગોકુલપતિ ( શ્રીગોકુલેશ પ્રભુચરણ)ની શ્રીચતુર્થપીઠને અમે નમન કરીએ છીએ.

યસ્ય દર્શનમાત્રેણ ભવેન્નેત્રોત્સવો નૃણામ્ ।।
સદાનન્દ-સ્વરૂપં તમ્ દેવકીનન્દનં નુમઃ ।। ૮ ।।

| | |
|---|---|
| યસ્ય[૧] દર્શનમાત્રેણ[૨] | : જેઓના[૨] દર્શન માત્રથી[૨] |
| ભવેત્[૧] નેત્રોત્સવો[૨] | : થઈ જાય છે[૧] નેત્રોનો ઉત્સવ |

નૃણામ્ : જીવાત્માઓના

સદાનન્દ[૧] સ્વરૂપં[૨] તં[૩] : સદાનન્દ[૧] સ્વરૂપ[૨] એવાં[૩]

દેવકીનન્દનં : પૂજ્યચરણ ગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીને

નુમઃ : (અમે) બધા નમન કરીએ છીએ

જેમના દર્શનમાત્રથી સેવકજનોના નેત્રોને ઉત્સવરૂપ અલૌકિક આનંદ અર્થાત્ નેત્રોની સાર્થકતા સિદ્ધ થાય છે એવા સદાનન્દરૂપ પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીને અમે બધા નમન કરીએ છીએ.



નિસ્સૃત્ય યન્મુખામ્ભોજાદ્ દર્શનં દર્શનં ભવેત્ ।।
પથસન્દર્શકં ભક્ત્યા દેવકીનન્દનં નુમઃ ।।૯ ।।

નિસ્સૃત્ય[૧] યન્[૨] : નિસ્સૃત (નિકળી, પ્રવાહિત)[૧] થઈ જેઓના[૨]

મુખામ્ભોજાત્ : મુખારવિન્દથી

દર્શનં : ભારતીય તત્ત્વચિન્તન, દર્શન શાસ્ત્રના

દર્શનં : દર્શન, સાક્ષાત્કાર

ભવેત્ : થાય છે

પથસન્દર્શકં[૧] ભક્ત્યા[૨] : (એવા) સન્માર્ગ દેખાડનાર[૧] ભક્તિથી, શ્રદ્ધાથી[૨]

દેવકીનન્દનં : પૂજ્યચરણ ગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીને

નુમઃ : (અમે) નમન કરીએ છીએ

જેમના મુખારવિંદથી પ્રગટ થયેલ દર્શન શાસ્ત્રના ( ભારતીય તત્ત્વચિન્તન) / ભગવદ્શાસ્ત્રો (સ્વમાર્ગીય ગ્રંથો)ની અલૌકિક સુધાનું દર્શન કરવા અર્થાત્ રસપાન કરવા

સેવકજનો ભાગ્યશાળી થયા છે એવા પુષ્ટિભક્તોના સન્માર્ગ દેખાડનાર પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીને(અમે)નમન કરીએ છીએ.

અવિદ્યારૂપ-સંસારે સુવિદ્યા-પ્રાપકો જનાન્ ।।
દેવકીસુત-પાદાનાં[૭] પાદરેણુર્ પ્રસીદતુ ।। ૧૦ ।।

| | |
|---|---|
| અવિદ્યારૂપ[૧] સંસારે[૨] | : અવિદ્યારૂપ[૧] આ સંસારમાં[૨] |
| સુવિદ્યાપ્રાપકો[૧] જનાન્[૨] | : સુવિદ્યા પ્રાપ્ત કરાવનાર[૧] લોકોને[૨] |
| દેવકીસુત[૧]-પાદાનાં[૨] | : પૂજ્યચરણ ગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી[૧]ના ચરણારવિન્દના[૨] |
| પાદરેણુઃ[૧] પ્રસીદતુ[૨] | : રજકણો (મારા ઉપર)[૧] પ્રસન્ન હોજો[૨] |

અવિદ્યારૂપ સંસારમાં પડેલા સેવકજનોને (સ્વમાર્ગીય) સુવિદ્યા પ્રાપ્ત કરાવનાર પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીની ચરણરેણુ અમારા ઉપર પ્રસન્ન રહો (સદા કૃપા કરો).

બુદ્ધિ-પ્રેરક-કૃષ્ણસ્ય[૮] પાદપદ્મં પ્રસીદતુ ।।
ધ્યાનાઽસમર્થ-જીવાનામસ્માકં સર્વદા સ્વતઃ ।। ૧૧ ।।

| | |
|---|---|
| બુદ્ધિપ્રેરક | : બુદ્ધિને પ્રેરિત કરનાર |
| કૃષ્ણસ્ય | : ભગવાન શ્રીકૃષ્ણના |
| પાદપદ્મં | : ચરણકમલો |
| પ્રસીદતુ | : (મારા ઉપર) પ્રસન્ન હોજો |
| ધ્યાનાઽસમર્થ | : તેઓશ્રીનું ધ્યાન કરવામાં અસમર્થ |
| જીવાનાં | : (પામર) જીવોના |

| | |
|---|---|
| અસ્માકં | : અમારા જેવા |
| સર્વદા[૧] સ્વતઃ[૨] | : સર્વદા[૧] પોતે જ[૨] (કૃપારૂપ હોજો) |

ધ્યાન કરવાને અસમર્થ એવા અમે આ જીવો ઉપર બુદ્ધિને પ્રેરનાર ભગવાન શ્રીકૃષ્ણ નાં ચરણકમલ સ્વતઃ (આપમેળે) હમેંશાં પ્રસન્ન રહો.

(...ક્રમશઃ)

સંકલનઃ રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)



# દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંકથી આગળ

અશ્વિનઃ- પણ મુકુન્દકાકા, આપે જે કહ્યુ, તે પ્રમાણે તો આપણે સૌ શ્રીગોકુલેશ-અનુયાયિ દંડાકાર તિલક તો કરીએ છીએ. આપણને તો શ્રીમહાપ્રભુજીના ગ્રંથનો આધાર પણ માનીએ છીએ કે જ્યાં શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ નિબંધ ગ્રંથમાં ના સ્વરચિત પ્રકાશ નામક ટીકામાં આજ્ઞા કરેલ છે. છતાં અમુક કહેવાતા વિદ્વાનો આવો આક્ષેપ કેમ કરે છે કે આ તિલક નુ કોઇ પ્રમાણ પ્રાપ્ત નથી થતું ?

મુકુન્દદાસઃ- વાત તમારી સાચી અશ્વિનભાઇ. પણ જ્યારે હાથી રસ્તે હાલતો હોઇ, ત્યારે કૂતરા તો ભસ્યા કરે, પણ હાથીની શાનને કોઇ આંચ નથી આવતી. દરેક ની વિદ્વત્તા આ પરથી સમજી શકાય કે તે કેટલા વિદ્વાન છે. કારણ કે કોઇ પુસ્તકમાંથી બેઠું ઉતારી ને પોતાના નામે એક અલગ પુસ્તક છપાવી દે, આવુંજ એક પુસ્તક છે, વૈષ્ણવનું કર્તવ્ય, કે જે સન્ ૨૦૩૦ એટલે કે ઇ.વી.૧૯૭૪માં પ્રકાશિત થયું હતું. દુર્ભાગ્યે આ પુસ્તકના લેખકે આપના દ્વારના પરમ વિદ્વાન એવા ગો.વા. બાલમુકુન્દ પુરાણી (ખેડા જિલ્લાનું વિરપૂર ગામ નિવાસી) દ્વારા પ્રકાશિત પુસ્તક દંડાકાર દિવાકર જે સં.૨૦૦૨માં પ્રકાશિત થઇ હતી. જે આ વૈષ્ણવનું કર્તવ્ય ને પ્રકાશિત

થતાં ૨૮ વર્ષ પૂર્વે છપાઇ હતી. એટલે આમના જેવા કહેવાતા વિદ્વાનો કે જે પ.ભ. (પરમ ભ્રામક) છે, તેમની કેટલી વિદ્વત્તા છે, તે પ્રદર્શિત થઇ જાય છે. કે કેટલો ગ્રંથ અભ્યાસ છે, અને શ્રીમહાપ્રભુની આજ્ઞા સાથે ચેડા કરે છે. ચાલો એ વાત જવા દ્યો. આપણે પોતાના વિષય પર આવી જઇએ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરેલું, શ્રીગુંસાઇજીએ પ્રકાશિત કરેલું - આ દંડાકાર તિલકનું સ્વરૂપ સમજાવીને દેખાડેલું, કે પોતાના લલાટમાં દંડાકાર તિલક થાય, તે તિલક દંડાકાર છે, તે બે રેખાવાળું છે, તે શુભ છે, શાસ્ત્ર સિદ્ધ છે.

ચંદનમાસીઃ- એટલે એમ કે મુકુન્દભાઇ આપણને એવી પણ આજ્ઞા મળે છે કે *ઊર્ધ્વપુંડ્ર તિલકના મૂળમાં સિંહાસન કરવું, તે ઉપર કમળ મૂકવું, અને મધ્યમાં શ્રીગોપીજનવલ્લભની મુદ્રા કરવીં, પછી ચક્રાદિક એ બધું ગોપીચન્દન મૃત્તિકા વડે કરવું, ત્યારેજ સેવા કરવી,* તો પછી આ વચન વડે તો તિલકનાં મૂળમાં સિંહાસન કરવાની વિધિ છે, એટલે દંડાકાર તિલકને નીચેથી જોડવાની વિધિ છે, આજ આવીજ આજ્ઞા ઊર્ધ્વપુણ્ડ્રમાર્તણ્ડ વિગેરે ગ્રંથોમાં આજ્ઞા છે, ઊર્ધ્વપુણ્ડ્રમાટે ગોપીચન્દનથી, બીજા દ્રવ્યો (કુંકુમ વિગેરે) કહેલા હોવાથી, અને મુદ્રાધારણ માટે ફક્ત ગોપીચન્દન વિગેરે (ચરણામૃત) મૃત્તિકાઓ કહેલી હોવાથી તે (મુદ્રા ધારણાદિ) નિત્ય હોવાથી (ગોપીચન્દન ધારણ કરવું નહીં, એ) નિષેધ, ઊર્ધ્વપુણ્ડ્રધારણ કરવા માટે એકલા ગોપીચન્દન વડે ધારણ કરવામાં સમાપ્ત (ચરિતાર્થ) થાય છે તેમ જણાય છે. અર્થાત્ ઊર્ધ્વપુણ્ડ્ર તો ભગવત્પ્રસાદિ કુંકુમવડે જ કરવું, સિંહાસન વિગેરે જે કૈં બીજું કરવાનું હોય તે તમામ ગોપીચન્દન વડે કરવું તેમ એ વચનોનો સાર છે.

મુકુન્દદાસઃ- વાત સાચી. તેથી આપણે ત્યાં દંડાકાર તિલકમાં વચમાં ભાગ ખાલી હોય છે, ત્યાં આપણે ગોપીચન્દન કરતાં હોઇએ છીએ. આપણા શ્રીગુરુચરણોનાં શ્રીલલાટે પણ આજ પ્રકારથી દંડાકાર તિલક શોભાયમાન થાય છે, કુંકુમ વડે દંડાકાર તિલક, અને વચમાં ગોપીચન્દન. એકજ દ્રવ્ય વડે તિલકમાં સિંહાસન કરવું, તે તો દંડાકાર તિલક વિધિને હાની છે, તેથી ગોપીચન્દન થી સિંહાસન, વચમાં કરવું. એકજ રેખા

નું બીજારૂપ (વાળવા કે વાંકી કરવા) વડે  તે પ્રમાણે પરિણામ કરવાથી, દ્વિરેખ દંડાકારનો ભાવ સિદ્ધ ન થવાથી તે દ્વિરેખ-દંડાકારને પ્રતિપાદન કરનારાં વચનો નો વિરોધ પણ થાય...

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ ?

...ગતાંકથી આગળ

૨૮.  શ્રીમહાપ્રભુજી ભક્તિ પ્રકરણના પ્રારંભમાં ગુરુના સ્વરૂપ લક્ષણનો નિર્દેશ કરે છે. જે નિર્દેશ ભક્તિમાર્ગ અને પ્રપત્તિમાર્ગ એટલે શરણમાર્ગના પ્રકરણ માટે પણ વિધાન - આજ્ઞા છે.

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।

श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासादरात् ।।

ઉપર કહેલાં ગુરુના લક્ષણમાં ચાર મુદ્દાઓ આ વિધાનના શબ્દશઃ કહેલાં છે. અને પાંચમો મુદ્દો શ્રીમદ્ વાલ્લભ સંપ્રદાય-પુષ્ટિમાર્ગની પાંચસો વર્ષોથી ચાલી આવેલી પરંપરાથી વેદશાસ્ત્રના નિયમ, તેમજ આધુનિક સ્વતંત્ર ભારતીય સંવિધાન, અને ભારતીય કાયદા (Indian Law) અનુસાર (created by continous ancient practice, a custom created and validated) છે, જે આ પ્રમાણે છે...

ગુરુ-સ્થાને રહેલી વ્યક્તિ ભગવાન શ્રીગોકુલેશની સેવામાં તત્પર-આસક્ત રહેનાર હોવી જોઇએ.

તેઓ દંભ વગેરે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ્, માત્સર્ય વિગેરે અનિષ્ટ કરનાર અવગુણોથી રહિત હોવા જોઈએ.

તેઓ નર હોવા જોઈએ, અર્થાત્ લોક વહેવારની ભાષામાં પુરુષદેહવાળાં હોવા જોઈએ. (આ ત્રીજા નિયમનો સંબંધ સંપ્રદાયના ઈતિહાસ અને પરંપરા મુજબ અનિવાર્ય રીતે પાંચમાં મુદ્દા સાથે જોડાયેલા છે).

તેઓ શ્રીમદ્ ભાગવત્ જે શરણમાર્ગ અને ભક્તિમાર્ગનું સર્વશ્રેષ્ઠ અને સર્વપ્રધાન શાસ્ત્ર છે તેના તત્વને જાણનારા એટલે કે તેના મર્મજ્ઞ હોવા જોઈએ.

તેઓ શ્રીમહાપ્રભુજીના શ્રીમદ્વલ્લભ સંપ્રદાયમાં-પુષ્ટિમાર્ગમાં શાસ્ત્ર અને પરંપરાના નિયમાનુસાર, યોગ્ય નિર્દેશ કરવામાં આવેલા યોગ્ય બ્રાહ્મણ પરિવારની કન્યા અને શ્રીવલ્લભવંશજ યુવક-કુમારના શાસ્ત્રીય પદ્ધતિથી સ્વીકૃત વૈવાહિક વિધાનથી ગૃહસ્થના પરિણામે જન્મેલા નર બાલક (પુરુષ દેહ) જ સદ્ગુણ પ્રાપ્ત કરી-ઉપર દર્શાવેલી ક્રમ સંખ્યા ૧,૨,૪ની અપેક્ષીત યોગ્યતા મેળવી આપણા સંપ્રદાયમાં દ્વારભૂત ગુરુ થવા માટે યોગ્ય બને છે. આ મુદ્દાની સિદ્ધિ શાસ્ત્રોમાં જણાવેલા અનુક્ત સિદ્ધ ન્યાય (નિયમ) વડે સહજ સિદ્ધ છે. તે બધાજ શાસ્ત્રકારો તેમજ શાસ્ત્રાર્થ કરનારા સમસ્ત વાદી પ્રતિવાદીઓ આ અનુક્તસિદ્ધ નિયમને સ્વીકારે છે. અનુક્તસિદ્ધ નિયમનો અર્થ એવો થાય છે કે જે વાત શબ્દોથી કહેવાયેલી ના હોય છતાં પ્રચલિત સર્વમાન્ય પરંપરાના આધારે પ્રામાણિકતાથી સમજાઇ જતી હોય, તેવા તથ્યને અનુક્તસિદ્ધ કહેવાય છે.

स च दुर्लभ इति। तेनापि वक्तव्यं प्रकारमाह-

तद्भावे स्वयं वाऽपि मूर्ति कृत्या हरेः क्वचित् ।
परिचर्या सदा कुर्यात् तद्रुपं तत्र च स्थितम् ।। निबंध २-२२८

તેવા ગુરુ દુર્લભ છે. (ગુરુના લક્ષણમાં દર્શાવેલા બધા ગુણોનો પૂર્ણ પરિપાક મળવો વર્તમાન સમયમાં મુશ્કેલ હોવાથી)

पूर्व **श्रीकृष्णज्ञानद्** इति यदुक्तं तद्वेतभूतन्नामाहु**र्गुरु**रिति । यो यन्मार्गीयोपदेष्टा यन्मार्गीयफलदाता च स तस्मिन्मार्गे **गुरु**र्भवति यथा कपिलादयः, तथा शुद्धपुष्टिमार्गोपदेष्टृत्वं तन्मार्गीयफलदातृत्व**ञ्चाचार्यणामेव** नान्येषामपितिज्ञापनोयोक्तं **गुरु**रीति।

શ્રીગોકુલેશ વાક્સુધા પાન.૩૮ (સંસ્કૃત), પાન.૩૯(ગુજરાતી) – પહેલા **શ્રીકૃષ્ણ જ્ઞાનદ** એ નામ કહ્યુ, તેના કારણરૂપ નામ, **ગુરુ** કહે છે, જે જે માર્ગનો ઉપદેશ કરનાર અને જે માર્ગનું ફલ આપનાર હોય, તે તે માર્ગનો **ગુરુ** છે. જેમ કે કપિલ વિગેરે. તેવી રીતે શુદ્ધ પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરનાર અને તે માર્ગનું ફલ આપનાર આચાર્યશ્રી જ છે બીજા નથી એમ પણ જણાવવા ગુરુ એ નામ કહેલું છે.

तत्राप्यङ्कुरस्य द्दढत्वेऽस्मिन् मार्गे पूर्वोक्तरीत्या द्दढं सर्वोत्तमत्वंभावं प्रवेशश्च। द्वारभूतगुरुद्वारा शरणागतिः। ततः सतां द्वारभूतगुरोर्वा संगेन शिक्षया वा श्रीमदाचार्यचरणेषु भगवदभेदबुद्धिः। सर्वोत्तमादिभिस्तद्भजनम् । तत एतन्मार्गीयसंगे पूर्वोक्तरीत्या भगवद्भजनम्, ग्रंथावलोकनश्रवणादिना च तत्तत्प्रतिबंधनिवृतौ दोषनिवृत्तिः। सेवोपयोगिगुणोपचयश्च।

શ્રીપ્રભુએ કરેલા વરણરૂપ કૃપાના અંકુરમાં જ્યારે જાગૃતિ આવે ત્યારે પુષ્ટિમાર્ગમાં રૂચિ થાય છે. ત્યારે જ આ માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરવાની કામના જાગે છે. આ રીતે અંકુરિત થયેલા આ બીજભાવ વધુ દૃઢ થતાં આવા જીવ (મનુષ્ય)ની દૃષ્ટિમાં પુષ્ટિમાર્ગ માટે સર્વોત્તમપણાનો ભાવ જાગૃત થાય છે. તેમજ દ્વારભૂત ગુરુ થકી શરણાગતિ સિદ્ધ થતાં પ્રવેશ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ ઉત્તમકોટિના સત્પુરુષ વૈષ્ણવના સંગથી અથવા દ્વારભૂત ગુરુના ઉપદેશથી મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ અને ભગવાન શ્રીગોકુલેશમાં અભેદ બુદ્ધિ થાય છે. ત્યારે એ જીવ સર્વોત્તમ વિગેરે (નામ, રૂપ, ગુણાત્મક) સ્તોત્રો વડે શ્રીમહાપ્રભુજીનું ભજન કરે છે. ત્યાર બાદ આ માર્ગના સંઘથી ભગવદભજનમાં પ્રવૃત્ત થાય છે. અને માર્ગીય ગ્રંથોના અવલોકન તેમજ શ્રવણ વગેરેથી તેના તે તે પ્રતિબંધો દૂર થાય છે. પ્રતિબંધ

દૂર થતાં આવા જીવ દોષોથી નિવૃત્તિ મેળવે છે, અને તેને સેવામાં ઉપયોગી ગુણ પ્રાપ્ત થાય છે.

*(તત્ત્વાર્થદીપ નિબંધ ૨/ ૨૫૫-૨૫૬ શ્લોક પર શ્રીપુરુષોત્તમચરણનો આવરણ ભંગ)*

શ્રીમહાપ્રભુજીના નિર્દેશાનુસાર તેમજ સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલનાથ પ્રભુચરણના ઉપર દર્શાવેલા વચનોથી અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું સ્વરૂપ દેખાડનાર સૂર્યરૂપ શ્રીપુરુષોત્તમજીના વચનાનુસાર વ્યવસ્થિત વિચાર કરતા સહજપણે સમજાશે કે સંપ્રદાયના નિયમાનુસાર શ્રીમહાપ્રભુજી, ઉભય શ્રીપ્રભુચરણ, અને શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણના અલૌકિક સપ્તાત્મજ શ્રીસપ્તાચાર્ય સુધીજ પુરુષોત્તમ અભિન્ન ગુરુની સ્થિતિ બતાવવામાં આવી છે. તે પછી સિદ્ધાંત, નિયમ અને પરંપરા અનુસાર દીક્ષા અને ઉપદેશ આપનાર ગુરુ સ્થાને બીરાજતા માર્ગ બતાવનાર પૂજ્યચરણોને *દ્વારભૂત ગુરુ* ની રીતેજ ગણવામાં આવ્યા છે.

વ્યવહારીક શબ્દોમાં આ વાતને સમજવા માંગીએ તો પરંપરાનુસાર ચાલતી આવેલી વ્યવસ્થાની દૃષ્ટિએ સપ્તાચાર્ય ગૃહ અને તે તે ઘરની વિભક્ત થયેલી શાખા, ઉપશાખાઓમાં નિયમાનુસાર, ગુરુના લક્ષણ પ્રમાણે ન્યુનતમ યોગ્યતા ધરાવનાર જે સમાદરણીય વ્યક્તિ તે મુખ્ય સ્થાન અથવા શાખા પ્રશાખાના ભેદથી ગુરુસ્થાને બીરાજેલી હોય તે વ્યક્તિજ દીક્ષા અને ઉપદેશ આપવાનો અધિકાર ધરાવે છે કારણકે ત્યાં જ દ્વારભૂત ગુરુપણું છે.

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# સેવક-વૈષ્ણવો માટે પોતાના શ્રીગુરુદ્વાર-શ્રીગુરુદેવ પ્રતિ સામાન્ય વ્યવહાર

## કંઠી ક્યારે બદલવી ? :-

શાસ્ત્ર અનુસાર વૈશ્યે પંદર રાત્રિના મૃત્યુસૂતક અને પંદર રાત્રિના જન્મસૂતક (વર્ધી/પીંડરૂ) સમાપ્ત થયા પછી સોળમા દિવસે વ્રત કરવું અને સત્તરમા દિવસે સ્નાનાદિથી શુદ્ધ થઇ નવી પ્રસાદી કંઠી ધારણ કરવી.

વિશેષમાં મડદાનું દર્શન તથા સ્પર્શ થાય ત્યારે, રજસ્વલાએ ચાર દિવસો સમાપ્ત થયા પછી પાંચમા દિવસે, સૂર્ય-ચન્દ્રના ગ્રહણમોક્ષ પછી, પ્રસૂતા સ્ત્રીએ પ્રસૂતિના નિયત દિવસો સમાપ્ત થયા પછી નવી કંઠી ધારણ કરવી.

નવી કંઠી ધારણ કર્યા પછી જ, જૂની કંઠી ગળામાંથી ઉતારવી. ગળામાંથી ઉતારેલી જૂની કંઠી ગમે ત્યાં ફેંકવી નહીં તેમજ તેને ફરીથી ઉપયોગમાં લેવી નહીં, પરંતુ જળાશયમાં પધરાવવી.

## કંઠીદીક્ષા લેનાર વૈષ્ણવનું કર્તવ્ય :-

કંઠીદીક્ષા લેનાર વૈષ્ણવે સ્નાનાદિથી શુદ્ધ થઇ, ધોએલા શુદ્ધ વસ્ત્રો પહેરી, ચરણામૃત અને તિલક કરી, સ્વચ્છ જગાએ આસન પર બેસી સાંપ્રદાયિક સ્તોત્રપાઠ -મંગલાચરણ, શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીનામરત્નાખ્યસ્તોત્ર, શ્રીગોકુલેશ અષ્ટોત્તરશત નામાવલી, શ્રીયમુનાષ્ટક, કૃષ્ણાશ્રય આદિનો શ્રદ્ધાપૂર્વક શુદ્ધ ઉચ્ચારથી અર્થના અનુસંધાનપૂર્વક પાઠ કરવા.

સર્વોત્તમસ્તોત્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની ગાયત્રી છે. તેનો નિત્ય પાઠ-જપ એકાગ્રમ નથી તથા વિશુદ્ધ બુદ્ધિથી કરવો. તેનાથી સઘળા પ્રતિબંધો નિવૃત્ત થાય છે. (શ્રીગોકુલેશપ્રભુના વચનામૃત - ૧૨)

તદુપરાંત ષોડશગ્રંથો, શ્રીપુરુષોત્તમસહસ્રનામ સ્તોત્ર, ત્રિવિધલીલાનામાવલી, વલ્લભાખ્યાન, મૂલ-પુરુષ, શ્રીયમુનાજીના ૪૧ પદો વગેરે પણ સમયની અનુકૂળતા હોય તો અવશ્ય કરવા.

જો **સ્વગૃહે** શ્રીપ્રભુ બિરાજતા હોય તો માત્ર કંઠીદીક્ષા લેનાર વૈષ્ણવ બહારની બધીજ ટહેલ કરી શકે છે,

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

## શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વ્યક્ત બત્રિસ લક્ષણ

### દ્વાદશમો લક્ષણ - સેવા કરવાની સમજ.

અબ દ્વાદશમો લક્ષણ કહેત હેઃ- સો શ્રીમહાપ્રભુ (શ્રીગોકુલેશ પ્રભુ) કહેત હે જો વૈષ્ણવ હોઇ, તાકો એસે ચાહિયે, જો સેવા અપને ઘર કરે, ઔર કે ઘર અપની સેવા ન પધરાવે. આપ ઓરકો ભોગ સમર્પિત ન કરે. ઓરકે શ્રીઠાકોરજીકો અભિપ્રાથ ન કરે. ઔર કાહુકો આગે સેવા ન કરની. જો શ્રીમહાપ્રભુજીકે ચરિત્ર અવૈષ્ણવ હોય તાસો ન કહે. અપનો મંત્ર કાહુ કે આગે પ્રકાસ ન કરે. ઓર કે ઘેર સેવા આપું કરે તો વાકો ફલ જાકે ઘર સેવા કરે તાકો હોત હે; એસો પ્રકાર હે. ૧૨

।। ઈતિ શ્રી દ્વાદશમો લક્ષણ સંપૂર્ણમ્ ।।

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# આશ્રયકો પદ

### રાગ બિહાગ

રે મન ચિંતા ન કર પેટકી ।।
હલન ચલન યામેં કછુ નાહિન કલમ લિખીજો કેટડી ।। ૧ ।।
જીવજંતું જેતે જલથલકે તિન નિધિ કહા સમેટકી ।।
સમે પાએ સબહિનકૂઁ પહુઁચે કહા બાડ કહા બેટકી ।। ૨ ।।
જાકો જિતનો લિખ્યો વિધાતા તાકો પહુઁદે તેટકી ।।
સૂરદદાસ તાહે ક્યોં ન સુમરે જો હૈ એસૈ ચેટકી ।। ૩ ।।



।। શ્રીગોકુલેશો જયતિ ।।

# હોરી / ડોલોત્સવ

વસંત પંચમી આવે એટલે વાતાવરણમાં જાણે કઇક નવીનતા આવી જાય છે. કુદરત પોતાના સૌંદર્યને સોળે કળાએ ખિલી ઉઠે છે. નવીન કૂંપળો આવે, નવા નવા ફૂલો ઉગે, અને ચારે બાજું એક અલૌકિક સૌન્દર્ય. અને પછી શરુ થાય છે, વસંત ધમાર. ફાગણ આવે એટલે ફાગ ખેલાય, હોરીના રસિયા ગવાય. અને પછી જ્યારે ફાગણ વદ એકમ આવે એટલે ડોલોત્સવ. ડોલોત્સવ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય તે દિવસે થાય. ડોલોત્સવની રીત શ્રીગુરુચરણે આજ્ઞા પ્રમાણે કરવી.



ચાલો આપણે ધોળ-પદનો લાભ લઇએ.

રાગ ધનાશ્રી

શ્રીગોકુલ આનંદ મઇ, આનંદ અપાર,

શ્રીવલ્લભ ખેલે ફાગ, અંગો અંગ આનંદ મઇ આનંદ અપાર,

નર નારી આયે સબે આનંદ અપાર, સબહીન બાઢ્યો અનુરાગ, અંગ.૧

યુવતી યુથ ઠાડે ભયે, આનંદ. પ્રફુલ્લિત નિરખે રૂપ, અંગ.

શ્રીઅંગ કાંતિ શોભાઅતિ, આનંદ. રસ ભરે રસીક સ્વરૂપ, અંગ. ૨

શ્રીમુખચંદ્ર શિતલ કરે, આનંદ. ઓર હૃદે કુમુદ ફૂલ, અંગ.

નેત્ર વિશાલસું ચિત હરે. આનંદ. ઓર નહીં સમતૂલ, અંગ. ૩



શ્રીઅંગ અનુપમ માધુરી, આનંદ. ભક્ત પીવત ન અઘાત. અંગ.
વાગો ધર્યો શ્વેત અતિ બન્યો, આનંદ. નખસિખ સજી રસ રાય, અંગ. ૪
એસે બિરાજે શ્રીમહાપ્રભુ, આનંદ. મધ્ય નાયક સંગ સોહે, અંગ.
સુંદરી ઘેરે ચહું દિસા, આનંદ. એક એક મન મોહે, અંગ. ૫
ખેલન આઈ પિયા સંગ, આનંદ. મધુરે ગાવે ઘમાર, અંગ.
બાજે બજાવે છંદસો, આનંદ. નાચત સબે સકુમારિ, અંગ. ૬
કેસર અરગજા ઘોરિ કે, આનંદ. ભરે શ્રીવલ્લભલાલ, અંગ.
પિચકાઈ લે કનકકી, આનંદ. છિરકત તકિ તકિ બાલ, અંગ. ૭
અબીર ઉડાવે રંગ રંગ, આનંદ. અપને અપને ભાય, અંગ.
રંગ રંગ રંગ વ્યે રહ્યો, આનંદ. શ્રીબેઠકે સોહાય, અંગ. ૮
થકિત ભયે સબ દેખિકે, આનંદ. શ્રીવલ્લભછબિ ઉર લાય, અંગ.
ખેલત પરસ્પર ઈહી વિધિ, આનંદ. શોભા કહીય ન જાય, અંગ. ૯
લીલા પરમ રસાલકી, આનંદ. શ્રીગોકુલેશ રંગ રેલ, અંગ.
વલ્લભદાસકે ચિત્તકો, આનંદ. ઉપજી સુખકી વેલ, અંગ અંગ
આનંદ મઈ આનંદ અપાર. ૧૦

હોરીકે રસિયાકી જય. શ્રીગોકુલનાથકી જય.

# શ્રીગોકુલેશ પાઠશાળા

## અંક ૧૪

## ચૈત્ર સુદ ૧૧, ૨૦૬૪

## શ્રીકામદા એકાદશી વ્રત

શ્રીવલ્લભકુલભૂષણ સકલ શાસ્ત્ર શ્રુતિધાર,
વકતા કર્તા રક્ષક શિક્ષક ધર્મ સુચાર.
શ્રીસુરેશપ્રભુ એક જે શ્રીગોકુલ ઘરના ધણી,
રાખી સૃષ્ટિને નિજચરણે, ધરી સિદ્ધાંતની છડી.



સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ ને શ્રીરામ નવમીની વધાઇ પાઠવી રહ્યાં છે. સાથેજ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવની આગમ વધાઇ. શ્રીગોકુલેશ પાઠશાળા ને ચૈત્ર વદ ૧૧ એટલે શ્રીમહાપ્રભુ પ્રાગટ્યોત્સવ પર એક વર્ષ પૂર્ણ કરી રહ્યાં છીએ. તેની આપસૌ પાઠકોને જાણીને હર્ષ થશે. આપણે ઉત્તરોત્તર માર્ગીય જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ, એજ હેતું શ્રીગોકુલેશ પાઠશાળા સંકલિત કરી રહ્યાં છીએ.

વધું ન કહેતાં આપણે સૌ માર્ગમાં કથા પક્ષના માધ્યમે આગળ વધીએ. અને શ્રીમહાપ્રભુની અમુલ્ય વાણીનો રસાસ્વાદ માણીએ, જાણીએ, વિચારીએ, આચરીએ.

ભાવત્ક

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

### ગુરુ શિક્ષા - ૭

# સ્વાભિમાન- ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી

...ગતાંકથી આગળ

જીવની આપણા ત્યાં શું પ્રક્રિયા બતાવવામાં આવી, સચ્ચિદાનંદથી ભગવદ્ ઈચ્છા થકી એ સચ્ચિદાનંદાત્મક અણુપરિમાણ સૂક્ષ્મ જીવ જુદા પડે છે. એટલે કે સચ્ચિદાનંદાત્મક પૂર્ણ સ્વરૂપથી જીવ છુટો પડે છે, તે સૂક્ષ્મ છે. જુદા પડવા માટે અવકાશ જોઈએ. કોઈ જગ્યાએ અવકાશ ન હોય, તો કોઈ વસ્તુ ક્યાં જુદી પડે ?

તમે જુઓ એક લાકડીનો ટુકડો લો. હવે લાકડીના ટુકડો ક્યાં જુદો પડે ? ત્યાં કોઈ અવકાશ તો છેજ નહિં અને જો તમે ભૌતિક શાસ્ત્રીને આ વાત કરશો તો એ કહેશે કે આ બધા તો વિદ્યુત પ્રવાહ છે. બીજું કઈ નથી એટલે એ આખો વિષય જોદ છે એટલે અવકાશ જોઈએ.

જુદા પાડવાનું જેમ`ક આગમાંથી તણખા નીકળે છે. આગમાંથી તણખા નીકળે છે અને અવકાશ છે તેથી નીકળે છે. એટલે અહીં અવકાશ પણ બ્રહ્માત્મક છે અને એમાંથી જે જુદા પડવાની પ્રક્રિયા સ્વયં બ્રહ્મ છે, એટલે બ્રહ્મમાં બ્રહ્માત્મક અવકાશમાં, બ્રહ્મથી, બ્રહ્માત્મક અંશ બ્રહ્માત્મક રીતે જુદા પડી રહ્યા છે. આનું નામ શુદ્ધ બ્રહ્મવાદ. તેથી જે અંશ છે તે પોતે સચ્ચિદાનંદ છે. જેમ અગ્નિ અને તણખામાં ગુણધર્મ સરખા છે. ફેર એટલો છે કે અગ્નિ વ્યાપક છે અને તણખો છે એ એના પરિમાણમાં નાનો છે, સિમિત છે.

અને આ જગ્યાએ આવીને ભગવદ્ ઈચ્છાથી જે સચ્ચિદાનંદમાંથી સદ્ અંશ પ્રબળ બને છે અને તે વધુ સક્રિય થાય છે. અને જ્યારે વધુ પ્રબળ બને છે એ વખતે, કાંઈક અંશમાં એ સદ્ અંશના પ્રબળ થવાથી આનંદ અંશ તિરોહિત થઈ જાય છે. એ આનંદ અંશ તિરોહિત થયો, અને તે રીતે પ્રધાન સદ્ અંશ વાળો જે અંશ છે તેને જીવ સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

આનંદ અંશ તિરોહિત થયો એટલે તે નિષ્ક્રિય થયો, તેનો નાશ થતો નથી તે અત્યારે ક્રિયાશીલ નથી. વિજ્ઞાનની ભાષામાં કહીએ તો તે પ્રમાદી-જડ, કોઇ ક્રિયા કે ગતિ માટેની શક્તિવિહોણું થઇ ગયો.

જીવ સંજ્ઞા આપણે આનંદ અંશના તિરોધાન થયા બાદ જ આપીએ છે. અંશ(જીવ) પણ ભગવદાત્મક છે. એટલે અંશી (ભગવાન) અને અંશ (જીવ), ભગવદ્ અંશ કહેશો. તમે જીવ નહિં કહી શકો. જ્યારે આનંદ અંશ તિરોહિત થશે તો એ જીવ સંજ્ઞા વાચી થઇ ગયો અને એ શુદ્ધ અવસ્થા છે. કારણ હજી સુધી બીજી પ્રક્રિયા શરૂ થઇ નથી.

આનંદ અંશ જે ક્ષણે તિરોધાન થયો. હવે અહીંયા જે ક્ષણની વાત છે તે પણ સમજવા જેવી છે. કારણ પરમાત્માના સંબંધમાં દેશ અને કાળ સમય અને અવકાશ કોઇજ અસ્તિત્વ ધરાવતા નથી.

આપણું અસ્તિત્વ દેશકાળમાં ઘટિત થઇ રહ્યું છે. એટલે આપણે સમય અને અવકાશથી બહાર વિચારી શકતા નથી. એટલે એ વખતે કાંઇ જ ક્ષણ નથી, પણ જે જે બિંદુએ આ આનંદ અંશ તિરોહિત થા રહ્યો છે, એની સાથે શું બન્યું જુઓ.

ભગવાનને આપણે ભગવાન કેમ કહીએ છીએ? કારણ ૬ પ્રકારનું સામર્થ્ય રહેલું છે. ત્રિલોકમાં જે ઘટિત થઇ રહ્યું છે એના સામર્થ્યનો અંદાજો તો લગાવી શકાતો જ નથી. આપણી પાસે એવું કાંઇ જ યાંત્રિક સાધન નથી કે આપણે તેનાથી આ સામર્થ્યને માપી શકીએ. છતાંય જે કંઇ આપણને શાસ્ત્ર, ઈતિહાસ આપણને બતાવી રહ્યા છે કે આ ત્રિલોકી નું સર્જન કરનારા, જે પરમાત્મા છે જે પોતાના ભ્રુભંગથી આખી સૃષ્ટિનું સર્જન કરી રહ્યો છે અને એ અનંત કોટિ બ્રહ્માંડનો નાયક છે. અને એ અનંત કોટિ બ્રહ્માંડના સર્જન પછી પણ એના વિદ્યુત થાકી જાય છે. એવું નથી કે વિદ્યુત ખલાસ થાય, એનું કાંઇ સમાપન થતું નથી. આ બધાં અનંત કોટિ બ્રહ્માંડના સર્જનથી આપણા માથાનું યંત્ર ચલાવીને સમજ્યાનો પ્રયત્ન કરી શકીએ કે એનું સામર્થ્ય શું થઇ શકે. આ સામર્થ્યના ૬ ધર્મ .

ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. આ ૬ સામર્થ્ય એટલે ૬ રીતે ક્રીયાશીલ થતું સામર્થ્ય. તે ભગવાનમાં છે. આમ આ ૬ ભગવદાંશમાં પણ આવેલું જ છે, ભલે અણું

પરિમાણની રીતે, હવે એ ૬ પ્રકારનું જે સામર્થ્ય છે આનંદના તિરોહિત થતા જ એ ૬ પ્રકારનું સામર્થ્ય એ અંશને છોડી દે છે. એ પણ તિરોહિત થઇ જાય છે. અને એ તિરોહિત થવાની સાથે શું બને છે કે ઐશ્વર્ય જવાથી માણસ દીન-હીન બની જાય છે. વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના અંશભૂત જે અંશ હતો તે તિરોહિત થાય છે.

જે માણસનું પ્રતિકારાત્મક શક્તિ નબળી થઇ ગઇ હોય તો સામાન્ય રોગ પણ તેના પર તરતજ હુમલો કરી શકે છે. એટલે અવિદ્યાને પૂર્ણ ક્ષેત્ર મળી ગયું કે તે ભગવદ અંશ પર હુમલો કરે, એટલે જ્યારે ભગવદ્ અંશમાં રહેલા ઐશ્વર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય તિરોહિત થઇ ગયા અને અવિદ્યા એ એને પકડી લીધો.

એ અવિદ્યાથી ગ્રસિત થઇને હવે આગળ સ્થૂળ દેહ જે કાંઇ એને મળશે તે પછીની વાત છે.

આ જે અંશ પણું છે તે કેવી રીતે અભિવ્યક્ત થાય છે? એ અહમ્‌માં થાય છે. આ અહમ્ માં એની મૌલિક અભિવ્યક્તિ રહેલી છે. અને એ અહમ્‌થી એ અભિવ્યક્તિ બીજા અંતકરણની ત્રણ વૃત્તિઓમાં પરાવર્તન (પ્રતિબિંબિત) થાય છે. અભિવ્યક્ત થાય છે અને તે પછી તે કર્મેન્દ્રિયમાં બહાર સ્થૂળ રીતે પ્રગટ થાય છે, એજ ચેતન તત્વ છે.

એક મોટરગાડીને તમે ઉદાહરણ તરીકે સમજો. ગાડી નવી હોય એટલે તેની બોડી, મશીનરી બહુજ અખંડ-અણુશુદ્ધ હોય, પેટ્રોલ છે, બધુંજ છે પણ દાંતાચક્ર તંત્રબદ્ધ નથી. જો દાંતાચક્ર ન હોય તો મને સમજાવો ગાડી ચાલે કે ન ચાલે? દાંતાચક્ર તંત્રબદ્ધ ક્રિયાશીલ ન હોય તો ગાડી આગળ ન જ વધે. તો જેમ ગાડીમાં બધુજ હોય, આખી બધાંજ યંત્ર હોય, તે તમામ યંત્રની જગ્યાએ  મનુષ્યમાં ચિત્ત જ છે. તે સંપૂર્ણ યંત્રના રૂપમાં છે. આખો આધાર છે, પાયો છે. તે પાયાનું નામ છે ચિત્ત. જેને આજના મનોવિજ્ઞાનીઓ શુક્ષ્મચેતન તરીખે ઓળખીું છે. અથવા અચેતનમન, એને જેટલો પરિપ્રેષ્ટ ભારતીય પૃષ્ઠભૂમિમાં છે તેટલો બીજે ક્યાંય નથી.

વાહનના તમામ યાંત્રિક ચક્રની જેમ ચિત્ત એ તમારું સંપૂર્ણ યંત્ર છે. હવે યંત્રમાં જેમ દાંતાચક્ર તમે મુકી દો એટલે વાહન ચાલવા લાગશે. અને અત્યાધુનિક વાહનયંત્રમાં પાંચમા દાંતાચક્ર મૂકવામાં આવેલ છે. તેનાથી મહત્તમ ગતી પર વાહન લઇ જઇ શકાય.

હવે એ વાહનની સંપૂર્ણ ગતી એ દાંતાચક્ર પર ટકી રહી છે. તમારે વધારેમાં વધારે ગતીથી કઇ વૃત્તિ દોડે છે. મન! બરાબર એ મન જ તમારુ દાંતાચક્ર વ્યવસ્થા છે. કેટલું દોડવું એનું કાંઇ ઠેકાણું નથી. પ્રથમ ગેયરમાં વાહન શરૂ કરો, પછી બીજામાં લાવો, પછી ત્રીજામાં લાવો, તેમ પાંચમાં સૂધી તો કેટલી બધી ગતી આવી જાય.

હવે કલ્પના કરો કે તમારી પાસે ગતી અવરોધક (brake system) ના હોય તો શું થાય? માર્ગ સાફ મળે ત્યાં સૂધી વાંધો નહીં આવે. પણ જો થોડેક જાવ અને break ન હોય તો ધૂમ ધડાકા ચોક્કસ થાય. એટલે જેના પાસે બુદ્ધિની brake નથી હોતી તેઓને ધૂમ ધડાકા થયા જ કરે છે.

બુદ્ધિનો વિવેક એવો છે કે તમને ક્યાં brake મારવી છે, અને ક્યાં brake નથી મારવી અથવા accelerator આપવું છે. એટલે ફરીથી વાહન ગતી પકડવા લાગે.

અને હવે કલ્પના કરો કે તમારી પાસે બધુ જ છે. પણ steering નથી. તમે વાહન ચલાવી શકાતું નથી. તમારી ગાડી ઘરમાંથી જ બહાર નીકળી ન શકે. એટલે આ steering તે તમારો અહમ્ છે.

આ automobile પરથી તમે આખું ધ્યાન આપો, તો તેનો જે આધાર છે, તે ચિત્ત છે, તેથી ચિત્ત સેવામાં હોવા છતાં મન સેવામાં ન હોઇ શકે. અને મન હોઇ શકે, આથી શ્રીમહાપ્રભુએ જ્યારે સેવાનું લક્ષણ બતાવ્યુ ત્યારે ***ચેતસ્ત પ્રવણમ્ ..*** દ્વારા આજ્ઞા કરી છે અને જ્યારે સેવાનું ફળ લક્ષણ બતાવ્યુ ત્યારે ***માનસી સા પરા મતા*** કહ્યું. કેમ આ બે શબ્દનો ઉપયોગ કરી રહ્યા છે? આ બહુ મોટો સવાલ છે. આખું શાસ્ત્રાર્થ અહિં રોકાઇ જાય. કેમકે એક જગ્યાએ શ્રીમહાપ્રભુ મન કહી ગયા, આવું કેમ બને?

જે સાક્ષાત વૈશ્વાનરના અવતાર છે. મુખારવિંદ (આસ્ય)નું સ્વરૂપ છે, એ આવા બે જુદા જુદા શબ્દો કેમ કહી શકે આવી ગઇ, ભાષા સમજાતી નથી. આખો વિચાર સમજાતો નથી, તેથી વિષમતા ભાષાની જણાય છે.

તમારા base માટે, જ્યારે સેવાની સાધન અવસ્થા છે, એ તમારું આખું તંત્ર ચલાવવા માટે Basic Machinary Automobileની ન હોય, તો તમારા brake, gear કે steering ક્યાંય કામ ન લાગે. Steering બધુ તો પછીની વાત છે. આખી machinaryનો base operate જોઇએ કે જેના ઉપર એ કરી શકે.

એટલે ચિત્ત જે છે તે મનનું સૌથી નીચેનું ધરાતલ છે. એ તમારું Unconcious Mind છે. અચેતન મન જેને તમે જાણતા નથી પણ એના પરાવર્તન-પ્રતિબિંબ આવે છે.

તમે માર્ગ પર ચાલી રહ્યા છો, રસિકભાઇ તમારી પાસેથી નીકળી ગયા, અને તમે આગળ વધી ગયા.

સાંજે જ્યારે રસિકભાઇ મળ્યા ત્યારે કહેવા લાગ્યા કે કેમ ગોવિંદભાઇ સવારે મળ્યા ત્યારે જોયું પણ નહીં અને બોલ્યા પણ નહીં? ગોવિંદભાઇ કહે મળ્યો હોઇશ પણ ધ્યાન કંઇક બીજી જગ્યાએ હતું.

એવું નથી કે શાહ સાહેબને તમારી આંખે જોયા ન હોય, તમારી આંખનાં Camera System દ્વારા શાહ સાહેબની નોંધ લેવાઇ. Camera એ તે છબીનો સંદેશો આપણા મગજમાં મોકલ્યો, પણ એ દૃષ્ટિએ બધું નોંધાવી દીધું, પણ તમારું મન એ સમયે આંખ સાથે જોડાયેલ ન હતું, તેથી આંખની જે પણ કાંઇ નોંધાયેલ બાબત હતી તે તમારા શરીરે સ્વીકારી નહીં. એટલે તમે તેમની સામેથી નીકળી ગયા પણ તમે નોંધી શક્યા નહીં કેમ કે મન ક્યાંક બીજે હતું. કેવું બખડજંતર થઇ ગયું. એટલે આ બધી કાર્યપદ્ધતી છે. આ બધું ખરા અર્થમાં તે ચેતન ને જ અભિવ્યક્ત કરી રહ્યું છે. Heavy Grid ઉપર જે વિદ્યુત તાર આવે છ. જો એજ Heavy Grid ને જો પોતાના ઘર વપરાશ પર સીધું મુકવામાં આવે તો શું થાય? બધી જગ્યા એ ધૂમ ધડાકા થઇ જાય.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## ગુરુ કેવા

## દિક્ષા-મંત્રગ્રહણ અધિકારી - ૪

શિષ્યઃ- ગુરુદેવ! આપશ્રીએ ઉપર કહેવા પ્રમાણે દીડૅા લેવાને બદલે ઉપદેશ લેવાનું સિદ્ધ થયું ત્યારે ઉપદેશ લેવાનું સ્વરૂપ તથા તેનો પ્રકાર શું છે તે આજ્ઞા કરો.

ગુરુદેવઃ- ઉપદેશનું સ્વરૂપ રામાર્ચનચંદ્રિકામાં રૂદ્રયામલનું વાક્ય લખીને કહ્યું છે કે – ચંદ્ર, સૂર્ય, ગ્રહણને સમયે, તીર્થમાં, સિદ્ધક્ષેત્રમાં[1] તથા તથા શ્રીહરિના સંનિધાનમાં, ગુરુ મંત્રમાત્ર કહે તે ઉપદેશ અને તેને લેવાનું જ વિધાન હોવાથી પદેશ લેવાનોજ સર્વત્ર પ્રચાર ચાલે છે અને તેવાજ અભિપ્રાયથી બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલ છે કે -

અર્થઃ- હરિના મંત્રોપદેશ માત્રથી મંત્રોપદેશ લેનારા પુરુષોતો મુક્ત થાય છે. પરંતુ તેના કરોડો પૂર્વજો તેમજ પછીથી થનારાઓ પણ મુક્ત થઇ જાય છે. તેમ કોટિ જન્મમાં સંચિત કરેલાં પાપોથી પણ મંત્રગ્રહણ કરનાર મુક્ત થઇને શુદ્ધ થાય છે. પુત્ર, સ્ત્રી, શિષ્ય, નોકર અને સંબંધિઓને જે સન્માર્ગ બતાવે છે તેની નિત્ય સદ્ગતિ છે.

શિષ્યઃ- ગુરુદેવ! ઉપરના વચનો દ્વારા તો એ સ્વયં સિદ્ધ થાય છે કે કુલપરંપરાપ્રાપ્ત સત્સાંપ્રદાયિક વૈષ્ણવ સદ્ગુરુ પાસેથી ઉપદેશ લેવું. અને ઉપર કહ્યા પ્રમાણે જે સન્માર્ગ બતાવે છે તેની નિશ્ચિત સદ્ગતિ થાય છે.

પણ મને એક શંકા થાય છે, કે જેમ જ્ઞાનમાર્ગ પણ સન્માર્ગ છે, અને જ્ઞાનમાર્ગથી મુક્ત થવાનાં વાક્યો પણ મળે છે. જેમ કે ***ऋते ज्ञानान्न मुक्त:*** જ્ઞાન વિના મોક્ષ નથી. ***तमेव विदित्वाऽतिमृत्युमेति नान्य: पन्था विद्यतेऽयनाय*** તે આત્માનેજ જાણીને મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે, મોક્ષ પ્રાપ્ત કરવાનો બીજો માર્ગ નથી. વગેરે વાક્યોથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે મુક્તિ એટલે મોક્ષ અને તે જ્ઞાન વગર મળતો નથી માટે જ્ઞાનમાર્ગની રીતે પ્રૈષ મંત્રનો ઉપદેશ લઇ સન્યાસ ગ્રહણ કરી જ્ઞાનમાર્ગમાં રીતે પ્રૈષ મંત્રનો ઉપદેશ લઇ

સન્યાસ ગ્રહણ કરી જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થવું એ ઉત્તમ માર્ગ છે કે કેમ? આપશ્રી મારી શંકાનું કૃપા કરી સમાધાન કરશો.

ગુરુદેવઃ- તારી શંકા બહુ સારી છે. જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગથી ઉત્તમ છે, એમાં સંશય નથી પણ જ્ઞાનમાર્ગ એટલે શું? એ તમારે સમજવું જોઇએ. ब्रह्म सत्यं जगत्मिथ्या – બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે. એ જ્ઞાનમાર્ગ નથી પણ सर्वं खल्विदं ब्रह्म - આ જેટલું દેખાય છે તે સર્વ બ્રહ્મ છે पुरुष एवेदः सर्वे यद्भूतं यच्च भाव्यम्

આ સર્વ દેખાય છે તે, જે થઇ ગયું છે તે અને જે થવાનું છે તે સર્વ પુરુષ જ બ્રહ્મ છે, એ શુદ્ધ અદ્વૈતરૂપ જ્ઞાન થાય (શ્રીશંકરાચાર્યજીનું તત્ત્વજ્ઞાન) તેનુંજ નામ જ્ઞાન છે અને તે પણ ગીતાજીના તેરમાં અધ્યાયમાં લખ્યા પ્રમાણે શ્રીગોકુલેશની અનન્ય એટલે બીજા દેવની ભક્તિનો અંશ પણ હૃદયમાં આવે નહીં તેવી રીતની અવ્યભિચરિત ભક્તિ યુક્ત હોવું જોઇએ, કેમકે શ્રીગીતાજીના તેરમાં અધ્યાયના સાતમાં શ્લોકથી આરંભીને અગીયારમાં શ્લોક સૂધી જ્ઞાનનાં લક્ષણો કહ્યાં છે, ત્યાં શ્રીગોકુલેશમાં અવ્યભિચારિણી ભક્તિ પણ કરવાનું કહ્યુ છે તે શ્લોક આ છેઃ

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।

आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ।।७ ।।

इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।।

जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।।८ ।।

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।।

नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ।।९ ।।

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।।

विविक्तदेशसेविन्वमरतिर्जनसंसदि ।। १० ।।

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।।

एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ।। ११ ।।

આ શ્લોકોમાં જ્ઞાનનાં લક્ષણો બતાવતાં *મારામાં અનન્ય બની ઇતર દેવોનો આશ્રય લીધા સિવાય મારી ભક્તિ કરવી.* આ વાક્યથી ભક્તિનું નિરુપણ છે અને ભક્તિથીજ ખરું જ્ઞાન પ્રાપ્ત થાય છે; તે સિવાયનું જ્ઞાન તે યથાર્થ જ્ઞાન નથી માટે જ્ઞાનમાં પણ ભક્તિની અપેક્ષા છે. તેમજ જ્ઞાનનાં ફલ ઉપર દૃષ્ટિપાત કરતાં પણ જ્ઞાનીઓને અક્ષર પ્રાપ્તિ માની છે, પુરુષોત્તમ-શ્રીગોકુલેશની નહીં.

(...ક્રમશઃ)



સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## સિદ્ધાંત રહસ્ય

..ગતાંકથી આગળ

ગુરુદેવ:- ગયા વખતે આપને સમજ્યા કે માત્ર બ્રહ્મસમ્બન્ધ લઈ અને સંસારમાં રચ્યા પચ્યા રહેવાથી કાંઈ નિર્દોષ નથી બની શકતા. હવે આગળ જોઈએ.

भगवत्सेवकाः ये तु कथञ्चिद्भिन्नतां गताः।

सर्वात्मना पापनाशः तेषामेव भवेद् ध्रुवम्।।

त.दी.३/६/२०

તેથી જે પૂર્વમાં ભગવત્સેવકો હતા અને કોઇ હેતુવિશેષના કારણે અહીં (લોકમાં) આવ્યા, તેઓના માટે જ આ માર્ગ છે તેથી તેઓના વડે બ્રહ્મસંબંધ કરવા પર, તેઓ સર્વ દોષોથી નિવૃત્તિ પામે છે. આ માર્ગમાં તેઓનો જ અધિકાર હોય છે (દ્રષ્ટવ્ય શ્રીલાલૂ ભટ્ટજી કૃત પ્રમેયરત્નાર્ણવાન્તરગત પુષ્ટિભક્તિ અધિકાર વિવેક). આ જ વાતને અનુલક્ષી શ્રીમહાપ્રભુએ પોતાના નિબન્ધમાં આજ્ઞા કરી છે કે

सात्विका: भगवद्भक्ता: ये मुक्तावधिकारिण:।

भवान्तसम्भवा: दैवात्तेषामर्थे निरूप्यते।।

त.दी.१/

જેઓ સાત્વિક છે, ભગવદ્ ભક્ત છે, જેઓ મુક્તિ માટે અધિકારી છે અને દૈવયોગથી જેઓનું અન્તિમ જન્મ છે એવા જીવો માટે જ આ શાસ્ત્રાર્થ પ્રગટ કરી રહ્યો છું. જો કે – सर्वेऽधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप।

આ વાક્યમાં માઘસ્નાન વિષયક વાક્યમાં કહેલા દૃષ્ટાન્તથી અને देवोऽसुरो मनुष्यो वा અને આ વાક્યમાં સ્વરૂપયોગ્યતા તો જીવમાત્રની હોવાથી દરેકનો ભક્તિમાં અધિકાર છે જ છતાંય ફલોન્મુખતા તો ઉપર કહેલા જીવની થાય છે. તેથી બ્રહ્મસંબંધ એવા જીવોને જ કરાવવો જોઇએ. જીવોમાં ઉત્કૃષ્ટપણું ઉત્કટ ભજન, આદરથી ઉત્પન્ન થયેલ શ્રીગુરુદેવની સેવા-પરિચર્યા કરવાથી અને શ્રીગુરુદેવ દ્વારા કરેલ પ્રશ્ન-માર્ગમાં રુચિ-વેશભૂષા-ભાષા-આચારવિચારના આધારે વિચારવું જોઇએ. જે જીવે પૂર્વમાં પાપાચરણ કરેલ હોય છતાંય જો તેનેમાં ભગવન્માર્ગની ઉત્કન્ઠા જાગૃત થાય તો તેવા જીવને પણ બ્રહ્મસંબંધનો ઉપદેશ કરવો જોઇએ. શ્રીભગવાન ગીતામાં આજ્ઞા કરે છે -

अपि चेत्सुदुराचारो भकते मामनन्यभाक्।

साधुरेव स मन्तव्य: सम्यग्व्यवसितो हि स:।।

(गीता ९/३०)

હે અર્જુન! જો કોઇ અતિ દુરુચારી પણ કેમ ન હોય છતાંય જો એ અનન્યભાવથી મારો ભક્ત બની મારું ભજન કરે છે તો તે સાધુ કહેવા યોગ્ય છે. કેમકે તે યર્થાથ નિશ્ચયવાળો છે. એ જાણે છે કે પરમાત્માના ભજનની સરખામણી બધું જ તુચ્છ છે.

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति।

कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति।। (९/३१)

તેથી હે અર્જુન! શીઘ્ર જ તે ધર્માત્મા બની જાય છે અને નિત્ય પરમ શાન્તિને પામે છે. તૂ નિશ્ચિતપણે સમજી લે કે મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી. જેનામાં પોતે ઉત્કન્ઠા નથી પણ સતપુરુષો/મહાપુરુષો/ગુરુજનોના સંગ વડે કે કુલપરંપરાના આધારે ભક્તિ કરે છે, તેવો જીવ પણ ઉપદેશનો પાત્ર છે. જો કે એવા જીવમાં ભગવત્કૃપા સંદિગ્ધ હોવાથી ફલોન્મુખતાનો નિર્ણય કરી શકાતો નથી, તથાપિ એવી પરિસ્થિતિમાં ઉપદેશ કરવા પર તે ઉપદેશ કરનાર શ્રીગુરુદેવ દોષના પાત્ર થતાં નથી. ઈતાંય ઉપદેશ કરવો જોઇએ કેમકે સત્સંગના કારણે તેનામાં ફલોન્મુખતાની સમ્ભાવના હોય છે. પણ ઉપદેશ આપતા પહેલા તેની અતિસૂક્ષ્મતાથી પરીક્ષા કરી લેવી જોઇએ. જો એવા જીવને ભગવદ્ ધર્મોમાં પછી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તો શ્રીમહાપ્રભુ ઉપદેશેલ પ્રકારથી બોધ આપવો જોઇએ. શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે -

यथा यथा हरिः कृष्णो मनस्याविशते निजे।

तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते।।

જેમ જેમ પોતાના મનમાં ભગવાન શ્રીકૃષ્ણ પધારે છે તેમ તેમ તે (ભાગવત) સાધનોંમાં નિષ્ઠા વધતી જાય છે. પણ જો કોઇ જીવ, ભગવાન અને ભગવદ્ ધર્મો પ્રત્યે ઉદાસીન હોય તો તેવાને બોધ આપવો ન જોઇએ. અને જો તદ્દન બહિર્મુખ હોય તો તેવાની ઉપેક્ષા કરવી જોઇએ. કેમકે -

ईश्वरे तदधीनेच बालिशेषु द्विषत्सु च।

प्रेममैत्रीकृपोपेक्षा यः करोति स मध्यमः।। (११/२/४६)

જે ભગવાનથી પ્રેમ, તેમના ભક્તોથી મિત્રતા, દુ:ખી અને અજ્ઞાનિઓપર કૃપા તથા ભગવાનથી દ્વેષ કરનારાની અપેક્ષા કરતા હોય છે, તે મધ્યમ કોટિના ભાગવત છે.

हरिरुवाच

सर्वभूतेषु यः पश्येद्भगवद्भावमात्मनः।

भूतानि भगवत्यात्मन्येष भागवतोत्मः।।११/२/४५

જે કહી પણ ન્યુનાધિકતા ન જોઇને સર્વત્ર પરિપૂર્ણ ભગવત્સત્તાજ દેખાય છે અને સાથેજ સમસ્ત પ્રાણી અને સમસ્ત પદાર્થ આત્મસ્વરૂપ ભગવાનમાં જ આધેયરૂપથી અથવા અધ્યસ્તરૂપથી સ્થિત છે, અર્થાત્ વાસ્તવમાં ભગવત્સ્વરૂપજ છે. આ પ્રકારનો જે અનુભવ છે, એવી જેમની દૃષ્ટિ સિદ્ધ છે, તેમણે ભગવાનના પરમપ્રેમી ઉત્તમ ભાગવત સમજવા જોઇએ.

અને જો ભગવાનના અર્ચા-વિગ્રહ-મૂર્તિ વગેરેની પૂજા તો શ્રદ્ધાથી કરતા હોય, પરન્તુ ભક્તો કે બીજા લોકોની વિષેશ સેવા-સુશ્રૂષા નથી કરતાં, તે સાધારણ શ્રેણી ના ભગવદ્ભક્ત છે.

अर्चायामेव हरये पूजां यः श्रद्धयेहते।

न तद्भक्तेषु चान्येषु स भक्तः प्राकृतः स्मृतः।।४७।।

અને જો ભગવાનના અર્ચા-વિગ્રહ-મૂર્તિ વગેરેની પૂજા તો શ્રદ્ધાથી કરતા હોય, પરન્તુ ભક્તો કે બીજા લોકોની વિષેશ સેવા-સુશ્રૂષા નથી કરતાં, તે સાધારણ શ્રેણી ના ભગવદ્ભક્ત છે.

गृहीत्वापीन्द्रियैरर्थाऽन्यो न द्वेष्टि न हृष्यति।

विष्णोर्मायामिदं पश्यन्स वै भागवतोत्तमः।। ४८ ।।

જે શ્રોત-નેત્ર વગેરે ઇન્દ્રિયોના દ્વારા શબ્દ-રૂપ વગેરે વિષયોને ગ્રહણ તો કરતા હોય છે, પરન્તુ પોતાની ઈચ્છાને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ નથી કરતા અને અનુકૂલ વિષયોને મળવાપર હર્ષિત નથી થતાં-તેમની એ દૃષ્ટિ બની રહે છે કે આ બધું આપણા ભગવાનની માયા છે-તે પુરુષ ઉત્તમ ભાગવત છે.

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં યોગેશ્વરના વાક્યોમાં ભગવદીયના લક્ષણ બતાવવામાં આવ્યા છે. જે જીવ ઈશ્વરમાં પ્રેમ (ભક્તિ), ઈશ્વરના અધીન - ભક્તો પ્રત્યે મૈત્રી, બાળકો પ્રત્યે દયા અને દ્વેષ કરનારાઓ પ્રત્યે ઉપેક્ષા સેવે છે તે મધ્યમ જાણવો. શ્રીપ્રભુચરણ પણ પોતાની વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે કે -

निवेदित्मभिन्नेषु सदौसीन्यमाचरेत्।

प्रावाहिकास्तेऽपि चेत् स्युरुपेक्षैवोचिता सदा।।

અનિવેદિત જીવો પ્રત્યે સદૈવ ઉદાસીનતા રાખવી. તેમાં પણ જો તેઓ પ્રવાહી કોટિના હોય તો ઉપેક્ષા કરવી. બીજું કે સાતેય બાળકો પ્રત્યે પોતાના પત્રમાં પણ આપશ્રી આજ્ઞા કરે છે કે -

विजातीयजनाक्रान्ते निजधर्मस्य गोपनम्।

देशे विधाय सततं स्थेयमित्येव भासते।।

हरेरेव तथेच्छास्ति सर्वोद्धृतिविरोधिनी।

अन्यथाचार्यविमुखाः कथमेत्पथि स्थिताः।।

વિજાતીય ભાવવાળા જીવોના દેશમાં નિજધર્મનો ગોપન કરવો. દરેક જીવને ઉદ્ધારકરવાની શ્રીપ્રભુની ઈચ્છા નથી, કેવળ ભક્તોદ્ધાર કરવાની ઈચ્છા છે. નહીં

તો શ્રીમહાપ્રભુથી વિમુખ લોકો (શ્રીમહાપ્રભુની વાણી ને જે લોકો પૂર્ણત્વે સમજી નથી રહ્યા અને છતાંય પુષ્ટિમાર્ગી થવાની ભ્રમણા રાખે છે) આ માર્ગમાં ટકે કેવી રીતે ? તેથી આ (વિમુખતારૂપ) ઉચ્છ્રૃખલતાનો નિવારણ કરવા માટે, માર્ગની મર્યાદા બતાવવા માટે અને તેવા જીવોની શ્રીમહાપ્રભુ પ્રત્યે અન્યથાવુદ્ધિ દૂર કરવા માટે પ્રસંગોપાત્ત કહેવામાં આવ્યું છે.

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## ॥ મંગલાચરણ ॥

..ગતાંકથી આગળ

મંગલાચરણ શબ્દ બે શબ્દો પરથી બનેલો છે. મંગલ - આચરણ એટલે મંગલાચરણ.

આપણી સામે બે પ્રશ્નો આવે.

૧. મંગલાચરણ એટલે શું ?

૨. મંગલાચરણ શા માટે ?

જગતમાં ઈશ્વરે જીવન આપ્યુ છે, જીવનને ત્રણ કક્ષામાં વહેંચી શકાય. ૧) દાનવ કોટી, ૨) માનવ કોટી, ૩) દેવ કોટી.

આ જોતા આપણાં મનમાં પ્રશ્ન થાય કે આપણે બધા વૈષ્ણવ છીએ અને સાથે સાથે મનુષ્ય પણ છીએ તો મનુષ્ય અને વૈષ્ણવમાં ફરક શું ?

ચાલો આપણે સમજીએ કે મનુષ્ય કોને કહેવો:

જ્યારે જીવ એની અણસમજ-નાસમજ કે ઓછી સમજથી બોલે, કાર્ય કરે, અને વિચારે. અને એમ કહે કે હું મારી શક્તિ અને બુદ્ધિથી બધું કરું છું, એની વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં હું પદ હોય, હુંકાર હોય, પોતાની શક્તિ, બુદ્ધિ અને બળનું એને ભાન હોય ત્યારે તેને માણસ (માનવ) અથવા મનુષ્ય કહેવામાં આવે.

જીવ:- જગતમાં મોટાભાગના મનુષ્યો આ કક્ષાના છે (માણસ છે). માણસ (માનવ)નું વૃદ્ધિકરણ થાય ત્યારે માણસ (માનવ)માંથી વૈષ્ણવ બનાય. માનવ જન્મ આધિભૌતિક છે, વૈષ્ણવતા આધ્યાત્મિક છે. વૈષ્ણવજનનો અભિગમ મનુષ્યના અભિગમથી જુદો પડે. માટે નરસિંહ મહેતા એ *વૈષ્ણવજન તો તેને રે કહીએ...*એ પદ ગાયું છે. તેમાં મહેતાજી કહે છે કે *હું કરું, હુ કરું, એજ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે*..અર્થાત્ ગાડા (બળદગાડીની નીચે એક કૂતરો(શ્વાન) ચાલતો જાય, ગાડું આગળ વધે નીચે કૂતરો પણ ચાલે, ત્યારે મૂર્ખ કૂતરો મનમાં એમ સમજે કે ગાડામાં ભરેલો બોજો તે જ ખેંચે છે (હુંજ ખેંચું છું, હુંજ ઉપાડું છું), તો તે તેની અજ્ઞાનતા છે. તેમ જગતને ચલાવનાર હરિ જ છે ત્યારે માણસ એક સમજે કે હું બધું ચલાવું છું, હું જ બધું કરું છું, તો તેની આ અજ્ઞાનતા છે.

માણસ જ્યારે વિચારે છે કે હું કરું છું ત્યારે એના કાર્યોમાં એને નિષ્ફળતાં મળે છે. નિષ્ફળતા ચિંતા જન્માવે છે, ચિંતા માનસિક રોગો જન્માવે છે. એટલે શ્રીદયારામભાઇ એ કહ્યું છે કે *ચિત્ત તું શિદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.*

બધુંજ કરનાર શ્રીકૃષ્ણ(શ્રીગોકુલેશ) છે એ વૈષ્ણવનો અભિગમ છે. વૈષ્ણવતાનો અભિગમ છે. શ્રીમહાપ્રભુજી નો અભિગમ છે. એટલે સાચો વૈષ્ણવ એમ નથી કહેતો કે હું કરું છું, એ હમેશાં એમજ બોલે છે, વિચારે છે કે *હરિ: સર્વ નિજેચ્છાત કરિષ્યતિ*..સર્વ કંઇ કરતાં કેવળ શ્રીહરિ શ્રીગોકુલેશ જ છે. એટલે સાચો વૈષ્ણવ એની કૃતી અને પ્રવૃત્તિના પ્રારંભે *બુદ્ધિપ્રેરક ગુરુ અને ગોવિંદ ને સ્મરણ કરે છે*. ગુરુ અને ગોવિન્દ ને વન્દન કરે છે, ગુરુ અને ગોવિન્દની કૃપા ઇચ્છે છે. એ જીવ ગુરુ-ગોવિન્દને વન્દન કરે છે, પ્રાર્થના કરતો નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજી પાસે મંગાય નહીં. બીજા કોઈનીય પાસે મંગાય નહીં. શ્રીકૃષ્ણ પોતાના ભક્તોને આપવા જેવું બધુંજ સ્વતઃ આપશે અને આપે છે, આવો દૃઢ વિશ્વાસથી સાચો વૈષ્ણવ કેવળ શ્રીમહાપ્રભુને, શ્રીઉભય પ્રભુચરણ (શ્રીગોપીનાથજી, શ્રીગુંસાઈજી), શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીકૃષ્ણને સ્મરે છે, વંદે છે.

ગુરુ અને ગોવિન્દની કૃપાથી વૈષ્ણવ ભગવદીય જીવન જીવી શકે છે. ભગવદીયતાના માર્ગે પગલા ભરી શકે છે, જીવની સ્વયંનું સામર્થ્ય નથી એ વૈષ્ણવ બની શકતો કે નથી એ વૈષ્ણવી જીવન જીવી શકતો.

ગુરુ અને ગોવિન્દ વૈષ્ણવના દરેક કાર્યને, દરેક વર્તનને, દરેક આચરણને મંગલ બનાવે છે. જે કરવામાં આનંદ આવે તેને મંગલ કહેવાય, જેનું ફળ આનંદદાયક હોય, જે કરવામાં ઉત્સાહ અને ઉમંગ અનુભવાય. આમ આપણું સર્વકાર્ય મંગલ બને. કેવળ કાર્યજ નહીં વૈષ્ણવ ઇચ્છે તેને શ્વાસે શ્વાસ મંગલ બને, જીવનની ક્ષણે ક્ષણ મંગલમય બને. એ કારણથી વૈષ્ણવ પોતાના કોઈપણ કાર્યના આરંભે શ્રીમહાપ્રભુને, શ્રીઉભય પ્રભુચરણ (શ્રીગોપીનાથજી, શ્રીગુંસાઈજી), શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીકૃષ્ણને સ્મરણ કરે, વંદન કરે, તેને કહેવાય **મંગલાચરણ**.

આપણે ત્યાં અતિ પ્રાચિન સમયથી વેદકાળથી એવી એક પરંપરા રહી છે, વેદ વ્યાસથી લઈને સહુંએ જ્યારે જ્યારે કોઈપણ ગ્રંથની રચના કરી ત્યારે ત્યારે તે ગ્રંથની રચનાના પ્રારંભમાં પોતાના ઈષ્ટદેવનું અને પોતાના શ્રીગુરુચરણનું સ્મરણ કર્યુ અને તેમને વન્દન કર્યા. તે મંગલાચરણ.

ગયા અંકમાં આપણે આપણા શ્રીચતુર્થદ્વારમાં બોલાતા મંગલાચરણના ૧૧ શ્લોક-શ્લોકાર્થ ને સમજ્યા. પ્રારંભમાં મંગલાચરણ રૂપે શ્લોક કરવામાં આવે છે એ ભારતીય સાહિત્યનું એક વિશિષ્ટ લક્ષણ છે, તેવીજ રીતે જ્યારે વૈષ્ણવો સત્સંગ કરે, ઘરમાં શુભ પ્રસંગ આવે, ત્યારે તત્ તત્ પ્રકારનાં મંગલાચરણ કરવામાં આવે છે. શ્રીગુરુ અને શ્રીપ્રભુને સ્મરણ કરે છે, વન્દન કરે છે. આપણા વૈષ્ણવની જીવનશૈલી પણ એવીજ છે, કે સવારે

ઉઠીને પોતાના શ્રીગુરુ, શ્રીપ્રભુનું સ્મરણ કરીએ છીએ, ઘરના સભ્યોને ભગવદ્સ્મરણ કરીએ છીએ. પોતાની વાહનમાં, ઘરેથી બહાર જતાં, વ્યવસાયએ પોતાની ખૂરશી પર બેસતા, વગેરે કાર્યો કરતાં ઘણાં પોતાનાં શ્રીપ્રભુને નત્મસ્તકે વન્દન કરે છે. આમ પ્રવૃત્તિ ના પ્રારંભે સ્મરણ, વંદનની પરંપરા ચાલે છે. તે મંગલાચરણ.

(...ક્રમશઃ)

સંકલનઃ રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

# દંડાકારં લલાટે સ્યાત્

...ગતાંકથી આગળ

મુકુન્દદાસઃ- વાત સાચી. તેથી આપણે ત્યાં દંડાકાર તિલકમાં વચમાં ભાગ ખાલી હોય છે, ત્યાં આપણે ગોપીચન્દન કરતાં હોઇએ છીએ. આપણા શ્રીગુરુચરણોનાં શ્રીલલાટે પણ આજ પ્રકારથી દંડાકાર તિલક શોભાયમાન થાય છે, કુંકુમ વડે દંડાકાર તિલક, અને વચમાં ગોપીચન્દન. એકજ દ્રવ્ય વડે તિલકમાં સિંહાસન કરવું, તે તો દંડાકાર તિલક વિધિને હાની છે, તેથી ગોપીચન્દન થી સિંહાસન, વચમાં કરવું. એકજ રેખા નું બીજારૂપ (વાળવા કે વાંકી કરવા) વડે તે પ્રમાણે પરિણામ કરવાથી, દ્વિરેખ દંડાકારનો ભાવ સિદ્ધ ન થવાથી તે દ્વિરેખ-દંડાકારને પ્રતિપાદન કરનારાં વચનો નો વિરોધ પણ થાય. અને વળી એ વચનને સેવાવિધિનું જ પ્રાધાન્ય હોવાથી તેનાથી બીજાં વચન ગૌણ હોવાથી કૃત-અકૃતાત્વ (યથેચ્છાચાર કરવાં અથવા ન કરવાં એમ, અને તેથીજ એ બધું સંપ્રદાયમાં ઝાંઝું જોવામાં આવતું નથી). તિલાક એ કૃત-અકૃતત્વ નથી, તિલક તો વૈષ્ણવપણાને ઓળખાવનાર હોવાને લઇને બીજે ઠેકાણે પ્રતિપાદનથી, એટલે આ પ્રમાણે ઊર્ધ્વપુંડ્ર દ્વિરેખ દંડાકારને બદ્ધ મૂલ સિદ્ધ કરવામાં ફક્ત મૂળમાં સિંહાસન કરવું. એ એક વાક્ય અંશની યોજનાને માની લેવુ ન્યાય યુક્ત નથી, કારણકે તેની સાથે એમ પણ કહેવામાં આવ્યુ છે કે જો એક ભાગ લેવાથી

અંગી બેડોળ બનતો હોવાથી, ફક્ત ખાલી જગ્યા પૂરવા પૂરતો તેટલોજ અર્થ સ્મરણ કરવા યોગ્ય હોવાને કારણે મૂળમાં સિંહાસન કરવું, આ વચનને લઈને દંડાકાર તિલકને નાસિકાથી બાંધી દેવાની હિમાયતી થવું, એ કેવળ એક છળ વચન છે. હવે આપણું દ્વિરેખ દંડાકારના સ્વરૂપને અર્થ કોઇ બીજો અર્થ કરી, વિકલ્પની યુક્તિ વડે ફેરફાર કરવાને સમર્થ નથી. જેમ નિષેધની સિદ્ધિ ન થતાં નિષેધ કરવા લાયકનો નિષેધ ન થાય, આ ન્યાય પ્રમાણે જે રીવાજ ચાલે છે, તેજ યોગ્ય છે. આ પ્રમાણે થતું દ્વિરેખ દંડાકાર તિલકજ શોભાયુક્ત છે. શ્રીગુસાંઇજીની આજ્ઞાનુસાર *સરખી બને રેખાના સ્વરૂપવાળું*, એ વચનામૃતને અનુકૂળ રહીને શ્રુતિ અને પુરાણોને સમ્મત સુન્દર સોભાયુકત કરાતું ભવ્ય દેખાય છે એમ બધું સુંદર છે.

એટલે એમ સમજવું કે શ્રીહરિની ચરણરજ વડે નાકના મૂળ (નાસિકા) અને કપાળની પાસે - અર્થાત્ બન્ને ભવાંની વચ્ચે, કરાતો સુન્દર સિંહાસન વિધિ (ચરણામૃતની આડી રેખાથી) ચરિતાર્થ થાય છે જ.

રસિકભાઈ:- કેટલાક લોકો તો મુકુન્દભાઇ એમ પણ કહે છે કે શ્રીમહાપ્રભુજીએ તો નિબંધ ગ્રંથમાં આજ્ઞા કરી છે કે *ગોપીચંદન વડે શંખ ચક્રાદિક ધારણ કરવામાં તે પણ પૂજાનું અંગ છે*? હવે જો આ પ્રમાણે ની આજ્ઞા તો પૂજાના અંગનું છે તો પૂજા તો કેવળ બ્રાહ્મણોનોજ અધિકાર છે. અને બ્રાહ્મણનો અધિકાર થી પૂજા તથા સેવાની શ્રીમહાપ્રભુજીએ ભિન્નતા કહેલી હોવાથી *અભ્યંગમાં, સૂતકમાં, વિવાહમાં, બાળક જન્મમાં અને તમામ મંગળ કાર્યોમાં ગોપીચન્દન ધારણ કરવું નહીં*, આ નિષેધ વચણ થી અનન્ય વૈષ્ણવોને નિત્ય સેવારૂપ મંગળ કાર્યમાં ગોપીચન્દન ધારણ કરવામાં નિષેધ બતાવે છે, *તિલક બે રેખાવાળું હોય છે*, એમ શ્રુતિ પ્રમાણના બલવત્ પણાથી *એકવાર આવતાં નિષેધ થતાં જે રોકાય તે રોકાયેલું જ રહે*, તો આ ન્યાય બાધ થવાથી બે રેખા કરવી તેમ ચાલ્યા આવતા શિષ્ટાચારથી, દ્વિરેખ દંડાકાર તિલક ધારણથી બીજું ધારણ કરવું તે વિવાદગ્રસ્ત હોવાથી સિંહાસન (જે ચરણામૃત વડે આગળ કહ્યુ તેમ આડી રેખા કરવી) ધારણાદિ ઓછા આદરથી દેખાય છે, અને

તે કારણે સિંહાસન ધારણ પણ કરવાની આવશ્યકતા દેખાતી નથી. એ ન્યાયે સિંહાસનની નિવૃત્તિ છે, એમ આગ્રહપૂર્વક શાંતિથી કહેવાય.

મુકુન્દદાસઃ- બરાબર રસિકકાકા, એટલેજ આપણે સરખું, અત્યંત સુંદર, ભવ્ય, ઊભું કેવળ બે રેખાવાળું તિલક તે દંડાકાર તિલક છે; એમ જ કરવું તે શિષ્ટાચાર જાણવોં.

હવે, ઘણાં તો એવો અપલાપ (લવારો) કરે છે કે - તેવા - દ્વિરેખ દંડાકાર ઊભા તિલકની વ્યવસ્થા-સ્થાપણ, આકર ગ્રંથોમાં નથી, અને વળી કોઇ યવને (હોનહાર ચિત્રકાર) શ્રીમહાપ્રભુજીના સમયમાં દોરેલ શ્રીમહાપ્રભુજીનું ચિત્રમાં પણ ચરણાકાર તિલક દેખાય છે, અને તેમનાં જેવાં બીજા પોતાની બુદ્ધિની પથારીમાં પડ્યા પડ્યા સમ્પ્રદાય અને શાસ્ત્રજ્ઞાનમાં આરામથી ઊંઘતા અનેક પ્રકારના વિપરીત વિચારોથી ઘડેલાં, ઠામઠેકાનાં વિનાનાં ગપ્પાનો આશ્રય કરીને સમ્બન્ધ વિનાનું વિશેષ દ્વેષથી અવળું સવળું મરજી મુજબ બબડે છે, તે બધાં જો વૈષ્ણવ હોય તો તે અમારા બન્ધું છે, તેજ નાતે તે સત્કાર કરીને તે પ્રમાણે જ ભગવત્સ્મરણ કરવા યોગ્ય છે.

જે વિદ્વાન છે, તેમને તો ઊર્ધ્વપુંડ્ર ધારણવાદમાં પ્રતિપાદન કરેલા તત્વને જાણે છે, અને નહીં જાણનાર મનુષ્યો (એવા લોકો જે પોતે કહે કે કરે, તેજ ખરું, તેવી જીદવાળા હોવાથી પ્રમાણ અને યુક્તિના અભાવે) ઝઘડામાં રહેલા તત્વને જાણે છે. ઊર્ધ્વપુંડ્રમાર્તંડ અને સત્સિદ્ધાંત માર્તંડ રૂપી સૂર્યનો પ્રકાશ સરખો હોવા છતાં પોતપોતાના અભિપ્રાય પ્રમાણે જૂદાં જૂદાં ભાન થાય.

...ક્રમશઃ

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## શું આપને લાગે છે કે વિચાર કરવો જોઇએ ?

...ગતાંકથી આગળ

૨૯. શ્રીગુરુના સ્થાને બીરાજેલી દ્વારભૂત વ્યક્તિમાં દ્વારભૂત ગુરુપણું પણ ત્યારેજ અને ત્યાં સુધીજ ગણાય કે જ્યારે અને જ્યાં સુધી તેઓમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણ નિર્દિષ્ટ પુષ્ટિમાર્ગના મૂળભુત સિદ્ધાંતોનું જ્ઞાન, આચરણ અને વ્યવહાર સ્પષ્ટ રીતે જણાતો હોય. તેમજ તેઓમાં શાસ્ત્રસંમત અને પરંપરાથી ચાલતી આવતી વર્ણાશ્રમની આચાર વ્યવસ્થાનું પરિપાલન થતું હોય.

૩૦. સર્વદા સેવ્ય શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ (શ્રીગુંસાઇજી)ના સમયથી દૃષ્ટિ કરી સંપ્રદાયના સ્વર્ણયુગ તેમજ વર્તમાન પરિસ્થિતિનો પણ પુરતો અભ્યાસ કરતા એક તથ્ય પ્રબલતાથી ઉજાગર થઇ જાય છે કે, શ્રીવલ્લભ સંપ્રદાય-પુષ્ટિમાર્ગની પ્રધાન પીઠ સહિત સપ્તાચાર્ય પોષિત સપ્તપીઠ તથા તેની શાખા-પ્રશાખાઓના ગુરુસ્થાનના દ્વારભૂત ગુરુ થવા માટેનો એક નિયમ અતિ સ્પષ્ટ છે:- *શ્રીવલ્લભ સંપ્રદાયમાં પ્રત્યેક શ્રીવલ્લભવંશજને દ્વારભૂત ગુરુ થવાની અનિવાર્યતા નથી પરંતુ ગુરુ સ્થાને બીરાજતા પ્રત્યેક દ્વારભૂત ગુરુ માટે શ્રીવલ્લભવંશજ હોવું અનિવાર્ય છે.*

૩૧. મુખ્ય દ્વાર અને તેની શાખા-પ્રશાખાની નિયમીત પરંપરાનો ભોગ, જે તે શાખા-પ્રશાખામાં તેના મુખ્ય દ્વારમાં આવશ્યક રીતે અપેક્ષીત સમન્વયનો અભાવ, ક્રમવાર હોદ્દા અને સંસ્થાગત પદાસીન પદ્ધતિનું તૂટી ગયેલું સુયોજીત તંત્ર, તથા માર્ગના સિદ્ધાંત, માર્ગની પરંપરા, સદાચારના નિયમો અને જ્ઞાનવૃદ્ધ તથા વયોવૃદ્ધ આચાર્યોના વિચારોની નિરંતર અવહેલના, આ રીતે આ ઉપર જણાવેલા બે પ્રધાન કારણસર આજે વર્તમાન પરિસ્થિતિમાં સંપ્રદાય નષ્ટપ્રાય થઇ રહ્યો છે. શ્રીવલ્લભવંશજોમાં અરાજકતાની અને મર્યાદા તોડફોડ કરવાની એવી તે અવ્યવસ્થા ફેલાઇ ગઇ છે કે સિદ્ધાંત હોય કે ના હોય, સદાચાર હોય કે ના હોય, પરંપરાને અનુસરતા હોય કે ન હોય, મૂળ સ્થાનનો સંબંધ હોય કે ન હોય, કેવળ મન ફાવે તેવી સ્વેચ્છાચારિતાથી ગમે ત્યાં અને ગમે તેવી રીતે અનર્ગલ પ્રચાર પ્રસાર કરી ભગવદ્ સ્વરૂપના

વ્યવસાયમાં આચાર્ય અને વૈષ્ણવતાનું અધ:પતન કરાવનાર કેન્દ્ર અને સ્થળો ખોલી રહ્યાં છે અને ખોલાવી રહ્યાં છે આવી ભીષણ પરિસ્થિતિમાં સાચી સાધક વ્યક્તિને ધીરજ, ગંભીર વિચારણા અને વિવેક જ એને સાચો દીશા બોધ આપી શકે છે. જે કેવળ શ્રીમહાપ્રભુજીની વાણી અને તેનું અર્થઘટન કરનાર મહાપુરુષોના શબ્દોમાંથી જ મળી શકે છે. બાકી તો ૧૨૦ વચનામૃતવાળા શ્રીગિરિધરજીના શબ્દોમાં :- *અબતો પલંગડી વાળો હી પાર લગાવે) - શ્રીગિરિધરજી મહારાજકે ૧૨૦ વચનામૃત- વચનામૃત ૩૦મો.*

૩૨. પુષ્ટિમાર્ગ પ્રત્યે સ્વાભાવિક રૂચિ સિવાય વૈષ્ણવપણું હોઇ શકે ખરૂં ?

૩૩. ધર્મ અને આધ્યાત્મના ક્ષેત્રે સહજ વલણ થવું અને તે પરિસ્થિતિમાં કથંચિત બીજભાવ હોય તેના પરિણામે યોગ્ય સત્સંગ-ઉપદેશ વિગેરે મળતાં માર્ગરૂચિ અને માર્ગનિષ્ઠાની સંભાવનાથી પણ રહિત વ્યક્તિને વૈષ્ણવ કહેવાય ખરી ?

૩૪. ભારતીય વેદશાસ્ત્રો માટે તેમજ શાસ્ત્રો નિર્દિષ્ટ વર્ણાશ્રમની યથાર્થ વ્યવસ્થા માટે પ્રત્યેક ભારતીયની સાચી ઓળખાણ વૈદિક-હિન્દુ હોવાથી, સામાન્ય ભારતીય સદાચાર માટે પણ જેને આગ્રહ ના હોય તેને શું વૈષ્ણવ કહીં શકાય ખરો ?

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

## સેવક-વૈષ્ણવો માટે પોતાના શ્રીગુરુદ્વાર-શ્રીગુરુદેવ પ્રતિ સામાન્ય વ્યવહાર

**સેવા:-**

ચિત્તનું પ્રભુમાં પ્રવણ થવું- પરોવાઇ જવું એ સેવા છે. તેની સિદ્ધિ માટે તનુવિત્તજા સેવા અર્થાત્ પોતાના દેહથી અને પોતાના ધનથી થતી સેવા એ સાધન છે. શ્રીમહાપ્રભુજી અહીં તનુજા-વિત્તજા એમ બે ભિન્ન પદ ન કહેતાં **તનુવિત્તજા** એવું સમસ્તપદ કહે છે. એનો અર્થ એ છે કે જો વેતન તરીકે દ્રવ્ય બીજાને આપીને સેવા કરાવાય તો એ વિત્તજા સેવા ચિત્તને રાજસ કરે છે. અને તેથી ચિત્ત ભગવાનમાં પ્રવણ-એકતાન થતું નથી. તે જ પ્રકારે જો વેતન તરીકે બીજાનું દ્રવ્ય લઇને સેવા કરવામાં આવે તો તે તનુજા સેવા બીજાનું દ્રવ્ય લઇને સેવા કરવામાં આવે તો તે તનુજા સેવા ઋત્વિજના યાગની માફક તે સેવા કરનારનું ભગવત્પ્રવણરૂપ ફળ સાધતી નથી. યજ્ઞમાં દ્રવ્ય આપનાર યજમાનને યજ્ઞ ફળ આપે છે, કારણકે ઋત્વિજને દક્ષિણા, વરણ વગેરે કરવાનું શાસ્ત્ર વિધાન છે. પરંતુ ભક્તિમાર્ગમાં દ્રવ્ય આપીને ફળ પ્રાપ્ત થાય એમ ભગવાને ઉપદેશેલું નથી, ભગવદુપદિષ્ટ પ્રકારે સેવા થાય તો જ સાધનરૂપ તનુવિત્તજા સેવા કરતાં કરતાં ફલરૂપ માનસી સેવા સિદ્ધ થાય છે. માનસી સેવા સિદ્ધ થયા પછી કરાતી તનુવિત્તજા સેવા સાક્ષાત્ ફલરૂપ છે, અને વ્રજભક્તોની માફક અનુભવી શકાય છે. ટૂંકમાં અન્યને દ્રવ્ય આપીને કરાયેલી સેવા અથવા અન્યનું દ્રવ્ય લઇને કરેલી સેવા-આ બન્ને ફળસાધક નથી.

(સિદ્ધાંત મુક્તાવલી-શ્લોક-૨, શ્રીગુસાંઇજી કૃત વિવૃત્તિ અને

શ્રીપુરુષોત્તમજી કૃત વિવૃત્તિ પ્રકાશ)

**નોંધ:-** જાહેર ટ્રસ્ટ(ન્યાસ)ના મંદિરોમાં વૈષ્ણવોએ આપેલ દ્રવ્યમાંથી થતા મનોરથો (વિત્તજા સેવા) અને પગારદાર મુખિયાજી દ્વારા થતી તનુજા સેવા-આમ અહીં સેવાના બે ભાગલા પડે છે. આથી જાહેર મંદિરોમાં થતી સેવા ક્યારેય ફળસાધક થતી નથી.

પતિવ્રતાનો એ ધર્મ છે જે પતિને રુચે તે સેવા. સેવા એ સ્નેહપૂર્વક થાય. સ્વસ્વરૂપ, સેવ્યસ્વરૂપના જ્ઞાનથી સેવાની યોગ્યતા આવે છે. લાંબા સમયથી પ્રીતિપૂર્વક કરેલી સેવા ફળરૂપ થાય છે. સેવા નિત્ય અને આદરપૂર્વક કરવી જોઇએ. દેહ અને અંત:કરણની પવિત્રતા પણ જોઇએ. વેદનાયુક્ત વાણી કે વિચાર ન જોઇએ. ઇન્દ્રિયસંયમપૂર્વક થવી જોઇએ. સેવા કરનારની મધુરવાણી જોઇએ. કામ, ક્રોધ, લોભ, દંભ, આદિથી રહિત સેવા કરવી જોઇએ. સેવા કરું છું, એવું અભિમાન પણ ન જોઇએ સેવા કરનારે નિત્ય સાવધ રહેવું પડે. ક્ષણવાર પણ પ્રમાદ ન થાય, અપરા ન થાય, તેની સતત કાળજી રાખવી જોઇએ. આવી સેવા સ્વામીને સંતુષ્ટ કરે છે. (શ્રીસુબો: ૩/૨૩/૧ થી ૩)

જેવી રીતે બ્રાહ્મણ ગાયત્રી જપે નહીં તો તેનું બ્રાહ્મણપણું જતું રહે છે, તેવી રીતે વૈષ્ણવ થઇને ભગવદ્સેવા ન કરે તો વૈષ્ણવતા જતી રહે છે. શ્રીગોકુલેશસેવા સ્વધર્મ સમજીને સદા કરવી. પરંતુ લૌકિક-વૈદિક ફળની અપેક્ષાથી, ભોગ અર્થે અથવા પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિની પ્રાપ્તિ અર્થે કદી કરવી નહીં. (શિક્ષાપત્ર: ૧૮/૧૨)

ભગવદ્સેવામાં પ્રભુ-સન્મુખતા છે, જ્યારે જપ-પાઠ, ભગવદ્વાર્તા, શ્રવણ, ગુણગાણ વગેરેમાં પ્રભુની પરોક્ષતા છે, સેવા વિના મુખ્ય પુષ્ટિફળની પ્રાપ્તિ કદાપિ થતી નથી. આથી ભગવદ્સેવા સદા કરવી એજ સર્વોપરી નિશ્ચય સિદ્ધાંત છે. (શિક્ષાપત્ર: ૪૧/૧૧)

...ક્રમશ:

સંકલન:- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

# શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુ વ્યક્ત બત્તિસ લક્ષણ

## ત્રયોદશમો લક્ષણ - વેદાદિ અને આચાર્યશ્રીના ગ્રંથ વાંચવા અને કોઇનો વિરોધ ન કરવો

અબ ત્રયોદશમો લક્ષણ કહેત હે:- અબ શ્રીમહાપ્રભુજી(ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુ) કહેત હે જો વાર વાર હોં તોસો કહેત હો. જો વૈષ્ણવકો અપને સેવ્ય સ્વરૂપકો સાક્ષાત્ શ્રીપૂર્ણપુરુષૌત્તમ જાનનો. સ્વરૂપકે વિષે અન્યથા ભાવ ન જાનનો. સ્ત્રીપુત્રાદિક ઈનકો સુખ તુચ્છ કરિ જાનનો-માયા અનિત્ય કરિ જાને. યાસો મોહ ન કરનો. અતિ મોહ મનમેં ન રાખનો, સત્ય વ્યવહારસો જો કછુ પ્રાપ્ત હોઇ સો ભલો. અસત્ય વ્યવહાર ન કરનો. નિર્લેપ રહેનો, કાહેતે-જો સત્ય જાનનો, જો વેદમે કહ્યો હે સો સત્ય કરિ જાનનો, ઉપનિષદ સત્ય કરિ જાનનો, જો શ્રીઆચાર્યજીકે ગ્રંથકો સત્ય કરિ જાનનો. ઉન ગ્રંથનકો અવલોકન કરનો, સર્વોત્તમકો આછી ભાંતિસો મન લગાવનો. ઉનમેં જો નામ કહે હે તિનકો અર્થ સમજનો, વાકે પૂર્વપક્ષકો અભિપ્રાય જાનનો, શ્રીયમુનાષ્ટક, શ્રીકૃષ્ણાશ્રય, શ્રીપુરુષોત્તમસહસ્રનામ-કો પાઠ કરનો. સદા પવિત્ર રહેનો. શરીરકો શુચિ રાખનો સખડી અનસખડીકો વિચાર રાખનો ગૃહાસક્તિ બહુત ન કરની. યાં ભાંતિ સો રહેનો.

વૈષ્ણવ હોઇ કે વિરોધ કાહુી ન કરનો. જહાં કહુ વિરોધ કી વાત હોત હોઇ તહાં ઠાડો ન રહેનો. ઓર અપનો જોર ચલે તો વિરોધ કો શાંતિ કરીયે પરંતુ આપુ વિરોધ સો દૂર રહેનો. વૈષ્ણવ કો યોંહિ ચાહિયે. જો સબ પ્રાણી માત્ર પર દયા રાખની. નમ્રતા રાખની, સુધા રૂપી વાણી સો સંભાષણ કરનો. સબનસોં હિત (હેત) રાખનો. જો જા ભાંતિ પ્રસન્ન હોય તાકો તાહી વાર્તા કરી પ્રસન્ન કરી રાખનો. ઉનકી વાર્તા સબ સાચી કહેની-દુભાવવો ન હી. જો કદાચિત વે મિથ્યા હું ભાખે તો આપ સત્ય કરી જાનનો. ઉનકો મનકો શીખ દે કે તિનકો પ્રસન્ન કરનો તો તાસો ભલો ફલ હોત હે. ઉનકે આત્મારામ પ્રસન્ન હોત હે. ૧૩

।। ઈતિશ્રી ત્રયોદશમો લક્ષણ સંપૂર્ણમ્ ।।

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

# આશ્રયકો પદ

રાગ બિહાગ

શ્રીવિઠ્ઠલનાથ નામ રસઅમૃત પાન સદા તુ કર રે રસના ।।
જો તૂ અપનો ભલો ચહિતે યહ વ્રત જિય ધર રે રસના ।। ૧ ।।
યા રસ કે પ્રતિબંધક જે તે તિનકે તૂ અતિડર તે રસના ।।
હરિકો વિમલયશ ગાવત નિરંતર જાતવિઘ્ન સબટર રે રસના ।। ૨ ।।
વારંવાર કહત હુઁ તોસોં યહ મારગ અનુસર રે રસના ।।
છીતસ્વામી ગિરિધરણ શ્રીવિઠ્ઠલ આનંદ ઉરમે ભર રે રસના ।। ૩ ।।



।। શ્રીગોકુલેશો જયતિ ।।

# રામ નવમી



હમણાંજ બે દિવસ અગાઉ શ્રીમર્યાદાપુરુષોત્તમ પ્રભુ શ્રીરામચન્દ્રજીનો પ્રાગટ્યોત્સવ-રામનવમી નો ઉત્સવ ગયો. આપણા સંપ્રદાયમાં(પુષ્ટિ સંપ્રદાય) પણ શ્રીરામ ચન્દ્રજી નો ઉત્સવ ખૂબજ ધામ-ધૂમ થી ઉજવાય છે. પણ શ્રીરામચન્દ્રજી તો મર્યાદાપુરુષોત્તમ છે, તો પછી આપણાં સંપ્રદાયમાં આ ઉત્સવ કેમ ઉજવાય છે ? આવો પ્રશ્ન આપણને સૌને થતો હશે. હા, ઉજવાય, કારણકે શ્રીરામ ચન્દ્રજીએ મર્યાદા પુરુષોત્તમ હોવા છતાં ચાર પુષ્ટિ કાર્યો કર્યા છે. શ્રીરામચન્દ્રજીએ ચાર પુષ્ટિ કાર્યો કર્યા છે.

પ્રથમ પુષ્ટિ કાર્યમાં તો જે સમુદ્રપર સેતુબન્ધ બાંધ્યુ. તો પહેલા, સર્વ પાષાણ જ્યારે સમુદ્રમાં ધરવામાં આવ્યા, ત્યારે તે ડૂબવા લાગ્યા, ત્યારે શ્રીરામચન્દ્રજીએ સ્વયંના પ્રમેયબલ (કૃપાબલ) દ્વારા પ્રેરણા કરી ને એક પાષાણ પર ‘રા‘ શબ્દ એક પાષાણમાં ‘મ‘ શબ્દ લખાવ્યો, અને જળની અંદર આજ્ઞા કરી ને ડરાયા, તો પાષાણ ડૂબતા રહી, તરવા લાગ્યા. આ રીતે પાષાણ પર રામ નામ શબ્દ જોડિને છેક સુધી સેતુબન્ધ બાંધ્યો. એવી પ્રભુના નામનો પ્રતાપ બતાવ્યો.

બીજું કાર્ય એ, કે જે શબરી નામની ભીલડી જાતીની ડોકરી હતી તે પોતાના એઠા બોર મીઠા દેખીને રાખી મુક્યા હતાં. ભીલડી જાતીની, અને પોતાના એઠા બોર શ્રીપ્રભુ આરોગે, તે તો મર્યાદા નથી. જો, શ્રીરામચન્દ્રજી તો પુરુષોત્તમ, છતાં તે ક્ષત્રીય કુળમાં પ્રગટ્યા અને એ

જાતની ભીલડી, છતાં તેના એઠા બોર આરોગવા તે કેમ સંભવે? ત્યાં આજ્ઞા કરે છે કે સ્નેહવત્સલતા નિરુપણ માની, કેવળ શુદ્ધ સ્નેહ ને વશ થઇ પવિત્રતાનો વિચાર ન કર્યો. જે સમયે તે ભીલડી બોર વિણતી, તે સમયે તે ચાખી ને જોતી, કે ક્યાંક ખાટા તો નથીને. મીઠા બોર હોય, તે ચાખતાંજ સતેજ થઇ જાય, કે આ તો મારા પ્રભુને લાયક છે. અને તે બહું દિવસ આમ કરી ને ભેગા કર્યેજ રાખ્યા. કે મારા પ્રભુ શ્રીરામચન્દ્રજી પધારશે અને ઘરમાં કશું પદાર્થ ન હોય, તો આપશ્રીને આ ધરાવી શકું. બોર એક તુંબી પાત્રમાં ભેગા કરી રાખ્યા. કેવળ શુદ્ધ સ્નેહ અને દૈન્ય ભાવ કરી, આપ (શ્રીરામ ચન્દ્રજી) અન્તર્યામી, તે શબરીને સ્નેહ વશ થઇ ને બહું રુચિ કરીને આરોગ્યા. અને તેની બહું સરાહના કરી. તો આ પણ પુષ્ટિ કાર્ય છે.

હવે ત્રીજું પુષ્ટિ કાર્ય. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યા, જે પોતાના પતિ ગૌતમ ઋષિના શ્રાપથી શિલા થઇ પડી હતી. તો શ્રીરામચન્દ્રજીએ પોતાના શ્રીચરણારવિંદનો સ્પર્શ માત્રથી દિવ્ય દેહધરિને સુંદર સ્ત્રી બનાવી દીધી. તે શ્રીચરણારવિંદનો પ્રતાપ બતાવીને પુષ્ટિ કાર્ય સિદ્ધ કર્યુ.

અને ચોથો પુષ્ટિ કાર્ય. સમસ્ત અયોધ્યાને વૈકુંઠ પહોંચાડી. જો, એક સાથે આટલા બધાં જીવો વૈકુંઠ પ્રાપ્તિ યોગ્ય તો ન હોય, પણ આ કાર્ય તો પુષ્ટિ કાર્ય છે.

જીવ તો દોષવંત હોય, પરન્તુ પ્રભુ દયાળુ હોય છે, કે પોતાના પ્રમેય બળનો પ્રતાપ બતાવીને આવા પુષ્ટિ કાર્ય કર્યા. જીવ સદા સર્વદા શ્રીપ્રભુના ભરોસે દ્રઢ ભાવ રાખી ને રહે, તો કાર્ય સિદ્ધ થાય, કારણ કે શ્રીપ્રભુથી કઇ પણ

અજાણ નથી. હવે, એક શંકા થાય છે કે જો અયોધ્યાનાં સર્વ જીવજંતુ માત્રને વૈકુંઠની પ્રાપ્તિ થઇ, તો પછી પોતાના પિતૃચરણ રાજા દશરથને સ્વર્ગવાસ કેમ આપ્યો? તેનો પ્રકાર કૃષ્ણદાસ મેઘનની વાર્તા (૮૪ વૈષ્ણવ વાર્તા)માં પ્રસિદ્ધ લખ્યો છે. અને જે કાર્ય રાજા દશરથે કર્યા, તે મર્યાદા લાયક હતા. છતાં શ્રીરામચન્દ્રજીએ તો સ્વર્ગવાસ તો પ્રદાન કર્યુ, તે તો સ્વર્ગવાસના લાયક પણ ન હતાં, કારણ કે શ્રીપ્રભુને વનવાસ ભોગાવ્યો. શ્રમ દીધો.



## મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચન્દ્રજીનું સ્વરૂપ

શ્રીમહાપ્રભુજીની અયોધ્યામાં સરયુ નદીના તીરે ગુસાઁઇઘાટ પર છે. એક સમય શ્રીમહાપ્રભુજી અયોધ્યા પધાર્યા હતાં. આપશ્રીની જોડે દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, પ્રભુદાસ જલોટા ક્ષત્રી, એવા પાંચ-સાર વૈષ્ણવ આપશ્રીની સાથે હતા. આપશ્રી સરયુ નદીને તીરે બાગમાં બીરાજ્યા હતાં. ત્યારે શ્રીરઘુનાથજી (શ્રીરામચન્દ્રજી) શ્રીઆચાર્યજીને મળવા પધાર્યા, તે સમયે શ્રીજાનકીજી (શ્રીસીતા મૈયા), શ્રીલક્ષ્મણજી, અને શ્રીહનુમન્તલાલજી પણ સાથે પધાર્યા હતા. શ્રીઆચાર્યજીમહાપ્રભુ તત્કાલ ઉઠિને શ્રીરઘુનાથજીને શ્રીમર્યાદાપુરુષોત્તમાય નમઃ।। શ્રીમહાપ્રભુજીએ શ્રીરઘુનાથજીનો ભલી-ભાંતિ સન્માન કર્યુ.

જ્યારે શ્રીઆચાર્યજીએ શ્રીરઘુનાથજીને શ્રીભાગવત સંભળાવ્યુ ત્યારે કહ્યું જે શ્રીમર્યાદા પુરુષોત્તમાય નમઃ।। તેનું શ્રીહનુમાનજીને ખોટું લાગ્યુ, અને પોતાની પુછ ફરફરાવી. ત્યારે શ્રીરઘુનાથજી હનુમાનજી પર બરજ્યા, જે ભલું છે, આપણને શ્રીમર્યાદા પુરુષોત્તમ કહે છે. એ શું થોડું છે?

શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં શ્રીરામના સ્વરૂપનો ખ્યાલ અનેક સ્થળે આપ્યો છે. શ્રીહરિરાયચરણએ જયન્તી વ્રત અને ઉપવાસનો ભાવ સમજાવતા આજ્ઞા કરી છે કે रघुनाथो रसात्मैव धर्ममर्यादया युतः ધર્મમર્યાદાથી યુક્ત શ્રીરામચન્દ્રજી રસાત્મા જ છે. જ્યારે શ્રીકૃષ્ણ માટે આજ્ઞા કરી છે કે कृष्णः पुष्टि रसात्मैव रसमर्यादया युतः રસમર્યાદથી યુક્ત પુષ્ટિ રસ સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાન છે. આથી શ્રીરામ-મર્યાદા પુરુષોત્તમ અને શ્રીકૃષ્ણ પુષ્ટિ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મના અવતાર છે. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં તેથી આજ્ઞા કરે છે કે-ભગવાન શ્રીરઘુનાથજી પૂર્ણરૂપે પ્રકટ્યા (૨-૭ શ્લોક ૨૩), તેઓ હાસપેશલત્વ એટલે હાસ્યની સુંદરતાનો અવતાર છે. (ભગવાનના જુદા જુદા અવતારોની મનમાં ધારણા કરવાના શઆલોક શ્રીભાગવત ૨-૨-૮ થી ૧૩ શ્લોકમાં વર્ણન છે, તથા કયા અવતારો કેવી રીતે ધારણા કરવી તેનું વર્ણન શ્રીભા.૨-૭ માં અધ્યાયમાં છે) એ હાસ્ય સુંદરતાના ત્રણ પ્રકાર છે. ૧)કૃપા કરનાર, ૨)મોહ મટાડનાર, અને ૩)ગર્વ મટાડનાર.

શ્રીરામનું કૃપા કરનાર સુંદર હાસ્યનું સાત્વિક સ્વરૂપ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અસુરોના ત્રાસથી તોબા પોકારનારા દેવોને ૧)જ્યારે બ્રહ્માજીએ કહ્યું કે ભગવાન તમને દુ:ખમુક્ત કરવા પ્રસન્નતાથી અવતાર લેશે આથી શ્રીપ્રભુએ કલા એટલે પરમ કાંતિસ્વરૂપ શ્રીસીતાજી સાથે અવતાર લીધો. ૨) કલા એટલે ઋષિઓ-તેમને યજ્ઞાદિ ધર્માચરણમાં સંકટ પડ્યુ ત્યારે તેમનાં રક્ષણ માટે અવતાર લીધો. ૩) કલા એટલે સંકર્ષણ-એટલે ક્લેશ (કલા-ઈશ), સંકર્ષણના ઈશ વાસુદેવ. સંકર્ષણ દ્વારા ઈન્દ્રજીતનો અને વાસુદેવ દ્વારા જ્ઞાનભક્તિના પ્રચાર માટે શ્રીરામનો અવતાર લીધો. (શ્રીવાલ્મીકિ રામાયણમાં શ્રીરામે પોતાના ભક્તોને ઠેર ઠેર સદ્બોધ આપ્યો છે).૪) ઈક્ષ્વાકુ રાજા ભક્ત હતો. તેથી તેના વંશમાં પ્રગટ થઈ તેનો ઉદ્ધાર

કર્યો. ૫) દશરથરાજા પિતા-ગુરુ હતા, તેમની આજ્ઞા માની વનવાસ કર્યો. જોકે આચાર્ય અને સુજ્ઞજનોએ શાસ્ત્ર વાક્યથી શ્રીરામને આ આજ્ઞા ન માનવી જોઇએ તથા વનવાસ ન કરવો જઇએ તે સમજાવ્યુ હતું, છતાં મર્યાદાવતાર શ્રીરામે પિતૃ-આજ્ઞાનો પરમ ધર્મ અતિ સ્નેહપૂર્વક સ્વીકાર્યો હતો. *પિતૃદેવો ભવ*, એ શ્રૃતિ વચન પાળ્યુ હતું. ૬) શ્રીરામ વાસુદેવ છે તેથી વ્યુહ દ્વારા સમગ્ર અયોધ્યાને વૈકુંઠમાં લઇ ગયા.

શ્રીરામનું મોહ કરનાર રાજસ હાસ્યનું સ્વરૂપ આ છે કે શ્રુતિવચન પ્રમાણે *વનમાં વસવાનું સ્ત્રી સાથે મુખ્ય નથી અને તેથી પુરુષ સાથે સ્ત્રીનો વનવાસ પૂર્ણ ન કહેવાય*. છતાં દેવતાઓની ઇચ્છા રાવણના નાશની હતી, તેથી શ્રીસીતાજીને સાથે રાખ્યાં અને ચૌદવર્ષ વનવાસ સેવ્યો. અહિં શ્રીરામે દેવોનો સંકલ્પ પૂરો કરવા રાવણાદિના નાશ માટે છાયારૂપ શ્રીસીતાજીનું હરણ કરાવ્યું. અને તે દ્વારા સ્ત્રી વિરહના અવર્ણનીય ભાવો જગતને આપ્ય, શ્રીરામ માનવ છે, ભગવાન નથી આવા ભાવ જગતમાં ફેલાવ્યા. વળી શ્રીસીતાવિરહથી રોષે ભરાયેલા શ્રીરામે સમુદ્રરૂપ સેતુબન્ધની રચના કરાવી.

શ્રીરામનું ગર્વ મટાડનાર તામસ હાસ્યનું સ્વરૂપ આ છે: ઇન્દ્રના ઐરાવત હાથીએ રાવણનો નાશ કરવા પોતાનાં દંતશૂળો રાવણની છાતીમાં માર્યા, ત્યારે તે દંતશૂળો છાંતીને કંઇ કરી શક્યાં નહીં ઉલટા તે દંતો ચૂર્ણ થઇ ગયા ને તેની ધોળી રજકણો ચારે બાજુંએ ઉડી દિશાઓને ધોળી કરી નાખી. આવા મહાબળવાન દશમાથાવાળા રાવણે શ્રીસીતાહરણ કર્યું અને ગર્વથી હસવા લાગ્યો કે મારા જેવો ચરાચરમાં કોણ છે? અને શ્રીરામ જેવો નરદેહવાળા એક માથાવાળા શત્રુને જીવતો શા હિસાબમાં? આવા રાવણના ગર્વ પણ શ્રીરામે તોડ્યો તથા શ્રીલક્ષ્મણજી દ્વારા ઇન્દ્રજીતને મરાવ્યો.

શ્રીદ્વારકાંધીશ શ્રીગોકુલેશની શ્રીરામ સાથે સરખામણી કરતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે *કારણકે શ્રીગોકુલેશ જ શ્રીરઘુનાથ હતાં, તે જ બધી સામગ્રી લઈને (ફરી ભૂતલ ઉપર) પધાર્યા હતાં. શ્રીબલદાઉ તે જ શ્રીલક્ષ્મણજી હતાં શ્રીરુક્મિણી તેજ શ્રીસીતા હતાં. યાદવો તે વાનરો હતા. દ્વારકાં તે જ અયોધ્યા હતી. અને ગોમતી તેજ સરયૂ હતી.*

શ્રીરામનું સ્વરૂપ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેતુ-બન્ધન અલૌકિક કાર્ય છે, લંકાદાહ રાક્ષસોને વધ તથા રાવણનો મર્યાદારહિત વધ તે મુખ્ય પુષ્ટિ છે. જ્યારે સીતાપતિ હોવું એ પણ મુખ્ય પુષ્ટિ છે. કારણકે ભયરહિત હોય તે પતિ હોય છે. શ્રીરામમાં કોઈ જાતનો વિકાર ન હોવાથી સર્વ દોષ વિનાના છે. તેથી તેમનું ચરિત્ર લોકોના પાપોનો નાશ કરનારૂ છે.

આવા શ્રીરામ જેઓ મર્યાદા અને પુષ્ટિ સ્વરૂપ છે તેમને શ્રીહનુમાનજીએ શ્રીમર્યાદા-પુરુષોત્તમાય નમઃ, એવું નામ કહેતા શ્રીમહાપ્રભુજીના મુખથી સાંભળ્યુ ત્યારે તેમનું મન દુભાયું, પણ શ્રીરામે તેમના મનનું સમાધાન કર્યું.

પરાક્રમનો નાશ ન થવો એ પુરુષોત્તમ પ્રભુનું અસાધારણ લક્ષણ છે. વળી શ્રીરામ *પ્રમાણાત્મા* છે, કારણકે શ્રીરામે ભૂતળ ઉપર બિરાજી વેદમાર્ગથી વિરુદ્ધ જરાપણ આચરણ કર્યું નથી. વળી શ્રુતિઓ (વેદો) પ્રભુનું સ્તવન કરે છે, એટલે વેદસ્વરૂપ શ્રીરામ છે. અને અનુભવરૂપે પરમાત્માનાં દર્શન થાય છે તે પણ શ્રીરામ છે. આમ શ્રીમર્યાદાપુરુષોત્તમ પણ શ્રીરામના નામનું ઉત્તમ દ્યોતક છે. પુરુષોત્તમ સહસ્રનામમાં વિવિધ ચરિત્રરૂપે શ્રીરામના ૫૯ નામો શ્રીમહાપ્રભુજીએ વર્ણાવ્યા છે; તેમાં સુગ્રીવ, અંગદ વગેરે કરતાં શ્રીહનુમાનજીને પ્રમુખ્ય ભક્ત ગણાવ્યા છે. એટલે મર્યાદાવિશેષ હોવાથી

શ્રીમર્યાદાપુરુષોત્તમ નામે શ્રીરામ ઓળખાય છે એ સ્વાભાવિક છે. બાકી જગત અને જીવ એ પણ ભગવન્મય છે અને ભગવત્સ્વરૂપ રૂપ છે. જે કાંઇ ફેર દેખાય છે તે કેવળ તેના આવિર્ભાવ-તિરોભાવને લીધે છે. જેને ભક્તિ સિદ્ધ થઇ છે તેને બધે જ ભગવાનની લીલા વિલસતી દેખાય છે તે પુષ્ટિસિદ્ધાંતનું મર્મ છે.

ઇતિ શુભમ્

**.. શ્રીગોકુલનાથકી જય ..**